
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## સ્તબક-૯ ◆ ભાગ-૯



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## સ્તબક-૯ ◆ ભાગ-૯

❖ મૂળ ગ્રંથકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✪ સંકલનકારિકા ✪

રાખીબેન રમણલાલ શાહ

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# વૈરાગ્યકલ્પલતા ભાગ-૯ : સ્તબક-૯

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


વીર સં. ૨૫૪૨ ❖ વિ. સં. ૨૦૭૨ ✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૩૫૦

મૂલ્ય : રૂ. ૨૦૦-૦૦


卐 આર્થિક સહયોગ 卐

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ
સાહેબની પ્રેરણાથી

ચિ. જેનિલ પ્રકાશભાઈ શાહ
પાટણ-મુંબઈ


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૦૫

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮. ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્ર-વચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ

પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસા.,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્તો**

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત

# વૈરાગ્યકલ્પલતા

## શબ્દશઃ વિવેચન

## ભાગ-૯

## ❋ નવમો સ્તબક ❋

શ્લોક :-

अथास्ति सप्रमोदाख्यं, पुरं कैलाससन्निभम् ।
यत् सर्वमङ्गलोल्लासिमहेश्वरविराजितम् ।।१।।

શ્લોકાર્થ :-

કૈલાસ જેવું સપ્રમોદ નામનું પુર છે=નગર છે, જે સર્વ મંગલોના ઉલ્લાસી=ઉલ્લાસવાળા, મહાઈશ્વરથી વિરાજિત છે=મોટા શ્રીમંત પુરુષોથી શોભે છે. ।।૧।।

શ્લોક :-

निरीक्ष्यादृष्टपूर्वान् यल्ललनालोकविभ्रमान् ।
जाता किं विस्मयादेव, निर्निमेषाः सुराङ्गनाः ? ।।२।।

શ્લોકાર્થ :-

જે કારણથી અદષ્ટપૂર્વ એવા સ્ત્રીલોકના વિભ્રમોને જોઈને=તે નગરમાં વર્તતા સ્ત્રીલોકના વિભ્રમોને જોઈને દેવલોકની દેવીઓ વિસ્મયથી જ

**શું નિર્નિમેષ દૃષ્ટિવાળી થઈ છે ?=આ પ્રકારે કવિ ઉત્પ્રેક્ષા કરીને તે નગરની સુંદરતાને વ્યક્ત કરે છે. ॥૨॥**

**શ્લોક :-**

**तत्रोन्मूलितशत्रुस्त्रीपत्रवल्लिर्विराजते ।**
**राजा राजन्यगन्धेभसन्निभो मधुवारणः ॥३॥**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=સપ્રમોદ નામના નગરમાં, ઉન્મૂલિત કરી છે શત્રુના સ્ત્રીની પત્રવલ્લી જેણે એવો=શત્રુ રાજાના નાશથી શત્રુઓની સ્ત્રીઓને વિધવા કરી છે જેણે એવો, રાજન્યમાં ગંધહાથી જેવો=ક્ષત્રિયોમાં ગંધહસ્તી જેવો, મધુવારણ રાજા છે. ॥૩॥**

**શ્લોક :-**

**योगीवाभूत् परपुरप्रवेशैककुतूहली ।**
**यत्खड्गस्तद्यशःक्षीरपानमात्रधृतव्रतः ॥४॥**

**શ્લોકાર્થ :-**

**પરનગરોમાં પ્રવેશ વિષયક એક કુતૂહલી યોગી જેવો તે=મધુવારણ રાજા હતો. જે કારણથી ખડ્ગ=તલવાર, અને તેના યશરૂપી ક્ષીરપાનમાત્રમાં ધૃતવ્રતવાળો છે.**

પરરાજાઓને જીતીને તે લોકોના નગરપ્રવેશ કરવામાં એક કુતૂહલવાળો છે. તેથી તલવાર અને તેના દ્વારા શત્રુઓને જીતવાનું વ્રત ધારણ કર્યું છે જેણે એવો મધુવારણ રાજા છે. **॥૪॥**

**શ્લોક :-**

**क्षुब्धोऽब्धिर्यन्महादानजलसात्कारवाञ्छया ।**
**पितुर्दुःखादतो दग्धा, कुक्षिर्लक्ष्ममिषाद् विधोः ॥५॥**
**तस्य चास्ति महादेवी, लावण्यगुणशालिनी ।**
**कृतरम्भामनःस्तम्भा, धाम्ना नाम्ना सुमालिनी ॥६॥**

શ્લોકાર્થ :-

જેના મહાદાનરૂપી પાણી-પાણી થઈ જવાની ઈચ્છાથી સમુદ્ર ખળભળી ઊઠ્યો. પિતાના આ દુ:ખથી લાંછનના બહાનાથી ચંદ્રમાની કુક્ષિ બળી ગઈ. અને તેની=મધુવારણની, ધામથી=તેજથી, કર્યું છે રંભાના મનનું સ્તંભન જેણે એવી નામથી સુમાલિની લાવણ્ય ગુણશાલી મહાદેવી છે. ।।૫-૬।।

શ્લોક :-

निवेशितोऽहं तत्कुक्षौ, पुण्योदययुतस्तया ।
निष्क्रान्तः कालपर्यायात्, सह पुण्योदयेन च ।।७।।

શ્લોકાર્થ :-

તેની કુક્ષિમાં=તે મહાદેવીની કુક્ષિમાં, તેણી વડે=ભવિતવ્યતા વડે, પુણ્યોદયથી યુક્ત હું નિવેશિત કરાયો અને કાલપર્યાયથી પુણ્યોદય સહિત હું નીકળ્યો=જન્મ્યો=અનુસુંદરનો જીવ તે ભવમાં જન્મ્યો. ।।૭।।

શ્લોક :-

संजातं मयि जाते च, सोल्लासं नृपमन्दिरम् ।
उद्गते महसां पत्यावम्भोरुहवनं यथा ।।८।।

શ્લોકાર્થ :-

અને હું જન્મ્યે છતે નૃપમંદિર ઉલ્લાસવાળું થયું. જે પ્રમાણે તેજના સ્વામી સૂર્યનો ઉદય થયે છતે કમળોનું વન ઉલ્લાસવાળું થાય છે. ।।૮।।

શ્લોક :-

कृतं पित्रोचिते काले, नाम मे गुणधारणः ।
संप्राप्तो लालितो वृद्धिं, धात्रीभिः पञ्चभिस्ततः ।।९।।

શ્લોકાર્થ :-

પિતા વડે ઉચિત કાલમાં મારું ગુણધારણ નામ કરાયું. ત્યારપછી પાંચ ધાત્રીઓથી લાલન કરાયેલો હું વૃદ્ધિને પામ્યો. ।।૯।।

શ્લોક :-

इतश्चास्ति सगोत्रो मत्पितुर्मित्रं नरेश्वरः ।
यथार्थनामा तनयस्तस्य चास्ति कुलन्धरः ।।१०।।

શ્લોકાર્થ :-

આ બાજુ મારા પિતાનો મિત્ર સગોત્રવાળો નરેશ્વર છે. તેને=તે રાજાને, યથાર્થ નામવાળો કુલંધર પુત્ર છે. ।।૧૦।।

શ્લોક :-

वर्धमानो दृढस्नेहः, सह तेन सुमेधसा ।
जातोऽहमर्पितस्वीयमनःसद्भावगोचरः ।।११।।

શ્લોકાર્થ :-

તે સુંદર બુદ્ધિવાળા કુલંધરની સાથે દઢ સ્નેહવાળો વધતો, અર્પિત કર્યો છે પોતાના મનના સદ્ભાવનો વિષય જેણે એવો હું થયો.

કુલંધર પ્રત્યે અત્યંત ગાઢ મૈત્રી થઈ. ।।૧૧।।

શ્લોક :-

कृतक्रीडौ समं सार्द्धं, कलाभ्यासपरायणौ ।
स्मरद्विपमदावस्थामावां तरुणतां गतौ ।।१२।।

શ્લોકાર્થ :-

સાથે કૃતક્રીડાવાળા, સાથે કલાઅભ્યાસપરાયણ એવા કામરૂપી હાથીના મદવાળી અવસ્થારૂપ તરુણતાને અમે બંને પામ્યા. ।।૧૨।।

શ્લોક :-

इतश्चास्ति पुराद्दूरे, स्वशोभाजितनन्दनम् ।
आह्लादमन्दिरं नाम, वनं द्रुमलताघनम् ।।१३।।

શ્લોકાર્થ :-

આ બાજુ નગરથી દૂરમાં સ્વશોભાથી જીત્યું છે નંદનવન જેણે એવું આહ્લાદમંદિર નામનું દ્રુમલતાથી ઘન એવું વન છે=બગીચો છે. ॥૧૩॥

શ્લોક :-

तच्च सेवितमावाभ्यां, नेत्रानन्दि दिने दिने ।
दूरे योषिद्द्वयं दृष्टं, गताभ्यां तत्र चान्यदा ॥१४॥

શ્લોકાર્થ :-

અને દિવસે દિવસે નેત્રના આનંદને કરનાર તે આહ્લાદમંદિર અમારા બંને વડે=ગુણધારણ અને કુલંધર વડે સેવાયું અને અન્યદા ત્યાં ગયેલા એવા અમારા બંને દ્વારા દૂરમાં બે સ્ત્રીઓ જોવાઈ. ॥૧૪॥

શ્લોક :-

उद्गिरन्तीव लावण्यमङ्गैः शृङ्गाररङ्गिभिः ।
तत्रैकाऽस्थात् स्मितास्यैव, द्वितीयाऽपि तदन्तिके ॥१५॥

શ્લોકાર્થ :-

શૃંગારના રંગોવાળા દેહથી જાણે લાવણ્યને પ્રગટ કરતી હોય એવી બે સ્ત્રીઓ જોવાઈ એમ પૂર્વના શ્લોક સાથે અન્વય છે. ત્યાં=તે બે સ્ત્રીઓમાં એક સ્મિતમુખવાળી જ રહેલી હતી, બીજી પણ તેની પાસે રહેલી હતી. ॥૧૫॥

શ્લોક :-

अथ सा कुटिलैस्तीक्ष्णैराकर्णान्तावलम्बितैः ।
नामितभ्रूधनुर्मुक्तैर्दृग्बाणैर्मामताडयत् ॥१६॥

શ્લોકાર્થ :-

હવે તે=સ્મિતમુખવાળી સ્ત્રીએ, કાનના અંત સુધી અવલંબિત કર્યું છે કુટિલ તીક્ષ્ણ દૃષ્ટિરૂપી બાણ જે નામિત ભ્રૂકુટિરૂપી ધનુષ્યથી મુકાયેલું

**છે, તેનાથી મને=ગુણધારણકુમારને, તાડન કર્યું.**

તે સ્ત્રીએ પોતાની ભ્રૂકુટિ તે રીતે ફેરવી અને ગુણધારણકુમાર સામે દૃષ્ટિ નાંખી જેના કારણે ગુણધારણકુમાર કામના બાણથી વીંધાય છે. **॥૧૬॥**

**શ્લોક :-**

**उल्लासितस्तनी चूतशाखामालम्ब्य सा स्थिता ।**
**मनो बिभेद मे कामकन्दुकोत्क्षेपलीलया ।।१७।।**

**શ્લોકાર્થ :-**

**ઉલ્લાસિત સ્તનવાળી એવી તે=તે સ્ત્રી, ચૂતશાખાને અવલંબીને રહી. કામરૂપી દડાના ઉત્ક્ષેપાની લીલાથી મારા મનનો ભેદ કર્યો.**

ગુણધારણકુમારને કામરાગ ઉત્પન્ન કર્યો. **॥૧૭॥**

**શ્લોક :-**

**कटाक्षान् विक्षिपन्ती सा, प्रोल्लासितकुचद्वया ।**
**निचखानाश्मगोलाभ्यां, हृदि स्मरशरान्मम ।।१८।।**

**શ્લોકાર્થ :-**

**કટાક્ષોને નાખતી, ઉલ્લસિત થયેલા કુચદ્વયવાળી=સ્તનવાળી, તે=તે સ્ત્રી, પથ્થરના ગોળાઓથી મારા હૃદયમાં કામરૂપી બાણોને નાખ્યાં. ॥૧૮॥**

**શ્લોક :-**

**संभ्रान्तं विस्मितं स्निग्धं, साकूतं लज्जितं तथा ।**
**तस्याश्चित्तं मयाऽलक्षि, लक्षणैः स्नेहनिर्भरम् ।।१९।।**

**શ્લોકાર્થ :-**

**તેણીનું ચિત્ત=તે સ્ત્રીનું ચિત્ત, સંભ્રાન્ત, વિસ્મિત, સ્નિગ્ધ, કંઈક ઈરાદાવાળું, લજ્જિત, લક્ષણોથી સ્નેહનિર્ભર મારા વડે=ગુણધારણ વડે, જોવાયું. ॥૧૯॥**

શ્લોક :-

स्वान्ते प्रविश्य सा रक्ता, मम स्वान्तमरञ्जयत् ।
अभेदरञ्जनविधिः, स्मरस्यायमलौकिकः ।।२०।।

શ્લોકાર્થ :-

રક્ત એવી તેણીએ સ્વઅંતઃકરણમાં પ્રવેશીને=ગુણધારણકુમારના અંતઃકરણમાં પ્રવેશીને, મારું અંતઃકરણ રંજિત કર્યું. સ્મરની=કામની, આ અભેદ રંજનવિધિ=તેના અંતઃકરણમાં પ્રવેશીને તેનું અંતઃકરણ રંજિત કરે એ પ્રકારની અભેદ રંજનવિધિ, અલૌકિક છે=બાહ્ય દૃષ્ટિથી દેખાય તેમ નથી પરંતુ કામી પુરુષને તે રંજનવિધિ સ્વઅનુભવથી પ્રતીત થાય છે. ।।૨૦।।

શ્લોક :-

ततो मया हृदि ध्यातं, किं रम्भेयं रतिः किमु ।
किन्नरी वा गुणदरी, किं वा श्रीर्मूर्तिशालिनी ।।२१।।

શ્લોકાર્થ :-

તેથી=તે સ્ત્રીએ મારા હૃદયમાં પ્રવેશીને મને રંજિત કર્યો તેથી, મારા વડે હૃદયમાં વિચારાયું. શું આ રંભા છે, શું આ રતિ છે, કિન્નરી છે, ગુણની દરી છે અથવા મૂર્તિશાલી શ્રી છે=લક્ષ્મી છે ? ।।૨૧।।

શ્લોક :-

इति ध्यायन्नहं चित्ते, जातः स्मरविकारभाक् ।
साकूतं सुहृदा दृष्टस्तेन विज्ञातचेतसा ।।२२।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે ધ્યાન કરતો ચિત્તમાં સ્મરના વિકારવાળો હું થયો. વિજ્ઞાત ચિત્તવાળા તે મિત્ર વડે=કુલંધર વડે, સાકૂત=ઈરાદાપૂર્વક જોવાયો. ।।૨૨।।

**શ્લોક :-**

**आकारगोपनं कृत्वा, मयेत्थं चिन्तितं तदा ।**
**सकामदृष्ट्या नो युक्तं, परस्त्रीदर्शनं सताम् ।।२३।।**

**શ્લોકાર્થ :-**

**આકારનું ગોપન કરીને ત્યારે=મિત્રએ મારી સામે જોયું ત્યારે, મારા વડે આ પ્રમાણે વિચારાયું. સંત પુરુષોને સકામદૃષ્ટિથી પરસ્ત્રીદર્શન યુક્ત નથી.**

પૂર્વભવમાં સમ્યગ્દર્શન, સદાગમ અને દેશવિરતિ પાળીને દેવભવમાંથી આવેલ છે, તેથી કંઈક સુંદર માર્ગાનુસારી બુદ્ધિ છે. તેથી ગુણધારણકુમાર વિચારે છે કે આ રીતે પરસ્ત્રીને જોવું શિષ્ટ પુરુષોને ઉચિત નથી. **॥૨૩॥**

**શ્લોક :-**

**तदस्मान्मद्विलसितात्, किमनेन विचिन्तितम् ।**
**इति ह्रीणो मुखं तस्य, परीक्षार्थं न्यभालयम् ।।२४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ગુણધારણકુમારે વિચાર્યું કે આ રીતે પરસ્ત્રીને જોવું ઉચિત નથી તે કારણથી, આ મારા વિલસિતથી=ગુણધારણકુમારના સ્ત્રીના અવલોકનરૂપ ચેષ્ટાથી, આના વડે=કુલંધર વડે, શું વિચારાયું એ પ્રકારની લજ્જાથી પરીક્ષા માટે તેનું મુખ=કુલંધરનું મુખ, મેં=ગુણધારણકુમારે જોયું. ।।૨૪।।**

**શ્લોક :-**

**ततो ज्ञाताशयः कृत्वा, निगूढां काकलीं जगौ ।**
**कुलन्धरो मामधुना, कुमारौकसि गम्यताम् ।।२५।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ગુણધારણકુમારે કુલંધરનું મુખ જોયું તેથી, જ્ઞાત આશયવાળો એવો કુલંધર નિગૂઢ કાકલી કરીને=હૈયામાં પ્રગટ ન થાય તેવા**

**હાસ્યને કરીને, હવે મને કહ્યું. હે કુમાર ! મહેલમાં આપણે બે જઈએ. ॥૨૫॥**

**શ્લોક :-**

**बृहद्वेलां विलसितमपराह्णोऽथ वर्तते ।**
**मयोक्तं तव चित्ते यद्, रोचते तद् विधीयताम् ॥२६॥**

**શ્લોકાર્થ :-**

**ઘણા કાળ સુધી વિલાસ કરાયો. હવે મધ્યાહ્ન વર્તે છે. મારા વડે= ગુણધારણકુમાર વડે, કહેવાયું. તારા ચિત્તમાં=કુલંધરના ચિત્તમાં, જે રુચે છે તે કરાવ. ॥૨૬॥**

**શ્લોક :-**

**आवां ततो गतौ गेहे, कृतं कार्यं दिनोचितम् ।**
**उपस्थिताऽथ मदनज्वरवेलेव शर्वरी ॥२७॥**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી અમે બંને ઘરે ગયા. દિવસઉચિત કાર્ય કરાયું. હવે મદન-જ્વરના વેલા જેવી રાત્રિ ઉપસ્થિત થઈ. ॥૨૭॥**

**શ્લોક :-**

**तस्यां विविक्तशय्यायां, तिष्ठतो मम सा प्रिया ।**
**सिंहमध्या फणिस्फारवेणिदण्डा गता हृदि ॥२८॥**

**શ્લોકાર્થ :-**

**તેમાં=રાત્રિમાં, વિવિક્ત શય્યામાં રહેલા એવા મારા હૃદયમાં સિંહની મધ્યમાં ફણિના વિસ્તારવાળા વેણીના દંડવાળી=સિંહની સન્મુખ કોઈ સાપ પોતાની ફણાનો વિસ્તાર કરે એવી વેણીના દંડવાળી, તે પ્રિયા આવી.**

સિંહ જેવા ગુણધારણકુમારના સન્મુખ સાપણના વિસ્તારવાળી વેણીના દંડવાળી તે સ્ત્રીએ કામરૂપી ઝેરનો દંશ દીધો. **॥૨૮॥**

**શ્લોક :-**

**सा शल्यं मनसः शोच्यामकरिष्यद् दशां मम ।**
**नाभविष्यत् सुहृत्पुण्योदयो यदि समीपगः ।।२९।।**

**શ્લોકાર્થ :-**

**જો સમીપમાં સુહૃદ્ પુણ્યોદય ન હોત તો તે સ્ત્રી મારા મનના શલ્યને આશ્રયીને શોચ્યદશાને કરત.**

ગુણધારણકુમારે પૂર્વભવમાં સમ્યગ્દર્શન આદિ ભાવો સેવ્યા છે. તેનાથી ક્ષયોપશમભાવના મતિરૂપ સુહૃદ્ પુણ્યોદય વિદ્યમાન છે, તેથી જો તે પુણ્યોદય ન હોત તો તે સ્ત્રીના વિચારોથી નંદીવર્ધનના ભવની જેમ આ ભવમાં પણ ગુણધારણકુમાર માનસિક વિકારથી શોચ્યદશાને પામત. પરંતુ અંતરંગ વિવેક તે વિકારોના વારણને અભિમુખ યત્ન કરાવે છે, તે રૂપ પુણ્યોદય તેનો રક્ષક છે. આથી જ નંદીવર્ધનના ભવમાં ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં તુચ્છ બાહ્ય સફળતા કરાવે તેવો પુણ્યોદય હતો. જ્યારે ગુણધારણકુમારના ભવમાં ચિત્તના ક્લેશને શાંત કરે તેવો સુહૃદ્ પુણ્યોદય છે. **॥૨૯॥**

**શ્લોક :-**

**विलगन्त्यपि सा चित्ते, ततोऽभून्नातिबाधिका ।**
**स हि सांसारिकार्थेषु, मनोबाधानिरासकृत् ।।३०।।**

**શ્લોકાર્થ :-**

**ચિત્તમાં લાગતી પણ તે=તે સ્ત્રી, તેના કારણે=સુહૃદ્ પુણ્યોદયના કારણે, અતિબાધિકા થઈ નહીં. હિ=જે કારણથી, તે=સુહૃદ્ પુણ્યોદય સાંસારિક અર્થોમાં મનોબાધાના નિરાસને કરનારો છે.**

ગુણધારણકુમારના ચિત્તમાં તે સ્ત્રીનું રૂપ સ્પર્શતું હતું તોપણ ક્ષયોપશમભાવ અનુવિદ્ધ એવા પુણ્યનો ઉદય વર્તતો હતો, તેથી તેના ચિત્તમાં તે સ્ત્રીનું સ્મરણ અતિબાધક થયું નહીં; કેમ કે માર્ગાનુસારી બુદ્ધિરૂપ ક્ષયોપશમભાવથી અનુવિદ્ધ પુણ્યોદય સાંસારિક વિષયોમાં જે કષાયોકૃત આકુળતા થાય છે, તેના શમનમાં યત્ન કરાવે છે. તેથી કામના તીવ્ર વિકારો ગુણધારણકુમારને થતા નથી. **॥૩૦॥**

શ્લોક :-

स्मृत्वा तथापि तां काममाहात्म्येन ममाजनि ।
कस्येयं कीदृशी वेति, मनाक् चिन्तातुरं मनः ।।३१।।

શ્લોકાર્થ :-

તોપણ તેણીનું સ્મરણ કરીને=તે સ્ત્રીનું સ્મરણ કરીને, કામના માહાત્મ્યથી=તે સ્ત્રીની પ્રાપ્તિ કરવાના અભિલાષરૂપ કામના માહાત્મ્યથી, કોની આ સ્ત્રી છે અથવા કેવી છે=પરણેલી છે કે નહીં, એ પ્રકારે મારું થોડુંક ચિંતાતુર મન થયું. ।।૩૧।।

શ્લોક :-

ध्यात्वेत्यहं गतो निद्रां, न्यवर्तत विभावरी ।
समायातः समीपं मे, प्रभाते च कुलन्धरः ।।३२।।

શ્લોકાર્થ :-

એ પ્રકારે વિચારીને હું નિદ્રાને પામ્યો. રાત્રિ પૂરી થઈ અને મારા સમીપે પ્રભાતમાં કુલંધર આવ્યો. ।।૩૨।।

શ્લોક :-

मनाक् तद्दर्शनाकाङ्क्षावशात् सोऽभिहितो मया ।
पुनर्वयस्य ! गच्छावः, किं तत्राह्लादमन्दिरे ।।३३।।

શ્લોકાર્થ :-

થોડીક તેના દર્શનની આકાંક્ષાના વશથી=થોડીક તે સ્ત્રીના દર્શનની આકાંક્ષાના વશથી, તે=કુલંધર મારા વડે કહેવાયો. હે મિત્ર ! ફરી તે આહ્લાદમંદિર શું આપણે બે જઈએ. ।।૩૩।।

શ્લોક :-

ततः कुलन्धरः प्राह, गिरा स्मितपवित्रया ।
किं तत्र गम्यते किं ते, निधानं तत्र विस्मृतम् ।।३४।।

**શ્લોકાર્થ :-**

**તેથી=ગુણધારણકુમારે કુલંધરને પૂછ્યું તેથી, સ્મિતથી પવિત્ર એવી વાણી વડે કુલંધર બોલ્યો. ત્યાં=ઉદ્યાનમાં, કેમ જવાય છે ?=ઉદ્યાનમાં જવાનું શું પ્રયોજન છે ? શું ત્યાં=ઉદ્યાનમાં, તારું નિધાન વિસ્મરણ થયું છે ? ||૩૪||**

**શ્લોક :-**

**भावज्ञोऽयमिति ज्ञात्वा, मयोक्तं मित्र ! मुच्यताम् ।**
**हासो गत्वा वने कस्य सा कीदृग् वेति वीक्ष्यताम् ।।३५।।**

**શ્લોકાર્થ :-**

**ભાવજ્ઞ આ છે=કુલંધર છે એ પ્રમાણે જાણીને મારા વડે=ગુણધારણ વડે, કહેવાયું. હે મિત્ર ! હાસ્ય મુકાય. વનમાં જઈને કોની તે છે અથવા કેવા પ્રકારની છે એ આપણે બે જોઈએ.**

તે સ્ત્રી કોની છે અથવા પરણેલી છે કે કુંવારી છે, એ આપણે જોઈએ. **||૩૫||**

**શ્લોક :-**

**भवित्री परभार्या चेत्, तदा ग्राह्या न जातु मे ।**
**कन्यका चेन्न मुञ्चामि धावतस्तां हरेरपि ।।३६।।**

**શ્લોકાર્થ :-**

**જો પરભાર્યા હશે તો મારાથી ક્યારેય ગ્રાહ્ય નથી. જો કન્યા છે તો દોડતા હરિથી પણ હું તેને મૂકીશ નહીં.**

ગુણધારણકુમારનું પુણ્યાનુબંધી પુણ્ય છે પણ તેવું પ્રકૃષ્ટ નથી. જેથી શાંતરસ તરફ લઈ જાય, છતાં જે વિકાર થાય છે, તે વિકારમાં પણ પરસ્ત્રીને નહિ ગ્રહણ કરવાનો પરિણામ થાય છે અને જો તે કન્યા હશે તો અવશ્ય ગ્રહણ કરીશ, તેવો પરિણામ થાય છે. જેથી કંઈક વિવેક અને કંઈક કામની વૃત્તિનો અધ્યવસાય કરાવે તેવો પુણ્યાનુબંધી પુણ્ય છે. **||૩૬||**

શ્લોક :-

ततः कुलन्धरेणोक्तमधैर्यं मित्र ! मा कृथाः ।
रोचते यद् वयस्याय, गच्छावस्तद् विधीयते ।।३७।।

શ્લોકાર્થ :-

**તેથી કુલંધર વડે કહેવાયું. હે મિત્ર ! અધૈર્ય કર નહીં. મિત્રને જે રુચે છે=ઉપવનમાં જવાનું રુચે છે, આપણે બંને જઈએ, તે કરાય છે=તે સ્ત્રીની ગવેષણા કરાય છે. ।।૩૭।।**

શ્લોક :-

ततो गतौ तत्र वने, स्थानं तत् सुनिरीक्षितम् ।
अदृष्ट्वा तत्र तां बालामुद्विग्नोऽहं मनाग् हृदि ।।३८।।

શ્લોકાર્થ :-

**ત્યારપછી તે વનમાં=બગીચામાં, તે બંને ગયા, તે સ્થાન સુનિરીક્ષિત કરાયું=જે સ્થાનમાં તે સ્ત્રીને જોયેલ તે સ્થાન નિપુણતાપૂર્વક જોવાયું. ત્યાં=તે સ્થાનમાં, તે બાલાને નહીં જોઈને હું હૃદયમાં થોડોક ઉદ્વિગ્ન થયો.**

વિકારો કંઈક મંદ હોવાથી ગાઢ ઉદ્વેગ થયો નહીં અને વિકારો કંઈક મંદ પણ હતા, તેથી ચિત્તમાં થોડોક ઉદ્વેગ થયો. **।।૩૮।।**

શ્લોક :-

वने पर्यट्य चूतं तं, प्रेक्षमाणः पुनः पुनः ।
यावत् तत्र निषण्णोऽहं, कुलन्धरसमन्वितः ।।३९।।

શ્લોકાર્થ :-

**વનમાં ફરીને, ફરી ફરી તે આંબાના વૃક્ષને જોતો જ્યાં સુધી ત્યાં=તે વનમાં કુલંધરથી યુક્ત હું બેઠો. ।।૩૯।।**

શ્લોક :-

नार्येका मध्यमावस्था, तावद् दृष्टा सुविग्रहा ।
ततोऽभ्युत्थितमावाभ्यामुत्तमाङ्गं च नामितम् ।।४०।।

શ્લોકાર્થ :-

તેટલામાં મધ્યમ અવસ્થાવાળી, સુંદર શરીરવાળી એક સ્ત્રી દેખાઈ. તેથી અમારા બંને દ્વારા ઊભા થવાયું અને મસ્તક નમાવાયું. ।।૪૦।।

શ્લોક :-

प्रौढनार्या तया दृष्टः, सविशेषमहं तथा ।
प्रोक्तं वत्स ! चिरं जीव, त्वं ममापि प्रियायुषा ।।४१।।

શ્લોકાર્થ :-

તે પ્રૌઢ નારી વડે સવિશેષ હું જોવાયો અને કહેવાયું. હે વત્સ ! મારા પણ પ્રિય આયુષ્યથી તું ચિરકાળ જીવ. ।।૪૧।।

શ્લોક :-

उक्तः कुलन्धरोऽप्युच्चैर्दीर्घायुर्भवताद् भवान् ।
भवतोर्वाच्यमस्तीति, नृपपुत्रं निवेशय ।।४२।।

શ્લોકાર્થ :-

કુલધંર અત્યંત કહેવાયો. તું દીર્ઘઆયુષ્યવાળો થા, તમારા બંનેને વાચ્ય છે=કથનીય છે, એથી રાજાના પુત્રને બેસાડો. ।।૪૨।।

શ્લોક :-

प्रपन्नं तद्वचस्तेन, निविष्टं निखिलैस्ततः ।
मामुद्दिश्याह सा वत्स !, शृणु चित्ते समाहितः ।।४३।।

શ્લોકાર્થ :-

તેનું વચન=તે સ્ત્રીનું વચન, તેના વડે=કુલંધર વડે, સ્વીકારાયું. ત્યારપછી બધા વડે બેસાયું, મને ઉદ્દેશીને તે=સ્ત્રી, કહે છે. હે વત્સ ! તું ચિત્તમાં સ્વસ્થતાથી સાંભળ. ।।૪૩।।

શ્લોક :-

अस्ति विद्याधरस्थानं, वैताढ्याख्यो महागिरिः ।
तत्र गन्धसमृद्धाख्यं पुरं सर्वसमृद्धिमत् ।।४४।।

શ્લોકાર્થ :-

વૈતાઢ્ય નામનો મહાગિરિ વિદ્યાધરનું સ્થાન છે, ત્યાં=વિદ્યાધરના સ્થાનમાં, ગંધસમૃદ્ધ નામનું સર્વ સમૃદ્ધિવાળું નગર છે. ॥૪૪॥

શ્લોક :-

शास्ति विद्याभृतां चक्री, तद्भूपः कनकोदरः ।
अहं तस्य महादेवी, वर्ते कामलताऽभिधा ॥४५॥

શ્લોકાર્થ :-

તેનો રાજા=ગંધસમૃદ્ધ નગરનો રાજા, ચક્રી કનકોદર વિદ્યાધરોનું અનુશાસન કરે છે. હું તેની=રાજાની, મહાદેવી કામલતા નામની વર્તું છું. ॥૪૫॥

શ્લોક :-

निरपत्यतया भूयान्, विषादोऽभवदावयोः ।
ग्रहशान्त्यादिविहितमुपचारशतं ततः ॥४६॥

શ્લોકાર્થ :-

નિરપત્યપણું હોવાથી=પુત્રો નહીં હોવાથી, અમારા બંનેને=રાજા અને રાણીને, ઘણો વિષાદ થયો=ત્યારપછી સેંકડો ઉપચારરૂપ ગ્રહશાંત્યાદિ કરાયું. ॥૪૬॥

શ્લોક :-

मम प्रादुरभूद् गर्भस्ततो वयसि मध्यमे ।
प्रसूताऽहं सुतां देहद्युतिद्योतितदिग्मुखाम् ॥४७॥

શ્લોકાર્થ :-

તેથી=ગ્રહશાંત્યાદિ કરાયાં તેથી, મધ્યમ વયમાં મને ગર્ભ પ્રાદુર્ભાવ થયો, દેહની કાંતિથી પ્રકાશિત કર્યાં છે દિશાઓનાં મુખ જેણે એવી પુત્રીને મેં જન્મ આપ્યો. ॥૪૭॥

શ્લોક :-

जातो राज्ञो महान् तोषः, कारितश्चोत्सवो महान् ।
कृतं तन्नाम मदनमञ्जरीति शुभे दिने ।।४८।।

શ્લોકાર્થ :-

રાજાને મહાન તોષ થયો, મહાન ઉત્સવ કરાયો. મદનમંજરી એ પ્રમાણે તેનું નામ શુભદિવસમાં કરાયું. ।।૪૮।।

શ્લોક :-

वर्धिता सा सुखभरैर्जाता चित्तप्रमोदकृत् ।
कलौघं ग्राहिता सार्द्धं, सख्या लवलिकाख्यया ।।४९।।

શ્લોકાર્થ :-

સુખના સમૂહથી વૃદ્ધિ કરાયેલી એવી તે=મદનમંજરી, ચિત્તના પ્રમોદને કરનારી થઈ, લવલિકા નામની સખીની સાથે કલાનો સમૂહ ગ્રહણ કરાવાયો. ।।૪૯।।

શ્લોક :-

उद्यौवना कलारूपातिशयैर्न ममोचितः ।
पुरुषोऽस्तीति बुद्ध्याऽभूत्, पुरुषद्वेषिणी ततः ।।५०।।

શ્લોકાર્થ :-

ઉદ્યૌવનવાળી=ઉદ્ભવ યૌવનવાળી, કલા અને રૂપના અતિશયથી ત્યારપછી મને ઉચિત પુરુષ નથી એ પ્રકારની બુદ્ધિ થવાને કારણે પુરુષદ્વેષિણી થઈ. ।।૫૦।।

શ્લોક :-

ज्ञात्वा पुत्र्याः स्वरूपं तद्, विषण्णाऽहं भृशं हृदि ।
मया निवेदितं राज्ञे, सोऽपि खेदमुपागतः ।।५१।।

શ્લોકાર્થ :-

પુત્રીના તે સ્વરૂપને જાણીને=પુરુષ પ્રત્યે તેને દ્વેષ થાય છે એ પ્રકારના સ્વરૂપને જાણીને, હું=કામલતા, હૃદયમાં અત્યંત વિષાદને પામી. મારા વડે=કામલતા વડે, રાજાને નિવેદન કરાયું, તે પણ ખેદને પામ્યા. ।।૫૧।।

શ્લોક :-

सोऽकारयत् समुत्पन्नधीः स्वयंवरमण्डपम् ।
सर्वे तेन समाहूता, विद्याधरनरेश्वराः ।।५२।।

શ્લોકાર્થ :-

સમુત્પન્ન બુદ્ધિવાળા એવા તેણે=આવા પ્રસંગે શું કરવું જોઈએ ? તેવી બુદ્ધિ ઉત્પન્ન થયેલી છે જેને એવા તે રાજાએ, સ્વયંવર-મંડપ કરાવ્યો. તેના વડે=કનકોદર રાજા વડે, સર્વ વિદ્યાધર રાજાઓ બોલાવાયા. ।।૫૨।।

શ્લોક :-

आगत्य सर्वे सर्वद्ध्या, ते स्वयंवरमण्डपे ।
यथास्थानं स्थिता मध्ये, राजाऽपि सपरिच्छदः ।।५३।।

શ્લોકાર્થ :-

સર્વ એવા તેઓ સર્વ સમૃદ્ધિથી સ્વયંવરમંડપમાં આવીને યથાસ્થાન રહ્યા. રાજા પણ પરિવાર સહિત મધ્યમાં રહ્યા. ।।૫૩।।

શ્લોક :-

प्रविष्टाऽहं गृहीत्वा तां, वत्सां मदनमञ्जरीम् ।
तत्र प्रदर्शितास्तस्या, रूपतो गुणतश्च ते ।।५४।।

શ્લોકાર્થ :-

તે વત્સા મદનમંજરીને ગ્રહણ કરીને મેં પ્રવેશ કર્યો, ત્યાં રૂપથી અને ગુણથી તેઓ=વિદ્યાધરો, તેણીને બતાવાયા. ।।૫૪।।

**શ્લોક :-**

**दृष्ट्वा सा तत्र निखिलान्, विद्याधरनरेश्वरान् ।**
**न्यवारयत् घृणां धृत्वा, तन्मिथ्यागुणवर्णनम् ।।५५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં બધા વિદ્યાધર રાજાઓને જોઈને ઘૃણા ધારણ કરીને તેના મિથ્યાગુણોના વર્ણનનું તેણીએ નિવારણ કર્યું.**

ચિત્ર પ્રકારના જીવોનાં કર્મને કારણે મદનમંજરીને અનેક રૂપસંપન્ન વિદ્યાધરોને જોઈને પણ પોતાના રૂપ આગળ સર્વ હીન છે, એ પ્રકારની બુદ્ધિ થાય છે. જેથી તે સર્વ પ્રત્યે દ્વેષ જ થાય છે, પરંતુ વિકારવાળી વૃત્તિ હોવા છતાં તે વિદ્યાધરોનાં રૂપોને જોઈને પણ વિકાર થતો નથી. તેમાં ચિત્ર પ્રકારનાં કર્મો અને તે જીવનો સ્વભાવ જ કારણ છે. **॥૫૫॥**

**શ્લોક :-**

**जगौ च मातर्नैतेषु, कोऽपि मे रोचते वरः ।**
**तदाकर्ण्य विषण्णाऽहं, तद् भूपाय निवेदितम् ।।५६।।**

**શ્લોકાર્થ :-**

**અને બોલી=મદનમંજરી બોલી, હે માતા ! આ બધામાં કોઈ પણ વર મને રુચતો નથી, તે સાંભળીને હું વિષાદ પામી. રાજાને તે નિવેદન કરાયું=તેણીનું વચન નિવેદન કરાયું. ।।૫૬।।**

**શ્લોક :-**

**विषण्णः सोऽपि मां प्राह, वत्सा वेश्मनि नीयताम् ।**
**माऽस्या भूद् वपुरस्वास्थ्यं, चित्तदुःखोदयादिति ।।५७।।**

**શ્લોકાર્થ :-**

**વિષાદ પામેલો તે પણ મને=કામલતાને, કહે છે. ચિત્તના દુઃખના ઉદયથી આના શરીરનું અસ્વાસ્થ્ય ન થાઓ. એથી પુત્રીને ઘરમાં લઈ જાઓ. ।।૫૭।।**

શ્લોક :-

निर्गताऽहं ततो लात्वा, तां स्वयंवरमण्डपात् ।
प्राप्ता सा स्वीयभवनं, निषण्णाऽविरताग्रहा ।।५८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સ્વયંવરમંડપથી તેણીને લઈને હું નીકળી, પોતાના ભવનને પ્રાપ્ત થયેલી એવી તે=મદનમંજરી, અવિરત આગ્રહવાળી બેઠી. ।।૫૮।।

શ્લોક :-

ततो लवलिका प्राह, मां मातः ! को भविष्यति ।
अस्याः पाणिग्रहोपायो, मया प्रोक्तं न वेद्म्यहम् ।।५९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી લવલિકા મને કહે છે. હે માત ! આણીના પાણિગ્રહણનો ઉપાય કોણ થશે ? મારા વડે=કામલતા વડે, કહેવાયું હું જાણતી નથી. ।।૫૯।।

શ્લોક :-

इयं तव प्रियसखी, नूनं दुष्कररोचिका ।
प्रष्टव्या तद् भवत्यैव, पर्यालोचो हतोऽत्र नः ।।६०।।

શ્લોકાર્થ :-

આ તારી પ્રિય સખી ખરેખર દુષ્કરરોચિકા છે. તે કારણથી તારા વડે જ પૂછવા યોગ્ય છે. આમાં=એના લગ્નના વિષયમાં, અમારું પર્યાલોચન હણાયેલું છે. ।।૬૦।।

શ્લોક :-

इत्युक्त्वा रोदितुं लग्ना, विकीर्णैरहमश्रुभिः ।
ततो लवलिका प्राह, विषादं स्वामिनि ! त्यज ।।६१।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે કહીને વિકીર્ણ એવાં આંસુઓથી હું=કામલતા, રડવા લાગી. તેથી લવલિકા કહે છે, હે સ્વામિની ! વિષાદને છોડો. ॥૬૧॥

શ્લોક :-

प्रश्नयिष्याम्यहमिमां, नेयं सन्तापकारिणी ।
पित्रोर्भविष्यतीत्येवं, मम स्वास्थ्यं कृतं तया ॥६२॥

શ્લોકાર્થ :-

હું આણીને=મદનમંજરીને, પ્રશ્ન કરીશ, આ=મદનમંજરી, માતા અને પિતાને સંતાપકારિણી થશે નહિ. એ પ્રમાણે તેણી વડે મારું સ્વાસ્થ્ય કરાયું. ॥૬૨॥

શ્લોક :-

इतश्च खेचरोर्वीशास्ते स्वयंवरमण्डपात् ।
दृष्ट्वाऽवृतवरामेव, गतां मदनमञ्जरीम् ॥६३॥
विलक्षा हृतसर्वस्वा, इव लोष्टुहता इव ।
कनकोदरराजेन्द्रं, रुषाऽसंभाष्य निर्गताः ॥६४॥

શ્લોકાર્થ :-

અને આ બાજુ તે ખેચરના રાજાઓ સ્વયંવરમંડપથી નહીં વરેલી એવી મદનમંજરીને ગયેલી જોઈને હરણ કરાયેલા સર્વસ્વની જેમ, ઢેફાથી હણાયેલાની જેમ, રોષથી કનકોદર રાજેન્દ્રને પણ સંભાષણ કર્યા વગર નીકળ્યા. ॥૬૩-૬૪॥

શ્લોક :-

ततो राजा ययौ शोकं, लङ्घितं वर्षवद् दिनम् ।
सुप्तो रजन्यां नायाता, निद्रा दुःखेन केवलम् ॥६५॥

શ્લોકાર્થ :-

તેથી રાજા શોકને પામ્યો, વર્ષની જેમ દિવસ પસાર કરાયો. રાત્રિમાં સૂતો, દુઃખથી કેવલ નિદ્રા આવી નહીં. ।।૬૫।।

શ્લોક :-

निद्रालवेऽथ गमितप्रायायामागते निशि ।
स्वप्ने चत्वारि सोऽपश्यद् द्वौ नरौ द्वे च योषितौ ।।६६।।

શ્લોકાર્થ :-

હવે પ્રાયઃ પસાર થયેલી એવી રાત્રિમાં નિદ્રાનો અંશ આવ્યે છતે, સ્વપ્નમાં બે નર અને બે સ્ત્રી ચારને તેણે=રાજાએ, જોયાં. ।।૬૬।।

શ્લોક :-

तैः प्रोक्तं मुञ्च खेदं त्वं, नरेन्द्र कनकोदर ! ।
वरो दृष्टचरोऽस्माभिस्तव पुत्र्या भविष्यति ।।६७।।

શ્લોકાર્થ :-

તેઓ વડે કહેવાયું=તે ચાર પુરુષો વડે કહેવાયું. હે નરેન્દ્ર કનકોદર ! તું ખેદને મૂક, અમારા વડે જોવાયેલો વર તારી પુત્રીનો થશે=કનકોદર રાજાનું તેવા પ્રકારનું પુણ્ય હતું જેથી ચિંતા દૂર થાય અને સ્વસ્થતાની પ્રાપ્તિ થાય તેના કારણે આ પ્રકારનું સ્વપ્ન આવ્યું. ।।૬૭।।

શ્લોક :-

तवान्यान्वेषणेनालमियं नान्यवरोचिता ।
द्वेष्या अस्माभिरेवास्याः, कृता विद्याभृतोऽखिलाः ।।६८।।

શ્લોકાર્થ :-

તારા અન્ય અન્વેષણથી સર્યું. આ=મદનમંજરી, અન્ય વરને ઉચિત નથી, અમારા વડે જ=સ્વપ્નમાં આવેલ ચાર પુરુષો વડે જ, આણીને અખિલ વિદ્યાધરો દ્વેષ્ય કરાયા. ।।૬૮।।

શ્લોક :-

जातं प्रभातं स्वप्नार्थं, बुद्ध्वा स्वस्थोऽभवन्नृपः ।
अथापृच्छल्लवलिका, सखी मदनमञ्जरीम् ।।६९।।

શ્લોકાર્થ :-

પ્રભાત થયું. સ્વપ્નાર્થને જાણીને રાજા સ્વસ્થ થયો. હવે લવલિકા સખીએ મદનમંજરીને પૂછ્યું. ॥૬૯॥

શ્લોક :-

अधुना वद किं कार्यं, सा प्राह पितरौ यदि ।
आज्ञां दत्तस्तदा भ्रान्त्वा, स्वयमेव वसुन्धराम् ।।७०।।
वरं वृणोमि रुचितं, पूरयामि मनोरथम् ।
प्राह तन्मे लवलिका, मया राज्ञे निवेदितम् ।।७१।।

શ્લોકાર્થ :-

હવે કહો શું કરવું છે=લગ્નના વિષયમાં શું કરવું છે ? તે=મદનમંજરી, કહે છે. જો માતા અને પિતા આજ્ઞા આપે, તો સ્વયં વસુંધરાને ભમીને ઉચિત વરને હું વરું, મનોરથને પૂરું, લવલિકાએ મને=કામલતાને, તે= મદનમંજરીનું વચન કહ્યું. મારા વડે=કામલતા વડે રાજાને નિવેદન કરાયું. ॥૭૦-૭૧॥

શ્લોક :-

अनेन चिन्तितं चित्ते, वत्सया चारु मन्त्रितम् ।
लाभोपायो वरस्यायं, स्वप्नोक्तस्य भविष्यति ।।७२।।

શ્લોકાર્થ :-

આના વડે=રાજા વડે, ચિત્તમાં વિચારાયું, પુત્રી વડે સુંદર વિચારાયું, સ્વપ્નમાં કહેવાયેલા વરના લાભનો ઉપાય આ થશે=મદનમંજરી સ્વયં પૃથ્વી ઉપર ફરીને વરને શોધવાનો વિચાર કરે છે એ થશે. ॥૭૨॥

શ્લોક :-

साऽनुज्ञाता ततस्तेन, वरार्थं भूदिदृक्षया ।
गता लवलिकायुक्ता, व्यतीताः केऽपि वासराः ।।७३।।

શ્લોકાર્થ :-

તેથી=રાજાને મદનમંજરીનો વિચાર ઉચિત જણાયો તેથી, તેના વડે=રાજા વડે, તે=મદનમંજરી અનુજ્ઞા અપાઈ, વર માટે ભૂમિને જોવાની ઈચ્છાથી લવલિકાયુક્ત ગઈ. કેટલાક પણ દિવસો પસાર થયા. ।।૭૩।।

શ્લોક :-

अहं राजा च तत्स्नेहात्, स्थितौ सोन्माथकौ भृशम् ।
अत्रान्तरे लवलिका, सविषादा समागता ।।७४।।

શ્લોકાર્થ :-

તેના સ્નેહથી=મદનમંજરીના સ્નેહથી, હું અને રાજા અત્યંત ઉન્માથક રહ્યા=શું થશે એ પ્રકારની ચિંતાથી યુક્ત રહ્યા. એટલામાં લવલિકા વિષાદ સહિત આવી. ।।૭૪।।

શ્લોક :-

एकाकिनीं विषण्णां च, तां दृष्ट्वा चित्तमावयोः ।
विषण्णं सा मया पृष्टा, भद्रे ! कुशलिनी सुता ।।७५।।

શ્લોકાર્થ :-

એકાકિની અને વિષાદવાળી તેણીને જોઈને અમારા બંનેનું ચિત્ત વિષાદવાળું થયું. તે=લવલિકા, મારા વડે પુછાઈ. હે ભદ્ર ! પુત્રી=મદનમંજરી, કુશલ છે ? ।।૭૫।।

શ્લોક :-

सा प्राह मातः ! कुशलं, सुतायास्तव विद्यते ।
संपन्नो यस्तु वृत्तान्तः, सर्वं तं कथयामि ते ।।७६।।

શ્લોકાર્થ :-

તે કહે છે=લવલિકા કહે છે. હે માતા ! તમારી પુત્રીનું કુશલ વિદ્યમાન છે. વળી જે, વૃત્તાંત થયો છે, તે સર્વ હું તમને કહું છું. ।।૭૬।।

શ્લોક :-

निर्गत्येतः किलावाभ्यां, प्रेक्षितं भूमिमण्डलम् ।
भूरिग्रामपुराकीर्णं, नानावृत्तान्तसंकुलम् ।।७७।।

શ્લોકાર્થ :-

અહીંથી નીકળીને અમારા બંને દ્વારા ઘણાં ગ્રામ, નગરોથી આકીર્ણ, અનેક વૃત્તાંતથી યુક્ત, ભૂમિમંડલ જોવાયું. ।।૭૭।।

શ્લોક :-

सप्रमोदपुरं प्राप्ते क्रमात् तत्र बहिर्वनम् ।
आह्लादमन्दिरं दृष्टं, स्थिते तस्योपरि क्षणम् ।।७८।।
सुकुमाराकृती तत्र, दृष्टौ राजसुतावुभौ ।
स्मरार्त्ताऽभूत् प्रियसखी, पश्यन्त्येकं तयोः पुनः ।।७९।।

શ્લોકાર્થ :-

ક્રમથી સપ્રમોદપુરને અમે બંને પ્રાપ્ત થયાં. ત્યાં=સપ્રમોદનગરમાં, બહાર આહ્લાદમંદિર નામનું વન જોવાયું, તેના ઉપરમાં=વનની ઉપરમાં, ક્ષણ રહ્યાં=મદનમંજરી અને લવલિકા રહ્યાં. ત્યાં=તે વનમાં, સુકુમાર આકૃતિવાળા બે રાજપુત્રો જોવાયા. વળી તે બંનેમાંથી એકને જોતી પ્રિય સખી કામથી પીડિત થઈ. ।।૭૮-૭૯।।

શ્લોક :-

अवतीर्य मया सार्धं, भूतले सा ततः स्थिता ।
तयोर्दृग्गोचरे चूतवने दूरस्थिते मनाक् ।।८०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મારી સાથે ભૂતલમાં ઊતરીને તે બંનેની દૃષ્ટિના ગોચરવાળા ચૂતવનમાં થોડેક દૂર તે=મદનમંજરી, રહી. ।।૮૦।।

શ્લોક :-

प्रेक्षमाणा नृपसुतं, तमेव चानिमेषदृग् ।
न्यस्ताऽब्जद्रोहिणी दृष्टिस्तस्यास्तेनापि सम्मुखम् ।।८१।।

શ્લોકાર્થ :-

અને તે જ રાજપુત્રને જોતી અનિમેષ દૃષ્ટિવાળી થઈ. તેના વડે પણ=તે રાજપુત્ર વડે પણ, તેણીના સન્મુખ=મદનમંજરીના સન્મુખ, અબ્જદ્રોહિણી એવી દૃષ્ટિ સ્થાપન કરાઈ. ।।૮૧।।

શ્લોક :-

ततः सा स्निग्धदृक् पीतचन्द्रिकेव चकोरिका ।
स्फुटामोदा विकसिता, पद्मिनीव रवेः करैः ।।८२।।

શ્લોકાર્થ :-

તેથી=રાજપુત્રએ મદનમંજરી સન્મુખ દૃષ્ટિ કરી તેથી, જેમ ચકોરિકા પીતચંદ્રિકા થાય, તેમ તે=મદનમંજરી, સ્નિગ્ધ દૃષ્ટિવાળી થઈ. સૂર્યનાં કિરણોથી જેમ કમળો વિકસે, તેમ વિકસિત સ્પષ્ટ આનંદવાળી થઈ. ।।૮૨।।

શ્લોક :-

प्रनृत्यन्ती मयूरीव, पयोदप्रेक्षणोन्मदा ।
अमान्ती स्वान्तकल्लोलैस्तटिनीव रयोद्धता ।।८३।।
सा विस्मितसुधापूरैः, शुभ्रितद्रुमपल्लवा ।
मया रसान्तरे मग्ना, दृष्टा पश्यति वल्लभे ।।८४।।

શ્લોકાર્થ :-

મેઘના પ્રેક્ષણથી ઉન્મદવાળી નાચતી મયૂરીની જેમ, વેગથી ઉદ્ધત નદીની જેમ સ્વાન્તકરણના કલ્લોલોથી નહિ સમાતી તે=મદનમંજરી, વિસ્મિત થયેલા સુધાના પૂરથી ઉજ્જ્વળ વૃક્ષના પલ્લવવાળી, મારા વડે=લવલિકા વડે, વલ્લભ જોયે છતે રસાંતરમાં મગ્ન જોવાઈ=પોતાના ઈષ્ટપતિને જોતી કામરસમાં મગ્ન જોવાઈ. ॥૮૩-૮૪॥

શ્લોક :-

ततस्तां तादृशीं प्रेक्ष्य, मया मनसि चिन्तितम् ।
तोषिताऽनेन यूनेयमहो दुष्कररोचिका ॥८५॥

શ્લોકાર્થ :-

ત્યારપછી તેણીને=મદનમંજરીને, તેવી જોઈને મારા વડે=લવલિકા વડે, મનમાં વિચારાયું. આ યુવાન વડે આ દુષ્કર રોચિકા તોષ કરાઈ. અહો ! આશ્ચર્ય છે. ॥૮૫॥

શ્લોક :-

सुभ्रुवो भ्रूविधानेऽस्या, भग्नचापोऽपि वेधसा ।
अहो अस्य गुणैरेव, हन्ति बालामिमां स्मरः ॥८६॥

શ્લોકાર્થ :-

આના=મદનમંજરીના, ભ્રૂવિધાનમાં શોભાને ધારણ કરનારો, વિધાતા વડે ભગ્ન ચાપવાળો પણ કામ છે. અહો ! આના=કુમારના, ગુણોથી જ કામ આ બાળાને હણે છે. ॥૮૬॥

શ્લોક :-

आनुरूप्येण मिथुनमिदं धात्रैव योजितम् ।
सद्भावमीलनात् सिद्धमधुना नः समीहितम् ॥८७॥

**શ્લોકાર્થ :-**

**આ મિથુન=મદનમંજરી અને ગુણધારણરૂપ આ મિથુન, વિધાતા વડે જ આનુરૂપ્યથી=ગુણો વડે અનુરૂપપણાથી, યોજન કરાયું છે. સદ્ભાવના મિલનથી=મદનમંજરીના તે રાજપુત્ર પ્રત્યે સદ્ભાવના મિલનથી, હમણાં અમારું ઈચ્છિત સિદ્ધ થયું. ॥૮૭॥**

**શ્લોક :-**

**संयोगमनयोर्युक्तं, विधाय कुरुतां विधिः ।**
**अयोग्ययोगजनितस्वकलङ्कापमार्जनम् ।।८८।।**

**શ્લોકાર્થ :-**

**આ બેનો યુક્ત સંયોગ કરીને વિધિ=વિધાતા, અયોગ્યના યોગજનિત સ્વકલંકના અપમાર્જનને કરો.**

ભાગ્ય ક્યારેક અયોગ્યજીવને યોગ્યનો યોગ કરાવે છે. તેથી લોકો ભાગ્યને કલંક આપે છે કે વિધાતા અયોગ્યનો યોગ કરાવીને જીવની વિડંબના કરનાર છે. તે કલંક આ બેનો સંયોગ કરાવીને વિધાતા દૂર કરે એ પ્રકારે લવલિકા કામલતાને કહે છે. **॥૮૮॥**

**શ્લોક :-**

**अथ सार्द्धं वयस्येन, ततः स्थानाद् गतो युवा ।**
**ततः सा प्राप संकोचं, गते सूर्य इवाब्जिनी ।।८९।।**

**શ્લોકાર્થ :-**

**હવે મિત્રની સાથે તે સ્થાનથી યુવાન ગયો=મદનમંજરીને પ્રિય એવો યુવાન ગયો. તેથી જેમ સૂર્ય અસ્ત થયે છતે કમળો સંકોચને પામે, તેમ તે=મદનમંજરી, સંકોચને પામી. ॥૮૯॥**

**શ્લોક :-**

**गतरत्नेव जाता च, भृशं मनसि विह्वला ।**
**ततो मयोक्तं कः खेदो, यद्यसौ रुचितो वरः ? ।।९०।।**

શ્લોકાર્થ :-

ગયેલા રત્નની જેમ મનમાં અત્યંત વિહ્વળ થઈ, તેથી મારા વડે= લવલિકા વડે કહેવાયું. જો આ વર રુચિત છે તો શું ખેદ ? ॥૯૦॥

શ્લોક :-

समीपे गम्यतां भर्तृदारिके ! जनकाम्बयोः ।
तयोः स्वां रुचिमुद्भाव्य, त्वरया व्रियतामयम् ।।९१।।

શ્લોકાર્થ :-

હે ભર્તૃદારિકા=મદનમંજરી ! માતાની અને પિતાની પાસે જવાય. તે બંનેને પોતાની રુચિને ઉદ્ભાવન કરીને શીઘ્ર આ=પ્રસ્તુત યુવાન, વરાઓ. ॥૯૧॥

શ્લોક :-

सप्रमोदपुरेशस्य, मधुवारणभूभुजः ।
भविष्यत्येष तनयो, गुणैर्योग्यस्तवेदृशैः ।।९२।।

શ્લોકાર્થ :-

સપ્રમોદપુર નગરનો સ્વામી મધુવારણ રાજાનો આ પુત્ર આવા ગુણોથી તને યોગ્ય થશે. ॥૯૨॥

શ્લોક :-

क्ष्माभृद्भिर्न यदाक्रान्तं, निखिलैरपि ते मनः ।
आक्रामन् दृक्त्रिभागेन, तदेष क्ष्माभृतां गुरुः ।।९३।।

શ્લોકાર્થ :-

જે કારણથી નિખિલ પણ રાજાઓ વડે તારું મન આક્રાંત થયું નહીં, દૃષ્ટિના ત્રિભાગથી આક્રમણ કરતો આ=પુરુષ, રાજાઓનો ગુરુ છે. ॥૯૩॥

શ્લોક :-

तयोक्तं मे लवलिके ! रुचितोऽयं भृशं जनः ।
अहं तु रुचिता नास्मै, तूर्णं गच्छेत् कुतोऽन्यथा ।।९४।।

શ્લોકાર્થ :-

તેણી વડે=મદનમંજરી વડે, કહેવાયું. હે લવલિકા ! મને આ જન અત્યંત રુચિત છે. વળી, હું આને રુચિત નથી, અન્યથા શીઘ્ર કેમ ચાલ્યો જાય ? ॥૯૪॥

શ્લોક :-

उन्मूलयति धैर्यं मे, स्नेहस्तेनैकपाक्षिकः ।
निर्भग्नैकतटः सिन्धुपूरः प्रान्तद्रुमं यथा ।।९५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=હું એને રુચિત નથી તે કારણથી, જેમ નિર્ભગ્ન એક તટવાળું સિન્ધુ નદીનું પૂર પ્રાન્તવૃક્ષને ઉન્મૂલન કરે છે તેમ, એક પાક્ષિક સ્નેહ મારા ધૈર્યને ઉન્મૂલન કરે છે. ॥૯૫॥

શ્લોક :-

मयोक्तमेवं मा वादीर्न स्वामिनि ! रुचिं विना ।
स स्यात् तव मुखज्योत्स्नापानलम्पटलोचनः ।।९६।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=લવલિકા વડે કહેવાયું, હે સ્વામિની ! એ રીતે કહે નહીં, રુચિ વગર=તારા પ્રત્યે રુચિ વગર, તારા મુખરૂપી જ્યોત્સ્નાના પાનમાં લંપટ લોચનવાળો તે થાય નહીં. ॥૯૬॥

શ્લોક :-

रुचिताऽसि भृशं तस्य, शङ्कामपनयानघे ! ।
रोचते किं न भृङ्गाय, प्रफुल्ला मालती मधौ ।।९७।।

શ્લોકાર્થ :-

હે અનઘા ! અત્યંત તેને તું રુચિત છો, શંકાને દૂર કર. વસંતઋતુમાં પ્રફુલ્લ એવી માલતી શું ભમરાને રુચતી નથી ? ॥૯૭॥

**શ્લોક :-**

**वैदग्ध्यादेव तूर्णं च, तेनापक्रमणं कृतम् ।**
**परिणामगुरुः स्नेहः, सतामापाततो लघुः ।।९८।।**

**શ્લોકાર્થ :-**

**વૈદગ્ધ્યને કારણે=વિચક્ષણતાને કારણે, શીઘ્ર તેના વડે=ગુણધારણ વડે, અપક્રમણ કરાયું, સંતોનો પરિણામથી ગુરુ એવો સ્નેહ આપાતથી= જોવા માત્રથી, લઘુ હોય છે. ॥૯૮॥**

**શ્લોક :-**

**इति मद्वचसा किंचित्, स्वस्थीभूताऽपि साऽब्रवीत् ।**
**सखि ! गन्तुं न शक्नोमि, वपुरस्वस्थमस्ति मे ।।९९।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રકારે મારા વચનથી કંઈક સ્વસ્થીભૂત એવી તે=મદનમંજરી, બોલી. હે સખી ! હું જવા માટે સમર્થ નથી, મારું શરીર અસ્વસ્થ છે.**

વિકારની પ્રચૂરતા શરીરને અસ્વસ્થ કરનાર છે અને વિકારનો અત્યંત પ્રકર્ષ મૃત્યુનું કારણ છે. વળી મદનમંજરીનો વિકાર કંઈક અતિશયવાળો હતો. તેથી સ્વસ્થાનમાં વિદ્યાના બળથી જવામાં તત્પર થઈ નહિ અને શરીરથી અસ્વસ્થ થાય છે. **॥૯૯॥**

**શ્લોક :-**

**न मोक्तव्यं मयोद्यानमिदं तातामबयोर्वद ।**
**त्वं च वार्तामिमां तूर्णं, गत्वा तत्त्वार्थकोविदे ! ।।१००।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=મદનમંજરી વડે, આ ઉદ્યાન મુકાવું જોઈએ નહિ. હે તત્ત્વાર્થ કોવિદ એવી તું !=લવલિકા ! આ વાર્તાને માતા-પિતાને શીઘ્ર જઈને કહે. ॥૧૦૦॥**

શ્લોક :-

तते मत्वाऽऽग्रहं तस्या, दुर्वारं विनिवेश्य ताम् ।
गुप्तद्रुमलतामध्ये, तल्पे पल्लवनिर्मिते ।।१०१।।
आगताऽहमिहोत्पत्य, तमालश्यामलं नभः ।
देवोऽम्बा च तदत्रार्थे, प्रमाणं वाच्यमुत्तरम् ।।१०२।।

શ્લોકાર્થ :-

તેથી=મદનમંજરીએ આ પ્રમાણે કહ્યું તેથી, તેણીના દુર્વાર આગ્રહને જાણીને ગુપ્ત વૃક્ષની લતાની મધ્યમાં પલ્લવથી નિર્મિત એવી શય્યામાં તેણીને બેસાડીને, તમાલ શ્યામલ એવા આકાશમાં ઊડીને અહીં હું આવી છું. તે કારણથી આ અર્થમાં=મદનમંજરીના અર્થમાં, દેવ અને માતા પ્રમાણ છે. ઉત્તરને કહેવું જોઈએ. ।।૧૦૧-૧૦૨।।

શ્લોક :-

ततो राज्ञोदितं देवि !, त्वं तावद् याहि सत्वरम् ।
वत्सां संधीरयैष्यामि, सामग्रीसम्पदा त्वहम् ।।१०३।।

શ્લોકાર્થ :-

તેથી રાજા વડે કહેવાયું. હે દેવી ! તું ત્યાં સુધી જલ્દી જા. પુત્રીને ધીરજ આપ. વળી સામગ્રીસંપદાથી હું આવીશ. ।।૧૦૩।।

શ્લોક :-

यन्मे मनोऽस्ति साशङ्कं, रुषा विद्याधरा गताः ।
तद्वृत्तान्तोपलम्भाय, प्रयुक्तश्चटुलो मया ।।१०४।।

શ્લોકાર્થ :-

જે કારણથી મારું મન શંકાવાળું છે. રોષ પામીને વિદ્યાધરો ગયા છે, તેના વૃત્તાંતની પ્રાપ્તિ માટે મારા વડે ચટુલ પ્રયુક્ત છે=ગુપ્તચર મોકલ્યો છે. ।।૧૦૪।।

શ્લોક :-

तेन सम्पादनं युक्तं, सामग्र्याः प्राभृतस्य च ।
वरयोग्यस्य तत् कालविलम्बो मे भविष्यति ।।१०५।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વિદ્યાધરો વિષયક શંકા છે તે કારણથી, સામગ્રીનું સંપાદન યુક્ત છે=યુદ્ધની સામગ્રીનું સંપાદન યુક્ત છે અને વરયોગ્ય ભેટણાનું સંપાદન યુક્ત છે, તે કારણથી મને કાલવિલંબ થશે. ।।૧૦૫।।

શ્લોક :-

तत् तूर्णं देवि ! गच्छेति, धृत्वाऽऽज्ञां मूर्ध्नि तां प्रभोः ।
वेगादिमां लवलिकां, पुरस्कृत्याहमागता ।।१०६।।

શ્લોકાર્થ :-

તે કારણથી=મને કાલવિલંબન થશે તે કારણથી, હે દેવી ! તું શીઘ્ર જા. એ પ્રકારે પ્રભુની તે આજ્ઞાને મસ્તક ઉપર ધારણ કરીને વેગથી આ લવલિકાને આગળ કરીને હું આવી છું=કામલતા આવી છું. ।।૧૦૬।।

શ્લોક :-

दृष्टा पल्लवतल्पे सा, स्थिता मदनमञ्जरी ।
तत्रैव किंचिद् ध्यायन्ती, योगिनीव वचोऽतिगम् ।।१०७।।

શ્લોકાર્થ :-

યોગિનીની જેમ વચનથી અતિગ એવું કંઈક ધ્યાન કરતી તે મદનમંજરી તે જ પલ્લવતલમાં રહેલી જોવાઈ=જેમ યોગીઓ વચન ન કહી શકાય એવી સિદ્ધ અવસ્થાદિનું ધ્યાન કરે છે તેમ મદનમંજરી પોતાના પ્રિયનું ધ્યાન કરતી જોવાઈ. ।।૧૦૭।।

શ્લોક :-

ज्ञात्वा लवलिकावाचा, स्निग्धया लब्धचेतना ।
मामागतां समुत्थाय, पतिता मम पादयोः ।।१०८।।

**શ્લોકાર્થ :-**

**સ્નિગ્ધ એવી લવલિકાની વાણીથી મને આવેલી જાણીને લબ્ધ ચેતનાવાળી એવી મદનમંજરી ઊઠીને મારા પગમાં પડી. ॥૧૦૮॥**

**શ્લોક :-**

**मया प्रोक्तं चिरं जीव, वत्से ! प्राप्नुहि वल्लभम् ।**
**मनोऽभिवाञ्छितं भुङ्क्ष्व, सुखानि सुभगा भव ॥१०९॥**

**શ્લોકાર્થ :-**

**મારા વડે કહેવાયું. હે પુત્રી ! તું ચિરં જીવ=લાંબો કાળ જીવ. મનોવાંછિત વલ્લભને પ્રાપ્ત કર. સુખોને ભોગવ. સુભગ થા. ॥૧૦૯॥**

**શ્લોક :-**

**ततश्चोत्थाप्य साऽऽघ्राता, मूर्ध्न्युत्सङ्गे निवेशिता ।**
**उक्ता च खेदं मा कार्षीः, सिद्धं तव समीहितम् ॥११०॥**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી ઉઠાડીને તે મસ્તક ઉપર સૂંઘાઈ. ખોળામાં બેસાડાઈ અને કહેવાઈ. ખેદ કર નહિ. તારું સમીહિત સિદ્ધ છે. ॥૧૧૦॥**

**શ્લોક :-**

**त्वरां करोति सामग्र्याः, कार्येऽत्र जनकस्तव ।**
**तत् श्रुत्वेयत् क्व मे भाग्यमित्युक्त्वा न्यग्मुखी स्थिता ॥१११॥**

**શ્લોકાર્થ :-**

**આ કાર્યમાં તારા પિતા સામગ્રીને ત્વરાથી કરે છે. તે સાંભળીને આટલું મારું ક્યાં ભાગ્ય છે, એમ કહીને નીચે જોતી રહી.**

અતિરાગ શંકા ઉત્પન્ન કરે છે તેથી જ મદનમંજરી કહે છે આટલું મારું ભાગ્ય નથી માટે તે પતિ મળવો મને અસંભવ જણાય છે. **॥૧૧૧॥**

શ્લોક :-

अत्रान्तरे गतो भानुरस्तमुल्लसितं तमः ।
प्रक्षालितनभोमार्गा, चन्द्रज्योत्स्ना च पप्रथे ।।११२।।

શ્લોકાર્થ :-

એટલામાં સૂર્ય અસ્ત થયો. અંધકાર ઉલ્લસિત થયો. પ્રક્ષાલિત કર્યો છે નભોમાર્ગ જેણે એવી ચંદ્રની જ્યોત્સ્ના વિસ્તાર પામી. ।।૧૧૨।।

શ્લોક :-

विनोद्य तां विचित्राभिः, कथाभिर्गमिता ततः ।
कृच्छ्रान्निशोदिते सूर्ये, प्रोक्ता लवलिका मया ।।११३।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિચિત્ર કથાઓ વડે તેણીને=મદનમંજરીને, વિનોદ કરીને મુશ્કેલીથી રાત્રિ પસાર કરાવાઈ. સૂર્ય ઉદય થયે છતે મારા વડે=કામલતા વડે, લવલિકા કહેવાઈ. ।।૧૧૩।।

શ્લોક :-

निरूपय निजस्वामिमार्गं स्थित्वा विहायसि ।
चिरयत्येष किं सोर्ध्वं, तथेत्युक्त्वा स्थिताऽम्बरे ।।११४।।

શ્લોકાર્થ :-

આકાશમાં રહીને પોતાના સ્વામીના માર્ગને તું જો=રાજા સામગ્રી લઈને આવે છે તેને તું જો. આ શું વિલંબન કરે છે ?=શું આ રાજા વિલંબન કરે છે ? તે તું જો એમ અન્વય છે. 'તથા' એ પ્રમાણે કહીને=હું જોઉં છું એ પ્રમાણે કહીને, તે=લવલિકા, આકાશમાં ઊર્ધ્વ રહી. ।।૧૧૪।।

શ્લોક :-

स्थित्वा च क्षणमात्रं सा, समुत्तीर्णा प्रमोदभाग् ।
मयोक्तं किं सहर्षाऽसि, किं स्वामी ते समागतः ।।११५।।

શ્લોકાર્થ :-

તે=લવલિકા ક્ષણમાત્ર રહીને પ્રમોદવાળી ઊતરી. મારા વડે=કામલતા વડે, કહેવાયું. કેમ હર્ષવાળી છો ? શું તારા સ્વામી=રાજા, આવ્યા છે ? ।।૧૧૫।।

શ્લોક :-

अनया प्रोक्तमद्यापि, स्वामी नो न समागतः ।
किन्त्वागतौ राजसुतौ, तौ द्रष्टुं भर्तृदारिकाम् ।।११६।।

શ્લોકાર્થ :-

આના વડે=લવલિકા વડે, કહેવાયું. હજી પણ આપણા સ્વામી આવ્યા નથી. પરંતુ ભર્તૃદારિકાને જોવા માટે=મદનમંજરીને જોવા માટે, તે બે રાજપુત્રો આવ્યા છે. ।।૧૧૬।।

શ્લોક :-

निरीक्षितं वनं ताभ्यां, न दृष्टा भर्तृदारिका ।
ततो विषण्णस्तत्प्रेयान्, द्वितीयेनेति भाषितः ।।११७।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા વન નિરીક્ષણ કરાયું. ભર્તૃદારિકા=મદનમંજરી, જોવાઈ નહીં. તેથી=મદનમંજરી દેખાઈ નહિ તેથી, તેનો પ્રેમી=ગુણધારણ વિષાદ પામ્યો. એથી બીજા વડે=કુલંધર વડે, કહેવાયું. ।।૧૧૭।।

શ્લોક :-

स्थेयं चूतवने तत्र, कुमार गुणधारण ! ।
सा सुभ्रूर्यत्र दृष्टाऽऽसीदन्यत्र, भ्रमणेन किम् ? ।।११८।।

શ્લોકાર્થ :-

હે કુમાર ગુણધારણ ! તે ચૂતવનમાં રહેવું જોઈએ, જ્યાં તે સુંદર સ્ત્રી જોવાઈ હતી. અન્યત્ર ભ્રમણથી શું ? ।।૧૧૮।।

શ્લોક :-

कदाचिद् दैवयोगेन, सा तत्रैवोपलभ्यते ।
एवमस्त्विति तेनोक्ते, तं देशं तौ प्रजग्मतुः ।।११९।।

શ્લોકાર્થ :-

કદાચિદ્ દૈવયોગથી તે=સુંદર સ્ત્રી, ત્યાં જ ઉપલબ્ધ થાય. તેના વડે=ગુણધારણકુમાર વડે, એ પ્રમાણે થાઓ એ રીતે કહેવાયે છતે તે દેશમાં=જ્યાં તે સ્ત્રી જોવાઈ હતી તે દેશમાં, તે બંને ગયા. ।।૧૧૯।।

શ્લોક :-

ततोऽहं मुदिताऽस्मीति, सा निशम्यापि तद्वचः ।
प्रत्यायिताऽपि शपथैः, प्रत्ययं न दधौ हृदि ।।१२०।।

શ્લોકાર્થ :-

તેથી=મદનમંજરીને ઈષ્ટ એવો પુરુષ આ પ્રમાણે બોલ્યો તેથી, આનંદિત થયેલી એવી હું છું. તેના વચનને સાંભળીને પણ=લવલિકાના વચનને સાંભળીને પણ, સોગંદોથી વિશ્વાસ કરાતી પણ મદનમંજરી હૃદયમાં વિશ્વાસ કરતી નથી. ।।૧૨૦।।

શ્લોક :-

मया प्रोक्तं लवलिके !, कुमारं मे प्रदर्शय ।
येन स्वयं तमानीय, वत्सामाह्लादयाम्यहम् ।।१२१।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=કામલતા વડે કહેવાયું. હે લવલિકા ! મને તું કુમાર બતાવ. જેના કારણે સ્વયં તેને લાવીને હું પુત્રીને આહ્લાદ કરાવું. ।।૧૨૧।।

શ્લોક :-

ततस्तयाऽहमानीता, कुमार ! तव सन्निधौ ।
तदुत्थाय कुमारस्तां, दुःखार्तां द्रष्टुमर्हति ।।१२२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી હે કુમાર ! તમારી સન્નિધિમાં તેણી વડે=લવલિકા વડે, હું લવાઈ છું. તે કારણથી ઊઠીને કુમાર દુખાર્ત એવી તેણીને=મદનમંજરીને, જોવા માટે યોગ્ય છે. ।।૧૨૨।।

શ્લોક :-

कुलन्धरस्य वदनं, मया संप्रेक्षितं ततः ।
तेनोक्तं गम्यतामत्र, किं कुमार ! विरुध्यते ।।१२३।।

શ્લોકાર્થ :-

તેથી=કામલતાએ આ પ્રમાણે કહ્યું તેથી, મારા વડે=ગુણધારણ વડે, કુલંધરનું વદન જોવાયું. તેના વડે=કુલંધર વડે, કહેવાયું – જવાય. હે કુમાર ! આમાં=ત્યાં જવામાં, શું વિરોધ છે ? ।।૧૨૩।।

શ્લોક :-

ततोऽस्माभिर्गतं तत्र, सा दृष्टोद्दिष्टलक्षणा ।
जातः सुखामृते मग्नस्तद्दर्शनरसादहम् ।।१२४।।

શ્લોકાર્થ :-

તેથી=કુલંધર વડે જવાય એમ કહ્યું તેથી, અમારા વડે જવાયું. ત્યાં= ઉદ્યાનમાં ઉદ્દિષ્ટ લક્ષણવાળી=પૂર્વમાં જોવાયેલા લક્ષણવાળી, તે= મદનમંજરી, જોવાઈ. તેના દર્શનના રસથી=મદનમંજરીના દર્શનના રસથી, હું=ગુણધારણ, સુખઅમૃતમાં મગ્ન થયો. ।।૧૨૪।।

શ્લોક :-

प्राप्तः प्रेयान् स एवायमिति हृष्टाऽवलोक्य माम् ।
उत्का चिराद् दृष्ट इति, क्वागच्छेदिति तर्कभाग् ।।१२५।।

શ્લોકાર્થ :-

પ્રેમી પ્રાપ્ત થયો તે આ જ છે એ પ્રમાણે મને જોઈને હર્ષિત થઈ=

મદનમંજરી હર્ષિત થઈ. લાંબા કાળથી જોવાયો. એથી ઉત્કંઠાવાળી થઈ. ક્યાંથી આવે અર્થાત્ મારા સ્વામી ક્યાંથી આવે એ પ્રમાણે તર્કવાળી મદનમંજરી થઈ. ॥૧૨૫॥

શ્લોક :-

स्वप्नोऽयं प्रत्यय इति, सविषादा स्थिरत्वतः ।
सनिर्णया वियोगेऽपि, जीवितेत्युदितत्रपा ॥१२६॥

શ્લોકાર્થ :-

સ્વપ્ન આ છે, એથી વિષાદવાળી થઈ. સ્થિરપણાને કારણે પ્રત્યય છે. એથી નિર્ણયવાળી થાય છે=સામે સ્થિર પુરુષ દેખાય છે તેથી વિશ્વાસ થવાથી મદનમંજરી સ્થિર નિર્ણયવાળી થાય છે. વિયોગમાં પણ હું જીવિત છું એ પ્રકારે લજ્જાવાળી થાય છે. ॥૧૨૬॥

શ્લોક :-

प्रपत्स्यते कथमसौ, मामित्युद्वेगपूरिता ।
प्रेक्षते मामयमिति, सविकारा च साऽभवत् ॥१२७॥

શ્લોકાર્થ :-

કેવી રીતે આ મને સ્વીકારશે ? એ પ્રમાણે ઉદ્વેગથી પૂરિત થઈ. મને આ=ગુણધારણકુમાર, જુએ છે. એથી તે=મદનમંજરી, વિકારવાળી થઈ. ॥૧૨૭॥

શ્લોક :-

अनेकभावसंकीर्णरसनिर्मग्नमानसा ।
सा वीक्षिता मया स्निग्धलोललोचनपङ्कजा ॥१२८॥

શ્લોકાર્થ :-

અનેક ભાવોથી સંકીર્ણ એવા રસમાં નિમગ્ન માનસવાળી સ્નિગ્ધ લોલ લોચનરૂપ કમળવાળી તે=મદનમંજરી, મારા વડે જોવાઈ. ॥૧૨૮॥

શ્લોક :-

ततः सा कामलतया, प्रोक्ता ते प्रत्ययोऽजनि ।
वत्से ! लवलिकावाक्ये, स्मित्वाऽथाधोमुखी स्थिता ।।१२९।।

શ્લોકાર્થ :-

તેથી કામલતા વડે તે કહેવાઈ=હે પુત્રી ! લવલિકાના વાક્યમાં તને વિશ્વાસ થયો. હવે સ્મિત કરીને નીચા મુખવાળી રહી. ।।૧૨૯।।

શ્લોક :-

जातः प्रमोदः सर्वेषामागतोऽत्रान्तरे नृपः ।
स्फुरद्रत्नप्रभाजालैर्भूरिविद्याधरैर्युतः ।।१३०।।

શ્લોકાર્થ :-

બધાને પ્રમોદ થયો. એટલામાં સ્ફુરાયમાન થતાં રત્નની પ્રભાના સમૂહવાળા ઘણા વિદ્યાધરોથી યુક્ત રાજા આવ્યો. ।।૧૩૦।।

શ્લોક :-

आह्लादमन्दिरोद्यानमवतीर्य नभस्तलात् ।
रत्नैर्भृतविमानौघः, सानन्दः कनकोदरः ।।१३१।।

શ્લોકાર્થ :-

નભસ્તલથી=આકાશના તલથી, ઊતરીને આહ્લાદમંદિરના ઉદ્યાનમાં રત્નોથી ભરાયેલા વિમાનના સમૂહવાળો આનંદ સહિત કનકોદર રાજા આવ્યો. એમ શ્લોક-૧૩૦ સાથે સંબંધ છે. ।।૧૩૧।।

શ્લોક :-

कृतमस्माभिरुत्थानं, प्रतिपत्तिः कृतोचिता ।
स्थिताः सर्वे यथास्थानं, तेनाहं वीक्षितश्चिरम् ।।१३२।।

શ્લોકાર્થ :-

અમારા વડે=ગુણધારણકુમાર આદિ વડે, ઉત્થાન કરાયું. ઉચિત

પ્રતિપત્તિ કરાઈ. સર્વ યથાસ્થાન રહ્યા. તેના વડે=કનકોદર રાજા વડે, હું ચિરકાળ જોવાયો. ।।૧૩૨।।

શ્લોક :-

निश्चितश्च स एवायमित्यथानन्दशालिना ।
पृष्टा कामलता साऽऽख्यद्, वृत्तान्तं निखिलं मम ।।१३३।।

શ્લોકાર્થ :-

તે આ છે એ પ્રમાણે નિશ્ચય કરાયો=ગુણધારણકુમાર જ મદનમંજરીને પ્રિય છે એ પ્રમાણે નિશ્ચય કરાયો. હવે આનંદશાલી એવા રાજા વડે= ઉચિત વરની પ્રાપ્તિથી આનંદ પામેલા એવા કનકોદર વડે, કામલતા પુછાઈ. તેણીએ મારો=ગુણધારણકુમારનો સંપૂર્ણ વૃત્તાંત કહ્યો. ।।૧૩૩।।

શ્લોક :-

ईदृशे नररत्ने या, निर्बबन्ध मनस्तया ।
स्वाग्रहो देवि ! निर्व्यूढः, प्राहेति कनकोदरः ।।१३४।।

શ્લોકાર્થ :-

આવા નરરત્નમાં જેણીએ=મદનમંજરીએ, મનને જોડ્યું છે, તેણી વડે=મદનમંજરી વડે, હે દેવી કામલતા ! પોતાનો આગ્રહ વહન કરાયો= મારે યોગ્ય શ્રેષ્ઠ પતિને જ પ્રાપ્ત કરવો છે એ પ્રકારે પોતાનો આગ્રહ પૂર્ણ કરાયો, એ પ્રમાણે કનકોદર કહે છે. ।।૧૩૪।।

શ્લોક :-

ततः कामलता प्राह, सत्यमेतन्न संशयः ।
कदापि किं कामयते, शक्रादन्यं पुलोमजा ।।१३५।।

શ્લોકાર્થ :-

તેથી કામલતા કહે છે – આ સત્ય છે=કનકોદર રાજાએ કહ્યું એ સત્ય છે, સંશય નથી. ઈન્દ્રાણી શક્રથી અન્યને ક્યારેય પણ ઈચ્છા કરે ?

અર્થાત્ કરે નહિ. તેમ મદનમંજરી પણ વિશિષ્ટ પુરુષની જ ઈચ્છા કરે. ||૧૩૫||

શ્લોક :-

अत्रान्तरे समागत्य, चटुलेन निवेदितम् ।
कनकोदरभूपस्य, कर्णे किमपि धीमता ।।१३६।।

શ્લોકાર્થ :-

એટલામાં આવીને બુદ્ધિમાન એવા ચટુલ વડે કનકોદર રાજાના કાનમાં કંઈ પણ નિવેદન કરાયું. ||૧૩૬||

શ્લોક :-

ततो विलम्बेन कृतमिति कामलतां प्रति ।
वदन् मदनमञ्जर्या, विवाहं कनकोदरः ।।१३७।।
अकारयन्मां संक्षेपात्, स्थाने तत्रैव पावने ।
अदर्शयद् विमानौघं, नानारत्नभृतं ततः ।।१३८।।

શ્લોકાર્થ :-

તેથી=ચટુલે કાનમાં કંઈક કહ્યું તેથી, વિલંબનથી સર્યું એ પ્રમાણે કામલતા પ્રત્યે બોલતા કનકોદરે મદનમંજરીના વિવાહને સંક્ષેપથી તે જ પવિત્ર સ્થાનમાં કરાવ્યું. ત્યારપછી અનેક રત્નથી ભરાયેલા વિમાનનો સમૂહ બતાવ્યો. ||૧૩૭-૧૩૮||

શ્લોક :-

कुलन्धराय प्रोचेऽमून्, रत्नपूगानिहानयम् ।
राजपुत्रस्य कोशार्थं, तदेतान् स्वीकरोत्वसौ ।।१३९।।

શ્લોકાર્થ :-

કુલંધરને કહ્યું, હું આ રત્નોના સમૂહને અહીં રાજપુત્રના કોશ માટે લાવ્યો છું. તે કારણથી આને=રત્નોને, આ=ગુણધારણકુમાર સ્વીકારે. ||૧૩૯||

શ્લોક :-

स प्राह यूयमेवात्र, प्रमाणं प्रश्न एष कः ।
तान् दत्त्वा प्रययौ तोषं, राजाऽथ कनकोदरः ।।१४०।।

શ્લોકાર્થ :-

તે=કુલંધર, કહે છે – આ કયો પ્રશ્ન ? તમે જ અહીં પ્રમાણ છો. ત્યારપછી તેઓને=રત્નોના સમૂહોને, આપીને રાજા કનકોદર તોષ પામ્યો. ।।૧૪૦।।

શ્લોક :-

हृष्टा कामलता बाढं, चिन्तासन्तापशान्तितः ।
प्रीतो लवलिकादिश्च, परिवारोऽखिलस्तदा ।।१४१।।

શ્લોકાર્થ :-

ચિંતાના સંતાપની શાંતિથી કામલતા અત્યંત હર્ષિત થઈ, ત્યારે લવલિકાદિ પરિવાર પ્રીતિવાળો થયો. ।।૧૪૧।।

શ્લોક :-

अहं मदनमञ्जर्या, रत्नपूगाढ्यया तया ।
शोभां रविरिव प्राप्तो, धामाढ्यदिवसश्रिया ।।१४२।।

શ્લોકાર્થ :-

રત્નના સમૂહથી આઢ્ય તે મદનમંજરીની સાથે હું શોભાને પામ્યો. જેમ તેજથી યુક્ત દિવસની લક્ષ્મીથી સૂર્ય શોભાને પ્રાપ્ત કરે. ।।૧૪૨।।

શ્લોક :-

अत्रान्तरे महामेघनिकुरम्बमिवाग्रतः ।
विद्याधरबलं दूरादागच्छद् व्योम्नि वीक्षितम् ।।१४३।।

શ્લોકાર્થ :-

એટલામાં મહામેઘના સમૂહની જેમ આગળના ભાગથી દૂરથી આવતું વિદ્યાધરનું સૈન્ય આકાશમાં જોવાયું. ।।૧૪૩।।

શ્લોક :-

कुन्ततूणीरचक्रासिशक्तिनाराचतोमरैः ।
शूलप्रासधनुर्दण्डगदाभिश्च भयानकम् ।।१४४।।

શ્લોકાર્થ :-

ભાલાઓનું ભાથું, ચક્ર, તલવાર, શક્તિનારાચ, તોમરોથી=હથિયારોથી અને શૂલપ્રાસ, ધનુર્દંડ, ગદાદિથી ભયાનક એવું વિદ્યાધરનું બલ જોવાયું. એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ।।૧૪૪।।

શ્લોક :-

सिंहनादमहोत्कृष्टिध्वानैर्मुखरिताम्बरम् ।
कृताद्भुतं महायोधैर्मूर्तैः शौर्यरसैरिव ।।१४५।।

શ્લોકાર્થ :-

સિંહનાદના મહાન ઉત્કટ અવાજોથી મુખરિત કર્યું છે આકાશ જેણે એવું, શૌર્યરસની જાણે મૂર્તિ ન હોય તેવા મહાયોદ્ધાઓ વડે કરાયું છે અદ્ભુત એવું વિદ્યાધરનું સૈન્ય જોવાયું. ।।૧૪૫।।

શ્લોક :-

-स्मयमानमिव प्रेङ्खत्प्रभाजालैर्मदोद्धुरम् ।
तत्क्षणेनागतं पार्श्वे, दृष्टमस्माभिरुन्मुखैः ।।१४६।।

શ્લોકાર્થ :-

હાલતા પ્રભાના સમૂહો વડે સ્મયમાનની જેમ મદથી ઉદ્ધુર એવું, તત્ક્ષણથી આવેલું, ઉન્મુખ એવા અમારા વડે નજીકમાં જોવાયું=વિદ્યાધરનું સૈન્ય જોવાયું. ।।૧૪૬।।

શ્લોક :-

ततो विद्याधरान् प्राह, स्वकीयान् कनकोदरः ।
सज्जीभवत सर्वेऽपि, चटुलोक्तमभूत् स्फुटम् ।।१४७।।

શ્લોકાર્થ :-

તેથી=તે વિદ્યાધરબલ નજીકમાં આવ્યું તેથી, પોતાના વિદ્યાધરોને કનકોદર રાજાએ કહ્યું. સર્વ પણ સજ્જ થાઓ, ચટુલ વડે કહેવાયેલું સ્પષ્ટ થયું. ॥૧૪૭॥

શ્લોક :-

मण्डपान्मामसंभाष्य, पूर्वं ये निर्गता रुषा ।
ज्ञात्वाऽऽगताः सुतां दत्तां, किंचिदालोच्य ते मिथः ॥१४८॥

શ્લોકાર્થ :-

મંડપથી=સ્વયંવરમંડપથી, મને=કનકોદરને, કહ્યા વગર પૂર્વમાં જે રોષથી નીકળેલા વિદ્યાધરો હતા, તેઓ પરસ્પર કંઈક આલોચન કરીને, અપાયેલી પુત્રીને જાણીને આવ્યા છે એ પ્રમાણે કનકોદરે પોતાના વિદ્યાધરોને કહ્યું. ॥૧૪૮॥

શ્લોક :-

इदमेषामभिप्रेतं, यदयं गुणधारणः ।
हीनो न भूचरोऽस्मत्तः, कन्यां स्वीकर्तुमर्हति ॥१४९॥

શ્લોકાર્થ :-

આમને=વિદ્યાધરોને, આ અભિપ્રેત છે, જે કારણથી આ ગુણધારણ ભૂચર છે, અમારાથી હીન છે, તે કારણથી કન્યાને સ્વીકારવા માટે યોગ્ય નથી. ॥૧૪૯॥

શ્લોક :-

खगानिव खगानेतान्, भूचरस्योपजीविनः ।
निरस्य मानमेतेषां, तद् यूयं हन्तुमर्हथ ॥१५०॥

શ્લોકાર્થ :-

તે કારણથી=ખેચરોને માન છે કે ભૂચર એવો ગુણધારણ કન્યાને

યોગ્ય નથી તે કારણથી, આમના=વિદ્યાધરોના ઉપજીવી એવા ભૂચર સંબંધી માનનો નિરાસ કરીને તમે=કનકોદરના વિદ્યાધરો, ખગોની જેમ= પક્ષીઓની જેમ, વિદ્યાધરો એવા આમને હણવા માટે યોગ્ય છો. કનકોદર પોતાના સેવક વિદ્યાધરોને કહે છે કે આ ગુણધારણકુમાર ભૂચર છે માટે મદનમંજરીને યોગ્ય નથી એ પ્રકારે વિદ્યાધરોને માન છે માટે તે માનનો ભંગ કરવા તમે યુદ્ધમાં તત્પર થાઓ. ॥૧૫૦॥

શ્લોક :-

आकर्ण्य रणकण्डूलभुजास्तत् स्वामिनो वचः ।
नभश्चरा व्यवसितास्तेऽथोत्पतितुमम्बरे ॥१५१॥

શ્લોકાર્થ :-

સ્વામિના તે વચનને સાંભળીને=કનકોદરના તે વચનને સાંભળીને, યુદ્ધ કરવાની પરિણતિવાળા તે વિદ્યાધરો આકાશમાં ઊડવા માટે વ્યવસાયવાળા થયા. ॥૧૫૧॥

શ્લોક :-

अत्रान्तरे मयाऽचिन्ति, चारु नेदमजायत ।
यतोऽत्र प्रलयोऽमीषां, मम हेतोर्भविष्यति ॥१५२॥

શ્લોકાર્થ :-

એટલામાં મારા વડે=ગુણધારણકુમાર વડે વિચારાયું, આ સુંદર થયું નથી, જે કારણથી અહીં=આ સ્થાનમાં, આમનો પ્રલય મારા હેતુથી થશે. ॥૧૫૨॥

શ્લોક :-

स्तम्भितं तद्बलद्वन्द्वं, तदानीमेव केनचित् ।
उत्ताननेत्रमूर्द्धाधश्चित्रन्यस्तमिव स्थितम् ॥१५३॥

શ્લોકાર્થ :-

ત્યારે જ=જ્યારે ગુણધારણકુમાર વિચારે છે કે આ સુંદર થયું નથી

**ત્યારે જ, આકાશમાં અને ભૂતલમાં ઉત્તાન નેત્રવાળાં, ચિત્રમાં સ્થાપન કરાયેલાની જેમ રહેલાં તે બંને સૈન્ય કોઈક વડે સ્તંભિત કરાયાં.**

વિદ્યાધરોનું સૈન્ય ઊર્ધ્વ એવા આકાશમાં રહેલું હતું અને કનકોદરનું સૈન્ય નીચે ભૂતલમાં રહેલું હતું, તે બંને સૈન્ય ચિત્રમાં સ્થાપન કરાયેલાની જેમ સ્તંભિત કરાયાં. **II૧૫૩II**

**શ્લોક :-**

**निर्व्यापारं निराटोपं, ददृशे तद्बलद्वयम् ।**
**मनःखेदात् कुमारस्य, द्विधाभूतमिवाम्बरम् ।।१५४।।**

**શ્લોકાર્થ :-**

**કુમારના મનના ખેદથી જાણે આકાશ બે સ્વરૂપે થયેલું હોય, તેમ નિર્વ્યાપારવાળાં, નિરાટોપ તે બંને સૈન્ય જોવાયાં. ।।૧૫૪।।**

**શ્લોક :-**

**तेषामथ नभःस्थानामहं दृग्गोचरं गतः ।**
**सार्द्धं मदनमञ्जर्या, निविष्टो विष्टरे सुखम् ।।१५५।।**

**શ્લોકાર્થ :-**

**હવે મદનમંજરીની સાથે સિંહાસનમાં સુખપૂર્વક બેઠેલો હું આકાશમાં રહેલા તેઓને=વિદ્યાધરોને, દૃષ્ટિગોચર થયો. ।।૧૫૫।।**

**શ્લોક :-**

**ततो मां प्रेक्ष्य तैर्ध्यातमहो रूपमहो गुणाः ।**
**अहो नरोत्तमस्यास्य, माहात्म्यं वाक्पथातिगम् ।।१५६।।**

**શ્લોકાર્થ :-**

**તેથી મને જોઈને તેઓ વડે વિચારાયું, અહો રૂપ છે, અહો ગુણો છે, આ નરોત્તમનું વાક્પથથી અતીત અહો માહાત્મ્ય છે. ।।૧૫૬।।**

શ્લોક :-

अहो मदनमञ्जर्याः, सुसमीक्षितकारिता ।
वृतोऽयमीदृशो भर्ता, यया सौभाग्यभाग्यभूः ।।१५७।।

શ્લોકાર્થ :-

અહો મદનમંજરીની સુસમીક્ષિતકારિતા છે=સુંદર વિચારણા કરનારી છે. જેણી વડે=મદનમંજરી વડે, સૌભાગ્યના ભાગ્યની ભૂમિવાળો એવો આવા પ્રકારવાળો આ ભર્તા વરાયો. ।।૧૫૭।।

શ્લોક :-

अनेन स्तम्भिता नूनं, वयं स्वीयेन तेजसा ।
सह मित्रेण पत्न्या च, स्वयं यन्मुत्कलोऽस्त्ययम् ।।१५८।।

શ્લોકાર્થ :-

ખરેખર આના દ્વારા=ગુણધારણ દ્વારા, પોતાના તેજથી અમે સ્તંભિત કરાયા. જે કારણથી મિત્ર અને પત્નીથી સહિત આ મુત્કલ છે=અસ્તંભિત છે. ।।૧૫૮।।

શ્લોક :-

तद् दुष्ठु कृतमस्माभिरीदृशो यन्नरोत्तमः ।
जिघांसित इतो जाड्यात्, स्तम्भोऽस्माकं न नोचितः ।।१५९।।

શ્લોકાર્થ :-

તે કારણથી અમારા વડે દુષ્ટ=ખરાબ, કરાયું, જે કારણથી આ જડપણાથી આવા પ્રકારના નરોત્તમને હણવાની ઈચ્છા કરાઈ, અમારો સ્તંભ ઉચિત નથી એમ નથી=ઉચિત છે. ।।૧૫૯।।

શ્લોક :-

अतः परमयं स्वामी, वयं चास्य पदातयः ।
ध्यायन्त इति ते चित्ते, केनचिन्मुत्कलीकृताः ।।१६०।।

શ્લોકાર્થ :-

હવે પછી, આ સ્વામી અને અમે આના પદાતિઓ છીએ આ પ્રમાણે તેઓ ચિત્તમાં વિચારે છે એથી કોઈક વડે મુત્કલ કરાયા. ।।૧૬૦।।

શ્લોક :-

लग्नास्ते खेचरास्तूर्णमागत्य मम पादयोः ।
रणार्थः पर्यवसितस्तदुत्साहो मम स्तवे ।।१६१।।

શ્લોકાર્થ :-

તે વિદ્યાધરો શીઘ્ર આવીને મારા=ગુણધારણના, પગમાં પડ્યા. રણના અર્થવાળો=યુદ્ધના અર્થવાળો, તેમનો ઉત્સાહ=વિદ્યાધરોનો ઉત્સાહ, મારા સ્તવમાં વિશ્રાંત થયો. ।।૧૬૧।।

શ્લોક :-

उक्तस्तैरहमस्माकं, क्षन्तव्यं दुष्कृतं त्वया ।
वयं जाता गुणक्रीता, नाथ ! भृत्यास्तवाधुना ।।१६२।।

શ્લોકાર્થ :-

તેઓ વડે હું કહેવાયો, તમારા વડે=ગુણધારણ વડે, અમારું=વિદ્યાધરોનું, દુષ્કૃત ક્ષંતવ્ય છે. હે નાથ ! અમે ગુણોથી ખરીદાયેલા તમારા હાલમાં સેવકો થયા છીએ. ।।૧૬૨।।

શ્લોક :-

ततोऽभूत् तेषु कनकोदरो विगतमत्सरः ।
जातश्च मुत्कलः सर्वैरन्योन्यं क्षमितं ततः ।।१६३।।

શ્લોકાર્થ :-

તેથી=અમે તમારા સેવક છીએ એમ વિદ્યાધરોએ કહ્યું તેથી, તેઓમાં કનકોદર નાશ પામેલા મત્સરવાળો થયો અને મુત્કલ થયો. ત્યારપછી સર્વ વડે પરસ્પર ક્ષમા કરાઈ.

પૂર્વભવમાં નિર્દોષ ધર્મની કરેલી આચરણાને કારણે ગુણધારણકુમારને નિર્દોષ પુણ્યનો ઉદય વર્તે છે તેથી સજ્જન જેવી ઉત્તમ પ્રકૃતિ છે અને સર્વ પ્રકારે બાહ્ય વૈભવની પ્રાપ્તિ થઈ. **॥૧૬૩॥**

**શ્લોક :-**

**सर्वे प्रमुदिता जाताः, खेचरा बान्धवाधिकाः ।**
**वार्तां श्रुत्वाऽऽगतस्तत्र, तां राजा मधुवारणः ।।१६४।।**

**શ્લોકાર્થ :-**

**બાંધવોમાં અધિક સર્વ ખેચરો પ્રમોદિત થયા. ત્યાં તે વાર્તા સાંભળીને, મધુવારણ રાજા આવ્યા. ॥૧૬૪॥**

**શ્લોક :-**

**अम्बा चान्तःपुरैः सार्द्धं, शेषा अप्यागता जनाः ।**
**ततः पितृपदद्वन्द्वं, मयाऽन्यैश्च नृपैर्नतम् ।।१६५।।**

**શ્લોકાર્થ :-**

**અને અંતઃપુરોની સાથે માતા, શેષ લોકો પણ આવ્યા. ત્યારપછી પિતાના બે પાદને મારા વડે અને અન્ય રાજાઓ વડે નમાયું. ॥૧૬૫॥**

**શ્લોક :-**

**समं मदनमञ्जर्या, माताऽपि प्रणता मया ।**
**अन्येऽपि लोका विधिना, यथार्हं बहुमानिताः ।।१६६।।**

**શ્લોકાર્થ :-**

**મદનમંજરીની સાથે મારા વડે માતા પણ નમાઈ, અન્ય પણ લોકો વિધિથી યથાયોગ્ય બહુમાન કરાયા. ॥૧૬૬॥**

**શ્લોક :-**

**आलिङ्गितोऽहं तातेन, हर्षाश्रुप्लुतचक्षुषा ।**
**कुलन्धरेण वृत्तान्तः, सर्वोऽप्यस्मै निवेदितः ।।१६७।।**

શ્લોકાર્થ :-

હર્ષના અશ્રુથી પ્લાવિત એવી ચક્ષુવાળા પિતા વડે હું આલિંગન કરાયો, આમને=રાજા વગેરેને, સર્વ પણ વૃત્તાંત કુલંધર વડે નિવેદિત કરાયો. ।।૧૬૭।।

શ્લોક :-

सर्वेऽपि खेचराः प्रोचुस्तातस्याग्रे सुतस्तव ।
धन्योऽयं वरवीर्योऽयं, पूताऽनेन वसुन्धरा ।।१६८।।

શ્લોકાર્થ :-

સર્વ પણ ખેચરોએ પિતાના આગળમાં પુત્રની સ્તુતિ કરી. આ ધન્ય છે, આ શ્રેષ્ઠ વીર્યવાળો છે. આના વડે પૃથ્વી પવિત્ર કરાઈ. ।।૧૬૮।।

શ્લોક :-

अयं जीवितदोऽस्माकं, देवोऽयं गुरुरेष नः ।
इत्यम्बरचरस्तुत्या, मुदितौ पितरौ मम ।।१६९।।

શ્લોકાર્થ :-

આ અમોને જીવિત આપનારો છે, આ દેવ છે, આ અમારો ગુરુ છે, એ પ્રમાણે વિદ્યાધરોની સ્તુતિથી મારાં માતા-પિતા હર્ષિત થયાં. ।।૧૬૯।।

શ્લોક :-

अथ सर्वे प्रमोदेन, सप्रमोदपुरेऽविशन् ।
तातेनाह्लादितोऽत्यन्तं, सबन्धुः कनकोदरः ।।१७०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી સપ્રમોદનગરમાં પ્રમોદથી બધાએ પ્રવેશ કર્યો. બંધુઓથી સહિત એવો કનકોદર પિતા વડે અત્યંત આહ્લાદિત કરાયો. ।।૧૭૦।।

શ્લોક :-

सर्वे विद्याधरास्तुष्टाः, प्रहृष्टा नगरी जनैः ।
अनिर्वाच्यसुखोत्कर्षं, तद्दिनं मम लङ्घितम् ।।१७१।।

શ્લોકાર્થ :-

સર્વે વિદ્યાધરો તોષ પામ્યા. લોકો સાથે નગરી હર્ષિત થઈ. અનિર્વાચ્ય સુખના ઉત્કર્ષવાળો તે દિવસ મારો પસાર કરાયો. ||૧૭૧||

શ્લોક :-

प्रियाया रत्नराशेश्च, लाभात् प्रत्यर्थिभङ्गतः ।
ताताम्बाचित्ततोषाच्च, मुदितोऽहं भृशं हृदि ।।१७२।।

શ્લોકાર્થ :-

પ્રિયાના લાભથી અને રત્નરાશિના લાભથી, પ્રત્યર્થીના ભંગથી= વિરોધી એવા વિદ્યાધરોના ભંગથી અને પિતા અને માતાના ઉચિત તોષથી હું હૃદયમાં અત્યંત આનંદ પામ્યો. ||૧૭૨||

શ્લોક :-

समं मदनमञ्जर्या, स्थितोऽहं वाससद्मनि ।
तत्रानुभूतवान् रात्रौ, रतोत्सवसुखं महत् ।।१७३।।

શ્લોકાર્થ :-

વાસભુવનમાં મદનમંજરીની સાથે હું રહ્યો. ત્યાં=વાસભુવનમાં, રાત્રિ વિષયક મહાન રતથી કામના સેવનથી ઉત્સવના સુખને અનુભવ્યું. ||૧૭૩||

શ્લોક :-

अत्यन्ताबाधितस्वान्तः, केवलं लौल्यहानितः ।
लब्धनिद्रासुखः प्राप्तः, प्रबुद्धः प्रियया सह ।।१७४।।

શ્લોકાર્થ :-

લૌલ્યની હાનિથી, કેવલ અત્યંત અબાધિત સ્વાન્તઃકરણવાળો, પ્રાપ્ત થયેલ નિદ્રાના સુખવાળો હું પ્રિયા સહિત જાગ્યો.

ગુણધારણકુમારના ભવમાં અનુસુંદર ચક્રવર્તીના જીવને ભોગાદિમાં રતિ

છે, બાહ્ય વૈભવમાં પ્રમોદ છે તોપણ ચિત્ત કંઈક માર્ગાનુસારી હોવાથી અત્યંત અબાધિત સ્વાન્તઃકરણવાળો છે. તેથી ભોગમાં લોલુપતાની હાનિ વર્તે છે. આથી મદનમંજરીને પામીને તૃપ્ત થવાથી નિદ્રાસુખને પામ્યો. જેઓને ગાઢ આસક્તિ હોય છે, તેઓ ભોગમાં અત્યંત લોલુપ બને છે. સંસારી જીવને ઘનવાહનના ભવમાં ભોગમાં જેવી લોલુપતા હતી તેવી લોલુપતા નહીં હોવાથી ગુણધારણકુમારને ભોગમાં બહુ આસક્તિનો ક્લેશ થતો નથી, તેથી સુખ થાય છે. **||૧૭૪||**

**શ્લોક :-**

**कृतं प्राभातिकं कृत्यं, ताताम्बानमनादिकम् ।**
**सन्निधानमथायातो, मित्रं मम कुलन्धरः ।।१७५।।**

**શ્લોકાર્થ :-**

**માતા અને પિતાને નમનાદિક પ્રાભાતિક કૃત્ય કરાયું, હવે સદ્‌નિધાનરૂપ મારો મિત્ર કુલંધર આવ્યો=ઉત્તમ નિધાન જેવો મિત્ર કુલંધર હતો તે આવ્યો. ।।૧૭૫।।**

**શ્લોક :-**

**मां प्रत्यभिहितं तेन, निराकुलहृदा मया ।**
**त्रयः पुमांसो द्वे नार्यावद्य स्वप्ने निरीक्षिताः ।।१७६।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=કુલંધર વડે, મારા પ્રતિ કહેવાયું – નિરાકુલ હૃદયવાળા એવા મારા વડે=કુલંધર વડે, ત્રણ પુરુષો અને બે નારીઓ આજે સ્વપ્નમાં જોવાઈ. ।।૧૭૬।।**

**શ્લોક :-**

**तैरुक्तं विहितोऽस्माभिः, सुखौघो गुणधारणे ।**
**शुभमस्याखिलं कुर्मो, वयमेव कुलन्धर ! ।।१७७।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે=તે પાંચેય વડે, કહેવાયું. અમારા વડે=પાંચ જનો વડે,**

ગુણધારણમાં સુખનો સમૂહ કરાયો છે. હે કુલંધર ! અમે જ આનું=ગુણધારણકુમારનું સંપૂર્ણ શુભ કરીએ છીએ. ||૧૭૭||

શ્લોક :-

तिरोबभूवुरित्युक्त्वा, मानुषाणि ममाग्रतः ।
तानि कानीति नो विद्मः, कार्यं कुर्वन्ति यानि ते ।।१७८।।

શ્લોકાર્થ :-

આ પ્રમાણે કહીને મારા અગ્રથી તે મનુષ્યો તિરોભૂત થયા, જે પાંચ મનુષ્યો તારાં કાર્યોને કરે છે. કોણ છે ? એ હું જાણતો નથી. ||૧૭૮||

શ્લોક :-

मयोक्तं जनकादीनां, स्वप्न एष निवेद्यताम् ।
व्यक्तो यथा स्याद् भावार्थस्तेनोक्तस्तातपर्षदि ।।१७९।।

શ્લોકાર્થ :-

મારા વડે=ગુણધારણ વડે કુલંધરને, કહેવાયું. જનકાદિને આ સ્વપ્ન નિવેદન કરાઓ, જે પ્રમાણે ભાવાર્થ વ્યક્ત થાય. તેના વડે=કુલંધર વડે, તાતની સભામાં કહેવાયું. ||૧૭૯||

શ્લોક :-

उक्तस्तदर्थस्तातान्यैरेकवाक्यतया ततः ।
कुमारस्यानुकूलानि, देवरूपाणि कानिचित् ।।१८०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી પિતાદિ વડે એકવાક્યપણાથી તેનો અર્થ કહેવાયો. કુમારને કોઈક દેવરૂપો અનુકૂલ છે. ||૧૮૦||

શ્લોક :-

ईदृशी यैः कुमारस्य, कृता कल्याणधोरणी ।
यैश्चास्य प्रियमित्रस्य, स्वप्ने सर्वं निवेदितम् ।।१८१।।

શ્લોકાર્થ :-

જેઓ વડે કુમારની આવા પ્રકારની કલ્યાણની અવિચ્છિન્ન પરંપરા કરાઈ અને જેઓ વડે આના પ્રિય મિત્રને સ્વપ્નમાં સર્વ નિવેદન કરાયું. ॥૧૮૧॥

શ્લોક :-

निशम्य तत् कामलतावचनं च स्मरन्नहम् ।
सन्देहदोलामारूढः, स्वीयचित्ते व्यचिन्तयम् ।।१८२।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને અને કામલતાના વચનને સ્મરણ કરતા, સંદેહદોલામાં આરૂઢ એવા મેં પોતાના ચિત્તમાં વિચાર્યું. ॥૧૮૨॥

શ્લોક :-

चत्वारि मानुषाणि प्राक्, किं नृपः कनकोदरः ।
किं वा कुलन्धरस्तानि, स्वप्ने पञ्चाद्य दृष्टवान् ।।१८३।।

શ્લોકાર્થ :-

કનકોદર રાજાએ પૂર્વમાં ચાર મનુષ્યોને કેમ જોયા ? અને કુલંધરે કેમ સ્વપ્નમાં આજે તે પાંચને જોયા ? ॥૧૮૩॥

શ્લોક :-

कानि वा देवरूपाणि, मम कार्याणि कुर्वते ।
किं च कारणमाश्रित्य, सर्वथा गहनं ह्यदः ।।१८४।।

શ્લોકાર્થ :-

અથવા દેવરૂપે કોણ મારાં કાર્યોને કરે છે અને કયા કારણને આશ્રયીને મારાં કાર્યો કરે છે હિ=જે કારણથી, આ=મારું કાર્ય કોણ કરે છે એ, સર્વથા ગહન છે. ॥૧૮૪॥

શ્લોક :-

अतीन्द्रियज्ञं साधुं चेत्, प्रेक्षे कुर्वेऽत्र निर्णयम् ।
मयेदृक्संशयेनापि, तातायुक्तं न दूषितम् ।।१८५।।

શ્લોકાર્થ :-

જો અતીન્દ્રિયને જાણનાર સાધુને જોઉં તો અહીં નિર્ણય કરું. આવા પ્રકારના સંશયથી પણ મારા વડે પિતાદિથી કહેવાયેલું દૂષિત કરાયું નહિ. ।।૧૮૫।।

શ્લોક :-

अथ ते खेचराः सर्वे, कनकोदरसंयुताः ।
मुदिताः कतिचित् स्थित्वा, दिनानि मम मन्दिरे ।।१८६।।
मद्भृत्यभावमादृत्य, गताः स्वस्थानमन्यदा ।
सुखं तदुपनीतं मे, पूर्णकाममवर्धत ।।१८७।।

શ્લોકાર્થ :-

હવે તે સર્વ ખેચરો કનકોદરથી સંયુત, આનંદ પામેલા, કેટલાક દિવસ મારા મંદિરમાં રહીને મારા સેવકભાવને સ્વીકારીને અન્યદા સ્વસ્થાનમાં ગયા. તેનાથી ઉપનીત=ખેચરોના સેવકભાવથી પ્રાપ્ત થયેલું, પૂર્ણ કામનાવાળું મારું સુખ વૃદ્ધિ પામ્યું. ।।૧૮૬-૧૮૭।।

શ્લોક :-

सार्धं मदनमञ्जर्या, कौमुद्येवामृतद्युतिः ।
लौल्यतापोज्झितः सौख्यं, भुञ्जानोऽहं स्थितोऽतुलम् ।।१८८।।

શ્લોકાર્થ :-

જેમ ચાંદનીની સાથે ચંદ્ર તેમ મદનમંજરીની સાથે લૌલ્યના તાપથી રહિત અતુલ સુખને ભોગવતો હું રહ્યો.

ગુણધારણકુમારે પૂર્વના ભવોમાં સમ્યગ્દર્શનાદિનો કંઈક અભ્યાસ કર્યો છે,

તેથી ભોગોની લાલસા હોવા છતાં તે પ્રકારની લોલુપતા આવતી નથી. તેના કારણે મદનમંજરી સાથે અતુલ સુખને ભોગવતો સુખને અનુભવે છે. **॥૧૮૮॥**

**શ્લોક :-**

**अन्यदा सुहृदा युक्तस्तत्रैवाह्लादमन्दिरे ।**
**अद्राक्षं कन्दनामानं, सभार्योऽहं मुनीश्वरम् ।।१८९।।**

**શ્લોકાર્થ :-**

**અન્યદા ત્યાં જ આહ્લાદમંદિરમાં મિત્રથી યુક્ત ભાર્યા સહિત એવા મેં કંદ નામના મુનીશ્વરને જોયા. ॥૧૮૯॥**

**શ્લોક :-**

**तं प्रणम्य निषण्णोऽहं, तस्याग्रे शुद्धभूतले ।**
**विहिता तेन सद्धर्मदेशनाऽऽह्लाददायिनी ।।१९०।।**

**શ્લોકાર્થ :-**

**તેમને પ્રણામ કરીને તેમની આગળ શુદ્ધ ભૂતલમાં હું બેઠો, તેમના વડે આહ્લાદદાયિની એવી સદ્ધર્મદેશના કરાઈ. ॥૧૯૦॥**

**શ્લોક :-**

**पुनस्तदाऽऽगतौ तौ मे, बान्धवौ लक्षितौ मया ।**
**सदागमोऽयमेषोऽत्र, सम्यग्दर्शननामकः ।।१९१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે=મુનિએ દેશના કરી ત્યારે, ફરી તે મારા બે બાંધવો આવ્યા. મારા વડે તે ઓળખાયા. અહીં=બે બાંધવોમાં, આ સદાગમ છે. આ સમ્યગ્દર્શન નામનો બાંધવ છે.**

પૂર્વભવમાં અનુસુંદર ચક્રવર્તીના જીવને પારમાર્થિક બંધુરૂપે સદાગમ અને સમ્યગ્દર્શન ક્ષયોપશમભાવરૂપે પ્રાપ્ત થયેલા. તે ક્ષયોપશમભાવ વર્તમાનના ભવમાં અત્યાર સુધી પ્રગટ થયો ન હતો. પરંતુ તે ક્ષયોપશમ થાય તેવી

યોગ્યતા આ ભવમાં વિદ્યમાન હતી અને સુગુરુના ઉપદેશથી તે ક્ષયોપશમભાવ પ્રગટ થયો. તેથી સદાગમ સમ્યગ્ બોધ કરાવે છે તે પ્રકારે સદાગમની ઓળખ થઈ અને સમ્યગ્દર્શન તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ છે, તે પ્રકારે બોધ ગુણધારણકુમારને થાય છે. **॥૧૯૧॥**

**શ્લોક :-**

**गुरुवाक्यप्रबुद्धेन, तौ मया हितकारिणौ ।**
**बुद्धौ सातनरेन्द्रेण, तदा मयि विजृम्भितम् ।।१९२।।**

**શ્લોકાર્થ :-**

**ગુરુના વાક્યથી પ્રબુદ્ધ એવા મારા વડે=ગુણધારણકુમાર વડે, તે બંને હિતકારી છે એ પ્રકારે જણાયા=સદાગમ અને સમ્યગ્દર્શન આત્માના હિતકારી છે તેમ જણાયા. ત્યારે=ગુરુવાક્યથી બોધ થયો ત્યારે, મારામાં શાતા નરેન્દ્ર વડે ઉલ્લસિત થવાયું.**

ગુરુના ઉપદેશથી ગુણધારણકુમારને સદાગમ અને સમ્યગ્દર્શનની પરિણતિ હિતકારી જણાય છે. તેથી વિશિષ્ટ પ્રકારે સમ્યગ્દર્શન અને સદાગમની રુચિ સાથે અવિનાભાવવાળું શાતાવેદનીય કર્મ વિપાકમાં આવે છે. જોકે પૂર્વમાં શાતાવેદનીયનો ઉદય હતો, તે જ ઉપશમભાવથી અતિશયિત ઉલ્લસિત થાય છે; કેમ કે કષાયોની મંદતામાં શાતાના ઉદયનો પ્રકર્ષ થાય છે. **॥૧૯૨॥**

**શ્લોક :-**

**अभूद् यो मयि रक्तात्मा, सत्पुरे विबुधालये ।**
**विललास मया सार्द्धं, सप्रमोदपुरे च यः ।।१९३।।**
**स हि पूर्वं तिरोभूतः, प्राग् ददौ मे सुखासिकाम् ।**
**आविर्भूतस्तदाऽभूत् तावागतौ बान्धवौ यदा ।।१९४।।**
**ततश्च –**
**सत्कान्तारत्नपूगादिलाभात् याऽभूत् सुखासिका ।**
**ततोऽनन्तगुणा जाता, गुरुवाक्यश्रुतौ मम ।।१९५।।**

**શ્લોકાર્થ :-**

**જે=જે શાતાવેદનીય કર્મ, વિબુધાલયરૂપ સત્પુરમાં રક્ત સ્વરૂપે હતું અને જેણે=જે શાતાએ, સપ્રમોદપુરમાં મારી સાથે વિલાસ કર્યો. પૂર્વમાં તિરોભૂત એવા તેણે=શાતાવેદનીય કર્મએ, મને પૂર્વમાં સુખાસિકાને= સુખને, આપ્યું. જ્યારે તે બંને બાંધવો આવ્યા=સદાગમ અને સમ્યગ્-દર્શનરૂપ બે બાંધવો આવ્યા, ત્યારે આવિર્ભૂત થયું=શાતાવેદનીય કર્મ આવિર્ભૂત થયું અને ત્યારપછી સત્કાન્તા, રત્નના સમૂહાદિના લાભથી જે સુખાસિકા થયેલી, તેનાથી અનંતગુણ સુખાસિકા ગુરુવાક્યની શ્રુતિમાં મને થઈ.**

અનુસુંદર ચક્રવર્તીના જીવને ગુણધારણકુમારના ભવના પૂર્વભવમાં વિબુધાલયમાં જે શાતાનો ઉદય હતો, તે ઉત્તમ ભોગસામગ્રીથી હતો. વળી, સપ્રમોદપુરમાં તે શાતાનો ઉદય ગુણધારણકુમારને પ્રાપ્ત થયેલો, છતાં તે તેવો અતિશયવાળો ન હતો. તેથી તિરોભૂત રહીને સુખ આપતો હતો; કેમ કે તે કાળમાં સુખમાં કંઈક આસક્તિ, કંઈક માન-કષાયાદિભાવોથી શાતાવેદનીય કંઈક હણાયેલું હતું. જ્યારે સમ્યગ્દર્શન અને સદાગમની પ્રાપ્તિ થઈ, ત્યારે અનંતાનુબંધી કષાયોનો ઉપશમ થયો. તેથી જે શાતાવેદનીય હતું, તે પણ અતિશયને પામ્યું; કેમ કે તેને અલ્પ કરનાર અનંતાનુબંધીકષાયનો ઉદય દૂર થયો. તેથી વિશિષ્ટ શાતા પ્રગટ થઈ. આથી જ પૂર્વમાં સુંદર સ્ત્રીની પ્રાપ્તિ, રત્નના ઢગલાની પ્રાપ્તિ વિદ્યાધરો અનુકૂળ થયાની પ્રાપ્તિથી જે કંઈ સુખ હતું, તે કંઈક કષાયોના ઉદયથી હણાયેલું હતું અને ગુરુવાક્યના શ્રવણથી જે સુખ થયું તે સ્ત્રી આદિની પ્રાપ્તિ કરતાં અનંતગુણની વૃદ્ધિને પામે છે. **॥૧૯૩થી ૧૯૫॥**

**શ્લોક :-**

**तदा कुलन्धरेणापि, महत्तमसदागमौ ।**
**तया मदनमञ्जर्या प्रपन्नौ मुनिसन्निधौ ।।१९६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે કુલંધર વડે પણ તે મદનમંજરી દ્વારા મુનિની સન્નિધિમાં મહત્તમ અને સદાગમ સ્વીકારાયા.**

ગુણધારણકુમારને ગુરુના વાક્યથી જેમ સદાગમ અને સમ્યગ્દર્શનનો ક્ષયોપશમ થયો, તેમ ભદ્રક પ્રકૃતિવાળા કુલંધરને અને મદનમંજરીને પણ ગુરુના ઉપદેશથી સદાગમ પ્રત્યે રુચિ થાય તેવો પરિણામ અને મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમરૂપ સમ્યક્ત્વનો પરિણામ થયો. **॥૧૯૬॥**

**શ્લોક :-**

**विशिष्य देशनां चक्रे, ततस्तुष्टोऽधिकं मुनिः ।**
**चित्तवृत्तौ ततो भीता, मोहाद्या रोधकं जहुः ।।१९७।।**

**શ્લોકાર્થ :-**

**તેથી તુષ્ટ થયેલા મુનિએ વિશેષ કરીને અધિક દેશના કરી. તેથી= મુનિની વિશિષ્ટ દેશના ગુણધારણકુમારાદિ ત્રણેયે સાંભળી તેથી, ભય પામેલા મોહાદિએ ચિત્તવૃત્તિમાં રોધકનો ત્યાગ કર્યો.**

ગુણધારણકુમારાદિ ત્રણેયને સદાગમ અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, તેને લિંગો દ્વારા જાણીને મુનિ તોષ પામ્યા. તેથી જીવોની યોગ્યતા જાણીને વિશેષ પ્રકારની દેશના કરે છે. જેનાથી તે ત્રણેયના ચિત્તમાં પ્રગટ થયેલું સદાગમ અને સમ્યગ્દર્શન કંઈક સ્થિર થાય છે અને તેના કારણે તે ત્રણેયની ચિત્તવૃત્તિમાં પૂર્વે જે મોહાદિ કષાયો હતા, જેઓ ચારિત્રના સૈન્યને રોધ કરીને તે ચિત્તવૃત્તિ અટવીને મોહાદિ પરિણામોથી વ્યાપ્ત રાખેલ તે મોહાદિ પરિણામો ચારિત્રસૈન્યના રોધનો ત્યાગ કરે છે. તેથી ગુણધારણકુમારાદિને પોતાનું પારમાર્થિક ચારિત્રનું સ્વરૂપ કેવું સુંદર છે તે ચિત્તવૃત્તિ અટવીમાં સ્પષ્ટ દેખાય છે. આથી જ તેવા ઉત્તમ ચારિત્રના પક્ષપાતી તે ત્રણેય થાય છે. **॥૧૯૭॥**

**શ્લોક :-**

**चारित्रधर्मराजेन, सद्बोधः सचिवस्तदा ।**
**उक्तः संप्रति शुभ्राऽभूत्, चित्तवृत्तिमहाटवी ।।१९८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે=ભય પામેલા મોહાદિએ રોધનો ત્યાગ કર્યો ત્યારે, ચારિત્રધર્મરાજા વડે સદ્બોધ મંત્રી કહેવાયો. હાલમાં ચિત્તવૃત્તિ મહાટવી શુભ્ર થઈ.**

જીવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિને કારણે ચારિત્રધર્મરાજા પ્રત્યે બદ્ધરાગ થાય છે. તેથી તે જીવમાં વર્તતા સદ્બોધને ચારિત્રધર્મરાજા કહે છે. આ જીવની ચિત્તવૃત્તિ મહાટવી કંઈક સુંદર છે. જેથી મારા પ્રત્યે આ જીવને કંઈક પક્ષપાત વર્તે છે. **॥૧૯૮॥**

**શ્લોક :-**

**ईषद्दूरे च रिपवः, सन्ति संत्यक्तरोधकाः ।**
**संसारिजीवसविधे, विद्यामादाय तद् व्रज ।।१९९।।**

**શ્લોકાર્થ :-**

**અને સમ્યગ્ ત્યાગ કર્યો છે રોધક જેમણે એવા શત્રુઓ કંઈક દૂરમાં છે, તે કારણથી સંસારી જીવની નજીકમાં વિદ્યાને ગ્રહણ કરીને તું જા.**

ગુણધારણકુમારમાં નિર્મલ કોટિનું સમ્યગ્દર્શન પ્રગટ થવાથી ચારિત્રધર્મરાજા પ્રત્યે તીવ્ર પક્ષપાત થાય છે. તેથી સમ્યગ્દર્શનની પુત્રી એવી વિદ્યાને ગ્રહણ કરીને સદ્બોધને જવા માટે ચારિત્રધર્મરાજા આજ્ઞા કરે છે. **॥૧૯૯॥**

**શ્લોક :-**

**उपकन्दमुनिं ज्ञातः, स्थितः स च चरैर्मया ।**
**तत्रावश्यं भवन्तं च, स्नेहेन प्रतिपत्स्यते ।।२००।।**

**શ્લોકાર્થ :-**

**અને કંદમુનિની પાસે રહેલો તે=ગુણધારણકુમાર, ચરપુરુષોથી મારા વડે જણાયેલો છે અને ત્યાં અવશ્ય તને સ્નેહથી સ્વીકારશે.**

ગુણધારણકુમાર અત્યારે કંદમુનિ પાસે વિશિષ્ટ દેશના સાંભળવા બેઠા છે, તે વાત ચરપુરુષો દ્વારા ચારિત્રધર્મરાજાને જણાય છે. તેથી ચારિત્રધર્મરાજા કહે છે કે કંદમુનિ પાસે બેઠેલ અવસ્થામાં સદ્બોધ અંદરથી ક્ષયોપશમભાવ રૂપે ઉલ્લસિત થશે તો અવશ્ય સ્નેહથી ગુણધારણકુમાર સ્વીકારશે. જેથી તેને જવાની પ્રેરણા ચારિત્રધર્મરાજા કરે છે=ગુણધારણકુમારમાં ચારિત્રધર્મરાજાનો તીવ્ર પક્ષપાત વર્તે છે, તે સદ્બોધને અનુકૂળ ક્ષયોપશમ કરવાની પ્રેરણા સ્વરૂપ

છે. જેથી ગુણધારણકુમારમાં વિદ્યા સહિત સદ્બોધની પ્રાપ્તિ થાય તેવો ક્ષયોપશમ પ્રગટ થવાની તૈયારી છે. **॥૨૦૦॥**

**શ્લોક :-**

**सद्बोधः प्राह राजेन्द्र !, युक्तमुक्तमिदं त्वया ।**
**अत्र प्रयोजनेऽद्यापि, विलम्बः किन्तु युज्यते ।।२०१।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બોધ કહે છે. હે રાજેન્દ્ર ! તમારા વડે આ યુક્ત કહેવાયું પરંતુ આ પ્રયોજનમાં હજી પણ વિલંબન ઘટે છે.**

સદ્બોધને અનુકૂળ કંઈક પરિણતિ ગુણધારણકુમારમાં હોવા છતાં હજી પણ ભોગ આપાદક કર્મો પ્રચુર છે. તેથી સદ્બોધ કહે છે. વિદ્યાને લઈને જવાના પ્રયોજનમાં કંઈક વિલંબન યુક્ત છે. **॥૨૦૧॥**

**શ્લોક :-**

**स हि पुण्योदयस्तस्य, स च साताभिधः सुहृत् ।**
**कियन्तमपि कालं स्तो, भूरिभोगफलावहौ ।।२०२।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તેનો=ગુણધારણકુમારનો, તે પુણ્યોદય અને શાતા નામનો મિત્ર કેટલોક પણ કાલ ઘણા ભોગોના ફલને લાવનારા છે.**

ગુણધારણકુમારમાં ભોગઆપાદક કર્મો અને તે પ્રકારનાં શાતાઆપાદક કર્મો= ભોગોમાં મંદમંદ ઇચ્છા કરાવીને ભોગોથી સુખ થાય તે પ્રકારનાં શાતાઆપાદક કર્મ, હજી પ્રચુર છે. તેથી વિદ્યાની પ્રાપ્તિને અનુકૂળ ચિત્ત હજી પ્રગટ થયું નથી. અત્યંત અનિચ્છા કરાવે તેવી વિદ્યાની પ્રાપ્તિને અનુકૂળ ગુણધારણકુમારનું ચિત્ત થયું નથી. **॥૨૦૨॥**

**શ્લોક :-**

**यावत् तदनुवृत्त्याऽयमध्यास्ते भोगभाग्गृहम् ।**
**तावन्न मे सविद्यस्य, युक्तं गन्तुं तदन्तिके ।।२०३।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં સુધી તેની અનુવૃત્તિથી=પુણ્યોદયની અનુવૃત્તિથી, આ= ગુણધારણકુમાર, ભોગવાળા ગૃહમાં વસે છે, ત્યાં સુધી વિદ્યાવાળા મને તેની પાસે જવું યુક્ત નથી.**

ભોગથી અત્યંત વિમુખ ચિત્ત થાય ત્યારે જ વિદ્યા સહિત સદ્બોધ આવે છે. **॥૨૦૩॥**

**શ્લોક :-**

**धर्मादपि भवन् भोगो, रुणद्धि चरणागमम् ।**
**चन्दनैरपि संछन्नो, मार्गो भवति दुर्गमः ।।२०४।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મથી પણ થતો ભોગ ચારિત્રના આગમને અટકાવે છે. ચંદનથી પણ ઢંકાયેલો માર્ગ દુર્ગમ થાય છે.**

ગુણધારણકુમારને સંસાર અસાર દેખાય છે, સંયમ સાર દેખાય છે, સદ્બોધને અનુકૂળ પરિણતિ કંઈક થઈ છે તોપણ પૂર્વમાં જે સદ્ધર્મ સેવ્યો છે, તેનાથી બંધાયેલું ભોગઆપાદક પુણ્ય છે, તે ચારિત્રના આગમમાં અવરોધ કરનાર બને છે. જેમ ચંદનોથી પણ ઢંકાયેલો માર્ગ તેની સુગંધથી આવર્જિત થયેલા જીવોને પસાર કરવો દુર્ગમ બને છે. **॥૨૦૪॥**

**શ્લોક :-**

**केवलं प्रेष्यतां तस्य, पार्श्वेऽसौ स्वसुतः प्रभो ! ।**
**गृहिधर्मः सभार्यस्तत्प्रस्तावोऽस्त्यधुना शुभः ।।२०५।।**

**શ્લોકાર્થ :-**

**હે પ્રભુ ! ચારિત્રધર્મરાજા ! કેવલ તેની પાસે આ પોતાનો પુત્ર, ભાર્યા સહિત ગૃહીધર્મને મોકલો. હમણાં તેનો પ્રસ્તાવ=ગૃહીધર્મ અને તેની ભાર્યાનો પ્રસ્તાવ, શુભ છે.**

સદ્બોધ અને વિદ્યાને અનુકૂળ ઉચિત ક્ષયોપશમકાળ ગુણધારણકુમારમાં

નહિ હોવા છતાં તેનું પ્રબલ કારણ બને તેવો સદ્ગુણ રક્તતાથી યુક્ત ગૃહસ્થધર્મ તેને પરિણમન પામે તેવી યોગ્યતા પ્રગટ થઈ છે. સમિતિગુપ્તિના સૂક્ષ્મ બોધપૂર્વક ચારિત્રની પરિણતિરૂપ સદ્ગુણની રક્તતાથી સહિત ચારિત્રની પ્રાપ્તિનું શીઘ્ર કારણ બને તેવી દેશવિરતિની આચરણાની યોગ્યતા ગુણધારણકુમારમાં પ્રગટ થયેલ છે. તેથી સદ્બોધ સદ્ગુણરક્તતા સહિત ગૃહસ્થધર્મને મોકલવા માટે કહે છે. **॥૨૦૫॥**

**શ્લોક :-**

**इमं देव ! स भावेन, गतमात्रं प्रपत्स्यते ।**
**इष्टा भवित्री तस्यास्य, कान्ता सद्गुणरक्तता ।।२०६।।**

**શ્લોકાર્થ :-**

**હે દેવ ! તે=ગુણધારણકુમાર, જવા માત્ર એવા આને=ગૃહસ્થધર્મને, ભાવથી સ્વીકારશે. તેની કાન્તા=ગૃહીધર્મની પત્ની, સદ્ગુણરક્તતા આને=ગુણધારણકુમારને, ઈષ્ટ થશે.**

ગુણધારણકુમારમાં સદ્ગુણરક્તતા અને દેશવિરતિનો પરિણામ પ્રગટ થઈ શકે તેને અનુકૂળ ક્ષયોપશમભાવ પ્રગટેલ છે. તેથી તેને મોકલવા માટે સદ્બોધ મંત્રી કહે છે. **॥૨૦૬॥**

**શ્લોક :-**

**सदागमस्य सान्निध्यात्, द्रव्यतोऽनन्तशोऽमुना ।**
**असौ प्राप्तो यदा त्वस्य, गतः पार्श्वे महत्तमः ।।२०७।।**
**तदा तेनाप्ययं नीतो, वात्सल्यातिशयात् सह ।**
**पल्योपमपृथक्त्वे तु, गते प्राप्तः स भावतः ।।२०८।।**

**શ્લોકાર્થ :-**

**સદાગમના સાન્નિધ્યને કારણે દ્રવ્યથી અનંતી વખત આના વડે= સંસારી જીવ વડે, આ=ગૃહસ્થધર્મ, પ્રાપ્ત કરાયો. જ્યારે વળી, આની= સંસારી જીવની, પાસે મહત્તમ=સમ્યગ્દર્શન, પ્રાપ્ત થયું ત્યારે તેની પણ**

**સાથે=સમ્યગ્દર્શનની પણ સાથે, આ=ગૃહીધર્મ, વાત્સલ્યના અતિશયથી લઈ જવાયો. વળી, પલ્યોપમપૃથક્ત્વ પસાર થયે છતે=કર્મસ્થિતિ પલ્યોપમ-પૃથક્ત્વ અલ્પ થયે છતે તે=ગૃહીધર્મ, ભાવથી પ્રાપ્ત થયો.**

સંસારી જીવને સદાગમના સાન્નિધ્યથી અનંતી વખત દ્રવ્યથી દેશવિરતિની પ્રાપ્તિ થઈ, પરંતુ ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થઈ નહિ. જેનાથી કંઈક શુભ ભાવોની માત્ર પ્રાપ્તિ થઈ. વળી, જ્યારે તે સંસારી જીવને કોઈક ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું ત્યારે સમ્યગ્દર્શનને કારણે દેશવિરતિ પ્રત્યે બહુમાન થાય છે. તેથી દેશવિરતિનાં વ્રતોને ગ્રહણ કરે છે. પરંતુ જ્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે જે કર્મની સ્થિતિ છે, તેનાથી પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ અલ્પ થઈ નહિ, ત્યાં સુધી ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થઈ નહિ. જ્યારે પલ્યોપમ-પૃથક્ત્વની સ્થિતિ અલ્પ થઈ, ત્યારે તે જીવને દેશવિરતિની ભાવથી પ્રાપ્તિ થઈ. **॥૨૦૭-૨૦૮॥**

**શ્લોક :-**

**ततो यदा यदा दृष्टौ, महत्तमसदागमौ ।**
**असंख्यवारास्तेनैष, भावेनाप्तस्तदा तदा ॥२०९॥**

**શ્લોકાર્થ :-**

**તેથી જ્યારે જ્યારે અસંખ્યવાર સમ્યગ્દર્શન અને સદાગમ જોવાયા, ત્યારે ત્યારે ભાવથી તેના વડે=સંસારી જીવ વડે, આ=ગૃહસ્થધર્મ, પ્રાપ્ત કરાયો. ॥૨૦૯॥**

**શ્લોક :-**

**अधुना तस्य पार्श्वे स्तो, महत्तमसदागमौ ।**
**प्रहीयतां विशेषेण, तत्पार्श्वे तदसौ द्रुतम् ॥२१०॥**

**શ્લોકાર્થ :-**

**હમણાં તેની પાસે=સંસારી જીવ પાસે, મહત્તમ અને સદાગમ છે. તે કારણથી તેની પાસે=સંસારી જીવની પાસે, વિશેષથી આ=ગૃહીધર્મ, શીઘ્ર મોકલાવાય.**

પૂર્વના ભવોમાં સંસારી જીવે સમ્યગ્દર્શન, સદાગમ અને ગૃહસ્થધર્મ ભાવથી અસંખ્યવાર પ્રાપ્ત કર્યું છે અને હમણાં સદાગમ અને સમ્યગ્દર્શન પામેલ છે. તેથી પૂર્વમાં અનેક વખત થયેલા ભાવથી દેશવિરતિના ક્ષયોપશમને કારણે અત્યારે તે દેશવિરતિ વિશેષથી મોકલવાને યોગ્ય જીવમાં પરિણતિ વર્તે છે. તેથી સદ્બોધ વિશેષથી દેશવિરતિને મોકલવા માટે કહે છે. જેથી દેશવિરતિના વિશેષ પાલનના બળથી ગુણધારણકુમારને શીઘ્ર ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિ થાય. **॥૨૧૦॥**

**શ્લોક :-**

**कर्मह्रासो मनःशुद्धिर्गुर्वी चैव सुखासिका ।**
**तस्यास्मदाभिमुख्यं च, स्याद् विशिष्यास्य संस्तवात् ।।२११।।**

**શ્લોકાર્થ :-**

**તેના=સંસારી જીવના, કર્મનો હ્રાસ, મનની શુદ્ધિ અને ગુર્વી જ સુખાસિકા થાય અને આના સંસ્તવથી=દેશવિરતિ સંસ્તવથી, વિશેષ કરીને તેનું=ગુણધારણકુમારનું, અમોને=સદ્બોધાદિને, અભિમુખ્ય થાય.**

સદ્બોધ મંત્રી ચારિત્રધર્મરાજાને કહે છે. હમણાં વિશેષથી તેની પાસે દેશવિરતિ શીઘ્ર મોકલવા જેવી છે. તેના પાલનથી તે જીવમાં કર્મનો હ્રાસ થશે, જેના કારણે મનની શુદ્ધિ થશે અને કષાયોના શમનને કારણે અત્યંત સુખ થશે. તેથી સંસારી જીવ ગૃહસ્થધર્મનું સંસ્તવન કરશે અર્થાત્ આ ગૃહસ્થધર્મ ઉત્તમ છે, જેના કારણે આ પ્રકારના ચિત્તમાં ક્લેશોના શમનરૂપ સુખ ઉત્પન્ન થયું અને તેના કારણે સંપૂર્ણ અસંગભાવરૂપ ચારિત્ર અને સદ્બોધાદિ ભાવો પ્રત્યે જીવને તીવ્ર પક્ષપાત થશે. **॥૨૧૧॥**

**શ્લોક :-**

**प्रस्थाप्यतां ततस्तस्य, गृहिधर्मोऽयमन्तिके ।**
**यास्यामि पश्चात् प्रस्तावं, मत्वाऽहं विद्ययाऽन्वितः ।।२१२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=દેશવિરતિની પ્રાપ્તિથી, સંસારી જીવનો સદ્બોધ આદિને**

**આભિમુખ્યભાવ થશે તેથી, તેની પાસે=સંસારી જીવની પાસે, આ ગૃહીધર્મ મોકલાવાઓ, પાછળથી પ્રસ્તાવને જાણીને હું વિદ્યાથી યુક્ત જઈશ. ॥૨૧૨॥**

**શ્લોક :-**

**मन्त्रिणो वचनं श्रुत्वा, तदिदं नीतिनिर्मलम् ।**
**चारित्रधर्मराजेन्द्रः, प्रजिघाय सुतं निजम् ।।२१३।।**

**શ્લોકાર્થ :-**

**મંત્રીનું તે આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, નીતિનિર્મલ વચન સાંભળીને ચારિત્રધર્મરાજાએ પોતાના પુત્રને મોકલ્યો.**

સદ્બોધ મંત્રી તત્ત્વને જોવામાં મહાપ્રાજ્ઞ છે. તેથી કઈ રીતે તેને વિદ્યા પ્રાપ્ત થશે, તેનો નીતિથી નિર્મલ નિર્ણય કરીને તેના ઉપાયરૂપે જ નીતિથી નિર્મલ વચન કહે છે. તેથી તે વચનાનુસાર દેશવિરતિ ધર્મને ચારિત્રધર્મરાજા મોકલે છે. તેથી એ ફલિત થાય કે જેઓ સમ્યગ્દર્શનને પામ્યા પછી પણ પોતાની શક્તિનું આલોચન કરીને સર્વવિરતિ ધર્મનું અત્યંત સૂક્ષ્મ ભાવન કરે છે, ત્યારે તે દેશવિરતિ પ્રતિદિન પ્રવર્ધમાન થઈને સર્વવિરતિને અનુકૂળ અનુકૂળતર ક્ષયોપશમભાવવાળા થાય છે અને જ્યારે તે દેશવિરતિ તે પ્રકારની નિર્મળ, નિર્મળતર થાય છે, ત્યારે વિદ્યા અને સદ્બોધની પ્રાપ્તિ થાય છે. ત્યારપછી જ ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. **॥૨૧૩॥**

**શ્લોક :-**

**आपृच्छ्य स ततः कर्मपरिणाममहीभुजम् ।**
**मदन्तिके समायातस्तत्रैवाह्लादमन्दिरे ।।२१४।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=મંત્રીના વચનને સાંભળીને ચારિત્રધર્મરાજાએ ગૃહસ્થધર્મને મોકલ્યો. ત્યારપછી, તે=ગૃહસ્થધર્મ કર્મપરિણામ રાજાને પૂછીને તે જ આહ્લાદમંદિરમાં મારી પાસે આવ્યો.**

દેશવિરતિનાં આવારક કર્મોના ક્ષયોપશમરૂપ કર્મપરિણામ રાજાને પૂછીને ગૃહસ્થધર્મ ભાવથી ગુણધારણકુમારમાં પ્રગટ થયો. **॥૨૧૪॥**

**શ્લોક :-**

**आविर्भूतो ममाग्रेऽसौ, शृण्वतः कन्ददेशनाम् ।**
**प्रकाशितश्च तेनापि, श्रितो बन्धुधिया मया ।।२१५।।**

**શ્લોકાર્થ :-**

**કંદમુનિની દેશનાને સાંભળતા મારી આગળમાં આ=ગૃહીધર્મ, આવિર્ભૂત થયો. તેના વડે પણ પ્રકાશિત કરાયો=ગૃહસ્થધર્મ વડે પણ હું આવ્યો છું, એ પ્રમાણે પ્રગટ કરાયું. મારા વડે બંધુબુદ્ધિથી આશ્રય કરાયો.**

ગુણધારણકુમાર કંદમુનિની દેશના સાંભળે છે, તેનાથી જ તે પ્રકારનો ક્ષયોપશમભાવરૂપ દેશવિરતિનો પરિણામ પ્રગટ થયો અને ગુણધારણકુમારને પણ તે પરિણામ આ આત્માનો અત્યંત હિતકારી છે, તેવા ભાવથી પરિણમન પામ્યો. **॥૨૧૫॥**

**શ્લોક :-**

**गुणरक्ततया युक्तस्तथा, द्वादशमानुषैः ।**
**कुलन्धरेण स श्राद्धधर्मः पत्न्या च मे श्रितः ।।२१६।।**

**શ્લોકાર્થ :-**

**અને બાર મનુષ્યોથી અને ગુણરક્તતાથી યુક્ત તે શ્રાવકધર્મ કુલંધર વડે, પત્ની વડે અને મારા વડે આશ્રય કરાયો.**

ગુણધારણકુમારને, કુલંધરને અને તેની પત્નીને બાર પ્રકારનો શ્રાવકધર્મ પરિણમન પામ્યો અને પૂર્વમાં ભોગમાં રક્તતા હતી, હવે ગુણમાં રક્તતા પ્રગટ થઈ. આથી જ તેઓને ગુણોમાં જે સુખ દેખાય છે, તે સુખ ભોગમાં દેખાતું નથી. **॥૨૧૬॥**

**શ્લોક :-**

**मया पृष्टो मुनीन्द्रोऽथ, कन्दः स्वप्नार्थसंशयम् ।**
**स प्राह निर्णयो न स्यादस्यातिशयिनं विना ।।२१७।।**

**શ્લોકાર્થ :-**

**હવે કંદ મુનીન્દ્ર મારા વડે સ્વપ્નાર્થના સંશયને પુછાયા. તે=કંદમુનિ કહે છે. અતિશય વગર આનો નિર્ણય ન થાય.**

ગુણધારણકુમાર કુલંધરને સ્વપ્નમાં આવેલા પાંચ મનુષ્યો અને કનકોદરને સ્વપ્નમાં આવેલ ચાર મનુષ્યો કોણ છે તે સંશય કંદમુનિને પૂછે છે અને કંદમુનિ ગીતાર્થ છે પણ અતિશયજ્ઞાન નથી. તેથી કહે છે. અતિશય વગર તેના નિર્ણયનો સંભવ નથી. **॥૨૧૭॥**

**શ્લોક :-**

**सर्वज्ञा गुरवः सन्ति, दूरे मे निर्मलाभिधाः ।**
**तान् वन्दिष्ये यदा तेऽमुं, तदा प्रक्ष्यामि संशयम् ।।२१८।।**

**શ્લોકાર્થ :-**

**દૂરમાં નિર્મલ નામના સર્વજ્ઞ મારા ગુરુ છે. તેઓને જ્યારે હું વંદન કરીશ ત્યારે તારા આ સંશયને હું પૂછીશ. ।।૨૧૮।।**

**શ્લોક :-**

**संशयो हृदि ते जातो, योऽयं स्वप्नद्वयाध्वना ।**
**एकमार्गप्रणाल्या तं, ते छेत्स्यन्ति महाधियः ।२१९।।**

**શ્લોકાર્થ :-**

**જે આ સ્વપ્નદ્વયના માર્ગથી તારા હૃદયમાં સંશય થયો છે, તેને=તે સંશયને, એક માર્ગની પ્રણાલિકાથી મહાબુદ્ધિવાળા એવા તેઓ= નિર્મલસૂરિ છેદશે. ।।૨૧૯।।**

**શ્લોક :-**

**मया प्रोक्तं कथंचित् ते, भदन्त ! गुरवो यदि ।**
**अत्रायान्ति भवेत् तर्हि, शोभनादपि शोभनम् ।।२२०।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણકુમાર વડે, કહેવાયું. હે ભદન્ત ! કોઈક રીતે તમારા ગુરુ અહીં આવે તો શોભનથી પણ શોભન થાય.**

તમે તેઓને પૂછીને મારા સંશયનો છેદ કરો તે શોભન છે, પરંતુ તે નિર્મલસૂરિ સ્વયં અહીં આવે તે અધિક શોભન છે. **॥૨૨૦॥**

**શ્લોક :-**

**मुनिराह महाभाग !, गतोऽहं गुरुसन्निधौ ।**
**विज्ञप्य त्वद्गिरा तांस्ते, पूरयिष्यामि कामितम् ।।२२१।।**

**શ્લોકાર્થ :-**

**મુનિ કહે છે. હે મહાભાગ ! ગુણધારણકુમાર ! ગુરુસન્નિધિમાં ગયેલો હું તારી વાણીથી તેમને=નિર્મલસૂરિને વિજ્ઞાપન કરીને તારું કામિત પૂરીશ. ।।૨૨૧।।**

**શ્લોક :-**

**ज्ञात्वाऽत्र ते भवद्भावमेष्यन्ति स्वयमेव वा ।**
**सम्यक्त्वसहितः पाल्यो, गृहिधर्मस्त्वया परम् ।।२२२।।**

**શ્લોકાર્થ :-**

**અથવા તેઓ તારા ભાવને જાણીને અહીં સ્વયં જ આવશે. કેવલ તારા વડે=ગુણધારણ વડે, સમ્યક્ત્વ સહિત ગૃહીધર્મ પાલન કરવો જોઈએ.**

નિર્મલસૂરિ કેવલજ્ઞાનથી તારા ભાવોને જોઈ શકે છે, તેથી મારા કીધા વગર સ્વયં તે આવશે. ફક્ત સંસાર આદિના વાસ્તવિક સ્વરૂપના અવલોકન સ્વરૂપ સમ્યક્ત્વના પરિણામ સહિત ગૃહસ્થધર્મ તમારે પાળવો જોઈએ. **॥૨૨૨॥**

શ્લોક :-

इदं कन्दमुनेर्वाक्यं, श्रुत्वा तच्छासनस्थितः ।
समित्रश्च सभार्यश्च, तं नत्वाऽहं गृहं गतः ।।२२३।।

શ્લોકાર્થ :-

કંદમુનિનું આ વાક્ય સાંભળીને તેમના શાસનમાં રહેલ=તેમના અનુશાસનમાં રહેલ, મિત્ર સહિત અને ભાર્યા સહિત તેમને નમીને હું ઘરે ગયો. ।।૨૨૩।।

શ્લોક :-

ततः सोऽपि मुनिर्युक्तो, मुनिभिर्गुरुसन्निधौ ।
प्रययावुपविन्ध्याद्रि, करीव कलभान्वितः ।।२२४।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મુનિઓથી યુક્ત તે પણ મુનિ ગુરુની સન્નિધિમાં ગયા. જેમ બચ્ચાંઓથી યુક્ત હાથી ઉપવિન્ધ્યાદ્રિમાં જાય, તેમ મુનિ શિષ્યો સહિત ગયા. ।।૨૨૪।।

શ્લોક :-

अथ लोकान्तरीभूतः, पिता मे मधुवारणः ।
ततो राज्येऽभिषिक्तोऽहं, बन्धुमन्त्रिमहत्तमैः ।।२२५।।

શ્લોકાર્થ :-

હવે મારા મધુવારણ પિતા કાળધર્મને પામ્યા. તેથી બંધુમંત્રી મહત્તમો વડે હું રાજ્યમાં અભિષિક્ત કરાયો. ।।૨૨૫।।

શ્લોક :-

उज्ज्वलैरपि रक्ताऽभूद्, गुणैर्मम नृपावलिः ।
मरुद्भिरपि सद्भक्तिस्थैर्यं मयि समादृतम् ।।२२६।।

**શ્લોકાર્થ :-**

**ઉજ્જ્વલ પણ મારા ગુણોથી રાજાઓનો સમૂહ રક્ત થયો. દેવતાઓ વડે પણ મારા વિષે સદ્ભક્તિથી સ્થૈર્ય સ્વીકારાયું. અહીં વિરોધાભાસ અલંકાર છે તેથી સામાન્યથી રક્તગુણોથી અન્ય રક્ત થાય પરંતુ ગુણધારણકુમારના ઉજ્જ્વલ પણ ગુણોથી રાજાઓનો સમૂહ રક્ત થયો. વળી, દેવતાઓ સ્વતઃ સ્થિર હોય છે છતાં ગુણધારણકુમાર પ્રત્યે ભક્તિ થવાથી સ્થૈર્ય પ્રાપ્ત કર્યું એ પ્રકારે વિરોધાભાસ અલંકાર છે. ।।૨૨૬।।**

**શ્લોક :-**

**न नामितं क्वचिच्चापं, कृता भ्रूर्नैव भङ्गुरा ।**
**तथापि मां नताः सर्वे, शत्रवो भयभङ्गुराः ।।२२७।।**

**શ્લોકાર્થ :-**

**ક્યારેય પણ બાણ ઉપાડાયું નહીં=કોઈ સાથે યુદ્ધ કરાયું નહિ. ભૃકુટિ ભંગુર કરાઈ નહીં=કોઈના પ્રત્યે ગુસ્સો કરાયો નહિ, તોપણ ભયભંગુર શત્રુઓ મને નમ્યા.**

ગુણધારણકુમારની ઉત્તમ પરિણતિને કારણે પુણ્ય પ્રકૃતિ પ્રકર્ષવાળી થાય છે. તેથી યુદ્ધ કર્યા વગર અને કોઈના ઉપર કોપ કર્યા વગર તેના પુણ્યથી જ ભય પામેલા શત્રુઓ આવીને નમે છે. **।।૨૨૭।।**

**શ્લોક :-**

**एकच्छत्रमभूद् राज्यं, परच्छत्रहृतेर्मम ।**
**तथाऽपि विपुला च्छाया, चित्रं जगति पप्रथे ।।२२८।।**

**શ્લોકાર્થ :-**

**પરછત્રના હરણથી મારું રાજ્ય એક છત્રવાળું થયું તોપણ જગતમાં વિપુલ ચિત્ર છાયા વિસ્તાર પામી=ગુણધારણકુમારની પ્રભાની છાયા વિસ્તારને પામી. ।।૨૨૮।।**

**શ્લોક :-**

**तथाविधेऽपि साम्राज्ये, प्रक्षुब्धं नैव मे मनः ।**
**पुण्योदयस्य माहात्म्यात्, किन्तु बाढं धृतिं दधौ ।।२२९।।**

**શ્લોકાર્થ :-**

**તેવા પ્રકારના સામ્રાજ્યમાં પણ મારું મન ક્ષુબ્ધ થયું નહિ. પરંતુ પુણ્યોદયના માહાત્મ્યથી અત્યંત ધૃતિને ધારણ કરનારું થયું.**

ગુણધારણકુમારનું પ્રકૃષ્ટ પુણ્ય વધી રહ્યું છે. તેથી તેનું સામ્રાજ્ય સર્વત્ર વિસ્તાર પામે છે તોપણ ભોગમાં લિપ્સારૂપ પરિણામ થતો નથી, પરંતુ ગુણમાં પક્ષપાત કરાવે તેવા શ્રેષ્ઠ પુણ્યના માહાત્મ્યથી યોગમાર્ગમાં ગાઢ ધૃતિને ધારણ કરે છે. તેથી એ ફલિત થાય કે જ્યારે ચિત્તમાં ગુણોનો તીવ્ર પક્ષપાત વર્તતો હોય ત્યારે શ્રાવકધર્મમાં પણ સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયની ધૃતિ વર્તે છે. આ જ ગુણધારણકુમારનો જીવ સિંહમુનિના ભવમાં ચૌદ પૂર્વધરનો અભ્યાસ કરશે લોકોના સત્કારાદિથી ક્ષુભિત ચિત્ત થવાને કારણે ગુણવૃદ્ધિને અનુકૂળ ધૃતિનો નાશ થશે અને મોહની વૃદ્ધિને કરીને સંયમની ક્રિયા કરવા છતાં એકેન્દ્રિયમાં જશે. તેથી ફલિત થાય કે ગુણનો રાગ ગુણવૃદ્ધિનું કારણ થાય છે અને માનખ્યાતિ આદિનો રાગ ગુણની હાનિ કરીને સંસારસાગરમાં નાખે છે. **॥૨૨૯॥**

**શ્લોક :-**

**बिभ्रतः शुचि सम्यक्त्वमुद्युक्तस्य सदागमे ।**
**गृहिधर्मादरभृतः, साताह्लादितचेतसः ।।२३०।।**
**पुण्योदयपवित्रस्य, मग्नस्यानन्दसागरे ।**
**सुशीलपरिवारस्य, कालो भूयान् गतो मम ।।२३१।।**

**શ્લોકાર્થ :-**

**પવિત્ર સમ્યક્ત્વને ધારણ કરતા, સદાગમમાં ઉધુક્ત, ગૃહિધર્મમાં આદરને ધારણ કરનાર, શાતાથી આહ્લાદિત ચિત્તવાળા, પુણ્યોદયથી પવિત્ર, આનંદ સાગરમાં મગ્ન, સુશીલ પરિવારવાળા એવા મારો ઘણો કાલ ગયો.**

ગુણધારણકુમાર દેશવિરતિની અવસ્થામાં ઘણો કાળ પસાર કરે છે, ત્યારે પવિત્ર સમ્યક્ત્વને ધારણ કરે છે. તેથી સતત સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરીને સમ્યક્ત્વને સ્થિર, સ્થિરતર કરવા યત્ન કરે છે. વળી, શક્તિ અનુસાર સદાગમનો સતત પરિચય કરે છે. વળી, ગૃહસ્થધર્મનાં બાર વ્રતો પણ તેવી રીતે પાળે છે કે જેથી શીઘ્ર સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય અને શાતાનો ઉદય અત્યંત વર્તી રહ્યો છે. તેથી ચિત્ત હંમેશાં સર્વ પ્રકારની અનુકૂળતાથી આલ્લાદિત છે. વળી, ક્ષાયોપશમભાવવાળું ચિત્તની સ્વસ્થતા આપાદક પુણ્ય અને ઔદયિકભાવવાળું પુણ્ય=શારીરિક સાંયોગિક અનુકૂળતા આપાદક એવું પુણ્ય, પ્રકર્ષભાવવાળું હોવાથી હંમેશાં આનંદસાગરમાં ગુણધારણકુમાર મગ્ન રહે છે. વળી, પુણ્યનો પ્રકર્ષ હોવાથી પરિવાર પણ તેવો સુશીલ છે કે જેથી મનભેદકૃત લેશ પણ ક્લેશની પ્રાપ્તિ થતી નથી. આ રીતે ઘણો કાળ ગુણધારણકુમારનો શ્રાવકધર્મમાં પસાર થયો. **॥૨૩૦-૨૩૧॥**

**શ્લોક :-**

**कल्याणो नाम कल्याणीभक्तिर्मां प्रियदारकः ।**
**अन्यदा प्रणिपत्यैवमास्थानस्थं व्यजिज्ञपत् ।।२३२।।**

**શ્લોકાર્થ :-**

**કલ્યાણી ભક્તિવાળા કલ્યાણ નામના પ્રિયદારકે અન્યદા પ્રણામ કરીને સભામાં રહેલા એવા મને આ પ્રમાણે કહ્યું.**

કલ્યાણ નામનો પ્રિયદારક છે, જે કલ્યાણને કરનારી એવી ગુણધારણની ભક્તિને કરનારો છે. તેથી કલ્યાણને કરનારાં સર્વ કાર્યોની ચિંતા તે કરે છે અને તે સભામાં આવીને ગુણધારણકુમારને કહે છે. **॥૨૩૨॥**

**શ્લોક :-**

**आह्लादमन्दिरे देव !, देवदानवमानवैः ।**
**पूजिता निर्मलाचार्या, महाभागाः समागताः ।।२३३।।**

**શ્લોકાર્થ :-**

**હે દેવ ! આલ્લાદમંદિરમાં દેવ, દાનવ અને માનવોથી પૂજિત મહાભાગ એવા નિર્મલાચાર્ય આવ્યા છે. ।।૨૩૩।।**

શ્લોક :-

श्रुत्वा कल्याणवचनं, तन्मुदो मम नो ममुः ।
चित्ते बहिस्ताः प्रसृताः, प्रसादव्यपदेशतः ।।२३४।।

શ્લોકાર્થ :-

તે કલ્યાણના વચનને સાંભળીને મારો આનંદ ચિત્તમાં સમાતો નથી, પ્રસાદના વ્યપદેશથી બહારમાં તે=આનંદ, પ્રસર પામ્યો. ।।૨૩૪।।

શ્લોક :-

ततोऽङ्गलग्नभूषादियुक्तं तस्मै समर्पितम् ।
दीनाराणां मया लक्षं, तुष्टेन प्रियभाषिणे ।।२३५।।

શ્લોકાર્થ :-

તેથી=કલ્યાણે તે સમાચાર આપ્યા તેથી, શરીરમાં લાગેલા ભૂષણાદિથી યુક્ત લાખ સોનામહોરો તુષ્ટ એવા મારા વડે પ્રિયભાષી એવા તેને સમર્પિત કરાઈ. ।।૨૩૫।।

શ્લોક :-

ततः सर्वसमृद्ध्याऽहं, सवयस्यः सभार्यकः ।
नगरान्निर्गतः सूरिपदवन्दनहेतवे ।।२३६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી, સર્વ સમૃદ્ધિથી મિત્રસહિત, ભાર્યાસહિત, હું સૂરિના પાદના વંદનના હેતુ અર્થે નગરથી નીકળ્યો. ।।૨૩૬।।

શ્લોક :-

अथ दृष्टा सुरकृतस्वर्णाम्भोजस्थिता मया ।
सूरयो देशनोद्युक्ता, मुनिवृन्देन वेष्टिताः ।।२३७।।

શ્લોકાર્થ :-

હવે દેવોથી કરાયેલાં સ્વર્ણનાં કમલોમાં રહેલા, દેશનામાં ઉદ્યુક્ત, મુનિવૃંદથી વીંટળાયેલા સૂરિ મારા વડે જોવાયા. ।।૨૩૭।।

શ્લોક :-

ततस्त्यक्तासिकोटीरचामरच्छत्रवाहनः ।
अहं कृतोत्तरासङ्गः, प्रविष्टस्तदवग्रहे ।।२३८।।

શ્લોકાર્થ :-

તેથી=સૂરિને જોયા તેથી, ત્યાગ કર્યાં છે તલવાર, મુકુટ, ચામર, છત્ર, વાહન જેણે એવો, કરાયું છે ઉત્તરાસંગ જેના વડે એવો હું તેમના=સૂરિના અવગ્રહમાં પ્રવેશ્યો. ।।૨૩૮।।

શ્લોક :-

दत्त्वा भगवतः सम्यग्, द्वादशावर्तवन्दनम् ।
मुनीन् यथाक्रमं नत्वाऽशेषान् लब्ध्वा तदाशिषः ।।२३९।।
निषण्णो भूतले शुद्धे, प्रीतोऽहं सपरिच्छदः ।
देशनाऽऽरम्भि गुरुणा, ततः कर्मविषापहा ।।२४०।।

શ્લોકાર્થ :-

ભગવાનને સમ્યગ્ દ્વાદશાવર્ત વંદન કરીને, અશેષ એવા મુનિઓને યથાક્રમ નમીને, તેમના આશિષને પ્રાપ્ત કરીને પરિવાર સહિત, પ્રીતિવાળો એવો હું શુદ્ધ ભૂતલમાં બેઠો, ત્યારપછી કર્મવિષને દૂર કરનારી દેશના ગુરુ વડે આરંભ કરાઈ. ।।૨૩૯-૨૪૦।।

શ્લોક :-

भवाम्भोधौ महोद्दामदुःखकल्लोलभीषणे ।
भो भव्याः ! शरणं धर्मं, विनाऽन्यन्नास्ति देहिनाम् ।।२४१।।

શ્લોકાર્થ :-

મહાઉદ્દામથી દુઃખરૂપી કલ્લોલથી ભયંકર ભવરૂપી સમુદ્રમાં હે ભવ્ય જીવો ! ધર્મ વગર જીવોને અન્ય શરણ નથી. ।।૨૪૧।।

**શ્લોક :-**

**संयोगा विप्रयोगान्ता, विपदन्ताश्च सम्पदः ।**
**जरान्तं चारु तारुण्यं, किं पर्यन्तसुखे भवे ।।२४२।।**

**શ્લોકાર્થ :-**

**સંયોગો વિયોગના અંતવાળા છે, સંપત્તિઓ વિપત્તિના અંતવાળી છે, સુંદર તારુણ્ય જરાના અંતવાળું છે, પર્યંતસુખવાળા ભવમાં શું ?= જે સુખ શાશ્વત નથી એવા સુખવાળા ભવમાં શું ? અર્થાત્ તેવો ભવ અસાર છે. ।।૨૪૨।।**

**શ્લોક :-**

**भवे यन्मधुलिप्तासिधारास्वादसमं सुखम् ।**
**तत्रास्था धीमतः कस्य, युज्यते दुःखमिश्रिते ।।२४३।।**

**શ્લોકાર્થ :-**

**મધુથી લિપ્ત તલવારની ધારાના આસ્વાદ સમાન જે સુખ ભવમાં છે, દુઃખમિશ્રિત એવા તેમાં=તે સુખમાં, કયા બુદ્ધિમાનને આસ્થા ઘટે ?=બુદ્ધિમાન તેવા સુખમાં આસ્થા કરે નહિ. ।।૨૪૩।।**

**શ્લોક :-**

**सर्वद्वन्द्वविमुक्तानां, सिद्धानामेव तात्त्विकम् ।**
**संसिद्धसर्वकार्याणां, निर्द्वन्द्वं वर्तते सुखम् ।।२४४।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ દ્વંદ્વથી વિમુક્ત, સંસિદ્ધ સર્વ કાર્યવાળા સિદ્ધોને જ તાત્ત્વિક નિર્દ્વંદ્વ સુખ વર્તે છે.**

સંસારનું સર્વ સુખ ઇચ્છા અને ઇચ્છાના શમનરૂપ અને ભોગકાળમાં ઇચ્છાની વૃદ્ધિરૂપ દ્વંદ્વવાળું છે. માત્ર સુખ સ્વરૂપ જ નથી. આથી દુઃખમિશ્રિત છે. જ્યારે સિદ્ધનું સુખ સર્વ દ્વંદ્વથી રહિત માત્ર સુખ સ્વરૂપ જ છે. **।।૨૪૪।।**

**શ્લોક :-**

**जन्माभावे जरामृत्योरभावो हेत्वभावतः ।**
**तदभावे च सिद्धानां, सर्वदुःखक्षयात् सुखम् ।।२४५।।**

**શ્લોકાર્થ :-**

**જન્મનો અભાવ હોતે છતે હેતુનો અભાવ હોવાથી જરા અને મૃત્યુનો અભાવ છે અને તેના અભાવમાં=જન્મ, જરા અને મૃત્યુના અભાવમાં, સર્વ દુઃખનો ક્ષય થવાથી સિદ્ધોને સુખ છે. ।।૨૪૫।।**

**શ્લોક :-**

**वृत्तिभ्यां देहमनसोर्दुःखे शारीरमानसे ।**
**भवतस्तदभावाच्च, सिद्धौ सिद्धं महासुखम् ।।२४६।।**

**શ્લોકાર્થ :-**

**દેહ અને મનની વૃત્તિઓથી તમને શારીરિક અને માનસિક દુઃખ છે અને તે બેનો અભાવ હોવાથી મોક્ષમાં મહાસુખ સિદ્ધ છે. ।।૨૪૬।।**

**શ્લોક :-**

**त्यक्तबाह्यान्तरग्रन्थैरथवा लभ्यते सुखम् ।**
**तात्त्विकं मुनिभिः शान्तैर्विरक्तैर्भवचारकात् ।।२४७।।**

**શ્લોકાર્થ :-**

**અથવા ત્યાગ કરાયેલા બાહ્ય અને અંતર ગ્રંથવાળા, ભવચારકથી વિરક્ત હોવાને કારણે શાંત એવા મુનિઓ વડે તાત્ત્વિક સુખ પ્રાપ્ત કરાય છે.**

પૂર્ણ સુખ તો સિદ્ધમાં છે અને સંસારમાં તાત્ત્વિક સુખ શાંત મુનિઓ વડે પ્રાપ્ત કરાય છે; કેમ કે પૂર્ણ સુખના કારણીભૂત એવું મુનિઓનું સુખ છે, વળી અન્ય જીવોનું સુખ તેવું નથી; કેમ કે પુણ્યના ઉદયથી મળેલું સુખ પણ વિકારોની પીડાથી હણાયેલું છે. **।।૨૪૭।।**

**શ્લોક :-**

**सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
**भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ।।२४८।।**

**શ્લોકાર્થ :-**

**વિષયથી અતૃપ્ત ઈન્દ્રોપેન્દ્રાદિ પણ સુખી નથી, લોકમાં જ્ઞાનતૃપ્ત, નિરંજન ભિક્ષુ એક સુખી છે. 'અહો' એ આશ્ચર્યમાં છે. ।।૨૪૮।।**

**શ્લોક :-**

**सर्वे दुःखद्विषो जीवाः, सर्वे च सुखकाङ्क्षिणः ।**
**न विना साधुतां हन्त, सुखदुःखक्षयौ पुनः ।।२४९।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવો દુઃખના દ્વેષી છે અને સર્વ જીવો સુખના કાંક્ષી છે. સાધુતા વગર ખરેખર સુખદુઃખનો ક્ષય નથી.**

બધા જીવોને દુઃખ અપ્રિય છે અને સુખ પ્રિય છે અને સંસાર માત્રસુખરૂપ નથી, પરંતુ સુખદુઃખથી યુક્ત છે અને તેવા સુખ અને દુઃખનો ક્ષય સંયમના પાલન વગર થઈ શકે નહિ, તેથી પૂર્ણ સુખની પ્રાપ્તિના અર્થીએ સાધુપણું સ્વીકારવું જોઈએ. **।।૨૪૯।।**

**શ્લોક :-**

**निश्चित्य तदिदं तत्त्वं, संसारं प्रविहाय भोः ! ।**
**विधीयतां महासत्त्वा ! भवद्भिः साधु साधुता ।।२५०।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આ તત્ત્વનો નિશ્ચય કરીને=પૂર્ણ સુખ સાધુતા વગર નથી એ તત્ત્વનો નિશ્ચય કરીને, સંસારનો ત્યાગ કરીને હે મહાસત્ત્વવાળા જીવો ! તમારા વડે સુંદર સાધુતા કરાવાઓ=સેવન કરાવાઓ. ।।૨૫૦।।**

શ્લોક :-

इदं मे भगवद्वाक्यं, रुचितं लघुकर्मणः ।
कुर्वे भगवदादिष्टमिति चित्ते च चिन्तितम् ।।२५१।।

શ્લોકાર્થ :-

લઘુકર્મવાળા મને ભગવાનનું આ વાક્ય=શ્લોક-૨૫૦માં કહ્યું એ વાક્ય, રુચ્યું અને ભગવાનના આદેશને હું કરું એ પ્રમાણે ચિત્તમાં વિચારાયું. ।।૨૫૧।।

શ્લોક :-

सूरीन्द्रे देशनां दत्त्वा, विरतेऽत्रान्तरे मुनिः ।
कन्दनामाऽऽह भगवन् !, विलम्बः कस्य नोचितः ।।२५२।।

શ્લોકાર્થ :-

દેશનાને આપીને સૂરીન્દ્ર વિરામ પામ્યે છતે એટલામાં કંદ નામના મુનિ બોલ્યા. હે ભગવન્ ! કોનો વિલંબ ઉચિત નથી ? ।।૨૫૨।।

શ્લોક :-

भगवानाह जिज्ञासोः, सशङ्कस्यान्तिके गुरोः ।
कन्दः प्राह तदा शङ्कां, भूभुजश्छेत्तुमर्हथ ।।२५३।।

શ્લોકાર્થ :-

ભગવાન કહે છે – શંકાવાળા જિજ્ઞાસુને ગુરુની પાસે વિલંબ ઉચિત નથી=શંકાના નિવારણમાં વિલંબ કરવો ઉચિત નથી. કંદમુનિ કહે છે, તો રાજાની શંકાને છેદવા માટે તમે યોગ્ય છો. ।।૨૫૩।।

શ્લોક :-

भगवानाह साधूक्तं, मया प्रोक्तं मुनिं प्रति ।
भदन्तानुगृहीतोऽहमेवं प्रश्नयता त्वया ।।२५४।।

શ્લોકાર્થ :-

ભગવાન કહે છે=નિર્મલસૂરિ કહે છે. સુંદર કહેવાયું=ગુણધારણ-કુમારની શંકા છેદવાનું જે કંદમુનિએ કહ્યું તે સુંદર કહેવાયું, મારા વડે=ગુણધારણકુમાર વડે, મુનિ પ્રત્યે=કંદમુનિ પ્રત્યે, કહેવાયું. હે ભદંત ! આ પ્રમાણે પ્રશ્ન કરતા તમારા વડે=કંદમુનિ વડે, હું અનુગૃહીત કરાયો. ।।૨૫૪।।

શ્લોક :-

ततः कन्दमुनिः प्राह, योग्या यूयमनुग्रहे ।
भगवद्वचनं रुच्यमाकर्णयत सम्प्रति ।।२५५।।

શ્લોકાર્થ :-

તેથી=ગુણધારણકુમારે આ પ્રમાણે કહ્યું તેથી, કંદમુનિ કહે છે, અનુગ્રહમાં તમે યોગ્ય છો. હવે રુચ્ય એવા ભગવાનના વચનને સાંભળો. ।।૨૫૫।।

શ્લોક :-

अहं नतोत्तमाङ्गः सन्, स्थितः प्रह्वतरस्ततः ।
भगवानाह सन्देहस्तवायं गुणधारण ! ।।२५६।।

શ્લોકાર્થ :-

તેથી હું નતોત્તમાંગવાળો છતો=નતમસ્તકવાળો છતો, પ્રહ્વતર રહ્યો=સાંભળવાને અત્યંત અભિમુખ રહ્યો. ભગવાન કહે છે, હે ગુણધારણ ! તને આ સંદેહ છે. ।।૨૫૬।।

શ્લોક :-

स्वप्ने दृष्टानि चत्वारि, कनकोदरभूभुजा ।
कुलन्धरेण पञ्चैव, मानुषाणीति का भिदा ।२५७।।

**શ્લોકાર્થ :-**

**કનકોદર રાજા વડે ચાર પુરુષો સ્વપ્નમાં જોવાયા. કુલંધર વડે પાંચ જ મનુષ્યો જોવાયા. એ પ્રકારે શું ભેદ છે ? ॥૨૫૭॥**

**શ્લોક :-**

**कानि तानि किमर्थं वा, मम कार्याणि कुर्वते ।**
**किं तानि देवरूपाणि, किं वा स्वप्नद्वयं मृषा ।।२५८।।**

**શ્લોકાર્થ :-**

**તે=ચાર અથવા પાંચ મનુષ્યો, કોણ છે ? અથવા કયા પ્રયોજનથી મારાં કાર્યો કરે છે. શું તે દેવરૂપો છે અથવા તે બે સ્વપ્ન મૃષા છે ? ॥૨૫૮॥**

**શ્લોક :-**

**महत्यस्ति कथा तत्र, कथं सर्वा निवेद्यताम् ।**
**मयोक्तं कथयन्त्वल्पां, भगवन्तो हिताय मे ।।२५९।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=તારા પ્રશ્નમાં, મોટી કથા છે. કેવી રીતે સર્વ નિવેદન થાય ? મારા-વડે=ગુણધારણકુમાર વડે, કહેવાયું. મારા હિત માટે ભગવાન અલ્પ કહો.**

ગુણધારણકુમારના કાર્ય પ્રત્યે કઈ રીતે ચાર કારણો છે અને પાંચ કારણો છે તે સ્વપ્નથી સૂચિત છે તેનું વર્ણન કરવા અવ્યવહારરાશિથી માંડીને ગુણધારણ-કુમારનો પ્રસંગ વક્તવ્ય છે તેથી મોટી કથા છે છતાં સંક્ષેપથી તે સર્વ કહેવા ગુણધારણ વિનંતી કરે છે. **॥૨૫૯॥**

**શ્લોક :-**

**ततः संक्षेपतः प्रोक्ता, मम वक्तव्यताऽखिला ।**
**आरभ्याव्यवहाराख्यान्नगरात् सर्ववेदिना ।।२६०।।**

**શ્લોકાર્થ :-**

**તેથી સંક્ષેપથી સર્વવેદી એવા કેવલી વડે અવ્યવહાર નામના નગરથી માંડીને મારી અખિલ વક્તવ્યતા કહેવાઈ.**

અવ્યવહારરાશિમાંથી નીકળીને ગુણધારણકુમારનો જીવ અત્યારસુધી કેવી વિડંબના પામ્યો તે સર્વ ભવોનું કથન શક્ય નથી તેથી મોટા મોટા બોધ માટે ઉપયોગી હોય તેટલા નંદિવર્ધન આદિના ભવોનું કેવલીભગવંતે વર્ણન કર્યું એ સંક્ષેપ કથન છે. **॥૨૬૦॥**

**શ્લોક :-**

**उक्तं च फलितं तेन, महामोहादिभिस्तव ।**
**राज्यमुद्दालितं ह्यासीदियन्तं कालमान्तरम् ।।२६१।।**

**શ્લોકાર્થ :-**

**તેમના વડે=નિર્મલસૂરિ વડે, ફલિત કહેવાયું. તારું અંતરંગ રાજ્ય આટલા કાળ સુધી મહામોહાદિ વડે ઉદ્દાલિત હતું.**

આ રીતે નંદિવર્ધન આદિ કેટલાક ભવોનું કથન કરીને ફલિત શું છે તે કહે છે. આટલો વખત તારું અંતરંગ રાજ્ય મહામોહને આધીન હતું તેથી તારી સર્વ વિડંબના થઈ. **॥૨૬૧॥**

**શ્લોક :-**

**चारित्रधर्मराजाद्या, हितास्तैश्च बहिष्कृताः ।**
**त्वत्प्रतीपोऽतनोत् कर्मपरिणामोऽपि तद्बलम् ।।२६२।।**

**શ્લોકાર્થ :-**

**અને હિતકારી એવા ચારિત્રધર્મરાજાદિઓ તેઓ વડે=મહામોહાદિ રાજાઓ વડે, બહાર કરાયા. તારા શત્રુ એવા કર્મપરિણામે પણ તેનું બલ=મહામોહાદિનું બલ, વિસ્તાર્યું. ।।૨૬૨।।**

**શ્લોક :-**

**अधुना चानुकूल्यं ते, सार्वभौमः करोत्यसौ ।**
**तेनैव च कृता कालपरिणत्यृजुता त्वयि ।।२६३।।**

**શ્લોકાર્થ :-**

**સાર્વભૌમ એવો આ=કર્મપરિણામ, હમણાં તારું અનુકૂલ કરે છે અને તેના વડે જ=કર્મપરિણામ વડે જ, કાલપરિણતિની તારામાં ઋજુતા કરાઈ.**

નિર્મલસૂરિએ ગુણધારણકુમારના સંદેહના નિવારણના અર્થે અવ્યવહારરાશિથી માંડીને અત્યારસુધી કર્મથી તે કઈ રીતે કદર્થના પામ્યો છે તેનું વિસ્તારથી વર્ણન કર્યું અને મહામોહ આદિએ તેનું અંતરંગ રાજ્ય પોતાના સ્વાધીન કર્યું છે અને તારા હિતેચ્છુ એવા ચારિત્રધર્મરાજાને અંતરંગ રાજ્યમાંથી બહાર કાઢ્યા છે. તે સર્વ કર્મપરિણામ રાજાનું પરાક્રમ છે અને હમણાં તે તને કંઈક અનુકૂળ છે; કેમ કે તું તત્ત્વને અભિમુખ થયો છે. તેથી કાલપરિણતિને પણ કર્મપરિણામ રાજાએ તારા હિતને અનુકૂળ કરી છે; કેમ કે ક્ષયોપશમભાવની પરિણતિ વર્તે ત્યારે જીવનાં કર્મો અને જીવની કાલપરિણતિ જીવને સુખની પરંપરાની પ્રાપ્તિ કરાવે છે. **॥૨૯૩॥**

**શ્લોક :-**

**प्रसादिता च तेनैव, भार्या ते भवितव्यता ।**
**प्रह्वीकृतोऽङ्गभूतस्ते, स्वभावः स्वमहत्तमः ।।२६४।।**
**प्रोत्साहितः सहचरस्तव पुण्योदयस्तथा ।**
**आश्वासिताश्चारित्राद्या, मोहाद्याश्चावधीरिताः ।।२६५।।**
**यतः प्रभृति जातौ ते, महत्तमसदागमौ ।**
**बान्धवौ तत आरभ्यानुकूलस्त्वय्ययं नृपः ।।२६६।।**

**શ્લોકાર્થ :-**

**અને તેના વડે જ=કર્મપરિણામ રાજા વડે જ, તારી પત્ની ભવિતવ્યતા પ્રસાદવાળી કરાઈ છે=તારા પ્રત્યે અનુકૂળ કરાઈ છે અને સ્વમહત્તમ અંગભૂત એવો તારો સ્વભાવ અનુકૂળ કરાયો છે અને તારો સહચર એવો પુણ્યોદય પ્રોત્સાહિત કરાયો છે=કર્મપરિણામ દ્વારા પ્રોત્સાહિત**

**કરાયો છે. ચારિત્ર આદિ આશ્વાસિત કરાયા છે=કર્મપરિણામ રાજા દ્વારા આશ્વાસન પમાડાયા છે અને મોહાદિ અવગણના કરાયા છે. જ્યારથી માંડીને તને મહત્તમ અને સદાગમ બાંધવ થયા. ત્યારથી માંડીને તારામાં આ રાજા=કર્મપરિણામ રાજા અનુકૂલ છે.**

જીવ જ્યારથી માંડીને સમ્યગ્દર્શન અને સદાગમને પ્રાપ્ત કરે છે ત્યારથી માંડીને તેનું ચિત્ત તત્ત્વને અભિમુખ બને છે. તેથી તે જીવનો કર્મનો પરિણામ જીવને અનુકૂળ બને છે. કઈ રીતે અનુકૂલ બને છે, તે બતાવતાં કહે છે. તે જીવની કાલપરિણતિને અનુકૂલ કરે છે. ભવિતવ્યતાને અનુકૂલ કરે છે. તેથી તે જીવની ભવિતવ્યતા પણ તે જીવને સુંદર ભવોમાં સ્થાપન કરે છે. બહુ કદર્થના કરતી નથી. વળી, જીવનો સ્વભાવ પણ આત્મહિતને અનુકૂળ થયેલો હોવાથી જીવનું હિત કરનાર બને છે. તેની પુણ્ય પ્રકૃતિ પણ અતિશયિત થાય છે; કેમ કે સદાગમ અને સમ્યગ્દર્શનના બળથી જીવ પુણ્ય પ્રકૃતિઓને વિશિષ્ટ વિશિષ્ટતર બાંધે છે. વળી, જીવમાં સમ્યગ્દર્શન અને સદાગમ આવ્યા પછી જીવને ચારિત્રનો અને સદ્બોધનો પક્ષપાત થાય છે. તેથી ચારિત્રાદિ પરિણામો પણ પ્રગટ થવાને અનુકૂળ ભૂમિકાને પામે છે. તેમાં જીવનું ક્ષયોપશમભાવવાળું કર્મ જ કારણ છે. વળી ક્ષયોપશમભાવનું કર્મ હોવાથી જીવમાં મોહાદિ ભાવો ક્ષીણ ક્ષીણતર થાય છે. તેથી તે જીવનું ક્ષયોપશમભાવવાળું કર્મ મોહાદિ ભાવોની અવગણના કરે છે એમ કહેલ છે. **॥૨૬૪થી ૨૬૬॥**

**શ્લોક :-**

**ततस्तेन सुखश्रेणी, दत्ता ते विबुधालये ।**
**प्रोत्साहितोऽधुनाऽप्येष, सुहृत् पुण्योदयस्तव ।।२६७।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=જ્યારથી મહત્તમ અને સદાગમ તારા બંધુ થયા ત્યારથી કર્મ તને અનુકૂળ છે તેથી, તેના વડે=કર્મ વડે, તને વિબુધાલયમાં સુખશ્રેણી અપાઈ. હમણાં પણ તારો આ સુહૃત્ પુણ્યોદય=પુણ્યાનુબંધી પુણ્યોદય, પ્રોત્સાહિત કરાયો=કર્મ દ્વારા પ્રોત્સાહિત કરાયો. ।।૨૬૭।।**

**શ્લોક :-**

तेन संपादिता बाह्या, भार्या मदनसुन्दरी ।
तेनैव दर्शितः स्वप्नः, कनकोदरभूभुजः ।।२६८।।

**શ્લોકાર્થ :-**

**તેના વડે=પુણ્યોદય વડે, બાહ્ય મદનમંજરી ભાર્યા સંપાદન કરાઈ. તેના વડે જ=તારા પુણ્યોદય વડે જ, કનકોદર રાજાને સ્વપ્ન બતાવાયું. ॥૨૬૮॥**

**શ્લોક :-**

वरो मदनमञ्जर्या, दृष्टोऽस्माभिस्तवात्र का ।
चिन्तेति तत्र यत् प्रोचे, मानुषाणां चतुष्टयम् ।।२६९।।
तत् कर्मपरिणामादिरूपं तेन प्रकाशितम् ।
गोपितं स्वस्य माहात्म्यं, गाम्भीर्यात् पुनरात्मना ।।२७०।।

**શ્લોકાર્થ :-**

**મદનમંજરીનો વર અમારા વડે જ જોવાયો છે=તે કર્મપરિણામ રાજા, કાલપરિણતિ, ભવિતવ્યતા, સ્વભાવ એ રૂપ અમારા ચાર વડે જોવાયો છે. તને અહીં શું ચિંતા=કનકોદરને મદનમંજરીના વિષયમાં શું ચિંતા ? એ પ્રકારે ત્યાં જે ચાર મનુષ્યોએ કહ્યું. તે કર્મપરિણામ આદિનું રૂપ તેના વડે=પુણ્યોદય વડે પ્રકાશિત કરાયું. વળી ગાંભીર્યને કારણે પોતાના વડે=પુણ્યોદય વડે, સ્વમાહાત્મ્ય ગોપિત કરાયું.**

ગુણધારણકુમારનો પુણ્યોદય હતો કે મદનમંજરી અન્યને પ્રાપ્ત ન થાય પરંતુ ગુણધારણને જ પ્રાપ્ત થાય તેથી ગુણધારણકુમારના પુણ્યોદયે કનકોદર રાજાને સ્વપ્ન આપીને બોધ કરાવ્યો કે આ મદનમંજરીના વરના હિત કરનારા ચાર મનુષ્યો છે તેમ મદનમંજરીનું પણ હિત કરનારા તે ચાર મનુષ્યો છે, તેમાં પાંચમું પુણ્યોદય પણ કારણ હતું છતાં પુણ્યોદયે કર્મપરિણામમાં પોતાનો સમાવેશ કરીને ચાર કારણોનો બોધ કરાવવા અર્થે સ્વપ્નમાં ચાર પુરુષો બતાવ્યા છે. **॥૨૬૯-૨૭૦॥**

શ્લોક :-

विद्याधरेषु वैमुख्यं, तस्या यज्जनितं स्वयम् ।
तन्मुखेनैव तदपि, प्राकाशयदयं कृती ।।२७१।।

શ્લોકાર્થ :-

વિદ્યાધરોમાં તેણીનું=મદનમંજરીનું, જે વૈમુખ્ય કરાયું, તેના મુખથી જ=તે કૃત્યના મુખથી જ, સ્વયં એવો આ કૃતીએ=પુણ્યોદયે તેને પણ પ્રકાશય કર્યું=સ્વપ્નમાં આવેલા અમે ચાર મનુષ્યોએ આ કાર્ય કર્યું છે, તેને પણ પ્રકાશન કર્યું. ।।૨૭૧।।

શ્લોક :-

ततोऽसौ भाषितः कर्मपरिणामेन भूभुजा ।
स्वात्मा यद्गोपितश्चारु, पुण्योदय ! न तत् कृतम् ।।२७२।।

શ્લોકાર્થ :-

તેથી=કૃતજ્ઞના ગુણવાળા પુણ્યોદયે પોતાનું સ્વરૂપ ગોપવ્યું તેથી, આ=પુણ્યોદય કર્મપરિણામ=રાજા વડે કહેવાયો. હે પુણ્યોદય ! જે સ્વઆત્મા ગોપિત કરાયો=સ્વપ્નમાં કનકોદરને ચાર પુરુષ બતાવીને તેં પોતાના આત્મા ગોપિત કર્યો. તે સુંદર કરાયું નથી. ।।૨૭૨।।

શ્લોક :-

त्वां विना सुन्दरं कार्यं, न वयं कर्तुमीश्महे ।
प्रकाशनीयस्तेनात्मा, नान्यथा नः सुखं भवेत् ।।२७३।।

શ્લોકાર્થ :-

તારા વગર=પુણ્યોદય વગર, સુંદર કાર્ય કરવા માટે અમે સમર્થ નથી=પુણ્યોદય વગર કર્મપરિણામ રાજા આદિ ચારેય જીવનું સુંદર કાર્ય કરવા સમર્થ નથી. તે કારણથી=તારા વગર અમે સુંદર કાર્ય કરી શકીએ તેમ નથી તે કારણથી, આત્મા પ્રકાશિત કરવો જોઈએ=પુણ્યોદયે

**પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરવું જોઈએ. અન્યથા અમને=કર્મપરિણામ આદિ ચારને, સુખ થાય નહિ.**

પૂર્વમાં કર્મપરિણામાદિ ચાર કારણો બતાવ્યાં તે પુરુષકારને છોડીને ચાર કારણોથી આ ગુણધારણકુમારનું સર્વ સુંદર થયું છે તે બતાવાયું છે. હવે કર્મપરિણામના જ એક અવયવરૂપ ક્ષયોપશમભાવનું પુણ્ય અને ઔદાયિકભાવનું પુણ્ય પ્રધાન છે તે બતાવવા પુણ્યને પૃથગ્ બતાવેલ છે અને આ પુણ્ય જીવના પુરુષકારથી પ્રધાનરૂપે થાય છે તેમ બતાવાયેલ છે. **॥૨૭૩॥**

**શ્લોક :-**

**तदाज्ञपारतन्त्र्येण, स्वात्मान्तर्भावतस्ततः ।**
**कुलन्धराय पञ्चासौ, मानुषाणि न्यरूपयत् ।।२७४।।**

**શ્લોકાર્થ :-**

**તેની આજ્ઞાના પારતંત્ર્યથી=કર્મપરિણામ રાજાની આજ્ઞાના પારતંત્ર્યથી, ત્યારપછી=કનકોદરને સ્વપ્ન આવ્યા પછી, સ્વઆત્માના અંતર્ભાવથી=પુણ્યોદયરૂપ પોતાના આત્માના સંગ્રહથી, કુલંધરને આને=પુણ્યોદયે, પાંચ મનુષ્યોનું નિરૂપણ કર્યું.**

જીવને આ રીતે પદાર્થનો બોધ કરાવે તેવું પુણ્ય હોય તો તે પુણ્ય સ્વપ્નમાં આવીને પણ તે પ્રકારે બોધ કરાવે છે. **॥૨૭૪॥**

**શ્લોક :-**

**इदं तेषां चतुर्णां च, पञ्चानां च प्रदर्शने ।**
**कारणं तत्र सन्देहं, मा कार्षीर्गुणधारण ! ।।२७५।।**

**શ્લોકાર્થ :-**

**આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, તેઓના ચાર મનુષ્યોના અને પાંચ મનુષ્યોના પ્રદર્શનમાં=કનકોદરને સ્વપ્નમાં ચાર મનુષ્યોનું પ્રદર્શન અને કુલંધરને સ્વપ્નમાં પાંચ મનુષ્યોનું પ્રદર્શન થયું તેમાં, કારણ છે. ત્યાં=તે બે પ્રકારનાં કારણોના વિષયમાં, હે ગુણધારણ ! તું સંદેહ કર નહિ. ।।૨૭૫।।**

**શ્લોક :-**

**मयोक्तं भगवन्नारात्, प्रियालाभान्ममाखिलः ।**
**सुखावगाहः किं पुण्योदयेनैव विनिर्मितः ।।२७६।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે કહેવાયું. હે ભગવંત ! પ્રિયાના લાભથી માંડીને મને અખિલ સુખનો અનુભવ શું પુણ્યોદયથી જ નિર્માણ કરાયો છે. ।।૨૭૬।।**

**શ્લોક :-**

**भगवानाह विहितं, न केवलमियत् तव ।**
**पुण्योदयेन कार्याणि, भूयांसि तव चक्रिरे ।।२७७।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન કહે છે, પુણ્યોદયથી તારું આટલું જ કેવલ કરાયું નથી, તારાં ઘણાં કાર્યો કર્યાં છે. ।।૨૭૭।।**

**શ્લોક :-**

**समं कनकमञ्जर्या, नन्दिवर्धनजन्मनि ।**
**योगस्ते जनितोऽनेन, प्रेमाम्बुधिविधूदयः ।।२७८।।**

**શ્લોકાર્થ :-**

**નંદિવર્ધનના જન્મમાં કનકમંજરીની સાથે પ્રેમરૂપી સમુદ્રમાં ચંદ્રના ઉદય જેવો તારો યોગ આના વડે=પુણ્યોદય વડે, કરાયો.**

કષાયોના ક્ષયોપશમભાવવાળા પુણ્યથી યુક્ત ઔદાયિકભાવનું પુણ્ય નિર્દોષ પુણ્ય છે માત્ર ઔદાયિકભાવનું પુણ્ય નિર્દોષ નથી તેથી પાપબંધ કરાવીને દુર્ગતિનું કારણ બને છે છતાં નદિવર્ધનના ભવમાં જે સુખ થયું તે પુણ્યના જ ઉદયથી થયું છે. **।।૨૭૮।।**

**શ્લોક :-**

**रिपुदारणकाले च, लम्भिता नरसुन्दरी ।**
**वामदेवदशायां च, विमलस्ते सुहृत् कृतः ।।२७९।।**

**શ્લોકાર્થ :-**

**અને રિપુદારણકાલમાં નરસુંદરી પ્રાપ્ત કરાઈ અને વામદેવ દશામાં તારો વિમલ મિત્ર કરાયો. ||૨૭૯||**

**શ્લોક :-**

**धनशेखरकाले च, प्रापिता रत्नराशयः ।**
**प्रदत्तं च महाराज्यं घनवाहनजन्मनि ।।२८०।।**

**શ્લોકાર્થ :-**

**અને ધનશેખરકાલમાં રત્નની રાશિઓ પ્રાપ્ત કરાઈ. ઘનવાહનજન્મમાં મહારાજ્ય અપાયું. ||૨૮૦||**

**શ્લોક :-**

**अकृत्रिमोऽकलङ्कस्य, स्नेहश्चोत्पादितस्त्वयि ।**
**सर्वस्थाने सुखं दत्तं, न ज्ञातोऽयं परं त्वया ।।२८१।।**

**શ્લોકાર્થ :-**

**અને અકલંકનો તારામાં અકૃત્રિમ સ્નેહ ઉત્પન્ન કરાયો. સર્વ સ્થાનોમાં= ઉપરનાં વર્ણન કરાયેલાં સર્વ સ્થાનોમાં, પુણ્યોદયથી સુખ અપાયું. પરંતુ-આ=પુણ્યોદય તારા વડે જણાયો નહિ. ||૨૮૧||**

**શ્લોક :-**

**निःशेषदोषपुञ्जेषु, हिंसावैश्वानरादिषु ।**
**आरोपितो गुणव्यूहो, भवता मूढचेतसा ।।२८२।।**

**શ્લોકાર્થ :-**

**નિઃશેષ દોષના પુંજ હિંસા-વૈશ્વાનર આદિમાં મૂઢ ચિત્તવાળા તારા વડે ગુણનો સમૂહ આરોપણ કરાયો.**

ક્ષયોપશમભાવવાળું પુણ્ય ન હતું તેથી જ નંદિવર્ધન આદિ ભવોમાં પુણ્યથી જે સુખ થયું તે હિંસાદિથી થયું છે એ પ્રકારનો વિપર્યાસ હતો તેથી તે પુણ્ય

પાપાનુબંધી બન્યું અને જ્યારે ગુણધારણના ભવમાં વિવેક પ્રગટ્યો ત્યારે નિર્દોષ પુણ્યની પ્રાપ્તિ થઈ. **॥૨૮૨॥**

**શ્લોક :-**

**मयोक्तं नाथ ! यद्येवं, मम पुण्योदयः सुहृत् ।**
**प्रागप्यासीत् तदेतावद्दिनदुःखमभूत् कुतः ? ।।२८३।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણ વડે કહેવાયું. હે નાથ ! જો આ પ્રમાણે મારો પુણ્યોદય મિત્ર પૂર્વમાં હતો તો આટલા દિવસ સુધી કોનાથી દુઃખ થયું ? ॥૨૮૩॥**

**શ્લોક :-**

**भगवानाह नित्यं ते, चित्तवृत्तौ बलद्वयम् ।**
**अस्ति चारित्रधर्माद्यं, तथा मोहनृपादिकम् ।।२८४।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન કહે છે, તારી ચિત્તવૃત્તિમાં ચારિત્રધર્મરાજા આદ્યમાં છે જેને એવું અને મોહનૃપાદિવાળું બલદ્વય નિત્ય છે. ॥૨૮૪॥**

**શ્લોક :-**

**तत्र साधारणः कर्मपरिणामो बलद्वये ।**
**बलवृद्धिकरस्तत्तदुदयापेक्षलक्षणः ।।२८५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=તારી ચિત્તવૃત્તિમાં સાધારણ એવો કર્મપરિણામ બલદ્વયમાં તે તે ઉદયની=ક્ષયોપશમભાવના ઉદયની અથવા ઔદાયિકભાવના ઉદયની, અપેક્ષાલક્ષણવાળો બલવૃદ્ધિને કરનારો છે.**

જીવની ચિત્તવૃત્તિમાં ચારિત્રધર્માદિનું સૈન્ય છે અને મહામોહાદિનું સૈન્ય છે. વળી, મહામોહાદિને અનુકૂળ કર્મનો ઉદય વર્તે ત્યારે તે મહામોહના સૈન્યની

વૃદ્ધિને કરનાર કર્મપરિણામ થાય છે અને ચારિત્રના ઉદયને અનુકૂળ કર્મપરિણામ વર્તે ત્યારે તે કર્મપરિણામ ચારિત્રના સૈન્યની વૃદ્ધિને કરનાર થાય છે. તેથી મહામોહ આદિનું અને ચારિત્ર આદિનું સૈન્ય બંને સાધારણ એવો કર્મનો પરિણામ છે. તેથી કષાયોનો ક્ષયોપશમભાવ વર્તે છે તેની અપેક્ષાએ તે કર્મપરિણામ ચારિત્રધર્મના સૈન્યનું પોષણ કરે છે. કષાયોનો ઉદય વર્તે છે ત્યારે તે મહામોહાદિના સૈન્યનું પોષણ કરે છે. **॥૨૮૫॥**

**શ્લોક :-**

**तस्य सेनापती द्वौ स्तः, पापपुण्योदयाभिधौ ।**
**प्रतिकूलः स्वभावेन, तत्र पापोदयस्तव ।।२८६।।**

**શ્લોકાર્થ :-**

**તેના=કર્મપરિણામ રાજાના, પાપોદય અને પુણ્યોદય નામના બે સેનાપતિ છે, ત્યાં=બે સેનાપતિમાં, સ્વભાવથી પાપોદય તેને પ્રતિકૂળ છે. ।।૨૮૬।।**

**શ્લોક :-**

**यत् कर्मपरिणामस्य, सैन्यं विद्वेषि ते दृढम् ।**
**तदेवाधिकरोत्येष, हितः पुण्योदयस्तु ते ।।२८७।।**
**यत् कर्मपरिणामस्य, सैन्यं ते बान्धवाधिकम् ।**
**तदेवाधिकरोत्येष, पूर्णिमाविधुनिर्मलः ।।२८८।।**

**શ્લોકાર્થ :-**

**કર્મપરિણામનું જે સૈન્ય તારો શત્રુ છે, તેને જ=તારા શત્રુભૂત સૈન્યને જ, આ=પાપોદય, દઢ કરે છે. વળી, તારું હિત પુણ્યોદય છે. કર્મપરિણામ રાજાનું જે સૈન્ય તારું બાંધવ અધિક છે=શ્રેષ્ઠ બાંધવ છે, તેને જ=તે ચારિત્રના સૈન્યને જ આ પૂર્ણિમાના ચંદ્રના જેવો નિર્મલ આ=પુણ્યોદય અતિશય કરે છે=નિર્મલ પુણ્યોદય એટલે નિર્મલ મતિજ્ઞાનના ઉપયોગથી યુક્ત પુણ્યનો ઉદય તે ચારિત્રના સૈન્યને જ અતિશય કરે છે.**

ગુણધારણકુમાર પ્રશ્ન કરે છે કે નંદિવર્ધનાદિ ભવોમાં જો પુણ્યોદય મિત્ર હતો તો મને આ દુઃખની પરંપરા કેમ થઈ ? તેની સ્પષ્ટતા કરવા અર્થે નિર્મલસૂરિ કહે છે કે તારી ચિત્તવૃત્તિમાં બે સૈન્ય છે. એક ચારિત્રધર્માદિનું અને બીજું મહામોહાદિનું. તે બંને સૈન્યને પુષ્ટ કરનાર સાધારણ કર્મપરિણામ છે અને તે કર્મપરિણામ રાજાના બે સેનાપતિ છે. એક પાપોદય અને બીજો પુણ્યોદય. પાપોદય સ્વભાવથી જ તને પ્રતિકૂલ છે. વળી, પાપોદય તારો વર્તતો હોય ત્યારે તારી ચિત્તવૃત્તિમાં તારું શત્રુભૂત એવું જે કર્મપરિણામનું સૈન્ય છે, તેને પાપોદય દૃઢ કરે છે; કેમ કે જીવમાં હિંસાદિ કરવાની પાપવૃત્તિઓ જાગે છે, ત્યારે તે જીવ પોતાના અહિત કરનારા કર્મપરિણામના સૈન્યને દૃઢ કરે છે. જેથી દુર્ગતિઓમાં જાય છે. વળી, જીવને હિત કરનારું પુણ્યોદય છે, તે કર્મપરિણામ રાજાના ક્ષયોપશમભાવના સૈન્યને પુષ્ટ કરે છે, જે સૈન્ય જીવનું શ્રેષ્ઠ બાંધવ છે; કેમ કે જીવમાં નિર્મલ પુણ્યનો ઉદય વર્તે છે, ત્યારે જીવ તત્ત્વાતત્ત્વનું સમાલોચન કરે છે. જેથી ક્ષયોપશમભાવના પરિણામો જીવમાં વર્તે છે. તેથી જીવને હિતકારી એવું કર્મનું સૈન્ય પુષ્ટ, પુષ્ટતર થાય છે. જેનાથી જીવને સુખની પરંપરા મળે છે. **॥૨૮૭-૨૮૮॥**

**શ્લોક :-**

**क्वचिदेव ददौ पुण्योदयं च भवितव्यता ।**
**स च पापोदयोऽनादिरूढस्त्वामन्ववर्तत ।।२८९।।**
**अनन्तकालभ्रमणदुःखं तेन व्यधायि ते ।**
**हिंसादिषु हितत्वं च, तेनैव परिकल्पितम् ।।२९०।।**

**શ્લોકાર્થ :-**

**અને ક્વચિત્ જ ભવિતવ્યતા પુણ્યોદયને આપે છે અને અનાદિ રૂઢ એવો પાપોદય તને અનુવર્ત્યો છે=અનુસર્યો છે.**

જ્યારે જીવમાં દુર્બુદ્ધિ આપાદક કર્મો પ્રચુર હોય ત્યારે જીવને હંમેશાં અનાદિ રૂઢ એવો પાપોદયનો પરિણામ વર્તતો હોય છે તોપણ ભવિતવ્યતાને કારણે ક્યારેક પુણ્યોદયની પ્રાપ્તિ થાય છે. આથી જ અનુસુંદર ચક્રવર્તીના જીવને

નંદિવર્ધનના પૂર્વના હાથીના ભવમાં કંઈક શુભ પરિણામ ભવિતવ્યતાથી થયું, તેથી કંઈક તેને પુણ્યોદયની પ્રાપ્તિ થઈ તોપણ, નંદિવર્ધનના ભવમાં દુર્બુદ્ધિ આપાદક પાપોદયને કારણે ક્લિષ્ટ કર્મ બાંધીને દુર્ગતિમાં ગયો.

**તેના વડે=પાપોદય વડે, તને અનંતકાલના ભ્રમણરૂપ દુઃખ કરાયું અને હિંસાદિમાં હિતપણું, તેના વડે જ=પાપોદય વડે જ કલ્પાયું.**

ગુણધારણકુમારે પ્રશ્ન કરેલો કે જો મારો પુણ્યોદય પૂર્વના ભવોમાં હતો તો મને આ દુઃખની પરંપરા કેમ થઈ ? તેનો ઉત્તર આપતાં કહે છે કે અનાદિરૂઢ જે પાપોદય હતો તેના કારણે જ અનંતકાલ ભ્રમણરૂપ દુઃખ તને પ્રાપ્ત થયું. વળી, દુર્બુદ્ધિઆપાદક જે પાપોદય હતો, તેનાથી હિંસાદિ ભાવોમાં હિતપણાની બુદ્ધિ તને થઈ. તેથી નવું નવું પાપ બાંધી બાંધીને અનંતકાલ સુધી આ સર્વ વિડંબના તેં પ્રાપ્ત કરી. **॥૨૮૯-૨૯૦॥**

**શ્લોક :-**

**पुण्योदयश्च तद्दोषाद्, हितकारी न लक्षितः ।**
**तेनैव चित्तवृत्तेस्त्वं, महाराज्याद् बहिष्कृतः ।।२९१।।**

**શ્લોકાર્થ :-**

**અને તેના દોષથી=પાપોદયના દોષથી, હિતકારી એવો પુણ્યોદય જણાયો નહિ. તેના વડે જ=પાપોદય વડે જ, તું ચિત્તવૃત્તિ મહારાજ્યથી બહિષ્કૃત કરાયો.**

ક્લિષ્ટ ચિત્તના આપાદક મિથ્યાત્વમોહનીય આદિ પાપોદયના દોષને કારણે નંદિવર્ધન આદિ ભવોમાં હિતકારી એવો પુણ્યોદય છે, તે તને જણાયું નહિ. વળી, ક્લિષ્ટ ચિત્ત આપાદક એવા પાપોદયથી જ તારો આત્મા આત્માના નિરાકુળ સ્વભાવરૂપ ચિત્તવૃત્તિના રાજ્યથી બહિષ્કૃત કરાયો. **॥૨૯૧॥**

**શ્લોક :-**

**छादितं तेन चारित्रधर्मादिबलमाङ्गिकम् ।**
**महामोहादि सैन्यं च, पोषितं दुःखकारि ते ।।२९२।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=મિથ્યાત્વમોહનીય આદિ પાપોદય વડે, આંગિક એવું ચારિત્ર-ધર્માદિનું બલ છાદિત કરાયું=પોતાના અંગભૂત એવું ચારિત્રધર્મરાજાનું સૈન્ય છાદિત કરાયું=ઢાંકી દેવાયું, અને તને દુઃખકારી એવું મહામોહાદિ સૈન્ય પોષણ કરાયું=પાપોદય વડે પોષણ કરાયું. ।।૨૯૨।।**

**શ્લોક :-**

**पुण्योदयोऽपि नो तेनानुबद्धोऽनुबबन्ध ते ।**
**सुखौघमन्तःसंलीनज्वरानुद्भवसन्निभः ।।२९३।।**

**શ્લોકાર્થ :-**

**તેના કારણે=તારું ચારિત્રબલ આચ્છાદિત થયું તેના કારણે, અનુબદ્ધ એવો પુણ્યોદય પણ તને અનુબંધવાળો થયો નહિ. અંતર્લીન જ્વરના અનુદ્ભવ જેવો સુખનો સમૂહ થયો.**

નંદિવર્ધન આદિના ભવમાં વચવચમાં કંઈક શુભભાવો દ્વારા પુણ્યોદય પ્રાપ્ત થયેલો તે પણ ક્લિષ્ટ ચિત્ત આપાદક પાપોદયના કારણે ઉત્તરોત્તર વૃદ્ધિને પામે તેવો અનુબંધવાળો થયો ન હતો. તેથી કંઈક પુણ્યના ઉદયથી રાજકુલાદિની પ્રાપ્તિ પછી નરકાદિ દુઃખોની પરંપરાની પ્રાપ્તિ થઈ. વળી, નંદિવર્ધનાદિના ભવોમાં જે સુખનો સમૂહ ઉત્પન્ન થયો તે પણ ચિત્તમાં કષાયના ક્લેશને કારણે પારમાર્થિક સુખરૂપ થયો ન હતો. જેમ કોઈના દેહમાં અંતર્લીન જ્વરનો અનુદ્ભવ હોય ત્યારે તે જ્વરને કારણે તેના શરીરમાં વિકૃતિ હોવાથી ભોગાદિ વડે પારમાર્થિક સુખનો અનુભવ થતો નથી; કેમ કે અંતરમાં લીન જ્વરને કારણે જીભ બેસ્વાદ બને છે. તેમ નંદિવર્ધન આદિના ભવમાં કષાયોના ક્લેશવાળા ચિત્તને કારણે પુણ્યથી મળેલ સુખ પણ પ્રાયઃ હણાયેલું હતું. **।।૨૯૩।।**

**શ્લોક :-**

**दोषः पुण्योदयस्यास्य, तन्न कश्चन विद्यते ।**
**किन्तु पापोदयस्यैव, दोषः सर्वोऽप्ययं द्विषः ।।२९४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ક્લેશ આપાદક પાપોદયથી સર્વત્ર તને દુર્બુદ્ધિ મળી અને અનર્થોની પરંપરા થઈ તે કારણથી, આ પુણ્યોદયનો કોઈ દોષ વિદ્યમાન નથી; પરંતુ પાપોદયરૂપ જ શત્રુનો સર્વ પણ આ દોષ છે=પૂર્વના ભવોમાં જે અનર્થની પરંપરા થઈ તેમાં પાપોદય જ હેતુ છે.**

પૂર્વના ભવોમાં સંસારી જીવને ક્યારેક ક્યારેક પુણ્યોદય વિદ્યમાન હતો. તેના કારણે તેને કોઈ અનર્થોની પરંપરા થઈ નથી; કેમ કે પુણ્ય ક્યારેય અનર્થ કરતો નથી પરંતુ ક્લેશઆપાદક પાપોદય જ દરેક ભવોમાં અતિશય વધતો હતો તેના કારણે જ પૂર્વના સર્વ ભવોમાં સંસારી જીવને અત્યારસુધી અનેક પ્રકારની વિડંબના થઈ છે, એ પ્રમાણે નિર્મલસૂરિ ગુણધારણકુમારને કહે છે. **॥૨૯૪॥**

**શ્લોક :-**

**मयोक्तं भगवन् ! पापोदयोऽसावधुना कथम् ।**
**तूष्णीमास्ते गुरुः प्राह, स्वतन्त्रोऽयं न कर्हिचित् ।।२९५।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણકુમાર વડે, કહેવાયું – હે ભગવંત ! આ પાપોદય હમણાં કેમ મૌન રહેલો છે ? ગુરુ કહે છે – આ=પાપોદય ક્યારેય સ્વતંત્ર નથી.**

ગુણધારણકુમાર કેવલીને પૂછે છે કે પૂર્વમાં દુર્બુદ્ધિ આપાદક પાપોદયે અનેક પ્રકારના પાપબંધ કરાવીને તેના આત્માની અનેક ભવોમાં વિડંબના કરી, તો હમણાં તે કેમ ઉદયમાં આવતો નથી ? તેથી કેવલી કહે છે – પાપોદય વિપાકમાં આવવામાં સ્વતંત્ર નથી, કોને પરતંત્ર છે તે હવે બતાવે છે. **॥૨૯૫॥**

**શ્લોક :-**

**यत् कर्मपरिणामादिनिर्देशेन प्रवर्तते ।**
**दूरीकृतोऽसावधुना, तैर्दुरात्मा त्वदन्तिकात् ।।२९६।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી કર્મપરિણામાદિ ચાર કારણોના નિર્દેશથી પ્રવર્તે છે=પાપોદય**

**પ્રવર્તે છે, હમણાં તેઓ વડે=કર્મપરિણામ આદિ ચાર કારણો વડે દુરાત્મા એવો આ=પાપોદય, તારી પાસેથી દૂર કરાયો. ॥૨૯૬॥**

**શ્લોક :-**

**यतः प्रभृति पार्श्वे ते, समायातः सदागमः ।**
**अमीभिस्तत आरभ्य, तत्प्राबल्यं निराकृतम् ।।२९७।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારથી માંડીને તારી પાસે સદાગમ આવ્યો, ત્યારથી માંડીને તેનું પ્રાબલ્ય=દુરાત્મા એવા પાપોદયનું પ્રાબલ્ય, આમના વડે=ચાર મનુષ્યોરૂપ કર્મપરિણામાદિ વડે, નિરાકરણ કરાયું.**

પાપોદય સ્વતંત્ર નથી, પરંતુ જીવનાં કર્મપરિણામાદિ ચાર કારણોને અનુસરનાર છે, તેથી જ્યારે જીવનાં કર્મપરિણામાદિ પાંચ કારણો પાપોદયને અનુકૂળ વર્તે છે, ત્યારે તે જીવમાં સર્વ પ્રકારના પાપનો ઉદય પ્રગટ થાય છે અને દુર્ગતિઓની પરંપરા પ્રાપ્ત કરાવે છે અને વર્તમાનમાં તે કર્મપરિણામાદિ ચાર કારણોએ સંસારી જીવમાં તે પાપોદયને દૂર કર્યો છે. કેમ દૂર કર્યો છે, તેથી કહે છે. જ્યારથી જીવ સદાગમનું આલંબન લે છે, ત્યારથી માંડીને જીવનું વલણ ઉત્તમ ભાવો તરફ વર્તે છે. એથી કર્મપરિણામાદિ સર્વ કારણો પાપોદયના પ્રાબલ્યને ક્ષીણ ક્ષીણતર કરે છે. **॥૨૯૭॥**

**શ્લોક :-**

**दूरेऽगात् स मनाक् तेन, प्राप्तः पुण्योदयोऽन्तिके ।**
**ततः सदागमे प्रीतिः, संजाता तेऽन्तराऽन्तरा ।।२९८।।**
**तन्माहात्म्यात् सुखं लब्धं, त्वया तैस्त्वं क्वचित्पुनः ।**
**कृतः पापोदयं दत्त्वा, दुःखी त्यक्तसदागमः ।।२९९।।**

**શ્લોકાર્થ :-**

**તે=પાપોદય, થોડોક દૂર ગયો=ગુણધારણકુમાર પાસેથી પાપોદય થોડોક દૂર ગયો. તે કારણથી પુણ્યોદય નજીકમાં પ્રાપ્ત થયો. તેથી**

**તને=સંસારી જીવને, વચવચમાં સદાગમમાં પ્રીતિ થઈ. તેના માહાત્મ્યથી= સદાગમ પ્રત્યે પ્રીતિના માહાત્મ્યથી, તારા વડે સુખ પ્રાપ્ત કરાયું. ક્યારેક વળી તેઓ વડે=કર્મપરિણામ આદિ ચાર મનુષ્યો વડે, પાપોદયને આપીને. ત્યક્ત સદાગમવાળો તું દુઃખી કરાયો.**

જ્યારે જીવમાં ક્લેશઆપાદક કર્મરૂપ પાપોદય દૂર થાય છે, ત્યારે ક્ષયોપશમભાવની પરિણતિરૂપ પુણ્યોદય પાસે આવે છે. તેથી જીવને સદાગમ પ્રત્યે પ્રીતિ થાય છે અને તેના કારણે જ સંસારી જીવને વચવચમાં કેટલાક ભવોમાં સદાગમ પ્રત્યે પ્રીતિ થઈ અને સદાગમની પ્રીતિના માહાત્મ્યથી દેવગતિ આદિની પ્રાપ્તિરૂપ સુખ પ્રાપ્ત થયું; કેમ કે સદાગમ પ્રત્યે જેને પ્રીતિ વર્તે છે, તેઓના ચિત્તમાં કષાયોનો ક્ષયોપશમભાવ વર્તે છે અને તેના કારણે પુણ્ય બંધાય છે. તેથી દેવગતિ આદિનાં સુખો મળે છે. તેમ પ્રસ્તુત સંસારી જીવને પણ સદાગમની પ્રાપ્તિના બળથી ઘણા ભવ સુધી દેવભવનાં સુખો અને સુંદર મનુષ્યભવનાં સુખો મળ્યાં. વળી, જ્યારે જીવનાં કર્મપરિણામાદિ ચાર કારણો પ્રતિકૂળ વર્તે છે, ત્યારે જીવ સદાગમથી વિમુખ થાય છે. તેથી પાપના ઉદયને પામીને સદાગમનો ત્યાગ કરે છે અને કષાયોનો આશ્રય કરે છે. તેથી દુઃખી થાય છે. **॥૨૯૮-૨૯૯॥**

**શ્લોક :-**

**आलोच्यालोच्य तैरेव, मीलितोऽनन्तशस्तव ।**
**पापोदयान्तरात् पुण्योदययुक्तः सदागमः ॥३००॥**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે જ=કર્મપરિણામ આદિ વડે જ, આલોચન કરીને તને અનંતી વખત પાપોદયના આંતરાથી પુણ્યોદયયુક્ત સદાગમ મિલન કરાયો.**

જીવના અંદરમાં વર્તતાં કર્મપરિણામાદિ ચાર કારણો સંસારી જીવને અનંતી વખત પુણ્યોદયથી યુક્ત સદાગમનો મેળાપ કરાવે છે; કેમ કે જીવનું વીર્ય તે પ્રકારના ભાવોને અભિમુખ જ યત્નવાળું હોવાથી તે સર્વ જીવને સદાગમની રુચિવાળું કરે છે. તેથી પુણ્યનો ઉદય થાય છે. નવું પુણ્ય બંધાય છે. સુગતિની

પરંપરા થાય છે, આમ છતાં જ્યારે જ્યારે જીવ પ્રમાદવાળો બને છે, ત્યારે ત્યારે તે ચાર કારણો જ પાપોનો ઉદય જાગૃત કરીને તેને સદાગમથી વિમુખ કરે છે. **॥૩૦૦॥**

**શ્લોક :-**

**यदा त्वेतैस्तवानीतः, सविधे गृहिधर्मयुग् ।**
**महत्तमो दूरतरीकृतः पापोदयस्तदा ।।३०१।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે વળી આમના વડે=કર્મપરિણામાદિ ચાર મનુષ્યો વડે, તારી પાસે=સંસારી જીવ પાસે, ગૃહસ્થધર્મથી યુક્ત મહત્તમ લવાયો. ત્યારે પાપોદય દૂરતર કરાયો.**

પૂર્વમાં આ જીવને સદાગમની પ્રાપ્તિ થઈ. ત્યારે પાપોદય થોડો દૂર થયેલો અને આ રીતે અનંતી વખત સદાગમના રાગને કારણે જીવને સુગતિઓની પરંપરા મળેલી. વળી, જ્યારે તે ચાર પુરુષો અર્થાત્ જીવનો સ્વભાવ, કર્મનો પરિણામ, ભવિતવ્યતા, કાલના પરિપાકરૂપ ચાર પુરુષો, જીવના વલણને જોઈને તે જીવ પાસે ગૃહસ્થધર્મયુક્ત સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરાવે છે, ત્યારે તે જીવનો પાપોદય વધારે દૂર થાય છે; કેમ કે મિથ્યાત્વ દૂર થાય છે. અનંતાનુબંધી કષાય દૂર થાય છે. અપ્રત્યાખ્યાનીય કષાય ક્ષયોપશમભાવવાળા થવાથી દૂર થાય છે અને અનંતાનુબંધી કષાય અને અપ્રત્યાખ્યાનીય કષાયનો ક્ષયોપશમ થવાને કારણે અન્ય પણ પુણ્ય પ્રકૃતિઓ પ્રબળ થાય છે અને પાપપ્રકૃતિઓ અલ્પ અલ્પતર થાય છે. તેથી પાપોદય પૂર્વ કરતાં પણ દૂરતર થયો. **॥૩૦૧॥**

**શ્લોક :-**

**नीतस्त्वं विबुधावासे, ततः पुण्योदयान्वितः ।**
**आनीतो मनुजावासे, कृता कल्याणसन्ततिः ।।३०२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=પાપોદય દૂર થયો તેથી, તું=સંસારી જીવ પુણ્યોદયથી યુક્ત**

વિબુધાલયમાં લઈ જવાયો, મનુષ્યઆવાસમાં લવાયો. કલ્યાણની સંતતિ કરાઈ. ॥૩૦૨॥

શ્લોક :-

पुनः पापोदयो दत्तस्त्याजितास्ते सुबान्धवाः ।
बन्धुसंयोगविरहावित्थं तेऽसंख्यशः कृतौ ॥३०३॥

શ્લોકાર્થ :-

ફરી પાપોદય અપાયો=તે ચાર પુરુષો દ્વારા પાપોદય અપાયો. તારા સુબાંધવો=સદાગમ આદિ સુબાંધવો, ત્યાગ કરાયા. બંધુના સંયોગ અને વિરહ આ રીતે તને અસંખ્ય વખત કરાયા=ચાર કારણો વડે કરાયા. ॥૩૦૩॥

શ્લોક :-

त्वत्तोऽधुना तु तैर्दूरतरे पापोदयः कृतः ।
मधुवारणपुत्रत्वे, तूष्णीमास्ते ततो ह्यसौ ॥३०४॥

શ્લોકાર્થ :-

વળી, હમણાં તારાથી તેઓ વડે=ચાર કારણો વડે, તારો પાપોદય=પાપોદ્દય, દૂરતર=ઘણો દૂર, કરાયો. તેથી=તે ચાર કારણો દ્વારા પાપોદય દૂર કરાયો તેથી, ખરેખર મધુવારણ પુત્રપણામાં આ=પાપોદય, મૌન રહેલો છે. ॥૩૦૪॥

શ્લોક :-

आसन्नास्ते कृतास्तैश्च, सातपुण्यादयोऽधुना ।
पापानुबन्धिविरहाद्, दिव्याः पुण्यानुबन्धिनः ॥३०५॥

શ્લોકાર્થ :-

હમણાં તેઓ વડે=ચાર કારણો વડે પાપાનુબંધીનો વિરહ હોવાથી દિવ્ય પુણ્યાનુબંધી એવા શાતારૂપ પુણ્ય આદિ તારી આસન્ન કરાયા છે.

ગુણધારણકુમારના વર્તમાન ભવમાં સદાગમ, સમ્યગ્દર્શન અને દેશવિરતિનો પરિણામ વિદ્યમાન હોવાથી પાપાનુબંધી પરિણામનો વિરહ છે; કેમ કે વિવેક પ્રજ્વલિત છે, તેથી દિવ્ય પુણ્યના અનુબંધવાળા શાતારૂપ પુણ્ય આદિ ઉત્તમ પ્રકૃતિઓ ચાર કારણોથી નજીક થઈ છે. તેથી વર્તમાનમાં સર્વ પ્રકારની શાતા, સર્વ પ્રકારની જાહોજલાલી અને ચિત્ત કષાયોથી ઉપશાંતભાવવાળું વર્તી રહ્યું છે. **॥૩૦૫॥**

**શ્લોક :-**

**तेन ते वर्धते नित्यं, लौल्यमुक्ता सुखावलिः ।**
**हिते ते स्वप्नदृष्टानि, मानुषाण्येव जाग्रति ।।३०६।।**

**શ્લોકાર્થ :-**

**તેના કારણે=શાતારૂપ, પુણ્યાદિ પ્રકૃતિઓ આસન્ન થઈ છે તેના કારણે, લૌલ્યથી મુક્ત તારો સુખનો સમૂહ નિત્ય વધે છે. સ્વપ્નમાં જોવાયેલા મનુષ્યો જ તારા હિતમાં જાગૃત છે. ॥૩૦૬॥**

**શ્લોક :-**

**यदा हि प्रतिकूलानि, तान्यभूवंस्तवोपरि ।**
**तदा पापोदयद्वारा, दुःखं तैस्तव दर्शितम् ।।३०७।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે પ્રતિકૂલ એવા તેઓ=ચાર કારણો, તારા ઉપર થયા ત્યારે પાપોદય દ્વારા તેઓ વડે=ચાર કારણો વડે, તને દુઃખ બતાવાયું.**

પૂર્વના ભવોમાં જ્યારે જ્યારે તે ચાર કારણો તારા પ્રતિકૂલ હતાં ત્યારે ત્યારે પાપના ઉદય દ્વારા તેઓએ સંસારી જીવને તે તે નરકાદિ દુઃખની વિડંબના કરી છે. **॥૩૦૭॥**

**શ્લોક :-**

**अनुकूलैस्तु तैः पुण्योदयद्वारा सुखासिका ।**
**दत्ता ते तेन तान्येव कारणं ते शुभाशुभे ।।३०८।।**

શ્લોકાર્થ :-

વળી અનુકૂલ એવા તેઓ વડે=ચાર કારણો વડે, પુણ્યોદય દ્વારા તને સુખાસિકા અપાઈ. તે કારણથી તે જ=ચાર કારણો જ, તારા શુભાશુભનું કારણ છે. ।।૩૦૮।।

શ્લોક :-

मयोक्तं तत् किमत्रार्थे, वर्तेऽकिंचित्करोऽन्वहम् ।
सूरिराह महासत्त्व !, मैवं मंस्थाः कदाचन ।।३०९।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું=ગુણધારણકુમાર વડે કહેવાયું. તો શું આ અર્થમાં હું પ્રતિદિન અકિંચિત્કર વર્તુ છું. સૂરિ કહે છે, હે મહાસત્ત્વ ! આ પ્રમાણે=હું અકિંચિત્કર છું એ પ્રમાણે, ક્યારેય માન નહિ. ।।૩૦૯।।

શ્લોક :-

अमूनि परिवारस्ते, त्वमेवाखिलनायकः ।
त्वद्योग्यतामपेक्ष्यैव, तेषां तास्ताः प्रवृत्तयः ।।३१०।।

શ્લોકાર્થ :-

આ=ચાર કારણો, તારો પરિવાર છે. તું જ અખિલનો નાયક છે=ચારે કારણોનો નાયક છે. તારી યોગ્યતાની અપેક્ષાથી જ તેઓની=ચારે કારણોની, તે તે પ્રવૃત્તિઓ છે. ।।૩૧૦।।

શ્લોક :-

ततस्ते कारणं मुख्यं, सुन्दरेतरवस्तुषु ।
योग्यताऽनादिशक्त्याख्या, परे तु सहकारिणः ।।३११।।

શ્લોકાર્થ :-

તેથી=તારી યોગ્યતાની અપેક્ષાએ જ અન્ય કારણો કાર્ય કરે છે તેથી, તારા સુંદર ઈતર વસ્તુમાં મુખ્ય કારણ અનાદિની શક્તિ નામની

**યોગ્યતા છે. વળી પર=બીજાં કારણો, સહકારી છે.**

દરેક જીવોની પોતપોતાની યોગ્યતા પોતાનામાં થતાં સર્વ કાર્યો પ્રત્યે મુખ્ય કારણ છે અને અનાદિકાળથી વર્તતી તે યોગ્યતા જીવની શક્તિ સ્વરૂપ છે અને અન્ય સર્વ કારણો સહકારી છે. **॥૩૧૧॥**

**શ્લોક :-**

**हेतुस्त्वं परिणामित्वात्, कार्याणामात्मभाविनाम् ।**
**तन्मुख्यः प्रतिपद्यन्ते, गौणत्वं चान्यहेतवः ।।३१२।।**

**શ્લોકાર્થ :-**

**આત્મભાવી કાર્યોનો તું હેતુ છે; કેમ કે પરિણામીપણું છે=જીવ જ તે તે ભાવરૂપે પરિણમન પામનાર હોવાથી જીવનું પરિણામીપણું છે. તે કારણથી મુખ્ય છે=સર્વ કારણોમાં જીવ મુખ્ય છે અને અન્ય હેતુઓ ગૌણત્વને પ્રાપ્ત કરે છે. ।।૩૧૨।।**

**શ્લોક :-**

**मयोक्तं नाथ ! यद्येवं, कार्यसम्पादको मम ।**
**किमियानेव हेत्वोघः, किं वाऽस्त्यधिकमप्यतः ।।३१३।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણકુમાર વડે, કહેવાયું. હે નાથ ! જો આ પ્રમાણે મારા કાર્યનો સંપાદક શું આટલો જ હેતુનો સમૂહ છે અથવા આનાથી પણ અધિક છે ?**

ગુણધારણકુમાર નિર્મલસૂરિને કહે છે. પૂર્વમાં કહ્યું તે ચાર કારણો અને તે સર્વમાં ગુણધારણકુમાર મુખ્ય છે. શું એટલાં જ કારણોનો સમુદાય તેનામાં થતાં સર્વ કાર્યો પ્રત્યે હેતુ છે અથવા આનાથી અન્ય પણ કોઈક હેતુ છે ? **॥૩૧૩॥**

**શ્લોક :-**

**सूरिराह महाराज ! शृणु या निर्वृतिः पुरी ।**
**अस्ति निर्द्वन्द्वसुखभूर्निरातङ्का निरामया ।।३१४।।**

अस्ति तस्यां महाराजः, सुस्थितः परमेश्वरः ।
सुन्दरेतरकार्याणां, हेतुस्ते जगतश्च सः ।।३१५।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે, હે મહારાજ ! સાંભળ. જે નિર્દ્વંદ્વ સુખની ભૂમિ નિરાતંક, નિરામય નિર્વૃતિ નગરી છે, તેમાં મહારાજ સુસ્થિત પરમેશ્વર છે. તારાં અને જગતનાં સુંદર ઈતર કાર્યોનો તે=પરમેશ્વર હેતુ છે. ।।૩૧૪-૩૧૫।।

શ્લોક :-

एकरूपोऽप्यनेकोऽसावचिन्त्यगुणभाजनम् ।
अव्ययो निष्कलः शुद्धः, परमात्मा सनातनः ।।३१६।।

શ્લોકાર્થ :-

એક રૂપ પણ આ=સુસ્થિત પરમેશ્વર, અચિંત્ય ગુણનું ભાજન અનેક છે, અવ્યય છે, નિષ્કલંક છે, શુદ્ધ છે, સનાતન પરમાત્મા છે. ।।૩૧૬।।

શ્લોક :-

स बुद्धः स महादेवः, स विष्णुः स पितामहः ।
स वीतरागो भगवान्, कथितस्तत्त्वदर्शिभिः ।।३१७।।

શ્લોકાર્થ :-

તે બુદ્ધ છે, તે મહાદેવ છે, તે વિષ્ણુ છે, તે પિતામહ છે. તત્ત્વદર્શીઓ વડે તે વીતરાગ ભગવાન કહેવાયા છે. ।।૩૧૭।।

શ્લોક :-

निरिच्छो न करोत्येष, त्वत्कार्यव्यूहमिच्छया ।
किन्त्वाज्ञा विद्यते तस्य, लोकानां करणोचिता ।।३१८।।

શ્લોકાર્થ :-

નિરિચ્છાવાળા આ=પરમેશ્વર, તારા કાર્યના સમૂહને ઈચ્છાથી કરતા નથી. પરંતુ લોકોના કરણને ઉચિત તેની આજ્ઞા વિધમાન છે. ।।૩૧૮।।

**શ્લોક :-**

**यदुत –**

**कार्या निरन्धकारेयं, चित्तवृत्तिर्महाटवी ।**

**हन्तव्यं रिपुबुद्ध्या च, महामोहादिकं बलम् ।।३१९।।**

**શ્લોકાર્થ :-**

**પરમેશ્વરે જે કહ્યું છે તે 'यदुत'થી બતાવે છે – આ ચિત્તવૃત્તિ મહાટવી નિરંધકાર કરવી જોઈએ અને મહામોહાદિક એવા સૈન્યને રિપુબુદ્ધિથી હણવા જોઈએ=મહામોહાદિ આપણા શત્રુ છે એ પ્રકારની બુદ્ધિથી તેઓના નાશ માટે યત્ન કરવો જોઈએ. ।।૩૧૯।।**

**શ્લોક :-**

**चारित्रधर्मराजाद्यं, पोष्यं बन्धुधिया बलम् ।**

**आज्ञेयमियती विश्वहितकृत् पारमेश्वरी ।।३२०।।**

**શ્લોકાર્થ :-**

**ચારિત્રધર્મરાજા આદિમાં છે એવા સૈન્યને બંધુબુદ્ધિથી પોષવું જોઈએ. આટલી આજ્ઞા વિશ્વના હિતને કરનારી પારમેશ્વરી છે.**

મોક્ષમાં રહેલા સિદ્ધના જીવો સર્વ ઉપદ્રવ રહિત નિર્દ્વંદ્વ અવસ્થામાં રહેલા છે અને તેઓની સર્વ જીવોના હિતની સનાતન આજ્ઞા છે કે પોતાની ચિત્તવૃત્તિ મહાટવીને જ્ઞાનના પ્રકાશથી પ્રકાશમય કરવી જોઈએ, તેથી મતિજ્ઞાનને શ્રુતથી પરિકર્મિત કરીને તત્ત્વના સ્પષ્ટ અવલોકનરૂપ જ્ઞાનમય આત્માના સ્વરૂપને પ્રગટ કરવો જોઈએ અને તે પ્રકાશ કર્યા પછી ચિત્તવૃત્તિમાં રહેલા મહામોહાદિનું સૈન્ય છે. તે જ્ઞાનરૂપી પ્રકાશમાં યથાર્થ દેખાય છે. તેથી તે ચોરટાઓનો સર્વ ઉદ્યમથી નાશ કરવો જોઈએ, અંધકારવાળી ચિત્તવૃત્તિમાં વિદ્યમાન પણ મહામોહાદિ દેખાતા નથી, તેથી નાશ કરવાના અર્થી જીવો પણ તેનો નાશ કરી શકતા નથી, આથી જ અજ્ઞાની જીવો ધર્મબુદ્ધિથી વીતરાગ થવાના અર્થી હોવા છતાં તપ-ત્યાગાદિ કરીને પણ કષાયોને પુષ્ટ, પુષ્ટતર કરી લે છે અને પોતે આત્મહિત

સાધે છે, તેવો મિથ્યા ભ્રમ કરે છે. તે સર્વનું કારણ ચિત્તવૃત્તિમાં વર્તતો અંધકાર છે. તેથી પ્રથમ જ્ઞાનરૂપી પ્રકાશથી ચિત્તવૃત્તિને અંધકાર વગરની કરવી જોઈએ. ત્યારપછી મહામોહાદિ બલને હણવું જોઈએ અને ક્ષયોપશમભાવની પરિણતિરૂપ ચારિત્રધર્માદિ બલનું પોષણ કરવું જોઈએ. જગતના હિતને કરનારી ભગવાનની આટલી આજ્ઞા છે. **॥૩૨૦॥**

**શ્લોક :-**

**ध्यानेन ब्रह्मविधिना, स्तवेन व्रतचर्यया ।**
**इयमाराध्यते शिष्टैर्दुष्टाचारैर्विराध्यते ।।३२१।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનથી, બ્રહ્મવિધિથી, સ્તવનથી, વ્રતચર્યાથી શિષ્ટ પુરુષો દ્વારા આ=આજ્ઞા, આરાધન કરાય છે. દુષ્ટ આચારોથી વિરાધના કરાય છે.**

મોહાદિ શત્રુઓના નાશ અર્થે અને ચારિત્રધર્માદિની પુષ્ટિ અર્થે શિષ્ટ પુરુષો પરમ ગુરુનું પારમાર્થિક સ્વરૂપ સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકન કરીને, તેમાં એકાગ્ર થવા યત્ન કરે છે. જેનાથી ચિત્તવૃત્તિ નિર્દ્વંદ્વ અવસ્થાને અભિમુખ અભિમુખતર બને છે, જેનાથી મોહાદિ શત્રુઓ ક્ષીણ થાય છે અને ચારિત્રધર્મરાજા પુષ્ટ થાય છે. વળી, બ્રહ્મવિધિથી=સિદ્ધ અવસ્થારૂપ બ્રહ્મતુલ્ય થવાની વિધિથી ભગવાનની આજ્ઞાની આરાધના થાય છે. વળી, પરમ ગુરુના પારમાર્થિક સ્વરૂપનું સ્મરણ કરીને તેમની સ્તુતિ કરવાથી તેમના ગુણોને અભિમુખ જીવનું વીર્ય ઉલ્લસિત થાય છે. તેથી ભગવાનની આજ્ઞાનું આરાધન થાય છે. વળી, સ્વશક્તિ અનુસાર મહાવ્રતો કે અણુવ્રતો અપ્રમાદથી સેવવામાં આવે તો તેમની આજ્ઞાની આરાધના થાય છે અને મહાવ્રતો કે અણુવ્રતો દુષ્ટ રીતે આચરવામાં આવે કે સંસારની દુષ્ટ પ્રવૃત્તિ કરવામાં આવે તેનાથી આજ્ઞાની વિરાધના થાય છે. **॥૩૨૧॥**

**શ્લોક :-**

**तां च यो यावतीं धीमानाराधयति सर्वदा ।**
**अजानतोऽपि तद्रूपं, तस्य तावद् भवेद् सुखम् ।।३२२।।**

**શ્લોકાર્થ :-**

**અને તેના રૂપને નહિ જાણતો પણ જે ધીમાન=બુદ્ધિમાન પુરુષ, તેને=આજ્ઞાને, જેટલી સર્વદા આરાધન કરે છે, તેને તેટલું સુખ થાય છે. ।।૩૨૨।।**

**શ્લોક :-**

**यो यावत् कुरुते मूढस्तदाज्ञाया विराधनम् ।**
**तावद् दुःखं भवेत् तस्य, तद्रूपावेदिनोऽपि हि ।।३२३।।**

**શ્લોકાર્થ :-**

**તેના રૂપને નહિ જાણનારો પણ=ભગવાનની આજ્ઞાના સ્વરૂપને નહિ જાણનારો પણ, જે મૂઢ જેટલી તેમની આજ્ઞાની વિરાધના કરે છે, તેને=તે પુરુષને, તેટલું દુઃખ થાય છે.**

નંદિવર્ધનના પૂર્વના હાથીના ભવમાં નહિ જાણતાં પણ પોતાના અનુચિત વર્તન પ્રત્યે હાથીના જીવને જે પશ્ચાત્તાપ થયો તે પોતાના મોહાદિના શત્રુઓના નાશને અનુકૂળ વ્યાપારરૂપ મધ્યસ્થ પરિણતિ હતી, તેથી અજાણતાં પણ તેણે જેટલી આજ્ઞાની આરાધના કરી તેના ફળરૂપે તેટલું સુખ તેને નંદિવર્ધનના ભવમાં મળ્યું અને મૂઢતાને વશ નંદિવર્ધનના ભવને પામીને હિંસાદિ કૃત્યો કરીને જેટલી ભગવાનની આજ્ઞાની વિરાધના કરી, તેટલું તેનું દુઃખરૂપ ફળ તેને પ્રાપ્ત થયું. ફક્ત જે લોકો આજ્ઞાના પારમાર્થિક સ્વરૂપને જાણે છે અને વિરાધનાના પારમાર્થિક સ્વરૂપને જાણે છે, તે સુખપૂર્વક શક્તિના પ્રકર્ષથી તેને સેવીને સુખની પરંપરાની પ્રાપ્તિ કરે છે. જેમ આજ્ઞાને નહીં જાણનાર મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા કરીને ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું. જેનાથી મેઘકુમારનો ભવ પ્રાપ્ત થયો અને મેઘકુમારના ભવમાં ભગવાનની આજ્ઞાના પરમાર્થને જાણીને સુવિશુદ્ધ સંયમ પાલન કરીને અનુત્તરદેવમાં જાય છે. તેથી આજ્ઞાનો સમ્યક્ બોધ કરવાથી તેનું સમ્યક્પાલન સુકર બને છે. જેથી સુખની પરંપરાની પ્રાપ્તિ થાય છે અને મૂઢ જીવો માત્ર ધર્મની બાહ્ય આચરણા કરે છે અને તેના દ્વારા પણ કષાયોને પોષે છે, તેઓ આજ્ઞાની વિરાધના કરીને તેના ફળરૂપ દુરંત દુઃખની પરંપરાને પ્રાપ્ત કરે છે. **।।૩૨૩।।**

**શ્લોક :-**

**तदाज्ञालङ्घनाद् दुःखं, तदाज्ञाकरणात् सुखम् ।**
**ततः स निर्वृतिस्थोऽपि, जगतां हेतुरुच्यते ।।३२४।।**

**શ્લોકાર્થ :-**

**તેમની આજ્ઞાના લંઘનથી દુઃખ છે=ઉલ્લંઘનથી દુઃખ છે અને તેમની આજ્ઞાના કરણથી સુખ છે. તેથી નિર્વૃતિમાં રહેલો પણ તે=પરમેશ્વર, જગતનો હેતુ કહેવાય છે. ।।૩૨૪।।**

**શ્લોક :-**

**शुभाशुभानां कार्याणामतस्ते गुणधारण ! ।**
**स एव परमो हेतुरिष्यते नात्र संशयः ।।३२५।।**

**શ્લોકાર્થ :-**

**આથી હે ગુણધારણકુમાર ! તારાં શુભાશુભ કાર્યોનો=પરમેશ્વર જ, પરમ હેતુ ઈચ્છાય છે, એમાં સંશય નથી. ।।૩૨૫।।**

**શ્લોક :-**

**पूर्वं तदाज्ञालोपात् ते, जाता दुःखपरम्परा ।**
**अधुना सुखलेशोऽयमीदृशस्ते विधायिनः ।।३२६।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં=અનંતકાળમાં, તેમની આજ્ઞાના લોપથી=પરમેશ્વરની આજ્ઞાના લોપથી, તને દુઃખોની પરંપરા થઈ. હમણાં કરનાર=આજ્ઞાને કરનાર, એવા તારું આવા પ્રકારનું આ સુખ લેશ છે.**

ગુણધારણકુમાર પોતાનાં સર્વ કાર્યોમાં પોતે મુખ્ય હેતુ હોવા છતાં ભગવાનની આજ્ઞાના પાલનથી અને આજ્ઞાના વિરાધનથી ગુણધારણકુમારના જીવનાં સર્વ કાર્યો થતાં હતાં. તેથી આજ્ઞા દેનાર પરમ ગુરુ મુખ્ય હેતુ છે, એ પ્રકારે કહેવાય છે અને ગુણધારણકુમારે પૂર્વના ભવોમાં જે આજ્ઞાનો લોપ કર્યો તેનાથી જ સર્વ

દુઃખની પરંપરા થઈ અને પછીના ભવોમાં જે અંશથી આજ્ઞાનું પાલન કર્યું, તેનાથી દેવગતિ આદિ સુખની પરંપરા પ્રાપ્ત થઈ. **॥૩૨૬॥**

**શ્લોક :-**

**यदा तु तस्य सम्पूर्णामाज्ञामाराधयिष्यति ।**
**तदा प्रकृष्टं यद् भावि, सुखं तद् ज्ञास्यसि स्वयम् ।।३२७।।**

**શ્લોકાર્થ :-**

**વળી જ્યારે તેમની=પરમેશ્વરની, આજ્ઞાનું સંપૂર્ણ આરાધન કરીશ, ત્યારે જે પ્રકૃષ્ટ સુખ થશે, તેને તું સ્વયં જાણીશ. ॥૩૨૭॥**

**શ્લોક :-**

**प्रधानगुणभावेन, तदेते हेतवोऽखिलाः ।**
**मिलिताः कुर्वते कार्यं, न त्वेकेनापि वर्जिताः ।।३२८।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=અત્યારસુધી ગુણધારણકુમારમાં થતાં સર્વ કાર્યો પ્રત્યે અંતરંગ ચાર કારણો કઈ રીતે કારણ છે અને પોતે કઈ રીતે મુખ્ય કારણ છે અને કઈ રીતે ભગવાનની આજ્ઞા કારણ છે તે બતાવ્યું તે કારણથી, પ્રધાન ગુણભાવથી મિલિત એવા આ બધા હેતુઓ કાર્યને કરે છે, પરંતુ એકથી પણ વર્જિત બધા હેતુ કાર્ય કરતા નથી. ॥૩૨૮॥**

**શ્લોક :-**

**मयोक्तं कार्यसामग्री, सम्पूर्णेयं निवेदिता ।**
**सूरिराह महाराज !, प्रायशः प्रतिपादिता ।।३२९।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણકુમાર વડે, કહેવાયું. સંપૂર્ણ આ કાર્યની સામગ્રી નિવેદન કરાઈ. સૂરિ કહે છે, હે મહારાજ ! પ્રાયશઃ પ્રતિપાદન કરાઈ. ॥૩૨૯॥**

શ્લોક :-

अन्तर्भावोऽवशिष्टानां, हेतूनामत्र कीर्त्यते ।
यथा यदृच्छानियती, प्रविष्टे भवितव्यताम् ।।३३०।।

શ્લોકાર્થ :-

**અવશિષ્ટ હેતુઓનો=બતાવેલાં કારણોથી અવશિષ્ટ હેતુઓનો, આમાં=બતાવેલાં કારણોમાં, અંતર્ભાવ કરાય છે. જે પ્રમાણે યદૃચ્છા અને નિયતિ ભવિતવ્યતામાં પ્રવેશ પામેલ છે.**

જેમ ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાય કહેવામાં આવે ત્યારે દ્વેષ, ઈર્ષ્યા આદિનો અંતર્ભાવ ક્રોધમાં થાય છે તોપણ કંઈક સ્વરૂપથી તે પૃથક્ છે, તેમ યદૃચ્છા, નિયતિ અને ભવિતવ્યતા કંઈક પૃથક્ છે તોપણ તે બંનેનો ભવિતવ્યતામાં અંતર્ભાવ છે. આથી યદૃચ્છા એટલે જીવની તે પ્રકારની સ્વતંત્ર ઇચ્છા અને જીવની તે પ્રકારની નિયતિ તે નિયતિ છે અને જીવ ભવિતવ્ય છે તેથી જીવમાં તે પ્રકારની ભવિતવ્યતા છે. તે રીતે યદૃચ્છા, નિયતિ, ભવિતવ્યતા પૃથક્ છે તોપણ ભવિતવ્યતામાં અંતર્ભાવ પામે છે. **॥૩૩૦॥**

શ્લોક :-

ततोऽहं गतसन्देहस्तत् स्वीकृत्य गुरोर्वचः ।
तं परं पृष्टवान् चित्ते, संदेहं प्राग् वितर्कितम् ।।३३१।।

શ્લોકાર્થ :-

**ત્યારપછી ગતસંદેહવાળો હું ગુરુના તે વચનને સ્વીકારીને પૂર્વમાં ચિત્તમાં વિતર્કિત એવા તે બીજા સંદેહને મેં પૂછ્યું. ॥૩૩૧॥**

શ્લોક :-

भूमौ व्योम्नि च सस्पर्द्धं नभश्चरबलद्वयम् ।
स्तम्भितं केन भगवंस्तदा रणरसोद्धतम् ।।३३२।।

શ્લોકાર્થ :-

**ભૂમિમાં અને આકાશમાં સ્પર્ધાવાળાં યુદ્ધના રસથી ઉદ્ધત તે વિદ્યાધરનાં બે બલને ત્યારે કોના વડે હે ભગવાન ! સ્તંભિત કરાયાં ? ॥૩૩૨॥**

**શ્લોક :-**

**सूरिर्बभाषे तत्रापि, हेतुः पुण्योदयस्तव ।**
**परमस्तस्य माहात्म्यात् प्रसन्ना वनदेवता ।।३३३।।**

**શ્લોકાર્થ :-**

**સૂરિ બોલ્યા, ત્યાં પણ=વિદ્યાધરોનાં બે બલના સ્તંભનમાં પણ, તારો પુણ્યોદય પ્રધાન હેતુ છે. તેના માહાત્મ્યથી=પુણ્યોદયના માહાત્મ્યથી, વનદેવતા પ્રસન્ન થયા. ।।333।।**

**શ્લોક :-**

**तया बलद्वयं सद्यः, स्तम्भितं रक्षिता मृतिः ।**
**त्वदिच्छया खेचराणां, मुक्तास्ते शान्तविग्रहाः ।।३३४।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે શીઘ્ર બે બલ સ્તંભિત કરાયાં, તારી ઇચ્છાથી ખેચરોના મૃત્યુનું રક્ષણ કરાયું, શાંત વિગ્રહવાળા તેઓ મુકાયા.**

વનદેવતાએ તે કાર્ય કર્યું તોપણ પ્રધાન હેતુ જીવનું પુણ્ય જ છે. તેથી જીવનું કોઈ હિત કરે કે અહિત કરે તો તે હિત કરનાર કે અહિત કરનાર નિમિત્ત માત્ર છે. પરંતુ પ્રધાન હેતુ તે જીવનો તે પ્રકારનો પુણ્યોદય કે તે પ્રકારનો પાપોદય છે. **।।33૪।।**

**શ્લોક :-**

**तयाऽपि यत् कृतं कार्यं, ज्ञेयं पुण्योदयस्य तत् ।**
**अयमेव हि सत्कार्ये, बाह्यहेतुप्रचोदकः ।।३३५।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે પણ=વનદેવતા વડે પણ, જે કાર્ય કરાયું તે પુણ્યોદયનું જાણવું. हि=જે કારણથી, આ જ=પુણ્યોદય જ, સત્ કાર્યમાં=જીવને અનુકૂળ હોય તેવા કાર્યમાં, બાહ્ય હેતુનો=વનદેવતાદિ બાહ્ય નિમિત્ત કારણનો, પ્રચોદક છે. ।।33૫।।**

શ્લોક :-

पुण्यपापोदयौ तस्मान्मुख्यहेतू शुभाशुभे ।
निमित्तमात्रं बाह्यास्तु, पदार्था गुणधारण ! ।।३३६।।

શ્લોકાર્થ :-

તે કારણથી હે ગુણધારણ ! શુભાશુભ કાર્યમાં મુખ્ય હેતુ પુણ્યનો અને પાપનો ઉદય છે. વળી બાહ્ય પદાર્થો નિમિત્ત માત્ર છે. ।।૩૩૬।।

શ્લોક :-

मयोक्तं भगवन् ! नष्टोऽधुना मे संशयोऽखिलः ।
बुद्धं च तत्त्वं यत् पूर्वं, सुस्थिताज्ञाविलङ्घनात् ।।३३७।।
तैः कर्मपरिणामाद्यैर्महामोहादिपोषिभिः ।
क्रुद्धैः प्रचोदितात् पापोदयाद् दुःखं बभूव मे ।।३३८।।

શ્લોકાર્થ :-

મારા વડે કહેવાયું. હે ભગવાન ! હમણાં મારો અખિલ સંશય નાશ પામ્યો અને તત્ત્વનો બોધ થયો. જે કારણથી પૂર્વમાં સુસ્થિત રાજાની આજ્ઞાના વિલંઘનથી મહામોહાદિને પોષનારા, ક્રોધ પામેલા એવા તે કર્મપરિણામાદિ વડે પ્રેરણા કરાયેલા પાપોદયથી મને દુઃખ થયું. ।।૩૩૭-૩૩૮।।

શ્લોક :-

यदा स्वयोग्यतापेक्षसुस्थितानुग्रहान्मम ।
जातं ज्ञानं कृतः पोषश्चारित्रादिबलस्य च ।।३३९।।
तैः कर्मपरिणामाद्यैरनुकूलैस्तदा मम ।
प्रौढपुण्योदयद्वारा, दाप्यते सुखमालिका ।।३४०।।

શ્લોકાર્થ :-

જ્યારે સ્વયોગ્યતાની અપેક્ષાવાળા સુસ્થિતના અનુગ્રહથી મને જ્ઞાન

થયું અને ચારિત્રાદિ બલનું પોષણ કરાયું, ત્યારે તે અનુકૂલ એવા કર્મપરિણામાદિ વડે મને પ્રૌઢ પુણ્યોદય દ્વારા સુખની માલિકા અપાય છે. ॥૩૩૯-૩૪૦॥

શ્લોક :-

केवलं भगवद्भिर्यत्, प्रोक्तं पुण्योदयेन ते ।
ईदृक् सुखलवो दत्तस्तत्र मे कौतुकं महत् ।।३४१।।

શ્લોકાર્થ :-

કેવલ ભગવાન વડે જે કહેવાયું. તારા પુણ્યોદય વડે આવા પ્રકારનો સુખલવ અપાયો, તેમાં મને મહાન કૌતુક છે. ॥૩૪૧॥

શ્લોક :-

यतो यस्मिन् दिने लब्धा, मया मदनमञ्जरी ।
दिव्यरत्नसमूहाश्च, भाभिर्भानुसनाभयः ।।३४२।।

શ્લોકાર્થ :-

જે કારણથી જે દિવસે મારા વડે મદનમંજરી પ્રાપ્ત કરાઈ, તેજથી સૂર્ય સમાન દિવ્ય રત્નના સમૂહો પ્રાપ્ત કરાયા. ॥૩૪૨॥

શ્લોક :-

चिन्तामात्रेण शमितं, खेचराणां च विड्वरम् ।
बन्धूभूता मिथस्ते च, प्रपन्ना मम भृत्यताम् ।।३४३।।

શ્લોકાર્થ :-

ચિંતા માત્રથી=વિચારણા માત્રથી, ખેચરોનું યુદ્ધ શાંત કરાયું, તેઓ પરસ્પર બંધુભૂત થયા અને મારા સેવકો થયા. ॥૩૪૩॥

શ્લોક :-

ताताम्बादिमनस्तोषः, कृतस्तैः खेचरैः सह ।
प्राप्तो महोत्सवैर्गेहं, गीतं सर्वैर्यशश्च मे ।।३४४।।

શ્લોકાર્થ :-

માતા-પિતાદિના મનને તોષ કરાયો. તે ખેચરો સાથે મહાઉત્સવોથી ગૃહને પ્રાપ્ત કર્યું અને સર્વો વડે મારો યશ ગવાયો. ॥૩૪૪॥

શ્લોક :-

तद्दिनं मे महानन्दात्, प्रतिभातं सुधामयम् ।
वर्धमाने च मदनमञ्जरीस्नेहपादपे ।।३४५।।
जाते कन्दमुनीन्द्रस्य, दर्शने मित्रतां गते ।
साते सदागमे श्राद्धधर्मे सम्यक्त्वभाजि च ।।३४६।।
राज्ये परिणतेऽत्यन्तं, यः सुखातिशयोऽजनि ।
जाता तेन ममावज्ञा, स्वर्गलोकसुखेष्वपि ।।३४७।।

શ્લોકાર્થ :-

મહાનંદથી તે દિવસ મને સુધામય પ્રતિભાસ થયો અને મદનમંજરીનું સ્નેહરૂપી વૃક્ષ વધ્યે છતે કંદ મુનીન્દ્રના દર્શન થયે છતે, શાતા, સદાગમ, સમ્યક્ત્વને ભજનાર શ્રાદ્ધધર્મ મિત્રતાને પ્રાપ્ત થયે છતે, રાજ્ય અત્યંત પરિણત થયે છતે=અંતરંગ ભાવરાજ્ય અતિશયથી પરિણત થયે છતે, જે સુખનો અતિશય થયો તેનાથી=તે સર્વ સુખરાશિથી, સ્વર્ગલોકના સુખમાં પણ મને અવજ્ઞા થઈ. ॥૩૪૫થી ૩૪૭॥

શ્લોક :-

भगवत्यधुना दृष्टे, तथा भक्त्याऽभिवन्दिते ।
नष्टे च चित्तसन्देहे, यत् सुखं तद् वचोऽतिगम् ।।३४८।।

શ્લોકાર્થ :-

હમણાં ભગવાન જોવાયે છતે=નિર્મલસૂરિ જોવાયે છતે અને ભક્તિથી વંદન કરાયે છતે અને ચિત્તનો સંદેહ નાશ થયે છતે જે સુખ છે તે વચનથી અતીત છે. ॥૩૪૮॥

શ્લોક :-

तत् कथं सुखलेशो मे, भगवद्भिर्निवेदितः ।
अस्मिन् सुखलवे पूर्णं, सुखं किन्नु भविष्यति ।।३४९।।

શ્લોકાર્થ :-

તે કારણથી કેવી રીતે ભગવાન વડે મને સુખનો લેશ નિવેદન કરાયો, આ સુખલવ હોતે છતે શું પૂર્ણ સુખ થશે ?=અન્ય પ્રકારના અતિશયથી કેવા પ્રકારનું પૂર્ણ સુખ મને થશે ? એ પ્રમાણે ગુણધારણકુમાર વિતર્ક કરે છે. ।।૩૪૯।।

શ્લોક :-

सूरिराह महाराज !, यदा त्वं परिणेष्यसि ।
दश कन्यास्तदा पूर्णं, ज्ञास्यसेऽनुभवेन तत् ।।३५०।।

શ્લોકાર્થ :-

સૂરિ કહે છે, હે મહારાજ ! જ્યારે તું દશ કન્યાને પરણીશ ત્યારે અનુભવથી પૂર્ણ તેને=સુખને તું જાણીશ. ।।૩૫૦।।

શ્લોક :-

तत्प्रेमपरिणामोत्थनर्मशर्मव्यपेक्षया ।
तवायमधुना शर्मलेश एवावसीयते ।।३५१।।

શ્લોકાર્થ :-

તેના પ્રેમપરિણામથી ઊઠેલા=દશ કન્યાના પ્રેમપરિણામથી ઊઠેલા, સ્નેહના સુખની અપેક્ષાથી તારું હમણાં આ સુખ લેશ જ જણાય છે.

જે અત્યંત પ્રેમાળ સ્ત્રીઓનાં મધુર વચનોથી સંસારી જીવોને સુખ થાય છે, તેમ આત્માને ક્ષાંતિ આદિ દશ કન્યાઓ પ્રાપ્ત થાય છે અને જેમ જેમ તે આત્મસાત્ થાય છે, તેમ તેમ જે સુખ થાય છે તેની અપેક્ષાએ તારું આ સુખ લેશ જ જણાય છે. એમ નિર્મલસૂરિ ગુણધારણકુમારને કહે છે; કેમ કે વર્તમાનમાં અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયોપશમજન્ય સુખ છે અને દશ કન્યાની

પ્રાપ્તિ પછી સોળે કષાયોના ક્ષયોપશમજન્ય સુખ થશે અને તે પ્રવર્ધમાન જ્યારે સોળે કષાયોનો ક્ષય થશે ત્યારે વીતરાગતાનું સુખ થશે, તે સર્વ સુખ આગળ તારું હમણાંનું સુખ લેશ જ જણાય છે. **II૩૫૧II**

**શ્લોક :-**

**ततो मयोक्तं भगवन् !, कान्तां मदनमञ्जरीम् ।**
**त्यक्त्वैनामपि शिष्यस्ते, भविष्यामीति मेऽस्ति धीः ।।३५२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=નિર્મલસૂરિએ આ પ્રમાણે કહ્યું તેથી, મારા વડે=ગુણધારણ વડે, કહેવાયું. આ પણ મદનમંજરી સ્ત્રીને છોડીને તમારો શિષ્ય હું થઈશ, એ પ્રમાણે મારી બુદ્ધિ છે. ।।૩૫૨।।**

**શ્લોક :-**

**दश कन्या भवत्प्रोक्ताः, परिणेष्यामि तत् कथम् ।**
**भगवानाह तव ता, विना प्रव्रजितेन किम् ।।३५३।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=હું તમારો શિષ્ય થઈશ તે કારણથી, તમારા વડે કહેવાયેલી દશ કન્યા હું કેવી રીતે પરણીશ ? ભગવાન કહે છે, તેઓના વગર=દશ કન્યાની પ્રાપ્તિ વગર, તને દીક્ષા લેવાથી શું ? ।।૩૫૩।।**

**શ્લોક :-**

**वयं प्रव्राजयिष्यामो, भवन्तं ताभिरन्वितम् ।**
**तादृश्यो हि कुटुम्बिन्यस्त्यागार्हा न कदाचन ।।३५४।।**

**શ્લોકાર્થ :-**

**અમે તેઓથી અન્વિત=દશ કન્યાઓથી અન્વિત, તને પ્રવ્રજ્યા આપીશું. हि=જે કારણથી, તેવા પ્રકારની કુટુંબિનીઓ=દશ કન્યાઓ રૂપ કુટુંબિનીઓ, ક્યારેય ત્યાગયોગ્ય નથી.**

નિર્મલસૂરિએ કહ્યું કે દશ કન્યાને પરણ્યા પછી તને શ્રેષ્ઠ સુખ થશે, તે સાંભળીને ગુણધારણકુમાર કહે છે – વર્તમાનની મારી સ્ત્રીનો ત્યાગ કરીને તમારો શિષ્ય થવા હું ઇચ્છું છું તો પછી અન્ય કન્યાઓને પરણીને મને અતિશય સુખ થશે, તે કઈ રીતે સંભવે ? તેથી તે કન્યાઓને પરણવું મને ઉચિત નથી. તેના ઉત્તરરૂપે ગુરુ કહે છે – તે કન્યાઓને પરણ્યા વગર પ્રવ્રજ્યા લેવાથી શું ?=તે કન્યાઓને તું પરણીશ ત્યારપછી જ તને પ્રવ્રજ્યા લેવી ઉચિત છે, અને અમે પણ તે કન્યાઓથી યુક્ત તને પ્રવ્રજ્યા આપશું; કેમ કે ક્ષમાદિભાવો રૂપ તે કન્યાઓ પ્રવ્રજ્યાકાળમાં ત્યાગયોગ્ય નથી; પરંતુ બાહ્ય સ્ત્રીઓ જ ત્યાગયોગ્ય છે. તેથી દશ કન્યાઓથી યુક્ત પ્રવ્રજ્યાકાળમાં તને શ્રેષ્ઠ સુખ થશે. **॥૩૫૪॥**

**શ્લોક :-**

**तच्छ्रुत्वाऽहं गुरुर्ब्रूते, किमेतदिति विस्मितः ।**
**ततः कन्दमुनिः प्राह, का नु कन्या भदन्त ! ताः ।।३५५।।**

**શ્લોકાર્થ :-**

**તે સાંભળીને=ગુરુનું તે વચન સાંભળીને, ગુરુ આ શું કહે છે એ પ્રમાણે હું વિસ્મિત થયો=દીક્ષા ગ્રહણ કર્યા પછી દશ કન્યાઓ સાથે રાખવાની છે એ પ્રમાણે ગુરુ શું કહે છે એ પ્રમાણે હું વિસ્મિત થયો. તેથી=ગુણધારણકુમારના ચિત્તમાં વિસ્મય જોયો તેથી, કંદમુનિ કહે છે, હે ભદન્ત ! તે કન્યાઓ કઈ છે ? ॥૩૫૫॥**

**શ્લોક :-**

**भगवानाह नगरं, चेतःसौन्दर्यमस्ति यत् ।**
**राजा शुभाशयस्तत्र, विद्येते द्वे च तत्प्रिये ।।३५६।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન કહે છે=નિર્મલસૂરિ કહે છે. જે ચિત્તસૌંદર્ય નામનું નગર છે, ત્યાં શુભાશય નામનો રાજા છે. તેની બે પ્રિયા વિદ્યમાન છે.**

જીવના પરિણામરૂપ ચિત્તસૌંદર્ય નગર છે. તેથી જીવ જયારે તત્ત્વને અભિમુખ

બને છે, તે ચિત્તસૌંદર્ય છે અને જ્યારે તત્ત્વની શુભ વિચારણા કરે છે, તે શુભાશય નામનો રાજા છે અને તેની બે પત્ની છે. **॥૩૫૬॥**

**શ્લોક :-**

**स्थिरताशान्तते नाम, कन्ये क्षान्तिदये तयोः ।**
**मनोनैर्मल्यसंज्ञानं, तथाऽस्ति नगरं परम् ।।३५७।।**

**શ્લોકાર્થ :-**

**સ્થિરતા અને શાંતતા નામની બે પત્ની છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. તે બેને=સ્થિરતા અને શાંતતાને, ક્ષાંતિ અને દયા નામની બે કન્યા છે અને મનોનૈર્મલ્ય નામનું બીજું નગર છે.**

જીવમાં પારમાર્થિક હિતને અનુકૂળ શુભાશય પ્રગટે છે અને તેના કારણે પોતાના નિરાકુળ સ્વભાવમાં સ્થિરતા આવે છે. શુભાશય અને સ્થિરતાના યોગથી ક્ષાંતિ નામની પરિણતિ પ્રગટે છે. શુભાશયવાળો જીવ પોતાના નિરાકુળ સ્વભાવમાં સ્થિરતાને પામે ત્યારે નિમિત્તોને પામીને પણ ક્રોધ ન થાય તેવો ક્ષમાસ્વભાવ વર્તે છે. વળી શુભાશય અને શાંતતાને કારણે બધા જીવો પ્રત્યે દયા પ્રગટે છે=હું કોઈ જીવને પીડા ન કરું, કોઈના પ્રાણ નાશ ન કરું અને કોઈના કષાયનો ઉદ્રેક ન કરું, તેવો સર્વ જીવો પ્રત્યે દયાનો પરિણામ પ્રગટે છે, તે બે કન્યા છે=ક્ષાંતિ અને દયા નામની બે કન્યાઓ છે. આ રીતે એક નગર, તેનો રાજા અને તેની પત્નીથી થયેલી બે કન્યાઓ બતાવી. હવે મનોનૈર્મલ્ય નામનું બીજું નગર છે. ત્યાં રાજા વગેરે કોણ તે બતાવે છે. **॥૩૫૭॥**

**શ્લોક :-**

**राजा हिताशयस्तत्र, नम्रतापूर्णताऽभिधे ।**
**देव्यौ तस्य तयोः कन्ये, मृदुतासत्यताभिधे ।।३५८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=મનોનૈર્મલ્ય નામના નગરમાં, હિતાશય નામનો રાજા છે. તેની=હિતાશયની, નમ્રતા અને પૂર્ણતા નામની બે દેવીઓ છે, તે બેની મૃદુતા અને સત્યતા નામની બે કન્યા છે.**

જીવમાં મનનું નિર્મલપણું પ્રગટે છે. જેથી આત્મહિતની ચિંતા પ્રગટે છે અને મન નિર્મલ થયા પછી હું મારું કઈ રીતે હિત કરું, તેની ઉચિત વિચારણા પ્રગટે છે, તે હિતાશય છે. વળી, ગુણો તરફ જીવ નમ્ર બને છે. તેનાથી મૃદુતા પ્રગટે છે અને આત્મા ગુણોથી પૂર્ણ છે, તેવો બોધ થવાથી સત્યતા પ્રગટે છે; કેમ કે બાહ્ય પદાર્થોમાં મોહને વશ જ જીવ ગુણો તરફ નમતો નથી, માનથી ફુલાય છે. ગુણોને જોવાનું નિર્મલ મન પ્રગટે તો તે જીવ નમ્ર બને છે. જેનાથી માનથી વિપરીત મૃદુતા આવે છે. વળી, જીવને હિતાશય પ્રાપ્ત થાય અને પોતે ગુણોથી પૂર્ણ છે તેવો બોધ થાય ત્યારે તે ગુણોને પ્રગટ કરવા જ યત્ન કરે છે તેથી અસત્યભાષણ ક્યારેય કરતો નથી. તેથી મન નિર્મલ થયા પછી હિતાશયની સાથે નમ્રતા અને પૂર્ણતાના યોગથી જીવમાં મૃદુતા અને સત્યતાની પરિણતિ પ્રગટે છે, જે બે કન્યા છે. **॥૩૫૮॥**

**શ્લોક :-**

**तथाऽन्यदस्ति नगरं, स्वान्तवैशद्यसंज्ञकम् ।**
**राजा रुच्याशयस्तत्र, तद्भार्ये शुद्धिशिष्टते ।।३५९।।**

**શ્લોકાર્થ :-**

**અને સ્વઅંતઃકરણના વૈશદ્ય સંજ્ઞાવાળું બીજું નગર છે. ત્યાં રુચિઆશય નામનો રાજા છે. તેની શુદ્ધિ અને શિષ્ટતા નામની બે પત્નીઓ છે. ॥૩૫૯॥**

**શ્લોક :-**

**ऋजुताऽचौरते नाम, द्वे कन्ये तत्तनूद्भवे ।**
**परं भावप्रसादाख्यं, पुरमस्ति मनोहरम् ।।३६०।।**

**શ્લોકાર્થ :-**

**તેમના તનુથી ઉદ્ભવ=શુદ્ધિ અને શિષ્ટતાના શરીરથી ઉદ્ભવ, ઋજુતા અને અચૌરતા નામની બે કન્યા છે. બીજું ભાવપ્રસાદ નામનું મનોહર નગર છે.**

જીવનું સ્વઅંતઃકરણ વિશદ બને છે ત્યારે જિનવચનાનુસાર દૃઢ પ્રયત્ન

કરવારૂપ રુચિનો આશય પ્રગટે છે અને તે આશય પ્રગટ્યા પછી તે પ્રકારે કરવાને અનુકૂળ શુદ્ધિ પ્રગટે ત્યારે તેમાંથી ઋજુતા પ્રગટે છે અને શિષ્ટતા પ્રગટે=ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને વહન કરવાની શિષ્ટતા વર્તે ત્યારે અચૌરતા પ્રગટે છે; કેમ કે તીર્થંકર આદિ ચારે અદત્તનો જીવ પરિહાર કરે છે, ત્યારે જ અચૌરતા પ્રગટે છે. વળી, બીજું ભાવપ્રસાદ નામનું નગર છે. **॥૩૬૦॥**

**શ્લોક :-**

**राजा शुद्धाशयस्तत्र, तस्यात्मरतिरुच्यते ।**
**देव्यौ कन्ये तयोर्धन्ये, द्वे ब्रह्मरतिमुक्तते ।।३६१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=ભાવપ્રસાદ નગરમાં, શુદ્ધાશય રાજા છે. તેની=શુદ્ધાશયની, આત્મરતિ અને રુચ્યતા બે દેવીઓ છે. તે બેને=શુદ્ધાશયને અને આત્મરતિને, બે કન્યા છે. ધન્ય એવી બ્રહ્મરતિ અને મુક્તતા.**

જીવ પોતાના ઉત્તમ ભાવોને પ્રસાદ કરે તેવી પરિણતિ તે ભાવપ્રસાદ છે અને તેવી પરિણતિવાળો જીવ જ્યારે શુદ્ધાશયવાળો થાય છે ત્યારે તેને આત્માના નિરાકુળ સ્વભાવમાં રતિ વર્તે છે, અન્યત્ર રતિ વર્તતી નથી. તેથી નિરાકુળ સ્વભાવ પ્રગટ થાય તે રીતે જ સંયમની સર્વ ક્રિયાઓ કરે છે. તેના કારણે બ્રહ્મરૂપ જે આત્માનું સ્વરૂપ છે, તેમાં જ તેની રતિ વર્તે છે, અન્યત્ર નહીં અને સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષથી તે જીવ મુક્ત બને છે. તેથી મુક્તતા પરિણતિ વર્તે છે. **॥૩૬૧॥**

**શ્લોક :-**

**अन्या च मानसी सम्यग्दर्शनेन विनिर्मिता ।**
**स्ववीर्येणास्ति विद्याख्या, कन्या सन्न्यायवासभूः ।।३६२।।**

**શ્લોકાર્થ :-**

**સમ્યગ્દર્શન વડે સ્વવીર્યથી નિર્માણ કરાયેલી સન્ન્યાયના વાસની ભૂમિ એવી વિદ્યા નામની અન્ય માનસી કન્યા છે.**

જીવમાં સમ્યગ્દર્શન અત્યંત નિર્મળ પ્રગટે છે, ત્યારે જગતના સર્વ પદાર્થો ઇન્દ્રજાળ જેવા ભાસે છે અને પોતાનું વીતરાગગામી ચિત્ત જ તેને તત્ત્વરૂપ ભાસે છે. તે વિદ્યા નામની માનસી કન્યા છે=માનસી પરિણતિ છે. જે સદ્ન્યાયના વાસની ભૂમિ છે=સર્વ ઉચિત પ્રવૃત્તિની ભૂમિ છે. **॥૩૬૨॥**

**શ્લોક :-**

**चारित्रधर्मराजस्य, देव्याश्च विरतेः परा ।**
**अस्ति कुक्षिसमुद्भूता, कन्या नाम्ना निरीहता ।।३६३।।**

**શ્લોકાર્થ :-**

**અને ચારિત્રધર્મરાજાની વિરતિ નામની દેવીની કુક્ષિથી સમુદ્ભૂત નિરીહતા નામની શ્રેષ્ઠ કન્યા છે.**

જીવમાં ચારિત્રની પરિણતિ પ્રગટે છે, ત્યારે પાપનો વિરામ થાય છે, ત્યારે વીતરાગતા સિવાય અન્ય કોઈ ઇચ્છા ન હોય તેવી નિરીહતા નામની પરિણતિ પ્રગટે છે. **॥૩૬૩॥**

**શ્લોક :-**

**वासाभिजननामानि, तदेवं कीर्तितानि ते ।**
**दशानामपि कन्यानामार्यकन्दमुने ! स्फुटम् ।।३६४।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે હે આર્ય ! કંદમુનિ ! તને દશેય પણ કન્યાઓના વાસ=નિવાસસ્થાન અને અભિજનોનાં નામો સ્પષ્ટ કહેવાય. ।।૩૬૪।।**

**શ્લોક :-**

**ततः कन्दमुनिः प्राह, लप्स्यते ताः कथं नृपः ।**
**बभाषे भगवान् कर्मपरिणामानुकूल्यतः ।।३६५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=નિર્મળસૂરિએ કંદમુનિને દશેય કન્યાઓનું સ્વરૂપ બતાવ્યું**

**ત્યારપછી, કંદમુનિ કહે છે. કેવી રીતે રાજા=ગુણધારણકુમાર, તેઓને= દશેય કન્યાઓને પ્રાપ્ત કરશે ? ભગવાન કહે છે કર્મપરિણામના અનુકૂલપણાથી પ્રાપ્ત કરશે.**

જ્યારે ગુણધારણકુમારના ચિત્તમાં ચિત્તસૌંદર્યાદિ પરિણતિઓ પ્રગટે એવા ક્ષયોપશમભાવવાળાં નિર્મળ કર્મો થશે, તેનાથી ગુણધારણકુમારને તે કન્યાઓની પ્રાપ્તિ થશે. **॥૩૬૫॥**

**શ્લોક :-**

**अनेन योग्यता कार्या, गुणाभ्यासेन केवलम् ।**
**यथा तस्य पितॄणां च, तासां स्यादत्र रक्तता ।।३६६।।**

**શ્લોકાર્થ :-**

**આના વડે=ગુણધારણકુમાર વડે, ગુણાભ્યાસ દ્વારા કેવલ યોગ્યતા કરવી જોઈએ=તે દશ કન્યાની પ્રાપ્તિને અનુકૂળ ચિત્તનું નિર્માણ કરવું જોઈએ, જે પ્રમાણે તેને=કર્મપરિણામને, પિતાઓને=કન્યાઓના પિતાઓને અને તેઓને=કન્યાઓને, આમાં=ગુણધારણકુમારની યોગ્યતામાં, રક્તતા થાય.**

ગુરુ કહે છે – ગુણધારણકુમારે તે રીતે અભ્યાસ કરવો જોઈએ કે જેથી તેનાં કર્મો તેને અનુકૂળ બને, દશ કન્યાઓના પિતાઓને અને દશ કન્યાઓને પણ ગુણધારણકુમારની યોગ્યતામાં રક્તતા થાય તે જ તે કન્યાઓની પ્રાપ્તિનો ઉપાય છે. **॥૩૬૬॥**

**શ્લોક :-**

**प्राह कन्दमुनिर्नाथा ! युष्मदाज्ञावशंवदः ।**
**अयमस्ति वदन्त्वस्य, तल्लाभौपयिकान् गुणान् ।।३६७।।**

**શ્લોકાર્થ :-**

**કંદમુનિ કહે છે, હે નાથ ! તમારી આજ્ઞાને વશ આ ગુણધારણકુમાર છે, આને ગુણધારણકુમારને તેના લાભના ઉપાયભૂત ગુણોને કહો. ॥૩૬૭॥**

**શ્લોક :-**

**बभाषे भगवानार्य !, क्षान्तिं समभिकाङ्क्षता ।**
**मैत्री समस्तसत्त्वेषु, भावनीया प्रयत्नतः ।।३६८।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન બોલ્યા, હે આર્ય ! ક્ષાન્તિને ઈચ્છતા એવા=ગુણધારણકુમાર વડે, સમસ્ત જીવોમાં પ્રયત્નથી મૈત્રી ભાવન કરવી જોઈએ. ॥૩૬૮॥**

**શ્લોક :-**

**पराभवः परकृतः, सोढव्यस्तत्प्रसङ्गतः ।**
**अनुमोद्या परप्रीतिश्चिन्त्यः स्वानुग्रहस्ततः ।।३६९।।**

**શ્લોકાર્થ :-**

**તેના પ્રસંગથી=મૈત્રીના પ્રસંગથી, પરકૃત પરાભવ સહન કરવો જોઈએ. પરપ્રીતિ અનુમોદ્ય છે=મારો પરાભવ કરીને આ જીવ મારું હિત કરે છે એ પ્રકારે પરની પ્રીતિની અનુમોદના કરવી જોઈએ. તેનાથી=પરના પરાભવથી, સ્વાનુગ્રહ વિચારવું જોઈએ.**

ક્ષમાની પરિણતિ ઇચ્છનારા જીવે હૈયાને સ્પર્શે તે પ્રકારે બધા જીવોમાં મૈત્રીભાવ થાય તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ. જેથી સદા બીજાના હિતની ચિંતા ચિત્તમાં વર્તે અને મૈત્રી ભાવનાના પરિણામના બળથી જ કોઈ પોતાનો પરાભવ કરે ત્યારે ચિત્તમાં ક્લેશ કર્યા વગર તેને સહન કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે પોતાનું અહિત કરીને મારા કર્મના ક્ષય કરવા અર્થે ઉદ્યત થયેલો આ જીવ છે માટે તેના ઉપકારની અનુમોદના કરવી જોઈએ. વળી, તેણે જે પોતાનો પરાભવ કર્યો છે, એ ખરેખર સમભાવની વૃદ્ધિ દ્વારા નિર્જરાનો ઉપાય હોવાથી મારા ઉપર મહાન અનુગ્રહ છે, તેમ ભાવન કરવું જોઈએ. **॥૩૬૯॥**

**શ્લોક :-**

**निन्द्यो हेतुतया चात्मा, परिभावकदुर्गतेः ।**
**हितबुद्ध्या प्रपत्तव्याः, स्वस्य न्यक्कारकारिणः ।।३७०।।**

**શ્લોકાર્થ :-**

**પરિભાવકનું દુર્ગતિનું હેતુપણું હોવાથી પોતાનો આત્મા નિંદ્ય છે=પરાભવ કરનાર પુરુષ પોતાનું અહિત કરે છે, તેમાં હું નિમિત્ત થાઉં છું તેનો પરિહાર હું કરી શકતો નથી એ પ્રકાર વિચારીને પોતાના આત્માની નિંદા કરવી જોઈએ. પોતાનું ન્યક્કાર કરનારાઓ=તિરસ્કાર કરનારાઓ, હિતબુદ્ધિથી સ્વીકાર કરાવા જોઈએ.**

પોતાને કોઈ પુરુષ નિષ્કારણ દોષો આપીને પોતાનો પરાભવ કરે ત્યારે તેના પ્રત્યે દ્વેષ ન થાય તે માટે વિચારવું જોઈએ કે આ જીવ આ રીતે મારો પરાભવ કરીને પોતાના આત્માનું અહિત કરે છે તેમાં હું નિમિત્ત થયો છું તેથી મારો આત્મા જ નિંદ્ય છે; કેમ કે તેના અહિતનું નિવારણ કરી શકું એવું પુણ્ય મેં પૂર્વભવમાં બાંધ્યું નથી તેથી જ તેના ક્લેશનું હું નિવારણ કરી શકતો નથી. વળી, મારો તિરસ્કાર કરનાર મને નિર્જરા કરવામાં બલવાન નિમિત્ત છે તેથી મારો ઉપકારી છે તેમ ભાવન કરવું જોઈએ. **॥૩૭૦॥**

**શ્લોક :-**

**संसारासारदर्शित्वप्रवृद्धगुरुभावतः ।**
**विधेयं सर्वथा स्वान्तं, निष्प्रकम्पमनाविलम् ।।३७१।।**

**શ્લોકાર્થ :-**

**સંસારના અસારનું દર્શીપણું હોવાને કારણે પ્રવૃદ્ધ એવા ગુરુભાવથી આ મારા ગુરુ છે એ પ્રકારની બુદ્ધિથી, સર્વથા નિષ્પ્રકંપ અનાવિલ=મલથી રહિત, એવું અંતઃકરણ કરવું જોઈએ.**

મારો પરાભવ કરીને આ જીવ સંસારનું અસાર સ્વરૂપ છે તેવો મને બોધ કરાવે છે માટે મારા ગુરુ છે એમ ભાવન કરીને તેના પરાભવમાં નિષ્પ્રકંપ અને સર્વથા દ્વેષ રહિત મન કરવું જોઈએ. **॥૩૭૧॥**

**શ્લોક :-**

**परापकारः स्तोकोऽपि, दयां परिणिनीषता ।**
**त्याज्यो निखिलसत्त्वानां, दर्शनीया च बन्धुता ।।३७२।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાને (ધ્યાન નથી) પરણવાની ઈચ્છાવાળા પુરુષે થોડો પણ પરનો અપકાર ત્યાજ્ય છે અને બધા જીવોને બન્ધુતા બતાવવી જોઈએ.**

જેને પૂર્ણ દયા આત્મામાં પ્રગટ કરવી છે, તે જીવે કોઈ જીવને પીડા ન કરવી જોઈએ, કોઈ જીવનો પ્રાણનાશ ન કરવો જોઈએ, કોઈ જીવના કષાયનો ઉદ્રેક ન કરવો જોઈએ અને બીજા જીવોનો અપકાર સર્વથા ત્યાગ કરવો જોઈએ. વળી, એકેન્દ્રિયથી માંડીને સર્વ જીવો પ્રત્યે બંધુતા બતાવવી જોઈએ. જેથી પોતાના કોઈ પણ યોગને આશ્રયીને તેઓનું અહિત ન થાય તેવો યત્ન થાય. **॥૩૭૨॥**

**શ્લોક :-**

**परोपकारः कर्तव्यः, सेव्या च समता सदा ।**
**नोदासितव्यमन्येषां, व्यसनेषु महात्मना ।।३७३।।**

**શ્લોકાર્થ :-**

**પરોપકાર કરવો જોઈએ, સદા સમતા સેવવી જોઈએ, અન્યોની આપત્તિઓમાં મહાત્મા વડે ઉદાસીન થવું જોઈએ નહિ.**

પારમાર્થિક દયાની પ્રાપ્તિના અર્થી જીવે પોતે યોગ્ય જીવોને માર્ગની પ્રાપ્તિ કરાવી શકે તેમ હોય તો તેઓનો પરોપકાર કરવો જોઈએ. સદા સમભાવની પરિણતિ સેવવી જોઈએ. જેથી પોતાના આત્માની દયા દૃઢ, દૃઢતર થાય અને અન્ય જીવોની અંતરંગ કષાયોની વિડંબનામાં કે બહિરંગ આપત્તિઓમાં ઉદાસીન થવું જોઈએ નહિ. આથી જ મહાત્મા કોઈ સાધુ ગ્લાન થાય અને પોતાની શક્તિથી તેમનું ગ્લાનત્વ દૂર કરીને તેમના સંયમની વૃદ્ધિ કરાવી શકે તેમ હોય ત્યારે ઉદાસીન થતા નથી. વળી, જો ઉપેક્ષા કરે તો દયાની પરિણતિ મ્લાન થાય છે. **॥૩૭૩॥**

**શ્લોક :-**

**मोक्तव्यो जातिवादश्च, मृदुतां स्वीकरिष्यता ।**
**कुलाभिमानः संत्याज्यो, वर्जनीयो बलस्मयः ।।३७४।।**

**શ્લોકાર્થ :-**

**અને જાતિવાદ મૂકવો જોઈએ=હું શ્રેષ્ઠ જાતિનો છું એ પ્રકારનો અહંકાર મૂકવો જોઈએ. મૃદુતા સ્વીકારતા તારા વડે કુલાભિમાન ત્યાજ્ય છે. બલનો સ્મય=હું બલિષ્ઠ છું એ પ્રકારનો અહંકાર, વર્જનીય છે. ॥૩૭૪॥**

**શ્લોક :-**

**स्वान्ताद् रहयितव्यश्च, रूपोत्सेकः प्रसृत्वरः ।**
**परिहार्यस्तपोगर्वो, निर्वास्यो धनितामदः ।।३७५।।**

**શ્લોકાર્થ :-**

**સ્વ અંતઃકરણથી વિસ્તાર પામતો રૂપનો ઉત્સેક ત્યાગ કરવો જોઈએ. તપનો ગર્વ પરિહાર કરવો જોઈએ. ધનનો મદ નિવારણ કરવો જોઈએ. ॥૩૭૫॥**

**શ્લોક :-**

**श्रुतावलेपः क्षेप्तव्यो, लाभावष्टम्भसंयुतः ।**
**वाल्लभ्यकस्यानुशयः, कार्यश्च शिथिलः सदा ।।३७६।।**

**શ્લોકાર્થ :-**

**લાભના અવષ્ટંભથી સંયુત શ્રુતનો અવલેપ દૂર કરવો જોઈએ=પોતાને ઘણા શ્રુતનો લાભ થઈ રહ્યો છે તેવા પરિણામથી યુક્ત પોતાને ઘણું શ્રુત પ્રાપ્ત થયું છે એ પ્રકારનો શ્રુતનો ગર્વ દૂર કરવો જોઈએ, વાલ્લભ્યનો અનુશય=હું બધાને વલ્લભ છું એ પ્રકારનો અધ્યવસાય સદા શિથિલ કરવો જોઈએ.**

જેમ સ્થૂલિભદ્ર મુનિને પોતે શ્રુતના અતિશયવાળા છે, અતિશય શ્રુત છે, તેવું બહેન સાધ્વીને બતાવવાનો અધ્યવસાય થયો, તેવો અલ્પ પણ શ્રુતનો મદ દૂર કરવો જોઈએ. વળી સાધુ અતિ ઉચિત આચરણા કરતા હોય તેથી ઘણાને વલ્લભ થાય. તેથી હું બધાને વલ્લભ છું, તે પ્રકારનો અધ્યવસાય સૂક્ષ્મ

ચિત્તવૃત્તિમાં પડ્યો હોય છે, તેને શિથિલ કરવો જોઈએ. જેથી માનકષાય ઉલ્લસિત થાય નહિ. **॥૩૭૬॥**

**શ્લોક :-**

**विनयोऽभ्यसनीयश्च, सात्मीकार्या च नम्रता ।**
**नवनीतसहाध्यायि, कर्त्तव्यं सर्वथा मनः ।।३७७।।**

**શ્લોકાર્થ :-**

**અને વિનયનો અભ્યાસ કરવો જોઈએ=ગુણો તરફ ચિત્ત નમેલું રહે તે પ્રકારે યત્ન કરવો જોઈએ. અને નમ્રતા આત્મસાત્ કરવી જોઈએ. નવનીતસહાધ્યાયી અર્થાત્ માખણ જેવું કોમળ સર્વથા મન કરવું જોઈએ. ।।૩૭૭।।**

**શ્લોક :-**

**त्यजतो भयवैक्लव्यं, परिहासमकुर्वतः ।**
**अनुद्घाटयतो मर्म, परेषां शान्तचेतसः ।।३७८।।**
**वाक्पारुष्यं च पैशुन्यं, मौखर्यं चोक्तिवक्रताम् ।**
**अभूतोद्भावनं भूतनिह्नवं चाप्यतन्वतः ।।३७९।।**
**चरणस्त्रजमागत्य, स्वयमेव निधास्यति ।**
**गुणानुरक्ता दयिता, कण्ठे राज्ञोऽस्य सत्यता ।।३८०।।**
**।। त्रिभिर्विशेषकम् ।।**

**શ્લોકાર્થ :-**

**ભયના વૈક્લવ્યને ત્યાગ કરતા, પરિહાસને નહિ કરતા, પરના મર્મને નહિ ઉદ્ઘાટન કરતા, શાંત ચિત્તવાળા, વાક્પારુષ્યને, પૈશુન્યને, મૌખર્યને અને ઉક્તિની વક્રતાને, અભૂતના ઉદ્ભાવનને અને ભૂતના નિહ્નવને નહિ કરતા પુરુષના કંઠમાં આ રાજાની=હિતાશય રાજાની, ગુણાનુરક્ત એવી સત્યતા નામની પુત્રી સ્વયં જ આવીને ચરણરૂપી માળાને સ્થાપન કરશે.**

જે મહાત્મા નિરાકુળ સ્વભાવમાં સ્થિર, સ્થિરતર થવા યત્ન કરશે, તે મહાત્માના ચિત્તમાં કોઈક પ્રકારના ભયકૃત હીનતા રહેશે નહિ. કોઈની અલ્પ શક્તિ જોઈને પરિહાસ કરવાનો પરિણામ થશે નહિ. બીજાઓના મર્મને જાણીને તેણે બીજાની આગળ પ્રગટ કરવાનો અધ્યવસાય થશે નહિ. વળી, જેઓનું ચિત્ત બાહ્ય ભોગો પ્રત્યે અત્યંત શાંત થયું છે, તેવા જીવો કોઈનું અનુચિત વર્તન જોઈને પણ ક્યારેય પરુષ વાક્ય બોલતા નથી, કોઈની ગુપ્ત વાત જાણતા હોય તોપણ પ્રગટ કરતા નથી, કોઈ પ્રયોજન વગર બોલવાના પ્રયત્નરૂપ મુખરપણું કરતા નથી. વળી બોલવામાં ક્યારેય વક્રપણાથી વચન પ્રયોગ કરતા નથી. ભાવના આવેશના વશ અભૂતનું ઉદ્ભાવન કરતા નથી. વળી થયેલી વસ્તુનો અપલાપ કરતા નથી. તેવા ચિત્તમાં વચનની સત્યતા નામનું બીજું મહાવ્રત પ્રગટે છે, તેથી તેનાથી ચારિત્રની પરિણતિરૂપ માળા તેઓના કંઠમાં સત્યતા આરોપણ કરે છે અને આ સત્યતાની પરિણતિ જીવમાં વર્તતી ગુણની અનુરક્તતા છે. તેથી તેવા મહાત્માઓ ગુણનું કારણ હોય તેવા જ વચનપ્રયોગો કરે છે. **॥૩૭૮થી ૩૮૦॥**

**શ્લોક :-**

**सद्भावसारमाचारमनुशीलयता स्फुटम् ।**
**त्यजता चित्तकौटिल्यमृजुदण्डोपमात्मना ।।३८१।।**
**शल्यमुद्धरता प्रत्याहरता क्लिष्टलेश्यताम् ।**
**ऋजुता नृपरत्नेन, वशीकार्या प्रयत्नतः ।।३८२।।**

**શ્લોકાર્થ :-**

**સદ્ભાવસાર એવા આચારને=આત્મામાં ગુણની પ્રાપ્તિનું કારણ બને એવા આચારને, સ્પષ્ટ અનુશીલન કરતા, ઋજુદંડની ઉપમાવાળા એવા આત્મા વડે ચિત્ત કૌટિલ્યને ત્યાગ કરતા શલ્યને ઉદ્ધરણ કરતા, ક્લિષ્ટ લેશ્યતાનો પરિહાર કરતા એવા નૃપરૂપી રત્ન વડે પ્રયત્નથી ઋજુતા વશ કરવી જોઈએ.**

દશ પ્રકારના યતિધર્મમાંથી ઋજુતાને પ્રગટ કરવા અર્થે સાધુએ જિનવચનનું

સ્મરણ કરીને દરેક આચારો સ્પષ્ટ ગુણનિષ્પત્તિનું કારણ બને તે રીતે સેવવા જોઈએ. જેથી ઋજુતા ગુણ પ્રગટે. વળી, ચિત્તમાં કુટિલપણાનો ત્યાગ કરવો જોઈએ. કેવી રીતે કરવો જોઈએ ? એથી કહે છે. ઋજુદંડની ઉપમાવાળા એવા આત્મા વડે ચિત્તનું કુટિલપણું ત્યાગ કરવું જોઈએ. જેમ કેટલાક દંડ વાંકાચૂંકા હોય છે, તેમ કેટલાકનું ચિત્ત કુટિલભાવવાળું હોય છે. તેથી વાસ્તવિકતાને જોવા કરતાં પોતે ઉચિત કરે છે, તે બતાવવાનો જ પ્રયત્ન કરે છે. વળી જેમ કેટલાક દંડો સીધા હોય છે, તેવા આત્માને કરીને ચિત્તમાં સૂક્ષ્મ કુટિલતા છે, તેનો પરિહાર કરવો જોઈએ. જેથી ઋજુતા પ્રગટે. વળી અનાભોગથી કોઈ સ્ખલના થઈ હોય તો શાસ્ત્રમર્યાદાનુસાર તે સ્ખલનાનો પરિહાર કરવો જોઈએ, જેથી ઋજુતા પ્રગટે. વળી ત્રણ ક્લિષ્ટ લેશ્યાઓ છે, તેનો પરિહાર કરીને સદા તત્ત્વથી વાસિત થવાને અનુકૂળ શુભ લેશ્યામાં ચિત્તને પ્રવર્તાવવાથી ઋજુતા પ્રગટે. આ રીતે પ્રયત્ન કરીને ઋજુતા કન્યાને વશ કરવી જોઈએ. **॥૩૮૧-૩૮૨॥**

**શ્લોક :-**

**परपीडापरद्रोहभीरुतां हृदि बिभ्रति ।**

**जानाने च परद्रव्यापहारापायहेतुताम् ।।३८३।।**

**संस्मृत्य दुर्गतेः पातं, कम्पमाने च रागिणी ।**

**अचौरता महीपाले, भाविनी संगमोत्सुका ।।३८४।।**

**શ્લોકાર્થ :-**

**પરપીડા અને પરદ્રોહની ભીરુતાને હૃદયમાં ધારણ કરનારા, પરદ્રવ્યના અપહારની અનર્થ હેતુતાને જાણતા, દુર્ગતિના પાતનું સ્મરણ કરીને કંપતા એવા મહિપાલમાં=પાપભીરુ એવા રાજામાં, રાગી સંગમમાં ઉત્સુક એવી અચૌરતા થશે.**

અચૌરતારૂપ ત્રીજું મહાવ્રત પ્રગટ કરવા અર્થે સાધુએ પરપીડા અને પરદ્રોહની ભીરુતાને ધારણ કરવી જોઈએ. આથી જ સુસાધુઓ તીર્થંકરની આજ્ઞાનું સ્મરણ કરીને અને સંયમની વૃદ્ધિનું કારણ હોય એ પ્રકારે જ આહાર, વસતિ આદિનું

ગ્રહણ કરે છે. અન્યથા સાધુવેષને ગ્રહણ કરીને તીર્થંકરનો દ્રોહ કરવાનો અધ્યવસાય થાય છે. તેથી સુસાધુ તેનો પરિહાર કરે છે. વળી, પરદ્રવ્યનો અપહાર અનર્થોનો હેતુ છે, તેમ જાણતા હોવાથી અને દુર્ગતિના પાતનો હેતુ છે, તેમ સ્મરણ કરીને એવાં કૃત્યોથી દૂર રહેનારા મહાત્મામાં અચૌરતા ગુણ પ્રગટે છે. **॥૩૮૩-૩૮૪॥**

**શ્લોક :-**

**विवेकनिर्भरः कार्यो, मुक्ततां पुनरिच्छता ।**
**भाव्याऽऽत्मनः सदा बाह्याभ्यन्तरग्रन्थभिन्नता ।।३८५।।**

**શ્લોકાર્થ :-**

**વળી, મુક્તતાને ઈચ્છતા પુરુષ વડે વિવેકનિર્ભર=ભેદજ્ઞાનમાં યત્ન, કરવો જોઈએ. સદા આત્માની બાહ્ય અભ્યંતર ગ્રંથની ભિન્નતા ભાવન કરવી જોઈએ.**

મુક્તતા નામના સાધુધર્મના અર્થી જીવે નિપુણપ્રજ્ઞાથી સર્વ બાહ્ય પદાર્થોથી મારો ભેદ છે અને અંતરંગ નિરાકુળ સ્વભાવરૂપ ગુણની સાથે મારો તાદાત્મ્યભાવ છે તે પ્રકારે વિવેકને અતિશય કરવો જોઈએ. જેથી કોઈ પદાર્થ પ્રત્યે સંશ્લેષ થાય નહિ. વળી, બાહ્ય શરીર, ઉપધિ આદિ અને અભ્યંતર જીવની- કષાયોની પરિણતિ આદિ સર્વ ગ્રંથોથી પોતાનો આત્મા ભિન્ન છે, એ પ્રકારે સદા ભાવન કરવું જોઈએ. જેથી સર્વ પરિગ્રહ રહિત સિદ્ધ અવસ્થાતુલ્ય મારો આત્મા છે, તેનું સ્મરણ થવાથી બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે અસંશ્લેષતારૂપ મુક્તતા પ્રગટે છે. **॥૩૮૫॥**

**શ્લોક :-**

**प्रदीप्तार्थपिपासा च, शमनीया शमाम्भसा ।**
**अर्थकामाम्बुपङ्काभ्यामूर्ध्वं स्थेयं च पद्मवत् ।।३८६।।**

**શ્લોકાર્થ :-**

**પ્રદીપ્ત એવા અર્થની પિપાસા શમરૂપી પાણીથી શમન કરવી જોઈએ.**

**અર્થ અને કામરૂપી પાણીથી અને કાદવથી કમળની જેમ ઊર્ધ્વમાં રહેવું જોઈએ.**

જીવમાં નિમિત્તોને પામીને તે તે અર્થોની પિપાસા પ્રદીપ્ત થાય છે. તેને જિનવચનરૂપ શમના જળથી શમન કરવી જોઈએ. વળી, અર્થની અને કામની ઇચ્છા જળ અને કાદવ જેવી છે તેથી જેમ કમળ જળથી અને કાદવથી ઊર્ધ્વમાં રહે છે, તેમ અર્થની અને કામની ઇચ્છાથી પર ચિત્તને સંપન્ન કરવું જોઈએ; જેથી મુક્તતા ગુણ પ્રગટે. **॥૩૮૬॥**

**શ્લોક :-**

**पाणौ जिघृक्षता ब्रह्मरतिं कन्दमुनेऽमुना ।**
**स्वकीया मातर इव, प्रेक्ष्याः सर्वा अपि स्त्रियः ।।३८७।।**

**શ્લોકાર્થ :-**

**હે કંદમુનિ ! બ્રહ્મરતિને હાથમાં પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા એવા આમના વડે=ગુણધારણકુમાર વડે, સર્વ પણ સ્ત્રીઓ પોતાની માતાની જેમ જોવી જોઈએ. ॥૩૮૭॥**

**શ્લોક :-**

**न वस्तव्यं तद्वसतौ, न कार्या जातु तत्कथा ।**
**न सेव्या तन्निषद्या न, प्रेक्ष्यं तत्सुन्दरेन्द्रियम् ।।३८८।।**

**શ્લોકાર્થ :-**

**તેમની વસતિમાં=સ્ત્રીઓની વસતિમાં, વસવું જોઈએ નહિ. તેમની કથા ક્યારેય કરવી જોઈએ નહિ. તેની=સ્ત્રીની, સુંદર ઇન્દ્રિયો જોવી જોઈએ નહિ. તેના=સ્ત્રીના, નિષદ્યાને=સ્ત્રીથી સેવાયેલા આસનોને, સેવવા જોઈએ નહિ. ॥૩૮૮॥**

**શ્લોક :-**

**स्थेयं रतिस्थमिथुनकुड्याभ्यर्णे कदापि न ।**
**न स्मार्यं पूर्वललितं, नाहार्यं स्निग्धभोजनम् ।।३८९।।**

શ્લોકાર્થ :-

રતિમાં રહેલ મિથુનના ભીંતના સમીપમાં ક્યારેય પણ રહેવું જોઈએ નહિ. પૂર્વનો વિલાસ સ્મરણ કરવો જોઈએ નહિ. સ્નિગ્ધ ભોજન કરવું જોઈએ નહિ. ॥૩૮૯॥

શ્લોક :-

त्याज्या तदतिमात्रा च, राढा च तनुगोचरा ।
रताभिलाषिता सर्वोद्दलनीया च यत्नतः ।।३९०।।

શ્લોકાર્થ :-

અને તેની અતિમાત્રા=ભોજનની અતિમાત્રા, ત્યાગ કરવી જોઈએ અને શરીર વિષયક શોભા ત્યાગ કરવી જોઈએ અને યત્નથી રતની અભિલાષિતા=કામની અભિલાષિતા સર્વ ઉદ્દલન કરવી જોઈએ. ॥૩૯૦॥

શ્લોક :-

अनित्यतामशुचितां, दुःखतामात्मभिन्नताम् ।
पुद्गलानां भावयते, देहादिपरिणामिनाम् ।।३९१।।

શ્લોકાર્થ :-

દેહાદિરૂપે પરિણામી એવા પુદ્ગલોની અનિત્યતા, અશુચિતા, દુઃખતા, આત્મભિન્નતા ભાવન કરવી જોઈએ. ॥૩૯૧॥

શ્લોક :-

त्यजते कुविकल्पौघं, तत्त्वं विमृशते हृदि ।
सद्बोधोऽस्मै समानीय, विद्याकन्यां प्रदास्यति ।।३९२।।

શ્લોકાર્થ :-

કુવિકલ્પના સમૂહને ત્યાગ કરવો જોઈએ. હૃદયમાં તત્ત્વનો વિમર્શ કરવો જોઈએ. આમને=જે પુરુષ અનિત્યતાદિ ભાવન કરશે એમને, સદ્બોધ વિદ્યાકન્યાને લાવીને આપશે.

જેઓ દેહના પરિણામોના અનિત્યાદિભાવોને તે રીતે ભાવન કરે છે, જેથી આત્માથી ભિન્ન દેહાદિ પુદ્ગલોમાં ચિત્ત લેશ પણ સંશ્લેષ ન પામે તેવું નિર્મળ બને છે. તેથી બાહ્ય પદાર્થોને આશ્રયીને કુવિકલ્પના સમૂહ જે પૂર્વમાં થતા હતા, તેનો ત્યાગ થાય છે અને હૃદયમાં સિદ્ધ સદૃશ પોતાનો આત્મા છે, તેવું તત્ત્વ જ હૃદયમાં સદા સ્ફુરાયમાન થાય છે, ત્યારે તે જીવમાં પ્રગટ થયેલો નિર્મળ બોધ વિદ્યાને લઈને આવે છે. વળી, વિદ્યાની પ્રાપ્તિથી જગતના સર્વ પદાર્થો તે મહાત્માને ઇન્દ્રજાળતુલ્ય દેખાય છે. માત્ર સિદ્ધતુલ્ય પોતાનું સ્વરૂપ જ સદા સ્મરણનો વિષય થાય છે. **॥૩૯૨॥**

**શ્લોક :-**

**भोगाभिलाषास्तापाय, मनसो मृतये जनुः ।**
**कुटुम्बसङ्गः क्लेशाय, वियोगाय प्रियागमः ।।३९३।।**

**શ્લોકાર્થ :-**

**ભોગના અભિલાષો મનના તાપ માટે છે, જન્મ મૃત્યુ માટે છે, કુટુંબનો સંગ ક્લેશ માટે છે, પ્રિયનો આગમ વિયોગ માટે છે. ॥૩૯૩॥**

**શ્લોક :-**

**शोकाय जनवाल्लभ्यमात्मबन्धाय कल्पना ।**
**कीटस्य कोट(श)कारस्य, तन्तूनां रचना यथा ।।३९४।।**

**શ્લોકાર્થ :-**

**જનને વાલ્લભ્ય શોક માટે છે, જે પ્રમાણે કોશકાર કીડાના તંતુની રચના આત્મબંધ માટે છે, તેમ કલ્પના આત્મબંધન માટે છે. ॥૩૯૪॥**

**શ્લોક :-**

**प्रवृत्तिः परमं दुःखं, निवृत्तिः परमं सुखम् ।**
**इत्यस्य ध्यायतो रक्ता, भविष्यति निरीहता ।।३९५।।**

**શ્લોકાર્થ :-**

**પ્રવૃત્તિ પરમ દુઃખ છે, નિવૃત્તિ પરમ સુખ છે, એ પ્રકારે ધ્યાન કરનાર**

**આને=પુરુષને, નિરીહતા રક્ત થશે.**

જીવને સંપૂર્ણ અનિચ્છામાં જવા માટે સાધુ ભાવન કરે છે કે પાંચેય ઇન્દ્રિયોના ભોગોનો અભિલાષ તાપ માટે છે; કેમ કે અભિલાષથી તપ્ત જીવ તે તે પ્રવૃત્તિ કરે છે. વળી, જન્મ પ્રાપ્ત થયા પછી જાણે પોતે શાશ્વત છે, તે પ્રકારના અભિલાષથી સંસારી જીવો વર્તે છે. તેથી મૃત્યુ આવે છે ત્યારે દીન બને છે; કેમ કે જીવવાની ઇચ્છા છે. તેથી નિરીહતાના અર્થી સાધુ વિચારે છે કે શરીર મૃત્યુ માટે છે અને તે વિચારીને અત્યંત ભાવન કરે તો મારું મૃત્યુ પણ ન થાઓ, તેવી ઇચ્છા પણ થતી નથી. વળી, કુટુંબનો સંગ જીવને મધુર લાગે છે, જે ઇચ્છાના ક્લેશરૂપ છે. તેમ ભાવન કરીને સંગની પરિણતિને દૂર કરીને નિરીહતામાં સાધુ યત્ન કરે છે. પ્રિયનો આગમ વિયોગ માટે છે, તેથી કોઈ વસ્તુમાં પ્રિય બુદ્ધિ ધારણ કરવી ઉચિત નથી. જેથી વિયોગનું દુઃખ થાય નહીં તેમ ભાવન કરીને સાધુ નિરીહતામાં યત્ન કરે છે. સહજ ઉપયોગથી જનવાલ્લભ્ય જીવને મધુર લાગે છે અને તે વાલ્લભ્ય જાય ત્યારે શોક થાય છે. જેથી જનવાલ્લભ્યમાં મધુરતાની બુદ્ધિ જ કરવી જોઈએ નહીં. તેમ ભાવન કરીને સાધુ નિરીહતામાં યત્ન કરે છે. વળી, કોટક આકારવાળો કીડો પોતાના તંતુની રચનાથી જ અંદરમાં બંધાઈને મૃત્યુ પામે છે. તેમ બાહ્ય પદાર્થોમાં આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે ઇત્યાદિ કલ્પના જીવને બંધન માટે છે, તેમ ભાવન કરીને મહાત્મા નિરીહતામાં યત્ન કરે છે. વળી, ઇચ્છાથી પ્રવૃત્તિ થાય છે, તે યત્ન દુઃખરૂપ છે અને ઇચ્છાની નિવૃત્તિ થવાથી સર્વ પ્રવૃત્તિઓની નિવૃત્તિ થાય છે. જે પરમ સુખ છે, એ પ્રકારે ભાવન કરતા મહાત્માને નિરીહતા પ્રાપ્ત થાય છે. **॥૩૯૩થી ૩૯૫॥**

**શ્લોક :-**

**तदेते सद्गुणास्तासामुपलम्भाय भूभुजा ।**
**दशानामपि कन्यानां, संस्तोतव्याः प्रयत्नतः ।।३९६।।**

**શ્લોકાર્થ :-**

**તે દશેય પણ કન્યાઓના ઉપલંભ માટે=પ્રાપ્તિ માટે, રાજા વડે= ગુણધારણકુમાર વડે, તે આ સદ્ગુણો પ્રયત્નથી અત્યંત ભાવન કરવા**

**જોઈએ અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારના ગુણોનું જે મહાત્મા અત્યંત ભાવન કરે છે, તે મહાત્મામાં શાંતિ આદિ દશ કન્યાઓની પરિણતિ સહજ પ્રગટે છે. જેના સેવનથી તે મહાત્માને અનુત્તર કોટિના સુખનું વેદન થાય છે. ।।૩૯૬।।**

**શ્લોક :-**

**राज्ञोऽस्य कुर्वतश्चैवं, स कर्मपरिणामराट् ।**
**चारित्रधर्मराजाद्यं, स्वबलं दर्शयिष्यति ।।३९७।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે કરતાં=પૂર્વમાં કહ્યું એવા ગુણોનું ભાવન કરતાં, આ રાજાને= ગુણધારણકુમારને ચારિત્રધર્મરાજા આદિમાં છે એવા સ્વબલને તે કર્મપરિણામરાજા બતાવશે.**

ગુણધારણકુમાર પૂર્વમાં બતાવેલા સદ્ગુણોનું અત્યંત ભાવન કરે ત્યારે તેના કર્મો ક્ષયોપશમભાવની પરિણતિવાળા થાય છે. તેથી ગુણધારણકુમારને પોતાનું અંતરંગ બળ તે ક્ષયોપશમભાવ બતાવશે જેમાં ચારિત્રધર્મ મુખ્ય છે અને અન્ય અનેક સેનાનીઓ છે તે સર્વ ગુણધારણકુમાર માટે હિતકારી થશે. **।।૩૯૭।।**

**શ્લોક :-**

**अनुरूपगुणाभ्यासाद्, रञ्जनीयाश्च ते भटाः ।**
**रक्तास्तेऽस्य हनिष्यन्ति, मोहादिद्विषतां बलम् ।।३९८।।**

**શ્લોકાર્થ :-**

**અનુરૂપ ગુણના અભ્યાસથી=ચારિત્રધર્મરાજાની વૃદ્ધિ થાય એવા ગુણના અભ્યાસથી, તે ભટો=ચારિત્રધર્મરાજાનાં સૈન્યો, રંજન કરવા જોઈએ. રક્ત થયેલા તેઓ=તે સૈન્યો, આના=ગુણધારણકુમારના, મોહાદિ શત્રુઓના બલને=સેનાને, હણશે.**

ચારિત્રધર્મરાજાની વૃદ્ધિ થાય એ પ્રકારનો અભ્યાસ કરવાથી ચારિત્રની પરિણતિ અતિશય થાય છે. જેનાથી મોહાદિના સૈન્યનો નાશ થાય છે. **।।૩૯૮।।**

**શ્લોક :-**

**भावराज्यं ततो लब्ध्वा, निष्कण्टकमयं नृपः ।**
**कान्ताभिर्विलसंस्ताभिः, प्रकृष्टं शर्म लप्स्यते ।।३९९।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ચારિત્રધર્મરાજાના ભટ્ટો મોહને હણશે તેથી, નિષ્કંટકમય ભાવરાજ્યને પ્રાપ્ત કરીને તે સ્ત્રીઓ સાથે વિલાસ કરતો રાજા= ગુણધારણકુમાર, પ્રકૃષ્ટ સુખને પામશે.**

જેમ જેમ મોહાદિ શત્રુઓ ક્ષીણ ક્ષીણતર થશે, તેમ તેમ નિર્મળ નિર્મળતર ચારિત્રમોહનીય કષાયોનો ક્ષયોપશમ થશે. તેથી મોહના ઉપદ્રવો રૂપ કંટકોથી રહિત આત્માની સ્વસ્થતારૂપ ભાવરાજ્યને ગુણધારણકુમાર પ્રાપ્ત કરશે. ત્યારે બાહ્ય ભાવોમાં વિલાસ કરવાનું છોડીને ક્ષમાદિ ભાવોમાં વિલાસ કરનાર ગુણધારણકુમારને આત્માના પરમ સ્વાસ્થ્યરૂપ શ્રેષ્ઠ સુખ થશે. **॥૩૯૯॥**

**શ્લોક :-**

**ततः कन्दमुनिः प्राह, कालेन कियता पुनः ।**
**महाराजस्य भगवन् ! सेत्स्यतीदं प्रयोजनम् ।।४००।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી કંદમુનિએ કહ્યું. હે ભગવાન ! મહારાજ એવા ગુણધારણ-કુમારનું આ પ્રયોજન=પ્રકૃષ્ટ સુખની પ્રાપ્તિરૂપ પ્રયોજન, વળી કેટલા કાળથી સિદ્ધ થશે ? ।।૪૦૦।।**

**શ્લોક :-**

**भगवानाह षण्मास्या, मयोक्तं त्वरयाम्यहम् ।**
**आदातुं भगवन् ! दीक्षां, विलम्बस्तदियान् वृथा ।।४०१।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન કહે છે, છ મહિનાથી ગુણધારણકુમારનું પ્રયોજન સિદ્ધ થશે. મારા વડે કહેવાયું=ગુણધારણકુમાર વડે કહેવાયું. હે ભગવાન !**

**હું દીક્ષા ગ્રહણ કરવા માટે ત્વરા કરું છું. તે કારણથી આટલો વિલંબન=છ મહિનાનો વિલંબન વૃથા છે.**

નિર્મલસૂરિએ કહ્યું કે છ મહિના સુધીના શ્રમથી ગુણધારણકુમારને દશ કન્યાની પ્રાપ્તિ થશે. તે સાંભળીને ગુણધારણકુમારને દીક્ષાની પ્રાપ્તિમાં છ મહિનાનું વિલંબન અસહ્ય જણાય છે; કેમ કે ભવથી અત્યંત વિરક્ત ચિત્ત છે તેથી આત્મહિત સાધવામાં વિલંબ ગુણધારણકુમારને અસહ્ય જણાય છે. **॥૪૦૧॥**

**શ્લોક :-**

**सूरिराह महाराज !, त्वरयाऽत्र कृतं तव ।**
**इयमेव हि सद्दीक्षा, यन्मदुक्तस्य पालनम् ।।४०२।।**

**શ્લોકાર્થ :-**

**સૂરિ કહે છે, હે મહારાજ ગુણધારણકુમાર ! આમાં=દીક્ષાગ્રહણમાં, તને ત્વરાથી સર્યું. हि=જે કારણથી, આ જ સદ્દીક્ષા છે, જે મારા વડે કહેવાયેલાનું પાલન છે.**

સંયમગ્રહણની ક્રિયા એ બાહ્ય ક્રિયા છે. દશ કન્યાની પ્રાપ્તિ અર્થે જે ગુણોનો અભ્યાસ ગુરુએ બતાવ્યો તે જ પરમાર્થથી સદ્દીક્ષા છે. તેથી ગુણધારણકુમારને તેમાં જ યત્ન કરવો ઉચિત છે. દીક્ષા ગ્રહણ કરવામાં ઉતાવળ કરવા જેવી નથી, એમ સૂરિ કહે છે. **॥૪૦૨॥**

**શ્લોક :-**

**द्रव्यलिङ्गं हि भवता, प्राग् गृहीतमनन्तशः ।**
**विनोक्तस्थितिमाप्तं तु न विशिष्टफलं ततः ।।४०३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તારા વડે=ગુણધારણકુમારના જીવ વડે, પૂર્વના ભવોમાં અનંતી વખત દ્રવ્યલિંગ ગ્રહણ કરાયું. ઉક્ત સ્થિતિ વગર=દશ કન્યાની પ્રાપ્તિના ઉપાયભૂત ગુણોમાં યત્ન કર્યા વગર, પ્રાપ્ત થયું= દ્રવ્યલિંગ પ્રાપ્ત થયું, પરંતુ તેનાથી=દ્રવ્યચારિત્રના વેશથી, વિશિષ્ટ ફળ થયું નહિ.**

પૂર્વના ઘણા ભવોમાં દ્રવ્યલિંગ ગ્રહણ કરીને ગુણધારણકુમારના જીવે થોડા શુભભાવો કર્યા તોપણ ભવનો ઉચ્છેદ થાય તેવું વિશિષ્ટ ફળ પ્રાપ્ત થયું નહિ; કેમ કે તે ભવોમાં તે દશ કન્યાઓની પ્રાપ્તિને અનુકૂલ અભ્યાસ થયો નહિ. વળી, ત્યારે તેવી યોગ્યતા ગુણધારણકુમારના જીવમાં ન હતી પરંતુ વર્તમાનના ભવોમાં તે ગુણોની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો સોપક્રમ છે. તેથી ગુણધારણ-કુમારના યત્નથી તે ગુણો પ્રાપ્ત થાય તેમ છે માટે દીક્ષા ગ્રહણ કરવામાં ત્વરા કરવી ઉચિત નથી પણ તે ગુણોમાં ઉદ્યમ કરવો જ ઉચિત છે એમ નિર્મલસૂરિ કહે છે. **॥૪૦૩॥**

**શ્લોક :-**

**कुर्वंस्तिष्ठोपदिष्टं मे, मा त्वरिष्ठास्ततोऽनघ ! ।**
**प्राह कन्दमुनिः स्वामिंस्तद्विवाहे क्रमोऽस्य कः ।।४०४।।**

**શ્લોકાર્થ :-**

**હે અનઘ=ગુણધારણકુમાર !, તેથી=ઉક્ત સ્થિતિ વગર પ્રાપ્ત થયેલું દ્રવ્યલિંગ વિશિષ્ટ ફળવાળું નથી તેથી, ત્વરા કર નહીં=સંયમ ગ્રહણ કરવાની ઉતાવળ કર નહીં, મારા વડે ઉપદેશ કરાયેલાને કરતો તું રહે=દશ કન્યાની પ્રાપ્તિને અનુકૂલ સદ્ગુણોના સેવનનો જે મેં ઉપદેશ આપ્યો, તેને સેવન કરતો ગૃહસ્થવેષમાં રહે. કંદમુનિ કહે છે, હે સ્વામી ! આને=ગુણધારણકુમારને, તેના વિવાહમાં=દશ કન્યાના વિવાહમાં, ક્યો ક્રમ છે ? ।।૪૦૪।।**

**શ્લોક :-**

**सूरिराहार्य ! पार्श्वेऽस्य, मदुक्तमनुतिष्ठतः ।**
**विद्यां कन्यां समादाय, सद्बोधः समुपेष्यति ।।४०५।।**

**શ્લોકાર્થ :-**

**સૂરિ કહે છે. હે આર્ય !=કંદમુનિ ! મારા કહેવાયેલા અનુષ્ઠાનને કરતા એવા આની=ગુણધારણકુમારની નજીકમાં, સદ્બોધ વિદ્યા કન્યાને ગ્રહણ કરીને આવશે.**

પૂર્વમાં સૂરિએ કહ્યું એ પ્રમાણે દશ કન્યાની પ્રાપ્તિના ઉપાયભૂત ગુણોમાં ગુણધારણકુમાર પ્રયત્ન કરશે ત્યારે ગુણધારણકુમારના ચિત્તમાં કંઈક કંઈક અંશથી તે ગુણો પ્રગટ થશે. જેથી ચારિત્રના સૂક્ષ્મ પરમાર્થને જોવાને અનુકૂળ સદ્બોધ તેનામાં પ્રગટ થશે અને તે પ્રગટ થતાની સાથે જ વિદ્યા પણ પ્રાપ્ત થશે. જેથી આખો ભવપ્રપંચ અત્યંત ઇન્દ્રજાળ જેવો દેખાશે અને ગુણધારણકુમારને "મુનિનું ચિત્ત જ શ્રેષ્ઠ છે" તેવો નિર્મલ બોધ થશે. **॥૪૦૫॥**

**શ્લોક :-**

**ग्राहयित्वाऽस्य तां कन्यां, पाणौ स्थास्यति सोऽन्तिके ।**
**ततो ब्रूते स यत् किञ्चित् तत्कार्यममुनेति दिग् ।।४०६।।**

**શ્લોકાર્થ :-**

**આને=ગુણધારણકુમારને, તે કન્યાને=વિદ્યા નામની કન્યાને, પાણિગ્રહણ કરાવીને તે=સદ્બોધ, પાસે રહેશે=ગુણધારણકુમારની પાસે રહેશે, તેથી જે કંઈ તે=સદ્બોધ, કહે છે તે આના વડે=ગુણધારણકુમાર વડે, કરવું જોઈએ, એ પ્રકારે દિશાસૂચન છે.**

સદ્બોધ વિદ્યાકન્યા સાથે આવશે અને વિદ્યાની પરિણતિ ગુણધારણકુમારની સાથે તાદાત્મ્યભાવવાળી થશે અને તત્ત્વને જોનાર નિર્મળ દૃષ્ટિરૂપ સદ્બોધ પાસે રહે છે અને તે સદ્બોધ ગુણધારણકુમારને સતત આત્મહિત કરવાને અનુકૂળ પ્રેરણા કરશે, તે પ્રમાણે ગુણધારણકુમારે કરવું જોઈએ. જેથી અન્ય કન્યાઓની ક્રમસર પ્રાપ્તિ ગુણધારણકુમારને થશે. **॥૪૦૬॥**

**શ્લોક :-**

**ततो भगवतो वाक्यं, तत् स्वीकृत्य प्रणम्य तम् ।**
**गतोऽहं नगरे तस्योपदेशं च प्रणीतवान् ।।४०७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી ભગવાનનું તે વાક્ય સ્વીકારીને તેમને=ભગવાનને, પ્રણામ કરીને, હું નગરમાં ગયો અને તેમના ઉપદેશને સેવવા લાગ્યો. ।।૪૦૭।।**

**શ્લોક :-**

**मम तं कुर्वतः सम्यग्, गच्छत्सु दिवसेष्वथ ।**
**अन्यदा भावनाभाजो, निद्रा निशि समागता ।।४०८।।**

**શ્લોકાર્થ :-**

**તેને=ગુરુના ઉપદેશને, સમ્યક્ કરતાં મારા દિવસો પસાર થયે છતે હવે અન્યદા ભાવનાવાળા એવા મને રાત્રિમાં નિદ્રા આવી.**

ગુરુના વચનાનુસાર ગુણધારણકુમાર શક્તિના પ્રકર્ષથી દશ કન્યાઓની પ્રાપ્તિના ઉપાયભૂત ગુણોમાં યત્ન કરે છે અને તે ગુણોની ભાવનાથી તેનું ચિત્ત અત્યંત ભાવિત થયું છે, તેથી ક્ષમાદિ ભાવોને અત્યંત અનુકૂળ એવું ચિત્ત થયું તે વખતે તેને નિદ્રા આવે છે. **॥૪૦૮॥**

**શ્લોક :-**

**तयैव मे भावनया, वृद्धा बुद्धस्य साऽधिकम् ।**
**रात्रिशेषे ततो जातः, प्रमोदो विस्मयावहः ।।४०९।।**

**શ્લોકાર્થ :-**

**તે જ ભાવનાથી જાગેલા એવા મને તે=ભાવનાઓ, અધિક વૃદ્ધિ પામી.-તેથી રાત્રિના શેષમાં વિસ્મયને કરનાર પ્રમોદ થયો.**

ગુરુના વચનાનુસાર દશ કન્યાઓની પ્રાપ્તિના ઉપાયભૂત ગુણોથી ચિત્તને વાસિત કરવા ગુણધારણકુમાર યત્ન કરે છે અને અત્યંત ભાવિત અવસ્થામાં જ નિદ્રા આવે છે, તેથી જાગૃત થવાની સાથે જ ફરી તે ભાવનાઓ સ્મરણ થઈ અને તે ભાવોથી ચિત્ત અત્યંત સમૃદ્ધ થવાથી રાત્રિના શેષકાળમાં અકલ્પ્ય એવો પ્રમોદ ગુણધારણકુમારને થયો. **॥૪૦૯॥**

**શ્લોક :-**

**तदा समीपमायातः, सद्बोधः प्रविलोकितः ।**
**दृष्टा मया च तत्पार्श्वे, सर्वावयवसुन्दरा ।।४१०।।**

विमर्शमालतीदामस्फुरत्सौरभसम्पदा ।
धारणावेणिदण्डेन, लम्बमानेन राजिता ।।४११।।
आस्तिक्यवदना दीर्घप्रमाणनयलोचना ।
पीनवैराग्यसंवेगविशालस्तनमण्डला ।।४१२।।
आध्यात्मिकमनोवृत्तिस्तोमरोमालिशालिता ।
गम्भीरात्मज्ञतानाभिः, शमचारुनितम्बभृत् ।।४१३।।
सदसत्ख्यातिरम्योरुः, शुचिवृत्ततपःक्रमा ।
लसत्परापरगुणानुरागकरपल्लवा ।।४१४।।
स्पृहणीयगुणोपेता, हृदयानन्दकारिणी ।
कन्या विद्याऽभिधा धन्या, स्नेहस्तिमितचक्षुषा ।।४१५।।

**શ્લોકાર્થ :-**

**ત્યારે=રાત્રિના શેષમાં પ્રમોદનો અતિશય થાય છે, ત્યારે પાસે આવેલો સદ્બોધ જોવાયો=ગુણધારણકુમાર વડે જોવાયો. તેની નજીકમાં= સદ્બોધની નજીકમાં સર્વ અવયવથી સુંદર, વિમર્શરૂપ માલતીની માળાથી સ્ફુરણ થતા સૌરભની સંપદાવાળી, લટકતી ધારણારૂપી વેણીના દંડથી શોભતી, આસ્તિક્યરૂપ મુખવાળી, દીર્ઘ એવા પ્રમાણ અને નયરૂપ લોચનવાળી, પુષ્ટ વૈરાગ્ય, સંવેગરૂપ વિશાલ સ્તનના મંડલવાળી, આધ્યાત્મિક મનોવૃત્તિના સમૂહરૂપ રોમની હારમાળાથી શોભતી, ગંભીર આત્મજ્ઞતારૂપ નાભિવાળી, શમરૂપ સુંદર નિતંબને ધારણ કરનારી, સદ્-અસત્ ખ્યાતિરૂપ રમ્ય ઊરુવાળી, શુચિ એવા વ્રત અને તપરૂપી ચરણવાળી, વિલાસ કરતાં પર અપર ગુણના અનુરાગરૂપ હાથના પલ્લવવાળી, સ્પૃહણીય ગુણોથી યુક્ત, હૃદયના આનંદને કરનારી વિદ્યા નામની ધન્ય એવી કન્યા સ્નેહથી સ્થિર થયેલા ચક્ષુવાળા એવા મારા વડે સદ્બોધની પાસે જોવાઈ.**

જ્યારે ગુણધારણકુમાર ભાવનાઓથી અત્યંત ભાવિત થાય છે, ત્યારે તેનામાં

સદ્બોધ પ્રગટે છે અને સાથે વિદ્યાની પરિણતિ પણ આવિર્ભાવ પામે છે અને તે વિદ્યા કેવા સ્વરૂપવાળી તે બતાવતાં કહે છે. વિદ્યાની પ્રાપ્તિકાળમાં જીવને તત્ત્વનો વિમર્શ પ્રવર્તે છે. તેથી મૂઢભાવથી થતી પ્રવૃત્તિ અટકે છે. વળી, તત્ત્વનો નિર્ણય કરીને તે તત્ત્વને ધારણ કરે છે. વળી, તે વખતે નિર્મળ કોટિનું આસ્તિક્ય જીવમાં પ્રગટે છે=સમ્યગ્દર્શનકાળમાં જે આસ્તિક્ય હતું તે વિદ્યાની પ્રાપ્તિકાળમાં અતિશય, અતિશયતર પ્રગટે છે. વળી, તે મહાત્માની દૃષ્ટિ પ્રમાણનયના પરમાર્થને જોનારી બને છે. વળી, વિદ્યા પ્રાપ્ત થાય છે ત્યારે વૈરાગ્ય અને સંવેગ અતિશય થાય છે. વળી, ચિત્તમાં આધ્યાત્મિક મનોવૃત્તિઓનો વિસ્તાર વધે છે. આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારી નિર્મલ દૃષ્ટિ પ્રગટે છે, શમનો પરિણામ અતિશય થાય છે. વળી, સ્યાદ્વાદના પરમાર્થને જાણનાર હોવાથી સદ્, અસત્ ખ્યાતિનો સૂક્ષ્મ બોધ થાય છે=વ્યવહારનયથી અસત્ કાર્ય જ થાય છે અને નિશ્ચયનયથી સદ્કાર્ય જ થાય છે તેથી સ્યાદ્વાદની દૃષ્ટિથી સત્ અને અસત્ ખ્યાતિનો સ્વીકાર છે તેનું રહસ્ય તે જીવ જાણે છે. વળી, નિર્મલ બોધ હોવાથી સુંદર આચાર અને તપ કરવામાં પ્રયત્નશીલ ગુણધારણકુમાર થાય છે. વળી, ઉપર ઉપરના ગુણને પ્રગટ કરવામાં સુદૃઢ વ્યાપારવાળો થાય છે. આવા પ્રકારના અનેક સ્પૃહણીય ગુણોથી યુક્ત વિદ્યાની પરિણતિ છે અને તે વિદ્યાને અત્યંત પ્રીતિપૂર્વક ગુણધારણકુમાર જુએ છે. **॥૪૧૦થી ૪૧૫॥**

**શ્લોક :-**

**सा सद्बोधेन पाणौ मे, ग्राहिता लङ्घिता निशा ।**
**प्रभाते भगवन्मूलं, गतोऽहं सपरिच्छदः ।।४१६।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બોધ વડે તે=વિદ્યા, મને પાણિગ્રહણ કરાવાઈ. રાત્રિ પસાર થઈ. પ્રભાતમાં ભગવાનની પાસે પરિવાર સહિત હું ગયો. ॥૪૧૬॥**

**શ્લોક :-**

**वन्दिता मुनयः सर्वे, पृष्टा निर्मलसूरयः ।**
**निशोदन्तमभूत् किं मे, तादृशी वरभावना ।।४१७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ મુનિઓ વંદન કરાયા. રાત્રિના પ્રસંગને નિર્મલસૂરિ પુછાયા. શું મને તેવા પ્રકારની શ્રેષ્ઠ ભાવના થઈ=દશ કન્યાના પ્રાપ્તિના કારણીભૂત તેવી શ્રેષ્ઠ ભાવના થઈ ? એમ ગુણધારણકુમાર પૂછે છે. ।।૪૧૭।।**

**શ્લોક :-**

**किं वा तादृक् समुत्पन्नः, प्रमोदो विस्मयावहः ।**
**भगवानाह भूमीश !, समाकर्णय कारणम् ।।४१८।।**

**શ્લોકાર્થ :-**

**અથવા તેવા પ્રકારના વિસ્મયને કરનારો પ્રમોદ કેમ ઉત્પન્ન થયો ? ભગવાન કહે છે, હે રાજા ! કારણ સાંભળ=રાત્રિમાં જે તને પ્રમોદ થયો છે, તેનું કારણ તું સાંભળ. ।।૪૧૮।।**

**શ્લોક :-**

**तुष्टस्ते सदनुष्ठानात्, स कर्मपरिणामराट् ।**
**गत्वा सविद्यः सद्बोधस्तेन प्रोत्साहितः स्वयम् ।।४१९।।**

**શ્લોકાર્થ :-**

**તારા સદ્અનુષ્ઠાનથી તુષ્ટ થયેલો તે કર્મપરિણામ રાજા સ્વયં જઈને તેના વડે=કર્મપરિણામ રાજા વડે, વિદ્યા સહિત સદ્બોધ પ્રોત્સાહિત કરાયો.**

ગુણધારણકુમારે જે ભાવનાઓથી આત્માને ભાવિત કર્યો, તેનાથી ચારિત્ર મોહનીય, જ્ઞાનાવરણીયાદિ ઘણાં કર્મો ક્ષયોપશમ ભાવવાળાં થયાં. તે કર્મોએ તારામાં વિદ્યા અને સદ્બોધ પ્રગટે તેવો યત્ન કર્યો. **।।૪૧૯।।**

**શ્લોક :-**

**यथा गच्छ भजस्वोर्वीवासवं गुणधारणम् ।**
**ततः स्वप्रभुमापृच्छ्य, प्रस्थितोऽसौ त्वदुन्मुखम् ।।४२०।।**

**શ્લોકાર્થ :-**

**કર્મપરિણામે સદ્બોધને કઈ રીતે પ્રેરણા કરી તે 'યથા'થી બતાવે છે. તું જા. પૃથ્વીના સ્વામી એવા ગુણધારણને તું સેવ, તેથી=કર્મપરિણામ રાજાએ સદ્બોધને પ્રોત્સાહિત કર્યો તેથી, પોતાના પ્રભુ એવા ચારિત્ર-ધર્મરાજાને પૂછીને આ=સદ્બોધ, તારી સન્મુખ પ્રસ્થિત થયો.**

ગુણધારણકુમારના સદ્અનુષ્ઠાનના સેવનને કારણે ક્ષયોપશમભાવવાળાં કર્મો થવાથી ગુણધારણકુમારમાં સદ્બોધ પ્રગટ થવાને અભિમુખભાવવાળો થયો છે. **II૪૨૦II**

**શ્લોક :-**

**ज्ञात्वा प्रवृत्तिमेतां च, महामोहादयो द्विषः ।**
**पापोदयं पुरस्कृत्य, पर्यालोचं प्रचक्रिरे ।।४२१।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રવૃત્તિને જાણીને=કર્મપરિણામ રાજાની પ્રેરણાથી વિદ્યા સહિત સદ્બોધ ગુણધારણકુમારની પાસે આવી રહ્યો છે, એ પ્રવૃત્તિને જાણીને, મહામોહાદિ શત્રુઓએ પાપોદયને આગળ કરીને પર્યાલોચન કર્યું.**

ગુણધારણકુમારમાં વર્તતા મહામોહનાં આપાદક કર્મો અને જ્ઞાનાવરણીયાદિ કર્મોની જે પાપપ્રકૃતિઓ ઉદયમાં હતી, તે પાપપ્રકૃતિને ઉદ્દેશીને મહામોહાદિ સદાગમને આવતો અટકાવવા વિષયક પર્યાલોચન કરે છે=સદાગમને આવતો અટકાવવાને અભિમુખ પરિણામવાળા થાય છે. **II૪૨૧II**

**શ્લોક :-**

**जगाद तत्र विषयाभिलाषो निहता वयम् ।**
**सद्बोधो यदि संसारिजीवपार्श्वे व्रजेदयम् ।।४२२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=પાપોદયને આગળ કરીને મહામોહાદિ સદ્બોધના આગમને અવરોધ કરવાનો વિચાર કરે છે ત્યાં, વિષયાભિલાષ બોલ્યો. આપણે હણાયા છીએ, જો સંસારી જીવ પાસે આ સદ્બોધ જાય.**

જો જીવમાં સદ્બોધ પ્રગટે તો વિષયાભિલાષાદિ મહામોહ આદિ સર્વે નાશ પામે તેમ છે. તેથી પોતાનું રક્ષણ કરવા માટે શું કરવું જોઈએ. તેની તેઓ વિચારણા કરે છે. **॥૪૨૨॥**

**શ્લોક :-**

> **सर्वेऽपि पथि कुर्वन्तु, तदस्य स्खलनोद्यमम् ।**
> **तदा पापोदयः प्राह, किमार्य ! क्रियतेऽधुना ।।४२३।।**
> **यत् कर्मपरिणामोऽपि, जातः सद्बोधपक्षकृत् ।**
> **पुरा हि बलवान् पक्षो, बलादस्य बभूव नः ।।४२४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=સદ્બોધની પ્રાપ્તિથી વિષયાભિલાષ આદિ સર્વનો નાશ છે તે કારણથી, આના પથમાં=સદ્બોધના પથમાં, સર્વ પણ સ્ખલના માટે ઉદ્યમ કરો. ત્યારે પાપોદય કહે છે. હે આર્ય ! વિષયાભિલાષ ! હમણાં શું કરાય=કંઈ કરાય તેમ નથી. જે કારણથી કર્મપરિણામ રાજા પણ સદ્બોધના પક્ષને કરનારો થયો, પૂર્વમાં આના બલથી=કર્મપરિણામ રાજાના બલથી આપણો પક્ષ બલવાન થયો.**

વિષયાભિલાષ કહે છે. આપણે સર્વ ભેગા થઈને સદ્બોધને આવતો અટકાવવા યત્ન કરવો જોઈએ, તેથી ચિત્તમાં વિષયાભિલાષ, જ્ઞાનાવરણીય, મોહનીય આદિ સર્વ કર્મો ભેગાં થઈને પ્રયત્ન કરે તો જ સદ્બોધ આવતો અટકી શકે. એ પ્રકારનો વિષયાભિલાષનો આશય છે. તે વખતે ગુણધારણકુમારની ચિત્તવૃત્તિમાં મોહઆપાદક પાપોદય અત્યંત શિથિલ છે. તેથી તે કહે છે, ગુણધારણકુમારમાં વર્તતાં ક્ષયોપશમભાવનાં કર્મો જ બલવાન છે. તેથી સદ્બોધનો પક્ષપાત કરે છે. તેથી આપણે અત્યારે કંઈ કરવા સમર્થ નથી. પૂર્વમાં ઔદયિકભાવનાં કર્મો પ્રચુર હતાં. તેથી ગુણધારણકુમારમાં પાપોદયાદિ સર્વ ભાવો બલવાન વર્તતા હતા, પરંતુ અત્યારે તો ક્ષયોપશમભાવનું સામ્રાજ્ય છે. તેથી સદ્બોધને અટકાવવું દુષ્કર છે, એમ ગુણધારણકુમારના ચિત્તમાં વર્તતો પાપોદય=સ્ખલના આપાદક પાપપ્રકૃતિનો ઉદય, કહે છે. **॥૪૨૩-૪૨૪॥**

**શ્લોક :-**

**उदासीनोऽपि देवश्चेद्, भवेदत्र बलद्वये ।**
**तदाऽपि युज्यते योद्धुमस्माकमरिभिः समम् ।।४२५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં બલદ્વયમાં=ચારિત્રધર્મરાજાદિના અને મહામોહાદિના એ રૂપબલદ્વયમાં, જો દેવ=કર્મપરિણામ રાજા, ઉદાસીન પણ હોય તોપણ શત્રુઓની સાથે યુદ્ધ કરવા માટે અમોને ઘટે છે, એમ પાપોદય કહે છે.**

ગુણધારણકુમારને સ્ખલન કરાવે તેવો પાપોદય અત્યંત નિર્બળ છે. તેથી તેને દેખાય છે કે ગુણધારણકુમારના કર્મપરિણામો સદ્બોધને અનુકૂળ વર્તી રહ્યા છે. આથી જો ગુણધારણકુમારનાં કર્મો કંઈક સદ્બોધને અને કંઈક મહામોહને અનુકૂળ હોય તો ગુણધારણકુમારના કર્મપરિણામો બંને પક્ષમાં ઉદાસીન છે, તેમ કહી શકાય અને ત્યારે યુદ્ધ કરવું ઉચિત છે; કેમ કે જયની સંભાવના રહે છે. આથી જ કેટલાક જીવો ક્ષણભર મોહનાશને અનુકૂળ ક્રિયા કરે છે અને ક્ષણભર પ્રમાદને વશ થાય છે. તેવા જીવોમાં સ્ખલના કરાવે તેવો પાપોદય કંઈક ઉત્સાહિત હોય છે અને ક્યારેક તેવા જીવો પાતને પણ પામે છે. પરંતુ જેઓનું અસ્ખલિત વીર્ય તત્ત્વને અભિમુખ જાય છે, તે જીવોમાં સ્ખલના આપાદક પાપોદય અત્યંત ક્ષીણ થયેલો છે. તેથી પાપોદય યુદ્ધ કરવા ઉત્સાહિત થતો નથી. **॥૪૨૫॥**

**શ્લોક :-**

**इदानीं याति सद्बोधस्तत्पार्श्वे देवशासनात् ।**
**तन्नास्य स्खलनं युक्तं, देवो दूरीकरोति नः ।।४२६।।**

**શ્લોકાર્થ :-**

**હમણાં સદ્બોધ તેની પાસે=ગુણધારણકુમારની પાસે, દેવના શાસનથી=ક્ષયોપશમભાવના કર્મના અનુશાસનથી, જાય છે. તે કારણથી આને=સદ્બોધને, સ્ખલન યુક્ત નથી. દેવ=કર્મનો પરિણામ, આપણને દૂર કરે છે.**

સદ્બોધની પ્રાપ્તિમાં સ્ખલન કરાવે તેવો પાપોદય અત્યંત ક્ષીણ છે. તેથી તે કહે છે, ગુણધારણકુમારના સદ્બોધને અનુકૂળ કર્મપરિણામોથી જ સદ્બોધ ગુણધારણકુમાર પાસે જઈ રહ્યો છે. તેથી આપણે સદ્બોધને અટકાવવા પ્રયત્ન કરશું તોપણ ક્ષયોપશમભાવનાં કર્મો બલવાન હોવાથી આપણને દૂર કરશે એમ પાપોદય કહે છે. **॥૪૨૬॥**

**શ્લોક :-**

**अधुना संस्थिता यूयं, प्रस्तावं लब्धुमर्हथ ।**
**सद्बोधो यातु तत्पार्श्वे, पश्चाद् विज्ञास्यतेऽखिलम् ।।४२७।।**

**શ્લોકાર્થ :-**

**હમણાં રહેલા તમે=યુદ્ધનો અનવસર હોવાથી નિષ્ક્રિય રહેલા એવા વિષયાભિલાષાદિ મહામોહના પરિણામો, પ્રસ્તાવને પામવા યોગ્ય છો= જ્યારે યુદ્ધ કરવાનો પ્રસ્તાવ થાય ત્યારે તમારે યુદ્ધ કરવા ઊભા થવું જોઈએ. સદ્બોધ તેની પાસે=ગુણધારણકુમાર પાસે જાઓ. પાછળથી બધું જણાશે.**

સ્ખલના કરાવનાર પાપોદય વિષયાભિલાષાદિને કહે છે. સદ્બોધને દૂર કરવાનો પ્રસ્તાવ હશે ત્યારે આપણે પ્રયત્ન કરવો ઉચિત છે. હમણાં સદ્બોધ તેની પાસે જાઓ; કેમ કે આપણા પ્રયત્નથી તેની ગતિનો અવરોધ થાય તેમ નથી. પાછળથી જ્યારે તેવો પ્રસ્તાવ જણાશે ત્યારે નિર્ણય કરાશે કે હવે આ સદ્બોધને દૂર કરવો જોઈએ, એમ સ્ખલના કરાવનાર પાપોદય કહે છે. **॥૪૨૭॥**

**શ્લોક :-**

**इदमाकर्ण्य कुपितो, ज्ञानसंवरणो नृपः ।**
**जगाद यदि तत्पार्श्वे, सद्बोधो याति लीलया ।।४२८।।**
**जीवितेन तदा किं मे, मलिनेनायशोभरैः ।**
**यूयं तिष्ठत तद् भीता, यातव्यं तु मया ध्रुवम् ।।४२९।।**

**શ્લોકાર્થ :-**

**આ સાંભળીને=પાપોદયે વિષયાભિલાષને કહ્યું એ સર્વ સાંભળીને, જ્ઞાનસંવરણ રાજા કોપિત થયો=સદ્‌બોધને આવતાં અટકાવવામાં સમર્થ એવો જ્ઞાનાવરણ કર્મ કુપિત થયો. રાજા બોલ્યા, જો સદ્‌બોધ તેની પાસે લીલાથી જાય છે તો અયશના સમૂહોથી મલિન એવા મારા જીવિતથી શું ? તે કારણથી ભય પામેલા તમે રહો. વળી મારા વડે અવશ્ય જવું જોઈએ.**

સદ્‌બોધ જો ગુણધારણકુમારને પ્રાપ્ત થાય તો અવશિષ્ટ એવું તેનું જ્ઞાનાવરણીય કર્મ અયશવાળું થાય છે; કેમ કે પોતાનો નાશ થતો હતો, છતાં સદ્‌બોધને સ્ખલના કરવા પ્રવૃત્ત થયો નહીં. તેથી જ્ઞાનસંવરણ અન્ય પાપોદયાદિ કર્મોને કહે છે. તમે ભલે ભયથી સામનો કરવા તત્પર થયા નથી, પરંતુ હું તો સદ્‌બોધને આવતાં અટકાવવામાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરીશ. **॥૪૨૮-૪૨૯॥**

**શ્લોક :-**

**इत्युक्त्वा चलिते तस्य, प्रतिस्खलनकाम्यया ।**
**ज्ञानसंवरणे राज्ञि, सर्वेऽपि चलिता ह्रिया ।।४३०।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે કહીને તેને=સદ્‌બોધને, પ્રતિસ્ખલનની કામનાથી જ્ઞાનસંવરણ રાજા ગતિ કર્યે છતે, સર્વ પણ=વિષયાભિલાષાદિ અન્ય પણ, લજ્જાથી ચાલ્યા.**

સ્વમાં તેવું બળ નહીં હોવા છતાં જ્ઞાનસંવરણનું અવલંબન લઈને સદ્‌બોધને અટકાવવા માટે સર્વ તત્પર થયા. બાહ્ય રાજ્યોના યુદ્ધના પ્રસંગમાં જે રીતે બલવાન રાજા આવતો હોય ત્યારે તેને અટકાવવા અબલવાન રાજાના સૈનિકોમાં કેવી કેવી પ્રવૃત્તિ થાય છે તેને સામે રાખીને અંતરંગ કર્મો કઈ રીતે ગુણોની પ્રાપ્તિમાં સ્ખલના કરાવે છે તેનો બોધ કરાવવા આ પ્રકારનો અંતરંગ કર્મપ્રકૃતિઓનો સંવાદ બતાવેલ છે. જેથી બોધ થાય કે ગુણધારણકુમારના ચિત્તને સ્ખલન કરાવે તેવી પાપપ્રકૃતિ અત્યંત નિર્બળ છે તેથી તે પાપપ્રકૃતિઓ

તે પ્રકારના પરિણામ કરાવવા સમર્થ થતી નથી છતાં સદ્બોધનો આવારક જે શ્રુતજ્ઞાનાવરણ કર્મ છે તે પોતાનો નાશ થતો જોઈને કંઈક પોતાના રક્ષણ અર્થે યત્ન કરે છે અને તેને પાપોદય પણ સહકાર આપવા તત્પર થાય છે. **॥૪૩૦॥**

**શ્લોક :-**

**रुद्धो मार्गस्तदाऽऽगत्य, सद्बोधसचिवस्य तैः ।**
**आसीच्चारित्रसैन्यं चात्रागतं तावतीं भुवम् ।।४३१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે આવીને સદ્બોધ મંત્રીનો માર્ગ તેઓ વડે=જ્ઞાનસંવરણાદિ ચોરટાઓ વડે અવરોધ કરાયો અને અહીં=જ્યાં જ્ઞાનસંવરણાદિ કર્મો સદ્બોધને અટકાવવા તત્પર થયા છે ત્યાં, તેટલી ભૂમિમાં=યુદ્ધના તે સ્થાનમાં, ચારિત્રસૈન્ય આવ્યું.**

ગુણધારણકુમારમાં સદ્બોધ પ્રગટ થવાની તૈયારી છે, ત્યાં સૂક્ષ્મ બોધનાં બાધક જ્ઞાનાવરણીય કર્મો વિદ્યમાન છે. તેનાથી સદ્બોધનો માર્ગ અવરોધ કરાયો અને સદ્બોધને અવરોધ કરવા માટે જ્ઞાનસંવરણ તત્પર થયો છે એમ જાણીને ગુણધારણકુમાર ચારિત્રની પરિણતિને અત્યંત અભિમુખ થઈને ભાવનાઓ કરે છે, તેથી તેના ચિત્તમાં વર્તતો ચારિત્રનો ક્ષયોપશમભાવ પણ તે જ્ઞાનાવરણીય કર્મને દૂર કરવામાં સન્મુખ થયો. **॥૪૩૧॥**

**શ્લોક :-**

**घोरमायोधनं लग्नं, ततश्च बलयोस्तयोः ।**
**परस्परसमाह्वानरोषनिर्घोषतो मिथः ।।४३२।।**

**શ્લોકાર્થ :-**

**અને તેથી=સદ્બોધને અટકાવવા માટે જ્ઞાનસંવરણાદિ આવ્યા અને આ બાજુ ચારિત્રસૈન્ય આવ્યું તેથી, તે બે બલનું=ચારિત્રધર્મરાજાના સૈન્યનું અને જ્ઞાનાવરણાદિના સૈન્યનું, પરસ્પર સમાહ્વાનના રોષના નિર્ઘોષથી પરસ્પર ઘોર યુદ્ધ થયું. ।।૪૩૨।।**

**શ્લોક :-**

**एकतो विधुवच्छुभ्रं, भ्रमरच्छवि चान्यतः ।**
**बलद्वयं मिलद्गंगाकालिन्दीजलवद् बभौ ।।४३३।।**

**શ્લોકાર્થ :**

**એક બાજુથી=જ્યાં ચારિત્રનું સૈન્ય છે એ બાજુથી, ચંદ્રની જેમ શુભ્ર અને અન્યથી=જ્યાં જ્ઞાનસંવરણાદિ છે ત્યાંથી, ભ્રમરની કાંતિ જેવું બલદ્વય મળતાં ગંગા અને યમુનાના જલ જેવું થયું.**

ચારિત્ર સૈન્ય ક્ષયોપશમભાવવાળું છે, તેથી શુભ્ર દેખાય છે અને જ્ઞાનસંવરણાદિનું સૈન્ય અંધકારને ફેલાવનારું છે, તેથી કાળું દેખાય છે. તેથી તેવું બલદ્વય થયું. **॥૪૩૩॥**

**શ્લોક :-**

**भग्नयोधं हतगजं, छिन्नच्छत्रं पतद्रथम् ।**
**बलयोस्तदभूद् युद्धं, गुरुपौरुषशालिनोः ।।४३४।।**

**શ્લોકાર્થ :-**

**ભગ્ન યોધાવાળું, હણાયેલા ગજવાળું, છેદાયેલા છત્રવાળું, પડતા રથવાળું, ગુરુ પૌરુષવાળું, બે બલનું તે યુદ્ધ થયું. ॥૪૩૪॥**

**શ્લોક :-**

**जयः स्यादिह कस्येति, द्रष्टुं संशयसंक्रमात् ।**
**जयश्रीः संशयारूढा, मन्ये नैकमपि श्रिता ।।४३५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=આ બંનેના યુદ્ધમાં, કોનો જય થાય એ જોવા માટે સંશયનો સંક્રમ હોવાથી સંશય આરૂઢ એવી જયશ્રી એકને પણ આશ્રિત થઈ નહીં એમ હું માનુ છું. ॥૪૩૫॥**

**શ્લોક :-**

**स कर्मपरिणामाख्यस्तदैवं पर्यचिन्तयत् ।**
**पक्षपातं स्फुटं कुर्वे, कस्य साधारणो ह्यहम् ।।४३६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે=બંને પક્ષનું યુદ્ધ ચાલે છે જયશ્રી કોઈને વરી નથી ત્યારે, તે કર્મપરિણામ રાજાએ આ પ્રમાણે વિચાર્યું. કોનો પક્ષપાત હું સ્પષ્ટ કરું. હિ=જે કારણથી, હું સાધારણ છું.**

બે પક્ષનું યુદ્ધ ચાલે છે, તે વખતે ગુણધારણકુમારના ચિત્તમાં કંઈક મોહના પરિણામો સૂક્ષ્મ સ્પર્શે છે અને કંઈક ચારિત્રના પરિણામોને અભિમુખ ચિત્ત જાય છે. તેથી તેના કર્મપરિણામો બંને પક્ષમાં સાધારણ છે માટે તે વખતે ગુણધારણકુમારના ચિત્તમાં કર્મપરિણામ રાજા તે બંનેના પક્ષમાંથી કોઈનો પક્ષ કરતો નથી. **॥૪૩૬॥**

**શ્લોક :-**

**मोहाद्या भिन्नचित्ताः स्युः, सद्बोधस्य स्फुटे कृते ।**
**पक्षपाते तदा तैः स्यात्, सार्द्धं चाकाण्डविड्वरम् ।।४३७।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બોધનો સ્પષ્ટ પક્ષપાત કરાયે છતે મોહાદિ ભિન્ન ચિત્તવાળા થાય અને તેઓની સાથે=મોહાદિઓની સાથે, અકાંડ વિડ્વર થાય= અકારણ જ મનભેદ થાય.**

કર્મપરિણામ રાજા વિચારે છે કે હું બંનેનો સાધારણ છું અને જો સદ્બોધનો સ્પષ્ટ પક્ષપાત કરીશ તો મોહાદિ ભિન્ન ચિત્તવાળા થશે અને તેઓની સાથે અકાંડ જ ક્લેશ થશે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુણધારણકુમારના સદ્બોધના પ્રાપક ક્ષયોપશમભાવનાં કર્મોની પ્રેરણા પ્રાપ્ત થવાથી સદ્બોધ પ્રાપ્ત થવાને અનુકૂળ નજીકની ભૂમિ સુધી આવ્યો ત્યાં સુધી કર્મપરિણામ રાજા સદ્બોધનો પક્ષપાત કરનાર હતો. છતાં સદ્બોધની પ્રાપ્તિની અતિ નજીકની ભૂમિકામાં કોઈક જ્ઞાનાવરણ કર્મ બલવાન હતું. જેથી સદ્બોધની ગતિમાં સ્ખલના થાય છે, તેના કારણે ગુણધારણકુમારના ચિત્તમાં કંઈક મોહના વિકલ્પો અને કંઈક ચારિત્રના વિકલ્પોનો પ્રવાહ ચાલે છે, ત્યારે ગુણધારણકુમારનું ક્ષયોપશમભાવનું કર્મ સદ્બોધના પક્ષપાતવાળું રહ્યું નહિ પરંતુ મધ્યસ્થ થયું; કેમ કે મોહાદિ

પરિણામો સાથે કર્મપરિણામ રાજાનો અનાદિનો મૈત્રી સંબંધ છે. તેમાં ક્લેશ થાય તે તેને ઉચિત જણાયું નહિ, તેથી બે પક્ષમાં મધ્યસ્થ રહી જુએ છે. **॥૪૩૭॥**

**શ્લોક :-**

**न च तन्मम युक्तं यत्, साम्प्रतं मेऽस्ति वल्लभम् ।**
**बलं संसारिजीवस्य, रुच्या चारित्रभूपतेः ।।४३८।।**

**શ્લોકાર્થ :-**

**અને તે કારણથી=મોહાદિ સાથે અકાંડ વિડ્વર થાય એ ઉચિત નથી તે કારણથી, મને યુક્ત નથી=કોઈના પક્ષમાં જવું મને યુક્ત નથી, જે કારણથી હમણાં સંસારી જીવના ચારિત્ર રાજાનું બલ રુચિથી મને વલ્લભ છે.**

ગુણધારણકુમારના ચારિત્ર મોહનીયનાં કર્મો ક્ષયોપશમભાવવાળાં છે, તેથી કર્મપરિણામને મોહના પક્ષમાં જવું ઉચિત નથી, ચારિત્રના પક્ષમાં જવું કેમ ઉચિત નથી, એ આગળના શ્લોકમાં બતાવે છે. **॥૪૩૮॥**

**શ્લોક :-**

**दोषेष्वेव निबध्नीयाद्, भूयोऽप्येष यदा मनः ।**
**तदा चिरन्तनस्थित्या, गतिर्मोहादयो मम ।।४३९।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે ફરી પણ આ=ગુણધારણકુમાર, દોષોમાં જ મનને નિબંધન કરે=મનને પ્રવર્તાવે ત્યારે ચિરંતન સ્થિતિથી=પૂર્વના પ્રયત્નાનુસાર, મને મોહાદિની ગતિ છે=મોહાદિનો આશ્રય છે.**

ગુણધારણકુમારનું ચિત્ત કોઈક નિમિત્તે વિષયોમાં જાય છે, ત્યારે તેનો કર્મપરિણામ વિચારે છે કે પૂર્વમાં જે રીતે મેં મોહાદિને આશ્રય આપ્યો, તેમ મને હમણાં પણ મોહાદિને જ આશ્રય આપવો ઉચિત છે. તેથી એક બાજુ કર્મપરિણામની રુચિ ચારિત્રને અભિમુખ છે અને બીજી બાજુ મોહાદિને અભિમુખ છે, તેવા સંયોગમાં કર્મપરિણામ રાજા મધ્યસ્થ વર્તે છે. કોઈ એકનો પક્ષ કરતો નથી. **॥૪૩૯॥**

**શ્લોક :-**

**तन्न तेषां मनो भेद्यं, पोष्यं धर्मबलं च मे ।**
**इति तेन भवच्चित्ते, वर्धिता वरभावना ।।४४०।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ગુણધારણકુમાર દોષોનો આશ્રય કરે ત્યારે કર્મપરિણામને મોહાદિ જ આશ્રય છે તે કારણથી, તેઓનો=મોહાદિનો, મનભેદ કરવો યોગ્ય નથી અને ધર્મબલ મને=ક્ષયોપશમભાવનાં કર્મોને, પોષ્ય છે એથી તેના વડે=કર્મપરિણામ વડે, તારા ચિત્તમાં, વરભાવના વૃદ્ધિ કરાઈ.**

ઔદયિકભાવનાં કર્મો જીવને દોષને અભિમુખ કરે છે, ત્યારે તે કર્મ મોહાદિને પોષે છે. વળી, ગુણધારણકુમાર કંઈક તત્ત્વને અભિમુખ બને છે ત્યારે તેના ક્ષયોપશમભાવનાં કર્મો ગુણધારણકુમારના ચિત્તમાં શ્રેષ્ઠ ભાવનાઓ ઉત્પન્ન કરે છે કે મારે ધર્મબલને પોષવું જોઈએ. તેથી ગુણધારણકુમાર ક્ષમાદિભાવોને અનુકૂળ સૂક્ષ્મ ઊહ કરે છે. **॥૪૪૦॥**

**શ્લોક :-**

**यावत् त्वं भावनासौधमारूढो गुणधारण ! ।**
**तावत् सद्बोधसहितं, बलं प्रबलतां गतम् ।।४४१।।**

**શ્લોકાર્થ :-**

**હે ગુણધારણકુમાર ! જ્યાં સુધી તું ભાવના રૂપી મહેલમાં આરૂઢ હતો, ત્યાં સુધી સદ્બોધ સહિત બલ=ચારિત્રનું સૈન્ય, પ્રબલતાને પામ્યું.**

ગુણધારણકુમાર આત્માના હિતને અનુકૂળ ભાવોમાં ચિત્તને રાત્રિમાં પ્રવર્તાવે છે, ત્યારે જ્ઞાનસંવરણાદિ સાથે ચારિત્રના બલનું યુદ્ધ થયું તે વખતે ક્ષણભર ગુણધારણકુમાર મોહને અભિમુખ થયો ત્યારે તેના ક્ષયોપશમભાવનાં કર્મો ભાવનાને અભિમુખ કરે છે અને ગુણધારણકુમાર ક્ષાંતિ આદિને પ્રાપ્તિને અનુકૂળ ભાવનામાં આરૂઢ છે, ત્યાં સુધી સદ્બોધ સહિત ચારિત્રનું સૈન્ય મોહનાશમાં સમર્થ બન્યું. **॥૪૪૧॥**

**શ્લોક :-**

**स्फीते त्वद्भावनामन्त्रे, मोहाद्याः क्षीणतां गताः ।**
**ततः सद्बोधसैन्येन, सर्वं मोहबलं हतम् ।।४४२।।**

**શ્લોકાર્થ :-**

**તારી ભાવનારૂપી મંત્ર સ્ફીત થયે છતે=ગુણધારણકુમારની ભાવનાઓ નિર્મળ થયે છતે, મોહાદિ ક્ષીણતાને પામ્યા. તેથી=મોહાદિ ક્ષીણતાને પામ્યા તેથી, સદ્બોધના સૈન્ય વડે સર્વ મોહનું બલ હણાયું.**

ગુણધારણકુમાર તીક્ષ્ણ ઉપયોગથી ચારિત્રની પ્રાપ્તિને અનુકૂલ શ્રેષ્ઠ ભાવનાઓમાં આરૂઢ છે, ત્યારે સદ્બોધને પ્રગટ થવામાં બાધક મોહાદિ ક્ષીણતાને પામ્યા. તેથી સદ્બોધનું સૈન્ય તીવ્ર વેગથી તત્ત્વને અભિમુખ જાય છે. ત્યારે વિઘ્નકારી સર્વ મોહનું બલ નાશ પામે છે. **॥૪૪૨॥**

**શ્લોક :-**

**दत्तः प्रहारः सर्वेषां, महामोहादिविद्विषाम् ।**
**चूर्णितश्च विशेषेण, ज्ञानसंवरणो नृपः ।।४४३।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ મહામોહાદિ શત્રુઓને પ્રહાર અપાયો અને વિશેષથી જ્ઞાનસંવરણ રાજા ચૂર્ણિત કરાયો. ।।૪૪૩।।**

**શ્લોક :-**

**मन्दाक्षलक्ष्या निःस्पन्दाः स्थिताः पापोदयादयः ।**
**पार्श्वे सविद्यः सद्बोधस्तव निर्विघ्नमागतः ।।४४४।।**

**શ્લોકાર્થ :-**

**શરમથી જણાતા, નિઃસ્પંદ, પાપોદય આદિ રહ્યા. વિદ્યા સહિત સદ્બોધ તારી પાસે વિઘ્ન રહિત આવ્યો.**

ગુણધારણકુમારની ભાવનાથી પ્રબળ થયેલું સદ્બોધનું સૈન્ય મોહને ક્ષીણ કર્યા પછી સર્વ મહામોહાદિ ભાવોને દૂર કર્યા. તેથી ચિત્તવૃત્તિમાં તે વખતે

મોહના વિકારો વ્યક્તરૂપે પ્રગટ થતા ન હતા. વળી સદ્બોધની પ્રાપ્તિમાં વિઘ્નભૂત જ્ઞાનસંવરણ વિશેષથી સૂક્ષ્મ ઉપયોગને કારણે નાશ કરાયો. જેથી સદ્બોધને પ્રગટ થવામાં બાધક એવાં પાપાદિ કર્મો તદ્દન સ્પંદન વગરનાં થયાં અને પોતાના સાહસ માટે જ્ઞાનસંવરણ આદિ ચોરટાઓ લજ્જા પામ્યા. તે વખતે વિદ્યા અને સદ્બોધની પરિણતિ ગુણધારણકુમારના ચિત્તમાં પ્રગટ થઈ. **॥૪૪૪॥**

**શ્લોક :-**

**हर्षोल्लासस्ततस्तेऽभूत्, परिणीता च कन्यका ।**
**राजंस्त्वयाऽखिलं तत्त्वं, ज्ञातमेव ततः परम् ।।४४५।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=સદ્બોધ અને વિદ્યા ગુણધારણકુમાર પાસે આવ્યા તેથી, તને=ગુણધારણકુમારને, હર્ષોલ્લાસ થયો. કન્યા પરણાઈ=વિદ્યા પરણાઈ, હે રાજા ! ત્યારપછી અખિલ તત્ત્વ તારા વડે જ્ઞાત જ છે.**

સદ્બોધની પ્રાપ્તિ અને વિદ્યાની તાદાત્મ્યની પરિણતી પ્રગટ થવાથી ગુણધારણકુમારને હર્ષનો અતિશય સવારે થાય છે અને નિર્મલસૂરિ કહે છે, ત્યારપછી શું થયું તે તને જ્ઞાત જ છે. **॥૪૪૫॥**

**શ્લોક :-**

**तदिदं भावनावृद्धेः, कारणं तव भूपते ! ।**
**हर्षोल्लासस्य चोत्पन्नं, रजन्यां नात्र संशयः ।।४४६।।**

**શ્લોકાર્થ :-**

**હે ભૂપતિ ! ગુણધારણકુમાર ! તે આ=વિદ્યા સહિત સદ્બોધ તારી નજીકમાં આવવા તત્પર થયો તે આ, રાત્રિમાં તારી ભાવનાની વૃદ્ધિનું અને હર્ષઉલ્લાસનું કારણ ઉત્પન્ન થયું, એમાં સંશય નથી.**

ગુણધારણકુમારની પાસે વિદ્યા સહિત સદ્બોધ રાત્રિના સમયે પ્રગટ થવાની તૈયારીમાં હતો તેના કારણે જ ભાવનાની વૃદ્ધિ થઈ અને સદ્બોધ અને વિદ્યાની પ્રાપ્તિ થઈ, તેના કારણે જ રાત્રિમાં હર્ષોલ્લાસ ઉત્પન્ન થયો. **॥૪૪૬॥**

શ્લોક :-

**मयोक्तमधुना किं ते, कुर्वन्ति मम शत्रवः ।**
**भगवन्नाह भूमीश !, कुर्वते कालयापनाम् ।।४४७।।**

શ્લોકાર્થ :-

**મારા વડે કહેવાયું=ગુણધારણકુમાર વડે કહેવાયું, હમણાં મારા તે શત્રુઓ શું કરે છે ? ભગવાન કહે છે, હે રાજા ! કાલ યાપનાને કરે છે. ॥૪૪૭॥**

શ્લોક :-

**उदीर्णास्ते परिक्षीणाः, परे चोपशमं गताः ।**
**चित्तवृत्तिमहाटव्यां, लीनाः सन्त्यखिलाः स्थिताः ।।४४८।।**

શ્લોકાર્થ :-

**ઉદીર્ણ થયેલા તેઓ=મોહાદિ શત્રુઓ, ક્ષીણ થયા અને બીજા ઉપશમને પામ્યા, ચિત્તવૃત્તિ મહાટવીમાં અખિલ એવા તેઓ=ઉપશમને પામેલા એવા તેઓ, લીન રહેલા છે.**

વિદ્યા સહિત સદ્બોધને આવતાં વિઘ્ન કરનારાં જે જે મોહાદિ આપાદક કર્મો ઉદયમાં આવીને સદ્બોધને આવતાં અટકાવવા પ્રયત્ન કરતાં હતાં તે સર્વ ગુણધારણકુમારની ભાવનાથી નાશ પામ્યાં અને જેઓ ઉદયમાં આવ્યાં નથી, તેઓ પણ વર્તમાનમાં ઉદયમાં ન આવે તે રીતે શાંત થઈને રહેલાં છે; કેમ કે ગુણધારણકુમારનું ચિત્ત ભાવનાઓથી અત્યંત ભાવિત છે. તેથી મોહાદિ ભાવો ઊઠે તેવા વર્તમાનમાં સંયોગો નથી તોપણ ગુણધારણકુમારની ચિત્તવૃત્તિ મહાટવીમાં સંસ્કારરૂપે તેઓ રહેલા છે. **॥૪૪૮॥**

શ્લોક :-

**प्रस्तावे मत्सरध्माताः, करिष्यन्ति रणं पुनः ।**
**सद्बोधवचनात् सर्वे, हन्तव्यास्ते तदा त्वया ।।४४९।।**

**શ્લોકાર્થ :-**

**પ્રસ્તાવમાં મત્સરથી અધ્માત એવા તેઓ=મહામોહાદિ, ફરી યુદ્ધને કરશે. ત્યારે તારા વડે સદ્બોધના વચનથી તે સર્વ હણવા જોઈએ.**

જ્યારે ગુણધારણકુમાર પ્રમાદ તરફ વળશે ત્યારે ચિત્તવૃત્તિમાં લીન થયેલા મહામોહાદિના સંસ્કારો ફરી યુદ્ધ કરવા આવશે. તે વખતે ગુણધારણકુમારે સદ્બોધના વચનનું અવલંબન લઈને ઉચિત ભાવો દ્વારા તેઓનો નાશ કરવો જોઈએ, એ પ્રમાણે નિર્મલસૂરિ ગુણધારણકુમારને કહે છે. **॥૪૪૯॥**

**શ્લોક :-**

**तत् प्रमाणीकृतं वाक्यं, मया भगवतस्ततः ।**
**विहृता मासकल्पे ते, सम्पूर्णेऽन्यत्र सूरयः ।।४५०।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી ભગવાનનું તે વાક્ય મારા વડે=ગુણધારણકુમાર વડે, પ્રમાણ કરાયું. માસકલ્પ પૂર્ણ થયે છતે તે સૂરિઓએ અન્યત્ર વિહાર કર્યો. ॥૪૫૦॥**

**શ્લોક :-**

**ततस्तदुपदिष्टार्थो, विशिष्यानुष्ठितो मया ।**
**प्रसादितं मनो बाढं, शरीरं परिकर्मितम् ।।४५१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=સૂરિએ વિહાર કર્યો ત્યારપછી, તેમનો ઉપદિષ્ટ અર્થ, મારા વડે વિશેષથી કરાયો. મનને અત્યંત પ્રસાદિત કરાયું, શરીરને પરિકર્મિત કરાયું=સંયમને અનુકૂળ શરીર પ્રવર્તે તે રીતે સુઅભ્યસ્ત કરાયું. ॥૪૫૧॥**

**શ્લોક :-**

**विहितं चित्तवृत्तौ मे, सद्बोधेन प्रवेशनम् ।**
**प्रदर्शितौ द्वौ पुरुषौ, शुभ्रौ रम्यौ सुखावहौ ।।४५२।।**

**શ્લોકાર્થ :-**

**મારી ચિત્તવૃત્તિમાં સદ્બોધ વડે પ્રવેશ કરાયો. શુભ્ર, રમ્ય, સુખને લાવનાર બે પુરુષો બતાવાયા=સદ્બોધ વડે બતાવાયા. ॥૪૫૨॥**

**શ્લોક :-**

**उक्तं च तेन द्वावेतौ, धर्मशुक्लाभिधौ नरौ ।**
**तव प्रवेशकौ राज्ये, कार्यस्तेनादरोऽनयोः ।।४५३।।**

**શ્લોકાર્થ :-**

**અને તેના વડે=સદ્બોધ વડે, કહેવાયું. તને રાજ્યમાં પ્રવેશ કરાવનારા ધર્મ શુક્લ નામના આ બે નરો છે, તેના કારણે આ બંનેમાં આદર કરવો જોઈએ.**

નિર્મલસૂરિએ વિહાર કરતાં પૂર્વે કહ્યું કે સદ્બોધનું વચન ગ્રહણ કરીને તારે તે ચોરટાઓને હણવા જોઈએ. તેથી તે મહાત્માઓ ગયા પછી ગુણધારણકુમારે ગુરુના તે ઉપદેશનું અનુસરણ કર્યું. જેથી તેનું મન અત્યંત નિર્મળ થયું, શરીર પણ તે પ્રકારે પરિકર્મિત કર્યું કે જેથી સંયમને અનુકૂળ સર્વ ઉચિત ક્રિયાઓ કરવા માટે શરીર તત્પર રહે. આ રીતે કર્યા પછી ગુણધારણકુમારે આવેલા સદ્બોધને ચિત્તમાં પ્રવેશ કરાવ્યો=ક્ષયોપશમભાવરૂપે સદ્બોધ ચિત્તમાં પ્રવેશ પામ્યો અને તે સદ્બોધ તેને ચિત્તવૃત્તિમાં બે પુરુષો બતાવે છે, જે ધર્મધ્યાન અને શુક્લ સ્વરૂપ છે અને સદ્બોધના ક્ષયોપશમથી જ ગુણધારણકુમારને જણાય છે કે આ ધર્મધ્યાનના અને શુક્લધ્યાનના બળથી જ હું મારા પોતાના આત્માના સામ્રાજ્યમાં પ્રવેશ પામીશ; કેમ કે ધર્મધ્યાન અને શુક્લધ્યાન દ્વારા જીવ પોતાના નિરાકુળ સ્વભાવને અતિશય, અતિશયતર કરે છે. **॥૪૫૦થી ૪૫૩॥**

**શ્લોક :-**

**ततश्च दर्शिता पीतपद्मशुक्लाभिधाः स्त्रियः ।**
**विद्युत्पद्मस्फटिकभास्तेन तिस्रो मनोहराः ।।४५४।।**

**શ્લોકાર્થ :-**

**અને ત્યારપછી પીત, પદ્મ અને શુક્લ નામની વિદ્યુત્, પદ્મ, સ્ફટિકની**

**કાંતિવાળી, મનોહર ત્રણ સ્ત્રીઓ તેના વડે=સદ્બોધ વડે, બતાવાઈ.**

જીવ ધર્મધ્યાનને અને શુક્લધ્યાનને અનુકૂળ ઊહ કરે છે ત્યારે ત્રણ શુભ લેશ્યામાંથી કોઈક શુભ લેશ્યાના બળથી ચડે છે, તે લેશ્યાનું સ્વરૂપ સદ્બોધ જીવને દેખાડે છે. **॥૪૫૪॥**

**શ્લોક :-**

**उक्तं च प्रथमस्येमास्तिस्त्रोऽपि परिचारिका ।**
**शुक्लैवैका द्वितीयस्य, विज्ञेया पोषकारिणी ।।४५५।।**

**શ્લોકાર્થ :-**

**અને કહેવાયું. પ્રથમની=ધર્મધ્યાનની આ ત્રણે પણ પરિચારિકા છે. બીજાની=શુક્લધ્યાનની શુક્લ એવી આ એક પોષણકારિણી જાણવી.**

જ્યારે જ્યારે જીવ કોઈક પ્રકારના તત્ત્વને અનુકૂળ વિચારણા કરે છે ત્યારે ત્યારે ત્રણ શુભલેશ્યાઓ જીવમાં વર્તે છે અને જ્યારે જ્યારે મોહને વશ બાહ્ય પદાર્થોને આશ્રયીને વિચારણા કરે છે ત્યારે ત્યારે પ્રથમની ત્રણ અશુભ લેશ્યાઓ વર્તે છે. તેથી ગુણધારણકુમારે સદ્બોધની પ્રાપ્તિ અર્થે જે જે ભાવનાઓ કરી ત્યારે પણ આ ત્રણ શુભલેશ્યાઓ હતી તોપણ,તે પ્રથમ ભૂમિકાની સામાન્ય પરિણતિ સ્વરૂપ હતી. હવે ગુણધારણકુમારમાં ક્ષયોપશમભાવરૂપે સદ્બોધ પ્રગટ થયો છે તે સદ્બોધ ગુણધારણકુમારને ધર્મધ્યાનનું સ્વરૂપ બતાવે છે અને ત્યારપછી તેને પુષ્ટ કરનારી આ ત્રણ લેશ્યાઓ કેવી પરિણતિવાળી છે, તેનું વિશિષ્ટ સ્વરૂપ બતાવે છે. વળી, બીજા શુક્લધ્યાનનું કારણ એવી શ્રેષ્ઠ શુક્લલેશ્યાનું સ્વરૂપ બતાવે છે. જેથી ગુણધારણકુમાર પોતાની શક્તિ અનુસાર તે લેશ્યાઓમાં યત્ન કરીને ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં યત્ન કરવા સમર્થ બને. **॥૪૫૫॥**

**શ્લોક :-**

**तदेतासु त्वया सम्यग्, वर्त्तितव्यं महाशय ! ।**
**पुरुषौ दास्यतो राज्यमेताभिः पोषिताविमौ ।।४५६।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ત્રણ લેશ્યાઓ ધર્મધ્યાનની પોષક છે અને શુક્લલેશ્યા**

**શુક્લધ્યાનની પોષક છે તે કારણથી, આ ત્રણ લેશ્યામાં હે મહાશય ગુણધારણકુમાર ! તારા વડે સમ્યગ્ વર્તવું જોઈએ. આ ત્રણ લેશ્યાઓથી પોષાયેલા આ બંને પુરુષો=ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ બંને પુરુષો, રાજ્યને અપાવશે.**

ગુણધારણકુમારના ચિત્તમાં પ્રગટ થયેલ સદ્બોધ ગુણધારણકુમારને પ્રેરણા કરે છે કે આ ત્રણ શુભલેશ્યામાં તારે વર્તવું જોઈએ; કેમ કે આ ત્રણે લેશ્યાઓ ધર્મધ્યાનનું અને શુક્લધ્યાનનું પોષણ કરીને પરંપરાએ આત્માના સામ્રાજ્યને પ્રાપ્ત કરવાનું કારણ છે. **॥૪૫૬॥**

**શ્લોક :-**

**ततस्तद्वचनं पथ्यं, स्वीकृत्याहं पुनः पुनः ।**
**सद्बोधेन सह स्वैरं, विलसामि स्म लीलया ।।४५७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=સદ્બોધે આ પ્રમાણે પ્રેરણા કરી ત્યારપછી, પથ્ય એવા તેના વચનને=સદ્બોધના વચનને, સ્વીકારીને ફરી ફરી હું લીલાપૂર્વક ઈચ્છાનુસાર સદ્બોધની સાથે વિલાસ કરું છું.**

ગુણધારણકુમાર સદ્બોધના વચનને સ્વીકારીને તે ત્રણેય લેશ્યાઓમાં યત્ન કરે છે. એટલું જ નહીં પણ પ્રગટ થયેલા સદ્બોધના દ્વારા વિશેષ વિશેષ પ્રકારે આત્મહિતની વિચારણા કરે છે. **॥૪૫૭॥**

**શ્લોક :-**

**चित्तवृत्तौ प्रविश्य स्म मन्त्रयामि मुहुर्मुहुः ।**
**मानयामि स्म सम्यक्त्वगृहिधर्मसदागमान् ।।४५८।।**

**શ્લોકાર્થ :-**

**ચિત્તવૃત્તિમાં પ્રવેશ કરાવીને=સદ્બોધને પ્રવેશ કરાવીને, વારંવાર હું=ગુણધારણકુમાર, મંત્રણા કરતો હતો=સદ્બોધ સાથે વિચારણા કરતો હતો. સમ્યક્ત્વ, ગૃહીધર્મ અને સદાગમોને માન આપતો હતો.**

અનુસુંદર ચક્રવર્તી કહે છે કે ગુણધારણકુમારની અવસ્થામાં સદ્બોધ પ્રગટ્યા પછી હું ચિત્તવૃત્તિમાં તેનો પ્રવેશ કરાવીને સદ્બોધના બળથી જ સૂક્ષ્મ ભાવોને જોવા માટે સતત યત્ન કરતો હતો અને સમ્યક્ત્વ સહિત ગૃહસ્થધર્મ અને સદાગમ જે મને પ્રાપ્ત થયેલા હતા તેને હું અત્યંત દૃઢ કરતો હતો. **॥૪૫૮॥**

**શ્લોક :-**

**गतेषु कुर्वतश्चैवं, किञ्चिदूनेषु पञ्चसु ।**
**मासेषु मे भृशं तुष्टः, स कर्मपरिणामराट् ।।४५९।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે કરતાં કંઈક ઊન પાંચ માસ પસાર થયે છતે તે કર્મપરિણામ રાજા મારા ઉપર અત્યંત તોષ પામ્યો.**

ગુણધારણકુમાર સદ્બોધના વચનનું અનુસ્મરણ કરીને સદા શત્રુઓને નાશ કરવામાં યત્ન કરે છે. તેથી ગુણધારણકુમારના મોહનીયના ક્ષયોપશમભાવનાં કર્મો અતિશય થાય છે. તેથી કંઈક ઊન પાંચ મહિનાના કાળ દરમ્યાન ગુણધારણકુમારનાં મોહઆપાદક સર્વ કર્મો અત્યંત નિર્મળ થવાથી તેના હિતને અનુકૂળ પ્રયત્નશીલ થયાં. **॥૪૫૯॥**

**શ્લોક :-**

**ततस्तेन नृपाः स्वस्वकन्यादानेऽनुकूलिताः ।**
**प्रावर्त्तन्त विवेकाद्रौ, दातुमेताः पुरोदिताः ।।४६०।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=કર્મપરિણામ રાજા ગુણધારણકુમારને અનુકૂળ થયો તેથી, તેના વડે=કર્મપરિણામ રાજા વડે, સ્વસ્વ કન્યાદાનમાં=પોતાની પોતાની તે તે કન્યાઓને આપવામાં, રાજાઓ=શુભ પરિણામ આદિ રાજાઓ, અનુકૂળ કરાયા. પૂર્વમાં કહેલા આ=રાજાઓ વિવેક પર્વત ઉપર આપવા માટે=કન્યાને આપવા માટે, આવ્યા. ॥૪૬૦॥**

શ્લોક :-

अत्रान्तरे च विषयाभिलाषो मोहभूपतिम् ।
प्राह संसारिजीवोऽसाविमाः कन्या वृणोति चेत् ।।४६१।।
ततो वयं परिक्षीणास्तन्नोपेक्षाऽत्र युज्यते ।
कर्त्तव्यः सर्वथा यत्नः, सत्त्वमालम्ब्य निर्भयम् ।।४६२।।

શ્લોકાર્થ :-

**અને એટલામાં વિષયાભિલાષ મોહરાજાને કહે છે. જો આ સંસારી જીવ આ કન્યાઓને પરણે છે તો અમે પરિક્ષીણ થયા=નાશ પામ્યા. તે કારણથી અહીં=કન્યાઓને આપતા અટકાવવામાં ઉપેક્ષા ઘટતી નથી. સત્ત્વનું આલંબન લઈને સર્વથા નિર્ભય યત્ન કરવો જોઈએ.**

ગુણધારણકુમારના ક્ષયોપશમભાવનાં કર્મો દશ કન્યાને આપવા માટે અનુકૂળ કરે છે, ત્યારે ગુણધારણકુમારની ચિત્તવૃત્તિમાં શું બને છે, તે બતાવતાં કહે છે. જીવમાં વર્તતો વિષયાભિલાષનો પરિણામ સંસ્કારરૂપે પડ્યો છે તે ક્ષમાદિભાવોને ગુણધારણકુમાર પ્રાપ્ત કરે તો પોતાનો નાશ થશે, એ પ્રમાણે વિચારીને મોહાદિભાવોને પ્રેરણા કરે છે કે ભય રાખ્યા વગર સત્ત્વનું અવલંબન લઈને તે કન્યાઓની પ્રાપ્તિને અટકાવવા માટે આપણે યત્ન કરવો જોઈએ. તેથી ફલિત થાય કે ગુણધારણકુમારનું ચિત્ત કંઈક વિષયને અભિમુખ વળ્યું છે, જે વિઘ્ન સ્વરૂપે-ઉપસ્થિત થશે. **॥૪૬૧-૪૬૨॥**

શ્લોક :-

यतः —
तावद् भयेभ्यो भेतव्यं, यावद् भयमनागतम् ।
आगतं तु भयं दृष्ट्वा, प्रहर्तव्यमशङ्कितैः ।।४६३।।

શ્લોકાર્થ :-

**જે કારણથી ત્યાં સુધી ભયોથી ડરવું જોઈએ, જ્યાં સુધી ભય આવ્યો નથી. આવેલા ભયને જોઈને અશંકિત પુરુષ વડે તેનો પ્રહાર કરવો જોઈએ.**

વિષયાભિલાષ નિર્ભય યત્ન કરવાની પ્રેરણા અર્થે જાણે નિપુણપ્રજ્ઞાથી ઉપદેશ આપતો હોય તેવા ઉપદેશને બતાવે છે. બુદ્ધિમાન પુરુષે ભયો પ્રાપ્ત થયા ન હોય ત્યાં સુધી ભયોથી ડરવું જોઈએ. તેથી ભય આવવાની સંભાવનાનો પરિહાર કરી શકાય. પરંતુ કોઈક રીતે ભય આવ્યો હોય તો ભયભીત થવું જોઈએ નહીં. પરંતુ ધીરતાપૂર્વક તે ભયના નિમિત્તને દૂર કરવા યત્ન કરવો જોઈએ. **॥૪૬૩॥**

**શ્લોક :-**

**अनुमेने महामोहो, न्याय्यं तन्मन्त्रिणो वचः ।**
**समर्थितं भटैः शेषैः, सन्नद्धमखिलं बलम् ।।४६४।।**

**શ્લોકાર્થ :-**

**મહામોહે મંત્રીના ન્યાયયુક્ત તે વચનને સ્વીકાર્યું. શેષ ભટ્ટો વડે સમર્થન કરાયું. અખિલ બલ તત્પર કરાયું. ॥૪૬૪॥**

**શ્લોક :-**

**भूयः संभूय ते योद्धुं, कृतोत्साहाः समागताः ।**
**जाताः पर्याकुलाश्चित्ते, केवलं दृष्टसाध्वसाः ।।४६५।।**

**શ્લોકાર્થ :-**

**ફરી યુદ્ધ કરવા માટે કૃત ઉત્સાહવાળા એકઠા થઈને તેઓ આવ્યા. કેવલ ચિત્તમાં દૃષ્ટ ભયવાળા તેઓ પર્યાકુલ થયા.**

ગુણધારણકુમારના ચિત્તમાં કંઈક મોહના પરિણામનો સળવળાટ થયો તોપણ ગુણધારણકુમાર સદ્બોધનું અનુસરણ કરનાર હોવાથી તે પરિણામો કઈ રીતે તે કન્યાઓના રાજાઓને આવતા અટકાવવામાં યત્ન કરે તે નિર્ણય કરી શક્યા નહીં અને સદ્બોધ આદિના બળને જોઈને ભયભીત થયા. **॥૪૬૫॥**

**શ્લોક :-**

**ततः सविनयं पृष्टा, सर्वैस्तैर्भवितव्यता ।**
**न्याय्यं किमधुनाऽस्माकं, भगवत्यभिधेहि नः ।।४६६।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ભય પામેલા એવા મોહના યોદ્ધાઓ હોવાથી, સર્વ એવા તેઓ વડે વિનયપૂર્વક ભવિતવ્યતા પુછાઈ. હમણાં અમોને શું ન્યાય્ય છે ? હે ભગવતી ! ભવિતવ્યતા ! તું અમને કહે. ।।૪૬૬।।**

**શ્લોક :-**

**सा प्राह भद्र ! भवतां, रणारम्भो न युज्यते ।**
**यत् कर्मपरिणामोऽस्मिन्नार्यपुत्रेऽधुना हितः ।।४६७।।**

**શ્લોકાર્થ :-**

**તે=ભવિતવ્યતા કહે છે, હે ભદ્ર ! તમારો યુદ્ધનો આરંભ ઘટતો નથી, જે કારણથી આ આર્યપુત્રમાં હમણાં કર્મપરિણામ હિત છે=હિતને કરનાર છે.**

ગુણધારણકુમારના ચિત્તમાં વર્તતા મોહાદિના પરિણામો કંઈક ઉપદ્રવ કરવા તત્પર થયા, પરંતુ અનુકૂળ સંયોગને નહીં જોવાથી ભવિતવ્યતાનું આલંબન લે છે અને ભવિતવ્યતા કહે છે. હમણાં ગુણધારણકુમારના ક્ષયોપશમભાવનાં કર્મો ગુણધારણકુમારને અત્યંત અનુકૂળ છે. તેથી મોહના સૈન્યને યુદ્ધ કરવું ઉચિત નથી, તેથી ફલિત થાય છે કે મોહના પરિણામો પણ ભવિતવ્યતાના મુખને જોઈને હુમલો કરે છે અને ભવિતવ્યતા જીવને અનુકૂળ હોય તો મોહના પરિણાંમો શાંત બેસી જાય છે વળી ભવિતવ્યતા જીવના કરાતા યત્નને જોનારી છે અને ગુણધારણકુમારનો યત્ન સદ્બોધને અનુકૂળ છે તેથી ભવિતવ્યતા પણ જીવને અનુકૂળ વર્તે છે. **।।૪૬૭।।**

**શ્લોક :-**

**शुभाशयादयस्तेन, विशेषात् तस्य मीलिताः ।**
**करिष्यत्यधुना सम्यक्, स्वबलस्यैष पोषणम् ।।४६८।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=કર્મપરિણામ રાજા વડે, શુભાશયાદિ તેને=ગુણધારણકુમારને, વિશેષથી મીલિત કરાયા. હમણાં આ=ગુણધારણકુમાર, સ્વબલનું=**

**ચારિત્રસૈન્યનું, સમ્યક્ પોષણ કરશે.**

ભવિતવ્યતા મોહાદિ સૈન્યને કહે છે. ગુણધારણકુમારને કર્મપરિણામ રાજા અનુકૂળ છે. તેને શુભાશયાદિનો વિશેષથી યોગ કરાવ્યો છે. તેથી ગુણધારણકુમાર તે શુભાશયાદિના બળથી પોતાના ચારિત્રબળનું પોષણ કરશે માટે મોહાદિએ યુદ્ધ કરવું ઉચિત નથી. **॥૪૬૮॥**

**શ્લોક :-**

**अधुना युध्यमानानां, प्रलयस्तदनेन वः ।**
**संपत्स्यते ततः कालयापनां कर्तुमर्हथ ।।४६९।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=ગુણધારણકુમાર પોતાના બળનું પોષણ કરશે તે કારણથી, હમણાં આના વડે=ગુણધારણકુમાર દ્વારા પોષણ કરાતા એવા સ્વબળ વડે, યુદ્ધ કરતા એવા તમારો=મોહાદિનો, પ્રલય થશે. તેથી કાળની યાપના કરવા માટે તમે યોગ્ય છો.**

ગુણધારણકુમારની ભવિતવ્યતા અત્યારે તત્ત્વને અભિમુખ પરિણતિવાળી છે. તેથી ગુણધારણકુમારના ક્ષયોપશમભાવનાં કર્મોએ પોતાના ચારિત્રબળને પુષ્ટ કર્યું છે. તેથી મોહાદિ શત્રુઓને ભવિતવ્યતા કહે છે કે હમણાં તમે યુદ્ધ કરશો તો ગુણધારણકુમારથી પુષ્ટ થયેલું સ્વબલ તમારો નાશ કરશે. તેથી મોહાદિને કાલયાપના જ ન કરવી ઉચિત છે. આથી જ જ્યારે જીવની ભવિતવ્યતા હિતને અનુકૂળ વર્તતી હોય ત્યારે મોહાદિ શત્રુઓ સામનો કરવા આવતા નથી, પરંતુ જીવ પોતાના ક્ષયોપશમભાવની વૃદ્ધિ સ્વપરાક્રમથી કરે છે. **॥૪૬૯॥**

**શ્લોક :-**

**यदा त्ववसरो भावी, वक्ष्यामि भवतां तदा ।**
**अहं दत्तावधानाऽस्मि, सदा युष्मत्प्रयोजने ।।४७०।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે વળી, અવસર થશે=મહામોહાદિને શત્રુઓનો સામનો કરવાનો અવસર થશે, ત્યારે તમોને હું કહીશ. હું=ભવિતવ્યતા, તમારા**

**પ્રયોજનમાં=મહામોહાદિના પ્રયોજનમાં, દત્ત અવધાનવાળી છું.**

જીવની ભવિતવ્યતા જ્યારે મહામોહાદિનો અવસર હોય છે, ત્યારે તે ભાવોને જાગૃત કરીને અવશ્ય જીવનું અહિત કરે છે. **॥૪૭૦॥**

**શ્લોક :-**

**संहृतस्तै रणावेशस्ततस्तदुपदेशतः ।**

**संलीनैः केवलं स्वाः स्वाः, प्रयुक्ता योगशक्तयः ।।४७१।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ભવિતવ્યતાએ કહ્યું કે અત્યારે તમારો અવસર નથી તેથી, તેના ઉપદેશથી=ભવિતવ્યતાના ઉપદેશથી, તેઓ વડે=મહામોહાદિ વડે, યુદ્ધનો આવેશ સંહરણ કરાયો. કેવલ સંલીન એવા તેઓ વડે પોતપોતાની યોગશક્તિઓ પ્રવૃત્ત કરાઈ.**

જીવની ભવિતવ્યતા હિતને અનુકૂળ હોય છે, ત્યારે તેના ઉપદેશથી મોહાદિ પરિણામો ચારિત્રના સૈન્ય સામે યુદ્ધ કરવા આવતા નથી તોપણ ચિત્તવૃત્તિમાં સંસ્કારરૂપે રહીને તે તે કષાયોની પોતાની યોગશક્તિ છે તે કંઈક વ્યાપારવાળી કરે છે. કઈ રીતે વ્યાપારવાળી કરે છે, તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૪૭૧॥**

**શ્લોક :-**

**समजायन्त कल्लोलास्तन्माहात्म्येन मे हृदि ।**

**सूरिणोक्तं हिताः कन्या, यदि त्वं परिणेष्यसि ।।४७२।।**

**तदा प्रव्राजयिष्येऽहं, प्रव्रज्या चातिदुष्करा ।**

**भुजाभ्यां तरणं ह्येतत्, स्वयंभूरमणोदधेः ।।४७३।।**

**શ્લોકાર્થ :-**

**તેના માહાત્મ્યથી=સંલીન રહેલા મોહના પરિણામો પોતાની યોગશક્તિ પ્રયુક્ત કરે છે તેના માહાત્મ્યથી, મારા હૃદયમાં=ગુણધારણકુમારના હૃદયમાં, કલ્લોલો થાય છે. કેવા પ્રકારના કલ્લોલો થાય છે તે બતાવે**

**છે. સૂરિ વડે કહેવાયું. હિતકારી એવી કન્યાઓને જ્યારે તું પરણીશ, ત્યારે હું=નિર્મલસૂરિ, પ્રવ્રજ્યા આપીશ અને પ્રવ્રજ્યા અતિદુષ્કર છે. હિ=જે કારણથી, આ=પ્રવ્રજ્યા ભૂજા વડે સ્વયંભૂરમણ સમુદ્રની તરવાની ક્રિયા છે. ।।૪૭૨-૪૭૩।।**

**શ્લોક :-**

**नैष्ठिकं यत्यनुष्ठानं, वपुर्मे सुखलालितम् ।**
**रोगातङ्कांस्तथा रूक्षवृत्तिं नेदं क्षमिष्यते ।।४७४।।**

**શ્લોકાર્થ :-**

**યતિનું અનુષ્ઠાન નૈષ્ઠિક છે=અત્યંત નિષ્ઠાપૂર્વક કર્તવ્ય છે. મારું શરીર સુખથી લાલિત છે. રોગાતંકોને=રોગો અને આતંકોને અને રુક્ષવૃત્તિને આ=શરીર, સહન કરશે નહીં.**

ગુણધારણકુમારની ચિત્તવૃત્તિમાં લીન થયેલા મોહના પરિણામો પોતાની યોગશક્તિ પ્રવર્તાવે છે, ત્યારે તેના માહાત્મ્યથી ગુણધારણકુમારના ચિત્તમાં વિકલ્પો ઊઠે છે. આથી જ પૂર્વમાં છ મહિનાનો વિલંબન કરવા ગુણધારણકુમાર તત્પર ન હતા, પરંતુ શુદ્ધ સંયમ પાળીને શીઘ્ર સંસારનો ક્ષય કરવામાં તત્પર થયા હતા, ત્યારે મોહના કલ્લોલો ન હતા. જ્યારે દશ કન્યાની પ્રાપ્તિનો આસન્નભાવ આવ્યો ત્યારે તત્ત્વના વિચારને છોડીને સંયમની દુષ્કરતા, પોતાની શક્તિનું અસામર્થ્ય વિચારે છે. તેથી જ પ્રવ્રજ્યા દુષ્કર જણાય છે; કેમ કે માત્ર સંયમની ક્રિયામાં ગુણધારણકુમારને પ્રવ્રજ્યાબુદ્ધિ નથી, પરંતુ પ્રવ્રજ્યા મોહનાશને અનુકૂળ સુભટની જેમ નિષ્ઠાવાળું અનુષ્ઠાન છે. તેથી તેવું નિષ્ઠાવાળું અનુષ્ઠાન સુખથી પોષાયેલું પોતાનું શરીર કરી શકશે નહીં તેમ જણાય છે. વળી, પોતાનું શરીર રુક્ષવૃત્તિને સહન કરશે નહીં અને રુક્ષવૃત્તિને કારણે રોગો અને સદ્ય નાશ કરે એવા આતંકો થશે તો પોતે સહન કરી શકશે નહીં. આ પ્રકારનો પ્રવ્રજ્યામાં શિથિલ કરે એવો વિચાર ગુણધારણકુમારને આવે છે. **।।૪૭૪।।**

**શ્લોક :-**

**बाधिष्यते च मदनमञ्जरी विरहेण मे ।**
**द्राघीयसाऽतिमृद्वङ्गी, तुषारेणेव पद्मिनी ।।४७५।।**

શ્લોકાર્થ :-

વળી, વિચારે છે કે હિમથી કમળ જેમ બાધ પામે તેમ અતિમૃદુ શરીરવાળી મદનમંજરી દીર્ઘ એવા મારા વિરહથી બાધા પામશે. ।।૪૭૫।।

શ્લોક :-

जातो मनाग् मनोभङ्ग, इत्यादि ध्यायतो मम ।
चिन्तितं च तदा किं ताः, पाणौ गृह्णामि नाधुना ।।४७६।।

શ્લોકાર્થ :-

ઈત્યાદિ વિચાર કરતાં મારા મનનો થોડોક ભંગ થયો=તે કન્યાઓને પ્રાપ્ત કરવામાં મારા યત્નનો ભંગ થયો અને ત્યારે વિચારાયું. તેઓને=દશ કન્યાઓને, હમણાં પાણિગ્રહણ કરું નહીં. ।।૪૭૬।।

શ્લોક :-

सुखैः प्रसृमरैस्तैर्यौवनं गमयाम्यहम् ।
वार्द्धके प्रव्रजिष्यामि, स्वाधीनाः परिणीय ताः ।।४७७।।

શ્લોકાર્થ :-

વિસ્તાર પામતાં એવાં સુખો વડે યૌવનને હું પસાર કરું, વાર્દ્ધકમાં સ્વાધીન એવી તેણીને=દશ કન્યાઓને, પરણીને હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. ।।૪૭૭।।

શ્લોક :-

वितर्कोऽयमभूत् सर्वः, सद्बोधे दूरवर्तिनि ।
आगतायाथ सर्वोऽयं, प्रोक्तोऽस्मै स्वाशयो मया ।।४७८।।

શ્લોકાર્થ :-

સદ્‌બોધ દૂરવર્તી હોતે છતે આ સર્વ વિતર્ક થયો. હવે આવેલા એવા આને=સદ્‌બોધને, સર્વ પણ આ પોતાનો આશય મારા વડે કહેવાયો.

ગુણધારણકુમારની ચિત્તવૃત્તિમાં સદ્‌બોધ આવેલો છતાં કોઈક પ્રમાદને વશ

તે સદ્બોધ દૂર થાય છે. આથી જ સંયમની દુષ્કરતાદિના વિચારો મોહ શક્તિથી ચિત્તમાં ઊઠે છે, ત્યારે સદ્બોધ વ્યક્ત રૂપે નજીક નથી તોપણ ફરી ગુણધારણકુમારનું ચિત્ત સદ્બોધને અભિમુખ થાય છે, ત્યારે સદ્બોધ આવિર્ભૂત થાય છે અને સદ્બોધ સાથે પોતાની વિચારણાની મંત્રણા ગુણધારણકુમાર કરે છે. **॥૪૭૮॥**

**શ્લોક :-**

**सद्बोधः प्राह न न्याय्यमिदं देवेन मन्त्रितम् ।**
**इदं ह्यज्ञानताचिह्नं, स्वहितप्रतिबन्धकम् ।।४७९।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બોધ કહે છે, દેવ વડે=ગુણધારણકુમાર વડે, આ ન્યાય્ય વિચારણા કરાઈ નથી, हि=જે કારણથી, આ=તમે વિચારણા કરી એ, સ્વહિતનું પ્રતિબંધક એવું અજ્ઞાનતાનું ચિહ્ન છે.**

ગુણધારણકુમારના ચિત્તમાં સદ્બોધ પ્રગટેલો ત્યારે સતત ગુણધારણકુમારને સિદ્ધ અવસ્થા જ તત્ત્વ જણાતું હતું અને તેનો ઉપાય ભાવસાધુ જ છે એવો સ્થિર નિર્ણય હતો અને તે નિર્ણય મોહના કલ્લોલકાળમાં પણ વિદ્યમાન છે, તોપણ 'અરિહંતો મહદેવો' ઇત્યાદિ શ્લોકના બળથી સર્વવિરતિની શક્તિના સંચયનો દૃઢ વ્યાપાર જ્યારે ચાલતો હતો ત્યારે સદ્બોધ નજીકમાં હતો અને જ્યારે તે શ્લોક દૃઢ વ્યાપારનું કારણ બને તે રીતે સ્મૃતિપટમાં નથી, ત્યારે સદ્બોધ કંઈક દૂરવર્તી થાય છે. તેથી મોહના કલ્લોલો ઉત્પન્ન થાય છે. ફરી પોતાના લક્ષ્યનું સ્મરણ થાય છે, ત્યારે તે શ્લોકના સ્મરણના બળથી મોહનાશને અનુકૂળ સદ્બોધ આવિર્ભાવ પામે છે અને તે સદ્બોધ જ ગુણધારણકુમારને કહે છે. આ પ્રકારે વિચારવું એ પોતાના હિતને પ્રતિબંધક એવી અજ્ઞાનતાનું ચિહ્ન છે; કેમ કે દશ કન્યાની પ્રાપ્તિ વગર મુનિભાવ નથી અને મુનિભાવની પ્રાપ્તિ વગર વીતરાગતા નથી. વીતરાગ વિના મોક્ષ નથી માટે મોક્ષના અર્થીએ શીઘ્ર મુનિભાવની પ્રાપ્તિ કેવી રીતે થાય ? તેની જ વિચારણા કરવી જોઈએ. અન્ય વિચારણા કરવી ઉચિત નથી. **॥૪૭૯॥**

**શ્લોક :-**

**न चेदं त्वत्स्वभावोत्थं, किन्तु तेषां विजृम्भितम् ।**
**पापानामधुना ते हि, त्वद्विघ्नायोपतस्थिरे ।।४८०।।**

**શ્લોકાર્થ :-**

**અને આ=ગુણધારણકુમારે ચિંતવન કર્યું એ, તારા સ્વભાવથી ઊઠેલ નથી, પરંતુ પાપી એવા તેઓનું=મહામોહાદિનું વિજૃંભિત છે. हि=જે કારણથી, તેઓ હમણાં તને વિઘ્ન કરવા માટે ઉપસ્થિત થયા છે.**

જીવમાં વર્તતો સદ્બોધ ગુણધારણકુમારને કહે છે, તેં આ વિચારણા કરી તે તારા સ્વભાવથી ઊઠેલ નથી; કેમ કે તારો સ્વભાવ તારા હિતની જ વિચારણા કરે અને તારું પ્રકૃષ્ટ સુખ દશ કન્યાની પ્રાપ્તિ દ્વારા સંયમમાં છે, તેમ જાણવા છતાં તેને અનુકૂળ બળનો સંચય છોડીને જે તેં વિચારણા કરી તે તારા ચિત્તમાં વર્તતા પાપી એવા મોહાદિનો જ વિલાસ છે અને તેઓ તને ઉત્તમ સુખ પ્રાપ્ત કરવામાં વિઘ્નભૂત છે. **॥૪૮૦॥**

**શ્લોક :-**

**मयोक्तमार्य ! ते पापा, निराकार्याः कथं मया ।**
**तेन प्रोक्तं निजबलान्मयोक्तं तत् प्रदर्शय ।।४८१।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=ગુણધારણ વડે, કહેવાયું. હે આર્ય સદ્બોધ ! મારા વડે તે પાપીઓ કઈ રીતે નિરાકરણ કરવા જોઈએ ? તેના વડે=સદ્બોધ વડે, કહેવાયું, પોતાના બલથી=પોતાના હિતકારી સૈન્યથી, તે પાપીઓનું નિરાકરણ કરવું જોઈએ. મારા વડે કહેવાયું. તે=હિતકારી નિજબલ, બતાવો.**

સદ્બોધ ગુણધારણકુમારને બતાવે છે કે તારા ચિત્તમાં વર્તતા મહામોહાદિ ભાવોએ આ પ્રકારના વિકલ્પો કરાવ્યા છે જે અનુચિત છે. તેથી ગુણધારણકુમાર સદ્બોધના બળથી તે ચોરટાઓનો નિરાકરણ કરવાનો ઉપાય જાણવા માટે પ્રયત્ન કરે છે અને સદ્બોધ કહે છે, જે તારા ચારિત્રનું સૈન્ય છે. તેનાથી મહામોહનો

નાશ કરવો જોઈએ, તેથી ચારિત્રની પરિણતી જે રીતે સ્ફુરણ થાય તે રીતે નિપુણતાથી યત્ન કરવો જોઈએ કે જેથી મહામોહાદિજન્ય વિકલ્પો થાય નહીં. તેથી ગુણધારણકુમાર તેને જોવાની ઇચ્છા વ્યક્ત કરે છે. **॥૪૮૧॥**

**શ્લોક :-**

**ततः प्रवेश्य मां चित्तसमाधानाख्यमण्डपे ।**
**नृपांश्चारित्रधर्मादीन्, सद्बोधः समदर्शयत् ।।४८२।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી મને ચિત્તસમાધાન નામના મંડપમાં પ્રવેશ કરાવીને સદ્બોધે ચારિત્રધર્માદિ રાજાઓને બતાવ્યા.**

ગુણધારણકુમાર સદ્બોધના અવલંબનથી ચિત્તને સમાધાનવાળું કરે છે. જેથી ચારિત્રધર્માદિની પરિણતિ કેવા પ્રકારની છે ? તેનો સૂક્ષ્મ બોધ સદ્બોધના બળથી ગુણધારણકુમારને થાય છે. **॥૪૮૨॥**

**શ્લોક :-**

**कृता तैः प्रतिपत्तिर्मे, सर्वे सम्मानिता मया ।**
**प्रवृत्तास्ते द्विषो हन्तुं, सेनया चतुरङ्गया ।।४८३।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે=ચારિત્રધર્માદિ રાજાઓ વડે, મારી પ્રતિપત્તિ કરાઈ=મારા સાથે ઉચિત સંભાષણ કરાયું, મારા વડે સર્વ=ચારિત્રધર્માદિ સર્વ રાજાઓ, સમ્માનિત કરાયા. ચતુરંગ સેનાથી શત્રુઓને હણવામાં તેઓ=ચારિત્ર-ધર્મરાજાઓ, પ્રવૃત્ત થયા.**

ગુણધારણકુમારના ચિત્તમાં સદ્બોધના બળથી ચારિત્રના સૂક્ષ્મ ભાવો દેખાય છે, જે જીવની શીતલ, મધુર પરિણતિ સ્વરૂપ છે. તેથી તેમાં ગુણધારણકુમારનું ચિત્ત મગ્ન થાય છે, જે મહામોહાદિને નાશને અનુકૂળ ચારિત્રના સૈન્યની પ્રવૃત્તિ સ્વરૂપ છે. **॥૪૮૩॥**

**શ્લોક :-**

**दृष्ट्वैव तेषां संरम्भं भयेनोद्भ्रान्तमानसाः ।**
**पापोदयं पुरस्कृत्य, नष्टा मोहादयो द्विषः ।।४८४।।**

**શ્લોકાર્થ :-**

**તેઓના સંરંભને જોઈને=ચારિત્ર રાજાઓના સેનાના આગમનને જોઈને, જ ભયથી ઉદ્ભ્રાન્ત માનસવાળા મોહાદિ શત્રુઓ પાપોદયને આગળ કરીને નાસ્યા.**

ગુણધારણકુમારનું ચિત્ત વિપુલ પ્રજ્ઞાપૂર્વક ચારિત્રની પરિણતિની અભિમુખ વર્તે છે, તે જોઈને તેમાં વિઘ્ન કરવામાં કારણ બને તેવા પાપોદયને આગળ કરીને મહામોહાદિ નાસ્યા; કેમ કે મહામોહાદિનું બળ જ યોગમાર્ગને વિઘ્ન કરાવનાર પાપોદય છે અને તે વિઘ્નકારી કર્મો જ શિથિલ થયેલાં હોવાથી સંગ્રામ કરવાને અનુકૂળ વીર્યવાળાં રહ્યા નથી, તેથી તે આગળ ભાગે છે અને તેની પાછળ મહામોહાદિ પલાયન થાય છે. **॥૪૮૪॥**

**શ્લોક :-**

**तैस्तु भग्नास्तदावासाः, शोधिता च महाटवी ।**
**द्विषज्जयाद् यशस्तेषामखिला व्यानशे दिशः ।।४८५।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે=ચારિત્રધર્માદિ રાજાનાં સૈન્યો વડે; તેના આવાસો=મહામોહાદિના આવાસો, ભગ્ન કરાયા. મહાટવી=ચિત્તરૂપી મહાટવી શોધન કરાઈ, શત્રુઓના જયથી તેઓનો=ચારિત્રધર્માદિ રાજાઓનો યશ બધી દિશાઓમાં વ્યાપ્ત થયો. ।।૪૮૫।।**

**શ્લોક :-**

**किंचित् क्षयं गता किञ्चित्, प्रशान्तत्वमुपागताः ।**
**निलीय केवलं पापाः, स्थितास्ते बकचर्यया ।।४८६।।**

**શ્લોકાર્થ :-**

**કેટલાક ક્ષયને પામ્યા=કેટલાક શત્રુઓ મૃત્યુને પામ્યા, કેટલાક પ્રશાંતપણાને પામ્યા. કેવલ પાપી એવા તેઓ નિલીન થઈને બકચર્યાથી રહ્યા.**

ગુણધારણકુમારનો મોહનાશને અનુકૂળ તીવ્ર વ્યાપાર વર્તતો હતો. તેથી કેટલાક મોહના પરિણામો ક્ષયને પામ્યા, કેટલાક મોહને આપાદક કર્મો શાંત થયાં તોપણ ચિત્તવૃત્તિમાં સંસ્કારરૂપે અને કર્મરૂપે નિલીન થઈને તેઓ સમયની રાહ જોતા બકવૃત્તિથી રહેલા છે; કેમ કે ગુણધારણકુમારનું તે પ્રકારનું ઉત્કૃષ્ટ વીર્ય ઉલ્લસિત થયું નથી જેથી ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને સર્વ શત્રુઓનો નાશ કરી શકે. **॥૪૮૬॥**

**શ્લોક :-**

**प्रारब्धो मे तदा कर्तुं, विवाहो भावबान्धवैः ।**
**तत्राष्टौ मातरः पूर्वं, स्थापितास्ताश्च पूजिताः ।।४८७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે ભાવરૂપી બાંધવો વડે મારો વિવાહ કરવા માટે પ્રારબ્ધ કરાયો. ત્યાં=વિવાહના પ્રસંગમાં, પૂર્વમાં આઠ માતાઓ સ્થાપન કરાઈ અને તેઓ પૂજાઈ=આઠ માતાની પૂજા કરાઈ.**

ચારિત્રની પરિણતિરૂપ કન્યાઓની સાથે વિવાહ કરવા માટે અષ્ટ પ્રવચન માતાઓ સ્થાપન કરાય છે અને તેઓની પૂજા કરાય છે. તેથી ગુણધારણકુમારનું ચિત્ત અષ્ટ પ્રવચન માતાઓના ગુણોથી અત્યંત વાસિત બને છે=પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ જ મારું એકાંત હિત છે એ પ્રકારની પરિણતિ અત્યંત સ્ફુરણ થાય છે. **॥૪૮૭॥**

**શ્લોક :-**

**तासां निवेदितं वीर्यं, सद्बोधेन पृथक् पृथक् ।**
**आद्या माता यतिं कुर्याद्, युगमात्रप्रलोकितम् ।।४८८।।**

**શ્લોકાર્થ :-**

**સદ્બોધ વડે તેઓનું=તે માતાઓનું, પૃથક્ પૃથક્ વીર્ય નિવેદિત કરાયું. આદ્ય માતા=ઈર્યાસમિતિરૂપ માતા, યતિને યુગમાત્ર પ્રલોકિત કરે છે.**

ઈર્યાસમિતિમાં ચાલનારા મુનિ સાડા ત્રણ હાથમાત્ર ભૂમિનું સૂક્ષ્મ અવલોકન કરીને જીવની રક્ષા અર્થે પાદન્યાસપૂર્વક ગમન કરે છે. જેથી છ કાયના પાલનનો સૂક્ષ્મ અધ્યવસાય પ્રગટે છે. **॥૪૮૮॥**

**શ્લોક :-**

**प्रियं पथ्यं मितं तथ्यं, द्वितीया भाषयेद् वचः ।**
**तृतीया कारयेत् सर्वदोषवर्जितभोजनम् ।।४८९।।**

**શ્લોકાર્થ :-**

**બીજી માતા પ્રિય, પથ્ય, મિત, તથ્ય વચનને બોલાવે છે. ત્રીજી માતા સર્વ દોષવર્જિત ભોજનને કરાવે છે.**

ભાષાસમિતિવાળા મુનિ નિષ્કારણ બોલે નહીં. કોઈના ઉપકાર અર્થે બોલે જે અવશ્ય સ્વપર માટે પથ્ય હોય; કેમ કે પોતાના સંયમની વૃદ્ધિ અર્થે યાચનાદિ કરે તે વચનપ્રયોગ પોતાને પણ પથ્ય હોય છે અને અન્યને પણ પથ્ય હોય છે. વળી અન્ય કોઈ વચન કોઈને કહે તે પણ તે જીવને પથ્ય હોય, તેને પ્રીતિ ઉત્પન્ન કરે તેવું હોય, પરિમિત શબ્દવાળું હોય અને તથ્ય હોય=તત્ત્વને કહેનારું હોય, તેવું જ બોલે, જે ભાષાસમિતિ સ્વરૂપ છે અને સંયમની વૃદ્ધિ અર્થે ભિક્ષા ગ્રહણ કરે ત્યારે ભિક્ષાના સર્વ દોષોનું વર્જન કરીને ભિક્ષા ગ્રહણ કરે. જે એષણાસમિતિ સ્વરૂપ છે. **॥૪૮૯॥**

**શ્લોક :-**

**पात्राद्यादाननिक्षेपं, सुदृष्टं सुप्रमार्जितम् ।**
**माता चतुर्थी मुनिभिः, कारयन्ती विजृम्भते ।।४९०।।**

**શ્લોકાર્થ :-**

**પાત્રા આદિનું ગ્રહણ અને નિક્ષેપ સુદૃષ્ટ, સુપ્રમાર્જિત ચોથી માતા મુનિ વડે કરાવતી વિલાસ પામે છે.**

સાધુ સંયમનાં ઉપકરણોને જે અત્યંત યતનાપૂર્વક ગ્રહણ-નિક્ષેપ કરે તે આદાનભંડમત્તનિક્ષેપણા સમિતિ સ્વરૂપ છે. **॥૪૯૦॥**

**શ્લોક :-**

**पञ्चमी त्याजयेन्नीत्या, देहाहारमलादिकम् ।**
**अनाकुलं मुनेश्चित्तं, षष्ठी माता तु रक्षति ।।४९१।।**

**શ્લોકાર્થ :-**

**પાંચમી માતા દેહઆહારમલાદિને નીતિથી ત્યાગ કરાવે છે, છઠ્ઠી માતા મુનિના અનાકુલ ચિત્તનું રક્ષણ કરે છે.**

પાંચમી માતા પારિષ્ઠાપનિકા સ્વરૂપ છે, તેથી સાધુ દેહને, આહારને અને મલાદિને યતનાપૂર્વક પરઠવે છે=મૃત્યુકાળમાં સાધુ પોતાના દેહને વિધિપૂર્વક પરઠવે છે, દોષિત આહાર પ્રાપ્ત થયો હોય તો યતનાપૂર્વક પરઠવે છે અને શરીરના મલાદિને યતનાપૂર્વક પરઠવે છે. જેથી ષટ્કાયના પાલનનો અધ્યવસાય નિર્મળતર થાય છે અને છઠ્ઠી માતા મનોગુપ્તિ છે, જે મુનિના ચિત્તને કષાયોથી અનાકુળ રાખે છે. **॥૪૯૧॥**

**શ્લોક :-**

**सप्तमी कारयेन्मौनं, धर्म्यं वा भाषयेद् वचः ।**
**अष्टमी लीनतां काये, कारयेद् यतनां तथा ।।४९२।।**

**શ્લોકાર્થ :-**

**સાતમી માતા મૌનને કરાવે છે અથવા ધર્મ સંબંધી વચનને બોલાવે છે. આઠમી માતા કાયામાં લીનતાને કરાવે છે અને યતનાને કરાવે છે.**

સાતમી માતા વચનગુપ્તિ છે, તેથી તેના બળથી સાધુ વીતરાગ તરફ જનારા ઉપયોગવાળા હોવાથી નિષ્કારણ બોલતા નથી. પરંતુ મૌન ધારણ કરે

છે અને સંયમની વૃદ્ધિના પ્રયોજનથી બોલે છે, તે ધર્મ સંબંધી વચન બોલે છે અને તે બોલાવનાર વાગ્ ગુપ્તિ નામની સાતમી માતા છે; કેમ કે ભાષાસમિતિકાળમાં પણ વાગ્ ગુપ્તિ હોય છે. આઠમી માતા કાયગુપ્તિ સ્વરૂપ છે. તેથી મુનિને કાયામાં લીનતા કરાવે છે. જેના કારણે મુનિ નિષ્કારણ કાયાને સ્પંદન માત્ર પણ કરતા નથી. સંયમના પ્રયોજનથી કાયાને પ્રવર્તાવે ત્યારે પણ ષટ્કાયના પાલનને અનુકૂળ ઉચિત યતનાથી પ્રવર્તાવે છે; કેમ કે કાયાની સમિતિ આદિથી કરાતી ચેષ્ટાકાળમાં પણ કાયગુપ્તિ હોય છે. **॥૪૯૨॥**

**શ્લોક :-**

**संपूज्याऽद्यदिने जैनपुराधिष्ठायिका इमाः ।**
**शुद्धा चित्तसमाधाने, वेदिर्निःस्पृहता कृता ।।४९३।।**

**શ્લોકાર્થ :-**

**આદ્ય દિવસમાં=લગ્નના આદ્ય દિવસમાં, પૂજીને આ=આઠ માતાઓ, જૈનપુરની અધિષ્ઠાયિકા કરાઈ. ચિત્તસમાધાનમાં નિઃસ્પૃહતા શુદ્ધ વેદી કરાઈ.**

ગુણધારણકુમારના ચિત્તમાં અષ્ટ પ્રવચન માતાનું સૂક્ષ્મ સ્વરૂપ ભક્તિપૂર્વક પૂજીને સ્થાપન કરાયું. જે માતાઓ જિન થવાને અનુકૂળ યત્ન કરનારા જીવોના નિવાસસ્થાનરૂપ જે જૈનપુર છે, તેની અધિષ્ઠાયિકા છે; કેમ કે તેમના સ્વરૂપના ભાવનથી જ ચતુર્વિધ સંઘ જીવે છે. વળી, ગુણધારણકુમારના ચિત્તસમાધાન મંડપમાં નિઃસ્પૃહતારૂપી વેદિકા કરાઈ=ગુણધારણકુમાર સતત નિઃસ્પૃહ ચિત્ત નિષ્પન્ન કરવાને અનુકૂળ તત્ત્વનું ભાવન કરે છે, જે નિઃસ્પૃહતા વેદિકા સ્વરૂપ છે. **॥૪૯૩॥**

**શ્લોક :-**

**आध्यात्मिकमहःसंज्ञं, विस्तीर्णं तत्र निर्मितम् ।**
**कुण्डं धर्मेण भावार्चिरुद्दीप्तं जातवेदसः ।।४९४।।**

**શ્લોકાર્થ :-**

**આધ્યાત્મિક મહોત્સવની સંજ્ઞાવાળું વિસ્તીર્ણ કુંડ ત્યાં=નિઃસ્પૃહતા**

**વેદિકામાં નિર્માણ કરાયું. ધર્મરૂપ અગ્નિથી ભાવરૂપ જ્વાલાઓ ઉદ્દીપ્ત કરાઈ.**

ગુણધારણકુમારમાં આધ્યાત્મિક ભાવોની વૃદ્ધિ થાય તેવો વિસ્તીર્ણ મહોત્સવ કરાયો. જેમ લગ્ન વખતે કુંડના નિર્માણ કરાય છે તે આધ્યાત્મિક ભાવોની વૃદ્ધિ સ્વરૂપ છે અને કુંડ નિર્માણ કર્યા પછી લગ્ન વખતે તે કુંડમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે, તેમ ગુણધારણકુમારના ચિત્તમાં વિશિષ્ટ કોટિના ધર્મરૂપ અગ્નિથી ઉત્તમ ભાવોરૂપ જ્વાળાઓ ઉદ્દીપ્ત કરાઈ. જેથી નવ કન્યાઓને પરણવાની ક્રિયા ગુણધારણકુમારની સમ્યક્ થઈ શકે. **॥૪૯૪॥**

**શ્લોક :-**

**ततो वृद्धकुलस्त्रीभिर्भावनाख्याभिरादरात् ।**
**स्नानाङ्गरागभूषादिवधूकर्म विनिर्मितम् ।।४९५।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી ભાવના નામની વૃદ્ધ કુલ સ્ત્રીઓ વડે સ્નાન, અંગરાગ, ભૂષાદિ, વધૂકર્મ નિર્માણ કરાયું.**

લગ્ન વખતે વૃદ્ધ કુલ સ્ત્રીઓ વધૂઓને સ્નાનાદિ કરાવીને વિભૂષાવાળી કરે છે, તેમ ગુણધારણકુમારના ચિત્તમાં વિશિષ્ટ પ્રકારની ભાવનાઓ ઉલ્લસિત થઈ. તેઓ ક્ષાંતિ આદિ નવ કન્યાઓરૂપ પરિણતિઓને અતિશય વિભૂષિત કરે છે. **॥૪૯૫॥**

**શ્લોક :-**

**ताभिरेव तथा शेषैः, स्नपितोऽहं नरेश्वरैः ।**
**शमतीर्थोदकैर्लिप्तोऽवधानैश्चन्दनद्रवैः ।।४९६।।**

**શ્લોકાર્થ :-**

**તેઓ વડે જ=વૃદ્ધ સ્ત્રીઓ વડે જ, અને શેષ રાજાઓ વડે=શુભોદય આદિ વડે, હું શમરૂપી તીર્થોદકો વડે સ્નાન કરાવાયો. અવધાનરૂપ ચંદન દ્રવો વડે લિપ્ત કરાયો.**

ગુણધારણકુમારના ચિત્તમાં પણ વિશિષ્ટ ભાવનાઓ જે થઈ રહી છે, તેનાથી જ અને શુભોદય આદિની પરિણતિથી ગુણધારણકુમારનું ચિત્ત શમપરિણતિના અતિશયવાળું થયું. તે તેઓ દ્વારા સ્નાન કરાવવાની ક્રિયા તુલ્ય છે અને સ્નાન કરાવીને ચંદન દ્રવોથી જેમ અંગોને વિલેપન કરાય છે, તેમ ગુણધારણકુમારનું ચિત્ત ચારિત્રની પરિણતિને નિષ્પન્ન કરવા માટે તે નવ કન્યાઓના સ્વરૂપમાં એકાગ્રતારૂપ અવધાનવાળું થયું. જે ચંદન દ્રવથી અંગના લેપ સ્વરૂપ છે. **॥૪૯૬॥**

**શ્લોક :-**

**भूषितः कोमलैर्दिव्यैः, प्रत्याहारैस्तथांऽशुकैः ।**
**ततः प्रवृत्तो विपुलः, पाणिग्रहमहोत्सवः ।।४९७।।**

**શ્લોકાર્થ :-**

**અને કોમલ, દિવ્ય પ્રત્યાહારરૂપ વસ્ત્રો વડે ભૂષિત કરાયો. ત્યારપછી વિપુલ પાણિગ્રહણનો મહોત્સવ પ્રવૃત્ત થયો.**

ગુણધારણકુમારનું ચિત્ત પાપના ત્યાગરૂપ પ્રત્યાહારની પરિણતિવાળું થાય છે, તે કોમળ, દિવ્ય વસ્ત્રોથી ભૂષણ તુલ્ય છે અને તે રીતે વિભૂષિત કરાયા પછી આઠ કન્યાઓ સાથે તાદાત્મ્યભાવ થાય તેવો યત્ન પાણિગ્રહણના મહોત્સવ સ્વરૂપ છે. **॥૪૯૭॥**

**શ્લોક :-**

**स्वयं चकार सद्बोधस्तत्र कार्यं पुरोधसः ।**
**ऋच उच्चारयन् वेदगता अभ्युदयावहाः ।।४९८।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=ગુણધારણકુમારના લગ્નના પ્રસંગમાં, અભ્યુદયને કરનારી વેદગત ઋચાને ઉચ્ચારણ કરતા એવા સદ્‌બોધે સ્વયં બ્રાહ્મણનું કાર્ય કર્યું.**

ગુણધારણકુમારના ચિત્તમાં વર્તતો સદ્‌બોધ લગ્નને અનુકૂળ ક્રિયા કરે છે. જેના બળથી ગુણધારણકુમારનું નવ કન્યાઓ સાથે એકત્વભાવ સ્થિર થાય તેવો પ્રયત્ન થાય છે. **॥૪૯૮॥**

**શ્લોક :-**

**हूयन्ते कर्मसमिधः, क्षिप्यन्ते हुतयोऽनयाः ।**
**वितीर्यन्ते तथा लाजाञ्जलयो भववासनाः ।।४९९।।**

**શ્લોકાર્થ :-**

**કર્મસમિધ હોમાય છે. આનાથી=ઋચાઓથી, આહુતિઓ નંખાય છે અને લાજાની અંજલિઓ રૂપ ભવવાસનાઓ વિતીર્ણ કરાય છે= અગ્નિકુંડમાં નંખાય છે.**

સદ્બોધ દ્વારા કરાયેલા મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં આહુતિઓ અપાય છે. જેનાથી સંયમની વિશિષ્ટ પરિણતિનાં બાધક કર્મોરૂપી ઇંધણ બળે છે અને લગ્નમાં જેમ લાજા ધાન્યની અંજલિઓ અગ્નિમાં નંખાય છે, તેમ ગુણધારણકુમારના ચિત્તમાં જે ભવની વાસના છે તે અગ્નિકુંડમાં નાખીને ભસ્મ કરાય છે. **॥૪૯૯॥**

**શ્લોક :-**

**सांवत्सरः शुभं लग्नं, ददानोऽथ सदागमः ।**
**अकारयन्मम क्षान्तिदारिकायाः करग्रहम् ।।५००।।**

**શ્લોકાર્થ :-**

**હવે સાંવત્સર શુભ લગ્નને ધારણ કરતા એવા સદાગમે ક્ષાંતિ નામની કન્યાનું કરગ્રહણ મને કરાવ્યું.**

લગ્નની પ્રક્રિયામાં સદાગમના બળથી ગુણધારણકુમારના ચિત્તમાં વિશિષ્ટ પ્રકારની ક્ષમાની પરિણતિ ઉત્પન્ન થઈ. **॥૫૦૦॥**

**શ્લોક :-**

**शुभाशयाद्याः सर्वेऽथ, प्रमोदेन विजृम्भिताः ।**
**भ्रान्तानि मण्डलान्युच्चैः, प्रवृत्तोऽतिमहोत्सवः ।।५०१।।**

**શ્લોકાર્થ :-**

**હવે શુભાશય આદિ સર્વ રાજાઓ પ્રમોદથી ઉલ્લસિત થયા. અત્યંત**

**મંડલોનું ભ્રમણ કરાવાયું. અતિ મહોત્સવ પ્રવૃત્ત થયો.**

ગુણધારણકુમારના ચિત્તમાં શુભાશયાદિ અત્યંત ઉલ્લસિત થયા અને ક્ષાંતિ કન્યા સાથે લગ્નના વિધિ સ્વરૂપે મંડલોનું ભ્રમણ કરાવાયું. **॥૫૦૧॥**

**શ્લોક :-**

**तस्मिन्नेव क्रमेणैव, लग्ने शेषा दयादिकाः ।**

**परिणीता मया कन्या, अष्टौ स्पष्टौजसाऽन्विताः ।।५०२।।**

**શ્લોકાર્થ :-**

**તે જ ક્રમથી લગ્નમાં=શુભ લગ્નમાં, સ્પષ્ટ ઓજસથી અન્વિત શેષ દયાદિક આઠ કન્યાઓ મારાથી પરણાઈ.**

ક્ષમાની જેમ ક્રમસર ગુણધારણકુમારના ચિત્તમાં માર્દવ, આર્જવાદિ શ્રેષ્ઠ પરિણતિઓ પ્રગટ થઈ. **॥૫૦૨॥**

**શ્લોક :-**

**ताभिः सहोपविष्टोऽहं, जीववीर्यवरासने ।**

**चारित्रधर्मराजाद्याः, सर्वेऽपि मुदिता भृशम् ।।५०३।।**

**શ્લોકાર્થ :-**

**તેઓની સાથે=દશ કન્યાઓની સાથે, જીવવીર્ય શ્રેષ્ઠ આસનમાં હું બેઠો. ચારિત્રધર્મ છે આદિમાં જેને એવા સર્વ રાજાઓ પણ અત્યંત પ્રમુદિત થયા.**

ગુણધારણકુમારનું જીવવીર્ય ક્ષમાદિભાવો સાથે એકત્વભાવને પામે તે પ્રકારે અત્યંત ઉલ્લસિત થયું. તેથી ગુણધારણકુમારના ચિત્તમાં ચારિત્રધર્મરાજા આદિની પરિણતિઓ અત્યંત ઉલ્લસિત થઈ. **॥૫૦૩॥**

**શ્લોક :-**

**यदैव विद्या कन्या सा, परिणीता तदैव मे ।**

**लीनो मोहः परं पार्श्वे, दग्धरज्जुसमः स्थितः ।।५०४।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે જ તે વિદ્યા કન્યા પરણાઈ ત્યારે જ મારો મોહ લીન હતો. પરંતુ બાજુમાં દગ્ધરજ્જુ જેવો રહેલો. ॥૫૦૪॥**

**શ્લોક :-**

**यदा तु परिणीतास्ताः, क्षान्त्यादिशुचिकन्यकाः ।**
**वैश्वानरादिसंहारस्वभावसमवस्थिताः ।।५०५।।**
**गतोऽसौ लीनतरतां, तदाऽनीकसमन्वितः ।**
**पापोदयश्च संत्रस्तो, दूराद् दूरतरं गतः ।।५०६।।**

**શ્લોકાર્થ :-**

**વળી જ્યારે વૈશ્વાનર આદિ સંહારના સ્વભાવમાં સમવસ્થિત એવી તે ક્ષાંતિ આદિ પવિત્ર કન્યાઓ પરણાઈ ત્યારે સેનાપતિથી સહિત= મિથ્યાદર્શનથી સહિત, આ=મહામોહ, લીનતરતાને પામ્યો અને સંત્રાસ પામેલો પાપોદય દૂર દૂરતર ગયો.**

જ્યારે ગુણધારણકુમાર વિદ્યાને પરણેલો ત્યારે તત્ત્વના સૂક્ષ્મ બોધરૂપ વિદ્યા પ્રગટ થવાથી જે મોહ પેદા કરાવનાર જ્ઞાનાવરણીય કર્મ હતું તે બળેલા રજ્જુ જેવું વિદ્યમાન હતું તોપણ સર્વથા તેનું કાર્ય નાશ થયું ન હતું, પરંતુ કંઈક મોહનો પરિણામ મંદ મંદ પ્રવર્તતો હતો. વળી, ગુણધારણકુમાર ક્ષાંતિ આદિ નવ કન્યાઓને પરણ્યો ત્યારે આત્માની નિરાકુળ અવસ્થા પૂર્વ કરતાં અત્યંત સ્પષ્ટ દેખાવાને કારણે ગુણધારણકુમારમાં વર્તતા મિથ્યાત્વના પરિણામથી સહિત મહામોહનો પરિણામ અત્યંત મંદ થાય છે. તેથી દશ કન્યાની પ્રાપ્તિ પછી મહામોહની પરિણતિ ક્ષીણપ્રાયઃ છે અને મિથ્યાત્વ પણ ક્ષીણપ્રાયઃ છે. વળી માર્ગમાં સ્ખલના કરાવે એવો પાપોદય અત્યંત દૂર દૂરતર ચાલ્યો જાય છે. તેથી ગુણધારણકુમારનું ચિત્ત નિર્વિઘ્ન પોતાના આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર રહી શકે છે; કેમ કે સ્ખલના કરાવનાર મહામોહ, મિથ્યાત્વ કે પાપોદય અત્યારે ચિત્તમાં સ્પંદન ન કરી શકે તેવી સ્થિતિમાં છે. **॥૫૦૫-૫૦૬॥**

શ્લોક :-

शान्ताबाधस्ततः कान्तान्वितः स्वबलसंयुतः ।
स्वसंवेदनसिद्धं स्म, वेद्मि सत्यं मुनेर्वचः ।।५०७।।

શ્લોકાર્થ :-

**તેથી=દશ કન્યાઓના પરણવાને કારણે મહામોહ લીનતર અવસ્થાને પામ્યો, પાપોદય દૂર ગયો તેથી, સ્ત્રીઓથી સહિત, પોતાના બલથી યુક્ત=મોહનાશક એવા પોતાના બલથી યુક્ત, શાંત, અબાધાવાળો એવો હું મુનિના વચનને સત્ય વેદન કરતો હતો.**

શ્લોક-૩૪૯માં નિર્મલસૂરિએ ગુણધારણકુમારને કહેલ કે તને જે અત્યારે સુખલવ છે તેના કરતાં તું દશ કન્યાને પરણીશ ત્યારે તને ઘણું સુખ થશે. તે મુનિના વચનને અત્યારે ગુણધારણકુમાર સ્વસંવેદનથી વેદન કરે છે; કેમ કે કષાયો અત્યંત શાંત થયા છે. તેથી સોળે કષાયોના ક્ષયોપશમભાવરૂપ અને નોકષાયોની અત્યંત મંદતારૂપ પરિણતિના કારણે ચિત્ત અત્યંત શાંત છે. મોહના પરિણામો ચિત્તમાં સ્પંદન કરતા નથી. તેથી શ્રાવક અવસ્થામાં ગુણધારણકુમારને જે સુખ હતું, તેનાથી અતિશય સુખ ગુણધારણકુમાર અત્યારે વેદન કરે છે. **॥૫૦૭॥**

શ્લોક :-

अन्या अपि धृतिश्रद्धामेधाविविदिषासुखाः ।
मैत्रीप्रमुदितोपेक्षाविज्ञप्तिकरुणादिकाः ।।५०८।।
परिणीता मया कन्याः, शुभाशयमहीभृतः ।
ताभिः प्रौढंसुखं मेऽभूत्, स्त्रीभिर्विलसतः सह ।।५०९।।

શ્લોકાર્થ :-

**અન્ય પણ ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમોદ, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ, કરુણાદિ શુભાશય રાજાની કન્યાઓ મારા વડે પરણાઈ. તે સ્ત્રીઓ સાથે વિલાસ કરતાં મને પ્રૌઢ સુખ થયું.**

ગુણધારણકુમાર ક્ષમાદિ દશ કન્યાઓને પરણ્યા પછી ધૈર્યપૂર્વક અને સ્થિરશ્રદ્ધાદિપૂર્વક સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, ત્યારે ધૃતિ આદિની પરિણતિઓ ઉલ્લસિત થાય છે. તેનાથી ગુણધારણકુમારને અત્યંત સુખનો અનુભવ સિદ્ધ થાય છે. **॥૫૦૮-૫૦૯॥**

**શ્લોક :-**

**समागता अथाह्लादमन्दिरे निर्मलाभिधाः ।**
**सूरयस्ते मया गत्वा, सर्वदृध्या तत्र वन्दिताः ।।५१०।।**

**શ્લોકાર્થ :-**

**હવે આહ્લાદમંદિરમાં નિર્મલ નામના સૂરિ આવ્યા. ત્યાં જઈને-સર્વ ઋદ્ધિથી મારા વડે તેઓ=નિર્મલસૂરિ વંદન કરાયા. ।।૫૧૦।।**

**શ્લોક :-**

**ततो विनयनम्रेण, तेषामग्रे मयोदितम् ।**
**सम्पन्नो भवदादेशो, नाथ ! दीक्षाऽथ दीयताम् ।।५११।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી વિનયથી નમ્ર એવા મારા વડે તેઓની સન્મુખ કહેવાયું. હે નાથ ! તમારો આદેશ સંપન્ન થયો. હવે દીક્ષા અપાય.**

નિર્મલસૂરિએ કહેલું કે દશ કન્યાને પરણીશ ત્યારે તને દીક્ષા આપશું એ તમારો આદેશ સંપન્ન થયો માટે હવે મને દીક્ષા આપો. એમ ગુણધારણકુમાર કહે છે. **॥૫૧૧॥**

**શ્લોક :-**

**सूरिराह महाराज !, जातैव तव भावतः ।**
**दीक्षा किमधुना देयं, गृहस्थोऽपि यतिर्भवान् ।।५१२।।**

**શ્લોકાર્થ :-**

**સૂરિ કહે છે, હે મહારાજ ! ભાવથી તને દીક્ષા થઈ જ છે. હમણાં શું આપવા યોગ્ય છે. ગૃહસ્થ પણ તું યતિ છો. ।।૫૧૨।।**

**શ્લોક :-**

**यदेव जातमधुना, वसतोऽपि गृहे तव ।**
**यतित्वेऽपि विधातव्यमिदमेव विशेषतः ।।५१३।।**

**શ્લોકાર્થ :-**

**જે હમણાં ઘરમાં પણ વસતા તને થયું એ જ સાધુપણામાં પણ વિશેષથી કર્તવ્ય છે. ॥૫૧૩॥**

**શ્લોક :-**

**तथापि व्यवहारोऽत्र, लङ्घनीयो न धीमताम् ।**
**भावस्य दीयते हेतुर्द्रव्यलिङ्गं ततस्तव ।।५१४।।**

**શ્લોકાર્થ :-**

**તોપણ અહીં=દીક્ષાના વિષયમાં, બુદ્ધિમાન જીવોએ વ્યવહારઉલ્લંઘન કરવું જોઈએ નહિ. તેથી તને ભાવનો હેતુ એવું દ્રવ્યલિંગ અપાય છે.**

ગુણધારણકુમારને ગૃહસ્થઅવસ્થામાં પણ યતિની પરિણતિ વિદ્યમાન છે. આથી જ રાજવૈભવપૂર્વક સર્વ પરિવાર સહિત ગુરુને વંદન કરવા આવે છે, ત્યારે પણ ગુણધારણકુમારનું ચિત્ત ભાવથી યતિપણામાં છે, ગૃહસ્થપણામાં નથી છતાં યતિપણામાં તેની પોષક જ ક્રિયાઓ વિશેષથી કરાય છે. વળી તેવી અંતરંગ પરિણતિ ગૃહસ્થઅવસ્થામાં ગુણધારણકુમારમાં વર્તે છે છતાં ઉચિત વ્યવહાર છે કે આવી પરિણતિવાળા જીવોએ સાધુવેષ ગ્રહણ કરીને જીવન જીવવું જોઈએ. આથી જ પ્રત્યેકબુદ્ધ મહાત્માઓને ભાવથી સાધુપણું સ્પર્શ્યા પછી પણ દેવતાઓ વસ્ત્ર આપે છે અને કેવલી થયેલાને પણ વસ્ત્ર આપે છે, ત્યારે દ્રવ્યલિંગ તેઓ ગ્રહણ કરે છે, તેમ નિર્મલસૂરિ પણ ગુણધારણકુમારને તે દ્રવ્યલિંગ આપવાનું સ્વીકાર કરે છે. **॥૫૧૪॥**

**શ્લોક :-**

**महाप्रसाद इत्युक्त्वा ततः प्रमदमेदुरः ।**
**विधायाष्टदिनान्यर्हद्बिम्बपूजां मनोहराम् ।।५१५।।**

संभाल्य बन्धून् दत्त्वा च, यथेष्टं दानमर्थिनाम् ।
जनतारणनामानं, राज्ये संस्थाप्य नन्दनम् ।।५१६।।
कुलन्धरेण मदनमञ्जर्या च समन्वितः ।
शेषैः श्रेष्ठजनैश्चाहं, निष्क्रान्तः सूरिसन्निधौ ।।५१७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મહાપ્રસાદ છે એ પ્રકારે કહીને પ્રમાદથી મેદુર એવો ગુણધારણકુમાર આઠ દિવસો સુધી મનોહર એવી અરિહંતના બિંબની પૂજાને કરીને, બંધુઓને સંભાળીને, અર્થીઓને યથાઈષ્ટ દાન આપીને, જનતારણ નામના પુત્રને રાજ્યમાં સંસ્થાપિત કરીને કુલંધર અને મદનમંજરી અને શેષ શ્રેષ્ઠ જનોથી સમન્વિત સૂરિ પાસે હું=ગુણધારણકુમાર નિષ્કાંત થયો=દીક્ષા ગ્રહણ કરી. ।।૫૧૫થી ૫૧૭।।

શ્લોક :-

ततोऽभ्यस्ताः क्रिया गाढं, प्रियोऽभून्मे सदागमः ।
अङ्गान्येकादश मया, पठितानि तदाज्ञया ।।५१८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ગાઢ ક્રિયાઓનો અભ્યાસ કરાયો. મને સદાગમ પ્રિય થયો. તેની આજ્ઞાથી=સદાગમની આજ્ઞાથી, મારા વડે અગિયાર અંગ ભણાયાં. ।।૫૧૮।।

શ્લોક :-

इष्टोऽभून्मे भृशं सम्यग्दर्शनाख्यो महत्तमः ।
जातश्चारित्रधर्मे च, चित्ताबन्धो विशेषवान् ।।५१९।।

શ્લોકાર્થ :-

મને સમ્યગ્દર્શન નામનો મહત્તમ અત્યંત ઈષ્ટ થયો અને ચારિત્રધર્મરાજામાં ચિત્તનો આબંધ વિશેષવાળો થયો.

ગુણધારણકુમારે સંયમ ગ્રહણ કરીને શાસ્ત્રઅધ્યયનમાં અત્યંત યત્ન કર્યો. જેથી અગિયાર અંગના પારગામી થયા. સૂક્ષ્મ બોધને કારણે સમ્યગ્દર્શન પૂર્વ કરતાં પણ નિર્મળતર થયું અને ક્લેશના અભાવરૂપ ચારિત્રને અનુભવીને તે ઉત્તમ સુખ પ્રત્યે ચિત્તનો દૃઢ રાગ વિશેષથી ઉલ્લસિત થયો=પૂર્વમાં જે રાગ હતો તે પણ અતિશયિત થયો. **॥૫૧૯॥**

**શ્લોક :-**

**ज्ञातं विशिष्य तत्सैन्यं, धृतो योगः कृतं तपः ।**
**प्रमत्ततानदीमुख्या, भग्नाः क्रीडालया द्विषाम् ।।५२०।।**

**શ્લોકાર્થ :-**

**તેનું સૈન્ય=ચારિત્રનું સૈન્ય, વિશેષ કરીને જ્ઞાત થયું. યોગ ધારણ કરાયો, તપ કરાયું, પ્રમત્તતા નદી વગેરે શત્રુઓનાં ક્રીડાલયો=મહામોહાદિનાં ક્રીડાનાં સ્થાનો, ભગ્ન કરાયાં.**

સંયમના સુદૃઢ પાલનના કારણે ગુણધારણને ચારિત્રનું સૈન્ય કઈ રીતે આત્માને હિતકારી છે, તેનો વિશેષથી બોધ થયો; કેમ કે ચારિત્રની અવાંતર પરિણતિઓ સુખવૃદ્ધિમાં પ્રબલ કારણ છે એવું સ્વસંવેદનથી પ્રતીત થયું. તેથી મન-વચન-કાયાનો યોગ ચારિત્રની વૃદ્ધિને અનુકૂળ દૃઢ ધારણ કરાયો. બાર પ્રકારનાં તપોમાં શક્તિ અનુસાર યત્ન કરાયો. જેથી અસંગની પરિણતિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી. તેના કારણે ચિત્ત મોહનાશને અનુકૂળ અપ્રમાદથી પ્રવર્તતું થયું. જેના ફળ સ્વરૂપે પ્રમાદ આપાદક જે પ્રમત્તતા નદી વગેરે કષાયોને પ્રગટ થવામાં પ્રબલ કારણો હતાં, તે સર્વ અત્યંત ભગ્ન થયાં. **॥૫૨૦॥**

**શ્લોક :-**

**संपाल्य चरणं भूरिकालं त्यक्त्वा समाधिभाग् ।**
**अन्तेऽनशनतो देहमाद्यग्रैवेयकं गतः ।।५२१।।**

**શ્લોકાર્થ :-**

**ઘણો કાલ ચારિત્રનું પાલન કરીને અંતે અણસણથી દેહનો ત્યાગ કરીને સમાધિવાળો એવો હું આદ્ય ગ્રૈવેયકમાં ગયો. ।।૫૨૧।।**

શ્લોક :-

तत्रोत्तमसुखं भुक्त्वा, त्रयोविंशतिवारिधीन् ।
भार्याज्ञयैरवतकं, प्राप्तोऽहं मनुजालये ।।५२२।।

શ્લોકાર્થ :-

ત્યાં=પ્રથમ ગ્રૈવેયકમાં, ત્રેવીસ સાગરોપમ ઉત્તમ સુખને ભોગવીને ભાર્યા એવી ભવિતવ્યતાની આજ્ઞાથી માનુષ્યવાસમાં ઐરવત ક્ષેત્રને મેં પ્રાપ્ત કર્યું. ।।૫૨૨।।

શ્લોક :-

जातः सिंहपुरे तत्र, पुत्रो वीणामहेन्द्रयोः ।
अहं गङ्गाधरो नाम, क्षत्रियो वरविक्रमः ।।५२३।।

શ્લોકાર્થ :-

ત્યાં=ઐરવત ક્ષેત્રમાં, સિંહપુરમાં વીણા અને મહેન્દ્રનો ગંગાધર નામનો શ્રેષ્ઠ વિક્રમવાળો ક્ષત્રિય એવો પુત્ર હું થયો. ।।૫૨૩।।

શ્લોક :-

जातिं स्मृत्वा व्रतं लात्वा, सुघोषाचार्यसन्निधौ ।
ग्रैवेयके द्वितीयेऽथ, गतः पूर्वविधानतः ।।५२४।।

શ્લોકાર્થ :-

જાતિનું સ્મરણ કરીને=જાતિસ્મરણને પ્રાપ્ત કરીને, સુઘોષાચાર્યની સંનિધિમાં વ્રતને ગ્રહણ કરીને પૂર્વના વિધાનથી=ગુણધારણકુમારના ભવમાં જે પ્રકારે વ્રત પાલન કર્યું તે પ્રકારના વ્રતના સેવનથી, બીજા ગ્રૈવેયકમાં ગયો. ।।૫૨૪।।

શ્લોક :-

कृता गमागमाः पञ्च, भावमौनाद् दिशाऽनया ।
ग्रैवेयकेषु तत्राभूदेकैकाब्ध्युत्तरा स्थितिः ।।५२५।।

**શ્લોકાર્થ :-**

**આ દિશાથી=ગુણધારણકુમારમાં જે રીતે વ્રત પાલન કર્યું અને ગંગાધરમાં જે રીતે વ્રત પાલન કર્યું એ દિશાથી, ભાવમૌનના કારણે=ભાવથી ત્રણ ગુપ્તિનો અતિશય થવાને કારણે, ગ્રૈવેયકોમાં પાંચ વખત ગમન-આગમન કરાયું. ત્યાં=ગ્રૈવેયકોના ગમન-આગમનમાં, એક એક સાગરોપમની અધિક સ્થિતિ થઈ.**

બીજા ગ્રૈવેયક કરતાં ત્રીજા ગ્રૈવેયકમાં એક સાગરોપમની અધિક સ્થિતિ એ પ્રકારના ક્રમથી ઉત્તરોત્તરના ગ્રૈવેયકમાં ગમન, મનુષ્યની પ્રાપ્તિ, સંયમનું પાલન એ સર્વ ગુણધારણકુમારના ભવની જેમ જ કરાયું અને દરેક મનુષ્યભવમાં સંયમકાળમાં ભાવમૌન અતિશય, અતિશયતર થયું. જેથી વિશિષ્ટ પુણ્યને કારણે ઉત્તરોત્તર ગ્રૈવેયકમાં જન્મ થયો. **॥પર૫॥**

**શ્લોક :-**

**ततश्च धातकीखण्डे, भरते शङ्खसत्पुरे ।**
**पुत्रो भद्रामहागिर्योर्जातोऽहं सिंहनामकः ।।५२६।।**

**શ્લોકાર્થ :-**

**અને ત્યારપછી ધાતકીખંડ વિષયક ભરતક્ષેત્રમાં શંખસત્પુર નામના નગરમાં ભદ્રા અને મહાગિરિનો સિંહ નામનો પુત્ર થયો. ।।પર૬।।**

**શ્લોક :-**

**नृपवंशे महाभूतिः, सुप्रतापः शुभाकृतिः ।**
**अभूवं यौवनं प्राप्तः, कलानामेकमास्पदम् ।।५२७।।**

**શ્લોકાર્થ :-**

**નૃપવંશમાં મહાભૂતિવાળો, સુપ્રતાપવાળો, શુભાકૃતિવાળો થયો. કલાઓના એક સ્થાન એવા યૌવનને પ્રાપ્ત કર્યું. ।।પર૭।।**

**શ્લોક :-**

**जगृहेऽथ मया दीक्षा, धर्मबन्धुमहामुनेः ।**
**समीपे तेन सार्द्धं च, विहृतोऽभ्यस्तसत्क्रियः ।।५२८।।**

**શ્લોકાર્થ :-**

**હવે, મારા વડે ધર્મબંધુ નામના મહામુનિ પાસે દીક્ષા ગ્રહણ કરાઈ અને તેમની સાથે અભ્યસ્ત સત્ ક્રિયાવાળો હું વિહર્યો.**

સિંહમુનિએ ધર્મબંધુ નામના મહાત્મા પાસે દીક્ષા ગ્રહણ કરીને મોક્ષસાધક ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય એ રીતે સત્ ક્રિયાઓ અભ્યસ્ત કરી અને ગુરુ સાથે વિહરે છે. **॥૫૨૮॥**

**શ્લોક :-**

**जातः स्वल्पेन कालेन, द्वादशाङ्गाब्धिपारगः ।**
**सदागमस्थितिः काऽपि, न स्थिता मदगोचरे ।।५२९।।**

**શ્લોકાર્થ :-**

**સ્વલ્પકાલથી બાર અંગરૂપ સમુદ્રનો પારગામી થયો. કોઈ પણ સદાગમની સ્થિતિ મારા અગોચર ન રહી. ॥૫૨૯॥**

**શ્લોક :-**

**ततोऽधिगतसूत्रार्थो, धर्मबन्धुमुनीन्दुना ।**
**समक्षं सर्वसङ्घस्य, स्थापितोऽहं पदे निजे ।।५३०।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=દ્વાદશાંગીનો પૂર્ણ અભ્યાસ થયો ત્યારપછી, પ્રાપ્ત કરાયેલા સૂત્રાર્થવાળો હું ધર્મબંધુ નામના ગુરુ વડે સર્વ સંઘની સમક્ષ નિજપદમાં સ્થાપન કરાયો. ॥૫૩૦॥**

**શ્લોક :-**

**आचार्यपददाने मे, देवदानवमानवैः ।**
**कृतो महोत्सवो विश्वमनोविस्मयकारणम् ।।५३१।।**

**શ્લોકાર્થ :-**

**મારા આચાર્યપદના દાનમાં દેવ-દાનવ અને માનવો વડે વિશ્વના મનને વિસ્મયનું કારણ એવો મહોત્સવ કરાયો. ॥૫૩૧॥**

શ્લોક :-

धन्योऽसि कृतकृत्योऽसि, प्रोद्धर्त्ता जगतामसि ।
ज्ञातः सदागमो येन, संस्तुतो गुरुणेत्यहम् ।।५३२।।

શ્લોકાર્થ :-

તું ધન્ય છો, તું કૃતકૃત્ય છો, જગતના જીવોનો ઉદ્ધાર કરનાર છો, જેના વડે સદાગમ જ્ઞાત છે, એ પ્રમાણે ગુરુ વડે હું સંસ્તુત કરાયો. ।।૫૩૨।।

શ્લોક :-

मुनयो मानवा देवाः, सर्वे मे नम्रतां गताः ।
गुणैरावर्जिताः सन्तः, कुन्दपूर्णेन्दुनिर्मलैः ।।५३३।।

શ્લોકાર્થ :-

સર્વ મુનિઓ, માનવો અને દેવો મારી નમ્રતાને પામ્યા=મારા પ્રત્યે નમ્ર થયા. મોગરા અને પૂર્ણચંદ્ર જેવા નિર્મલ ગુણોથી સંતો આવર્જિત કરાયા. ।।૫૩૩।।

શ્લોક :-

विनीताः पण्डिताः शिष्याः, बभूवुर्बहवो मम ।
पुरः स्फुरन्ति नो येषां, वाचो वाचस्पतेरपि ।।५३४।।

શ્લોકાર્થ :-

વિનીત, પંડિત એવા મારા ઘણા શિષ્યો થયા. જેઓની આગળ બૃહસ્પતિની વાણી પણ સ્ફુરાયમાન થતી નથી. ।।૫૩૪।।

શ્લોક :-

विद्यार्थिनः श्रिताः शिष्याः, मामागत्य गणान्तरात् ।
सौरभाकाङ्क्षिणः पद्मं, भृङ्गा इव लतान्तरात् ।।५३५।।

શ્લોકાર્થ :-

વિદ્યાના અર્થી એવા શિષ્યો બીજા ગણમાંથી આવીને મને આશ્રિત

થયા. જેમ સૌરભની આકાંક્ષાવાળા ભમરાઓ બીજી લતાઓથી પદ્મને આશ્રિત થાય છે. ।।૫૩૫।।

શ્લોક :-

मत्तर्कवादमाकर्ण्य, सिंहनादमिवोद्धतम् ।
दुर्वादिमत्तमातङ्गैर्दूरादेव पलायितम् ।।५३६।।

શ્લોકાર્થ :-

ઉદ્ધત એવા સિંહનાદની જેમ મારા તર્કવાદને સાંભળીને દુર્વાદિરૂપી મત્ત એવા હાથીઓ વડે દૂરથી જ પલાયન કરાયું. ।।૫૩૬।।

શ્લોક :-

स्वशास्त्रभासः प्रथितास्तेजोभानोर्ममोदये ।
छन्नाश्च परशास्त्रार्था, ग्रहांशव इवाभवन् ।।५३७।।

શ્લોકાર્થ :-

તેજસ્વી સૂર્ય જેવા મારા ઉદયમાં સ્વશાસ્ત્રનો ભાસ વિસ્તાર પામ્યો. જેમ ગ્રહના અંશો છન્ન થાય=સૂર્યના ઉદયમાં ગ્રહનાં કિરણો ઢંકાઈ જાય, તેમ પરશાસ્ત્રોના અર્થો ઢંકાઈ ગયા. ।।૫૩૭।।

શ્લોક :-

मद्देशनासुधां भव्या, ग्रामाकरपुरादिषु ।
विततैः श्रोत्रचुलुकैः, पायंपायं मुदं ययुः ।।५३८।।

શ્લોકાર્થ :-

ભવ્ય જીવો ગ્રામ, આકર, પુરાદિમાં વિસ્તૃત થયેલા મારા દેશનારૂપ અમૃતને શ્રોત્રેન્દ્રિય વડે પી પીને આનંદ પામ્યા. ।।૫૩૮।।

શ્લોક :-

मद्‌यशःपटहध्वानैः, पूर्णं ब्रह्माण्डमण्डलम् ।
दिशः सर्वा अपि व्याप्ताः, प्रसरद्‌भिर्गुणैर्मम ।।५३९।।

શ્લોકાર્થ :-

મારા યશરૂપ પટહના અવાજથી બ્રહ્માંડનું મંડલ પૂર્ણ થયું, મારા પ્રસાર પામતા ગુણો વડે સર્વ પણ દિશાઓ વ્યાપ્ત થઈ. ॥૫૩૯॥

શ્લોક :-

सत्यं सिंहोऽसि धाम्ना त्वं, त्वया भूर्भूषिताऽखिला ।
इति मां नम्रमूर्द्धानस्तीर्थिका अपि तुष्टुवुः ॥५४०॥

શ્લોકાર્થ :-

ખરેખર તેજથી તું સિંહ છો, તારા વડે અખિલ ભૂમિ ભૂષિત છે, એ પ્રકારે નમ્ર મસ્તકવાળા તીર્થિકો પણ મારી સ્તુતિ કરતા હતા. ॥૫૪૦॥

શ્લોક :-

तादृशीं सूरिपदवीभूतिं प्रेक्ष्य ममाद्‌भुताम् ।
असूययेव रुष्टा मे, पापिष्ठा भवितव्यता ॥५४१॥

શ્લોકાર્થ :-

તેવા પ્રકારની અદ્‌ભુત સૂરિ પદવીની વિભૂતિ જોઈને અસૂયાથી જ મારી પાપિષ્ઠ એવી ભવિતવ્યતા રોષ પામી. ॥૫૪૧॥

શ્લોક :-

चिन्तितं च तया पूर्वं, प्रस्तावो यो मयाऽऽस्थितः ।
साम्प्रतं सोऽस्ति तदिमं, ब्रुवे मोहादिभूभुजाम् ॥५४२॥

શ્લોકાર્થ :-

તેણી વડે=ભવિતવ્યતા વડે, વિચારાયું, પૂર્વમાં જે મારા વડે પ્રસ્તાવ સ્વીકારાયો, હમણાં તે છે=તે પ્રસ્તાવ છે, તે કારણથી મોહાદિ રાજાઓને આને=પ્રસ્તાવને, હું કહું.

જીવની ભવિતવ્યતા જ્યારે દુર્બુદ્ધિ આપે તેવી હોય છે, તે વખતે તે વિચાર કરે છે કે શ્લોક-૪૭૦માં કહ્યું, એ પ્રમાણે મહામોહાદિને મેં કહેલ કે હમણાં

તમારો યુદ્ધમાં પ્રસ્તાવ નથી તેથી અત્યારે યુદ્ધમાં જશો તો નાશ પામશો તેમ કહીને જીવની ભવિતવ્યતાએ જ તે ચોરટાઓને નાશ પામતા અટકાવીને સુરક્ષિત રહેવાનું સૂચન કર્યું અને હવે તે ચોરટાઓને હુમલો કરવાનો અવસર છે તેવું જાણીને ભવિતવ્યતા જ તે ચોરટાઓને સિંહમુનિને પાત કરવા અર્થે પ્રેરણા કરે છે; કેમ કે સિંહમુનિના ચિત્તમાં મૃતપ્રાયઃ અવસ્થામાં જ જે કંઈ કષાયો વિદ્યમાન હતા, તેમાંથી માન-કષાયને અભિમુખ થાય તેવું સિંહમુનિનું ચિત્ત ભવિતવ્યતાને જણાયું. **॥૫૪૨॥**

**શ્લોક :-**

**તે હિ મે મુખમીક્ષન્તે, યાચકા ધનિનો યથા ।**
**તદદ્ય પૂરયામ્યાશાં, તેષામેષા પ્રસેદુષી ।।૫૪૩।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તેઓ=મહામોહાદિ, મારું=ભવિતવ્યતાનું, મુખ જુએ છે. જે પ્રમાણે યાચકો ધનવાનનું મુખ જુએ છે. તે કારણથી, આજે પ્રસન્ન થયેલી એવી આ હું=ભવિતવ્યતા, તેઓની આશા પૂર્ણ કરું છું. ।।૫૪૩।।**

**શ્લોક :-**

**इति निश्चित्य ते सर्वे, रहस्यं ज्ञापितास्तया ।**
**स कर्मपरिणामश्च, मोहिता बन्धवश्च मे ।।५४४।।**

**શ્લોકાર્થ :-**

**એ પ્રમાણે નિશ્ચય કરીને તેણી વડે=ભવિતવ્યતા વડે, તે સર્વને=મહામોહાદિ સર્વ ચોરટાઓને, રહસ્ય બતાવાયું=યુદ્ધનો અવસર છે તે પ્રમાણે રહસ્ય બતાવાયું. તે કર્મપરિણામ અને મારા બંધુઓ મોહિત કરાયા=ભવિતવ્યતા વડે મારા કર્મના પરિણામને અને મારા બંધુ એવા ચારિત્રના સૈન્યને મોહિત કર્યું જેથી તેઓ સિંહમુનિનું ચોરટાઓથી રક્ષણ કરવા અસમર્થ બને છે.**

જીવની ભવિતવ્યતા મોહાદિ ચોરટાઓને અભિમુખ હોય છે ત્યારે તેઓને

યુદ્ધ કરવાનું સૂચન કરે છે અને સિંહમુનિનો જે ક્ષયોપશમભાવનો પરિણામ છે અને સિંહમુનિના જે ક્ષયોપશમભાવના અંતરંગ સુંદર પરિણામરૂપ જે બંધુઓ છે તેઓ ભવિતવ્યતા વડે મોહિત કરાયા જેથી તે જીવનું રક્ષણ કરવા માટે અસમર્થ બન્યા. તેથી એ ફલિત થાય કે ગુણધારણકુમારના ભવમાં જ્યારે તે ચોરટાઓ હુમલો કરવાનો વિચાર કરે છે ત્યારે તેમની ભવિતવ્યતાને કારણે ગુણધારણકુમારનું ચિત્ત તત્ત્વને અભિમુખ હોવાથી કર્મપરિણામ રાજા પણ વિશિષ્ટ ક્ષયોપશમભાવવાળું હતું તેથી તે ગુણધારણકુમારને ચોરટાઓથી રક્ષણ કરે તેવું હતું અને તેના અંતરંગ બંધુઓ પણ અત્યંત જાગૃત હતા તેથી મોહાદિ શત્રુઓ હુમલો કરવા અસમર્થ બન્યા અને અત્યારે સિંહમુનિની અંતરંગ પ્રકૃતિ ગુણધારણકુમાર કરતાં પણ અતિશય તત્ત્વને અભિમુખ હોવા છતાં અંદરમાં રહેલ સુષુપ્ત માનકષાય ઉત્થિત થાય તેવું સિંહમુનિનું વલણ જોઈને ભવિતવ્યતા ક્ષયોપશમભાવના કર્મપરિણામને અને ક્ષયોપશમભાવના બંધુઓને મોહિત કરે છે. જેથી તેઓ રક્ષણ કરવા સન્મુખ થતા નથી. **॥૫૪૪॥**

**શ્લોક :-**

**प्रस्तारमादधुर्भूयो, मोहपापोदयादयः ।**
**किन्तु दृष्टभयाश्चक्रुः, सर्वे रहसि मन्त्रणम् ।।५४५।।**

**શ્લોકાર્થ :-**

**મોહ-પાપોદયાદિએ ફરી પ્રસ્તારને ધારણ કર્યું=યુદ્ધના પ્રસ્તારને ધારણ કર્યું. પરંતુ દૃષ્ટ ભયને કારણે=પૂર્વ ચારિત્રસૈન્યથી જે વિનાશ થયેલ તે દૃષ્ટ ભયને કારણે, સર્વે એકાંતમાં મંત્રણા કરી. (दृष्टभयाः શબ્દ સર્વેનું હેતુ અર્થક વિશેષણ છે.) ॥૫૪૫॥**

**શ્લોક :-**

**कः स्याज्जयोपाय इति, प्राह मन्त्र्यथ गच्छतु ।**
**ज्ञानसंवरणस्तावद्, समिथ्यात्वस्तदन्तिके ।।५४६।।**

**શ્લોકાર્થ :-**

**જયનો ઉપાય કોણ થાય એ પ્રમાણે મોહાદિ સર્વેએ એકાંતમાં મંત્રણા**

કરી. હવે મંત્રી=વિષયાભિલાષ, કહે છે. પ્રથમ મિથ્યાત્વ સહિત જ્ઞાનસંવરણ તેમની=સિંહમુનિની, પાસે જાઓ. ।।૫૪૬।।

શ્લોક :-

त्रीणि शैलेन्द्रयुक्तानि, गौरवाणि श्रयन्तु तम् ।
पुरुषौ प्रेषणीयौ द्वावार्त्तरौद्राशयौ ततः ।।५४७।।

શ્લોકાર્થ :-

શૈલેન્દ્રથી યુક્ત=માન-કષાયથી યુક્ત, ત્રણેય ગૌરવોએ, તેમનો= સિંહમુનિનો આશ્રય કરો. આર્ત્ત-રૌદ્ર આશયવાળા તે બે પુરુષો ત્યારપછી મોકલવા યોગ્ય છે. ।।૫૪૭।।

શ્લોક :-

लेश्या यास्यन्त्यथो कृष्णनीलकापोतसंज्ञकाः ।
स्वत एव तदभ्यर्णं, तिस्रस्तत्परिचारिकाः ।।५४८।।

શ્લોકાર્થ :-

ત્યારપછી કૃષ્ણ, નીલ, કાપોત સંજ્ઞાવાળી તેની પરિચારિકા= આર્ત્તરૌદ્રધ્યાનની પરિચારિકા, એવી ત્રણ લેશ્યાઓ તેમની પાસે= સિંહમુનિની પાસે, સ્વતઃ જ જશે. ।।૫૪૮।।

શ્લોક :-

वयं तु भूयः संस्थाप्य, नदीं दीर्घां प्रमत्तताम् ।
रचनां मण्डपादीनां, कुर्महे प्रयताः परम् ।।५४९।।

શ્લોકાર્થ :-

વળી, અત્યંત પ્રયત્નવાળા અમે=વિષયાભિલાષ એવા અમે, દીર્ઘ પ્રમત્તતા એવી નદીને ફરી સંસ્થાપન કરીને મંડપાદિની રચના કરીશું. ।।૫૪૯।।

**શ્લોક :-**

**एवं नः कुर्वतां कार्यमनायासेन सेत्स्यति ।**
**तदिदं रुचितं मन्त्रिवचो मोहादिभूभुजाम् ।।५५०।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે કરતા એવા અમારું કાર્ય અનાયાસથી સિદ્ધ થશે, તે આ મંત્રીનું વચન મોહાદિ રાજાઓને ગમ્યું.**

ભવિતવ્યતાએ મહામોહાદિને અવસરનું જ્ઞાપન કર્યું. તે સાંભળીને મહામોહાદિ યુદ્ધના પ્રસ્તાવને કરવા તત્પર થયા, પરંતુ સિંહમુનિનું હજી પણ તત્ત્વવાસી ચિત્ત જોઈને દૃષ્ટ ભયવાળા અંદરમાં મંત્રણા કરે છે, શું મંત્રણા કરે છે ? તે બતાવતાં કહે છે, ચારિત્રના સૈન્યના જયનો ઉપાય શું છે ? જેથી ચિત્તવૃત્તિ અટવીમાં આપણું રાજ્ય સ્થાપિત થાય, તે વખતે સિંહમુનિમાં સુષુપ્ત રહેલ વિષયાભિલાષનો સંસ્કાર કહે છે. મિથ્યાત્વ સહિત જ્ઞાનસંવરણ તેની પાસે જાઓ.

તેથી એ પ્રાપ્ત થાય કે સિંહમુનિમાં જે વિપુલ નિર્મળજ્ઞાન વર્તે છે, તે કંઈ આવરણ પામે અને મિથ્યાત્વનો ઉદય થાય તો જ મહામોહાદિનું કાર્ય થઈ શકે અને સિંહમુનિના ચિત્તમાં જે વિષયાભિલાષના સુષુપ્ત સંસ્કારો છે, તેના બળથી પારમાર્થિક તત્ત્વને જોનારા જ્ઞાનનાં આવારક કર્મો ઉદયમાં આવે તેમ છે. તેના કારણે કષાયો દુઃખરૂપ છે અને નિરાકુળ સ્વભાવ સુખરૂપ છે એ રૂપ સમ્યક્ત્વ સિંહમુનિના ચિત્તમાં સ્ખલિત થાય છે અને મિથ્યાત્વનો ઉદય થાય છે. ત્યારપછી ત્રણ ગારવો પ્રગટ થાય છે. તે પણ વિષયાભિલાષના પરિણામમાંથી ઊઠેલા ભાવો સ્વરૂપ છે અને તેના કારણે જે પૂર્વમાં ધર્મધ્યાનાદિ પ્રવર્તતાં હતાં, તેના સ્થાને સિંહમુનિના ચિત્તમાં આર્ત્ત-રૌદ્રધ્યાન પ્રગટ થાય છે અને તેની સાથે તેની પરિચારિકા એવી ત્રણ લેશ્યાઓ પ્રગટ થાય છે અને તેમાં પણ પ્રેરક વિષયાભિલાષ છે અને વિષયાભિલાષાદિ અન્ય મોહના પરિણામો સિંહમુનિના ચિત્તમાં પ્રમત્તતાને ઊભી કરે છે. જેથી સિંહમુનિનું ચિત્ત શાસ્ત્રવચનો જાણવા છતાં પ્રમાદને અભિમુખ થાય છે. ત્યારપછી વિષયાભિલાષ વગેરે ચિત્તવિક્ષેપ મંડપાદિની રચના કરે છે. આ રીતે સર્વ કાર્ય કરવાને અભિમુખ મોહાદિ સર્વને વિષયાભિલાષ કરે છે; કેમ કે સિંહમુનિનું ચિત્ત કંઈક કષાયને અભિમુખ થયેલું છે. **॥૫૪૫થી ૫૫૦॥**

શ્લોક :-

समर्थितं तैस्तद्वाक्यं, प्रारब्धा मन्त्रितक्रिया ।
अथ तेष्वन्तिकस्थेषु, हृत्तरङ्गा ममोत्थिताः ।।५५१।।

શ્લોકાર્થ :-

તેઓ વડે=મોહાદિ વડે, તેનું વાક્ય=વિષયાભિલાષનું વાક્ય, સમર્થિત કરાયું, મંત્રિત ક્રિયાઓ પ્રારબ્ધ કરાઈ. હવે નજીકમાં રહેલા તેઓ હોતે છતે=મોહાદિ હોતે છતે, મને=સિંહમુનિને હૃદયમાં તરંગો ઊઠ્યા. ||૫૫૧||

શ્લોક :-

यथाऽहो मे परं तेजो, ममाहो गौरवप्रथा ।
अहो युगप्रधानोऽहं, कोऽपि नैवास्ति मत्समः ।।५५२।।

શ્લોકાર્થ :-

જે આ પ્રમાણે – અહો, મારું પરમ તેજ છે. અહો મારી ગૌરવપ્રથા છે=મારા ગૌરવનો વિસ્તાર છે. અહો હું યુગપ્રધાન છું. કોઈ પણ મારા સમાન નથી જ.

સિંહમુનિના ચિત્તમાં માન-કષાયના કારણે ઋદ્ધિગારવના કારણે પોતાની ઋદ્ધિનો ચિત્તમાં ગર્વ થાય છે. જેનાથી મોહના કલ્લોલો આવિર્ભાવ પામ્યા. **||૫૫૨||**

શ્લોક :-

अमात्योऽपि जगत् त्यक्त्वा, कलाः सर्वाः समागताः ।
अहंपूर्विकया तीर्थे, मय्येव प्रियमेलके ।।५५३।।

શ્લોકાર્થ :-

સર્વ કલાઓ જગતને છોડીને પ્રિયમેલક તીર્થ સ્વરૂપ મારામાં જ અહંપૂર્વિકાથી=હું જઉં, હું જઉં એ પ્રકારની અહંપૂર્વિકાથી, આવેલી છે. ||૫૫૩||

**શ્લોક :-**

**प्राक्पर्याये नरेन्द्रोऽहमधुना सूरिपुङ्गवः ।**
**जात्यहेम्न इवोद्दीप्तिः कदा जाता न मे गुणैः ।।५५४।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વ પર્યાયમાં હું રાજા હતો. હમણાં સૂરિપુંગવ છું. જાત્ય સુવર્ણની જેમ ગુણોથી મારી ઉદ્દીપ્તિ ક્યારે થઈ નથી ?=ગુણોથી મારી સદા ઉદ્દીપ્તિ થઈ છે. ।।૫૫૪।।**

**શ્લોક :-**

**महान् वंशो महद्धैर्यं, महती धीर्महत्तपः ।**
**महान् मम प्रतापश्च, महतां सकलं महत् ।।५५५।।**

**શ્લોકાર્થ :-**

**મહાન વંશ છે. મહાન ધૈર્ય છે. મહાન બુદ્ધિ છે. મહાન તપ છે. મારો પ્રતાપ મહાન છે. મોટાઓમાં સકલ મહત્ છું=સર્વથી મોટો છું. ।।૫૫૫।।**

**શ્લોક :-**

**ईदृग्विकल्पशिखरैर्वर्धमानैर्यथोत्तरम् ।**
**ममानन्तानुबन्धेन, शैलराजो व्यजृम्भत ।।५५६।।**

**શ્લોકાર્થ :-**

**યથોત્તર વધતા આવા વિકલ્પોનાં શિખરોથી અનંતાનુબંધથી માનકષાય મને ઉલ્લસિત થયો.**

શ્લોક-૫૫૨થી ૫૫૫માં કહ્યું એવા ઉત્તરોત્તર વધતા વિકલ્પના પરિણામથી સિંહમુનિના ચિત્તમાં અનંતાનુબંધી માન-કષાય ઉલ્લસિત થયો. **।।૫૫૬।।**

**શ્લોક :-**

**ज्ञानावरणमिथ्यात्वे, महागहनसन्निभे ।**
**नियतस्थितिके तत्र, ताभ्यां क्षिप्तस्तमस्यहम् ।।५५७।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=અનંતાનુબંધીના માન-કષાયમાં, મહાન ગહન જેવા જ્ઞાનાવરણ અને મિથ્યાત્વ નિયત સ્થિતિવાળા છે. તે બંને દ્વારા હું=સિંહમુનિનો જીવ, અંધકારમાં ફેંકાયો.**

અનંતાનુબંધી માન-કષાય ઊઠે ત્યારે અવશ્ય વિશિષ્ટ પ્રકારનું જ્ઞાનાવરણ અને મિથ્યાત્વ ઉદયમાં આવે છે. જે જીવને કષાયોથી થતી વિડંબનાને જોવામાં બાધક એવા અંધકારને ફેલાવે છે. તેથી મહાગહન જેવું અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ સિંહમુનિની ચિત્તરૂપી અટવીમાં પ્રગટ થયું. **॥૫૫૭॥**

**શ્લોક :-**

**शास्त्रार्थं तद्विलासेन, विदन्नपि न वेद्म्यहम् ।**
**पठामि पाठयाम्यन्यं, व्याचक्षे शून्यचेतसा ।।५५८।।**

**શ્લોકાર્થ :-**

**તેના વિલાસથી=અનંતાનુબંધી માન-કષાય, વિશિષ્ટ જ્ઞાનાવરણ અને મિથ્યાત્વના વિલાસથી, શાસ્ત્રાર્થને જાણતો પણ હું શાસ્ત્રાર્થને જાણતો નથી. શૂન્ય ચિત્તથી ભણું છું, અન્યને ભણાવું છું અને ઉપદેશ આપું છું.**

સિંહમુનિના ચિત્તમાં અનંતાનુબંધી કષાય, વિશિષ્ટ જ્ઞાનાવરણ અને મિથ્યાત્વનો ઉદય થવાને કારણે શાસ્ત્રાર્થને જાણવા છતાં પોતે શાસ્ત્રાર્થથી વિરુદ્ધ દિશામાં જાય છે, તે જાણતા નથી. શાસ્ત્રાર્થના પરમાર્થને સ્પર્શવામાં શૂન્ય ચિત્ત વડે શાસ્ત્રનો અભ્યાસ કરે છે. અન્યને ભણાવે છે, ઉપદેશ આપે છે તે ઉપદેશ પોતાના આત્માને સ્પર્શતો નથી. **॥૫૫૮॥**

**શ્લોક :-**

**तथाभूतस्य मे भ्रष्टं, सार्द्धं पूर्वचतुष्टयम् ।**
**शेषज्ञानं तु नो नष्टं, विपर्यस्तं तु मोहतः ।।५५९।।**

**શ્લોકાર્થ :-**

**તેવા પ્રકારના એવા મારું સાડા ચાર પૂર્વનું જ્ઞાન નાશ થયું પરંતુ**

**શેષજ્ઞાન નાશ થયું નહીં. મોહથી વિપર્યસ્ત થયું.**

સિંહમુનિ ચૌદ પૂર્વધર હતા. મિથ્યાત્વના ઉદયને કારણે સાડાચાર પૂર્વનું જ્ઞાન નાશ પામ્યું. સાડા નવ પૂર્વ વિદ્યમાન રહ્યા તોપણ મિથ્યાત્વના ઉદયથી તે અવશિષ્ટ જ્ઞાન વિપર્યાસરૂપે પરિણમન પામ્યું. **॥૫૫૯॥**

**શ્લોક :-**

**अत्रान्तरे नदीपूर्णा, चित्तवृत्तौ च वाहिता ।**
**प्रमत्तताऽऽख्या रिपुभिर्व्याक्षेपावर्तभीषणा ।।५६०।।**

**શ્લોકાર્થ :-**

**અને એટલામાં=સિંહમુનિ કષાયોને વશ થાય છે એટલામાં, ચિત્તવૃત્તિમાં શત્રુઓથી=મહામોહાદિ શત્રુઓથી, વ્યાક્ષેપના આવર્તોથી ભીષણ પ્રમત્તતા નામની પૂર્ણ નદી વહન કરાઈ.**

સિંહમુનિના ચિત્તમાં કષાયોના વ્યાક્ષેપો થવા લાગ્યા તેવા વ્યાક્ષેપોથી યુક્ત પ્રમાદની પરિણતિ પ્રવર્તવા લાગી. જેથી ઉપદેશ આપવા છતાં, પઠન કરવા છતાં ચિત્તમાં શાસ્ત્રના કલ્લોલને બદલે કષાયોના કલ્લોલો જ પ્રવર્તતા હતા. **॥૫૬૦॥**

**શ્લોક :-**

**गौरवाणि व्यजृम्भन्त, ततो मयि विशेषतः ।**
**कुभावनास्तदुत्कर्षान्ममाभूवन् सहस्रशः ।।५६१।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=પ્રમત્તતા નદી ચિત્તવૃત્તિમાં વહેવા લાગી તેથી, મારામાં=સિંહમુનિના ચિત્તમાં, વિશેષથી ગારવો ઉલ્લસિત થયા. તેના ઉત્કર્ષથી=ગારવોના ઉત્કર્ષથી, હજારો કુભાવનાઓ મને થઈ. ।।૫૬૧।।**

**શ્લોક :-**

**सन्ति मे विपुला वस्त्रपात्रपुस्तकसम्पदः ।**
**महाजनानां नेताऽहं, प्राज्ञाः शिष्या ममेदृशाः ।।५६२।।**

**શ્લોકાર્થ :-**

**મને વિપુલ વસ્ત્ર, પાત્ર, પુસ્તકની સંપદા છે. મહાજનોનો હું નેતા છું. મારા આવા પ્રકારના પ્રાજ્ઞ શિષ્યો છે. ।।૫૬૨।।**

**શ્લોક :-**

**प्रत्यासीदन्ति मां सर्वाः, सिद्धयश्चाणिमादिकाः ।**
**इति प्राप्तर्द्धिदृप्तेन, मयेष्टाऽनागतापि सा ।।५६३।।**

**શ્લોકાર્થ :-**

**મને અણિમાદિ સર્વ સિદ્ધિઓ પાસે આવે છે. એથી પ્રાપ્ત ઋદ્ધિના ગર્વથી અનાગત એવી તે અણિમાદિ સિદ્ધિઓ મારા વડે ઈચ્છાઈ.**

પોતાની શાસ્ત્રની પ્રજ્ઞા, પ્રાજ્ઞ એવા શિષ્યોની પ્રાપ્તિ એ સર્વ ઋદ્ધિથી અભિમાનને પામેલા સિંહમુનિને ચિત્તમાં જણાય છે કે હું યોગની ઉચ્ચ ભૂમિકામાં છું. જેથી અણિમાદિ સિદ્ધિઓ સર્વ પણ આવવાની તૈયારીમાં છે. આ પ્રમાણે નહીં આવેલી અણિમાદિ પણ સિંહમુનિ દ્વારા ઇચ્છાઈ. **।।૫૬૩।।**

**શ્લોક :-**

**भोज्यं नीरसमुत्सृष्टं, भुक्तं च सरसं मया ।**
**बद्धा तत्र रतिर्लौल्यात्, प्रार्थनाऽनागतेऽपि च ।।५६४।।**

**શ્લોકાર્થ :-**

**નીરસ ભોજન ત્યાગ કરાયું અને મારા વડે સુંદર ભોજન કરાયું. લૌલ્યથી ત્યાં=ભોજનમાં રતિ કરાઈ. અનાગતમાં પણ=નહીં પામેલાં ભોજનોમાં પણ, પ્રાર્થના કરાઈ. ।।૫૬૪।।**

**શ્લોક :-**

**सुखे शारीरके तोषः, कृतः शय्यासनादिजे ।**
**मया प्राप्ते तथा लौल्यं, प्रवर्त्तितमनागते ।।५६५।।**

**શ્લોકાર્થ :-**

**શય્યા અને આસનથી થનારા શારીરિક સુખમાં તોષ કરાયો અને પ્રાપ્ત એવા શારીરિક સુખમાં મારા વડે લોલુપતા કરાઈ. અનાગતમાં પ્રવર્તન કરાયું. ।।૫૬૫।।**

**શ્લોક :-**

**गारवत्रयमग्नेन, तदानीमेवमादृतम् ।**
**शिथिलत्वं मया व्यक्तं, विहायोग्रविहारिताम् ।।५६६।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે ત્યારે=સિંહમુનિના ભવમાં, ગારવત્રયમગ્ન એવા મારા વડે ઉગ્ર વિહારિતાને છોડીને વ્યક્ત શિથિલપણું સ્વીકારાયું.**

મોહનાશને અનુકૂળ યત્ન સ્વરૂપ ઉગ્ર વિહારિતાને છોડીને ગારવમાં મગ્ન એવા સિંહમુનિ દ્વારા સંયમમાં શિથિલપણું સેવાયું. **।।૫૬૬।।**

**શ્લોક :-**

**आर्त्ताशयोऽप्याविरभूत्, ततो दुष्टविकल्पभूः ।**
**रौद्राशयस्तदा पार्श्वे, तस्यास्थाद् व्यापृतस्तु न ।।५६७।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=સિંહમુનિએ શિથિલતાનો આશ્રય કર્યો તેથી, દુષ્ટ વિકલ્પની ભૂમિરૂપ આર્ત્તધ્યાનનો આશય પણ પ્રગટ થયો. ત્યારે=આર્ત્તધ્યાન પ્રગટ થયું ત્યારે, તેની પાસે=આર્ત્તધ્યાનની પાસે, રૌદ્રનો આશય રહ્યો, પરંતુ વ્યાપૃત થયો નહીં.**

સિંહમુનિના ચિત્તમાં વિષયોની લોલુપતાના કારણે દુષ્ટ કષાયોના વિકલ્પોની ભૂમિરૂપ આર્ત્તધ્યાન પ્રગટ થયું. રૌદ્રધ્યાન પ્રગટ થયું નથી, પરંતુ પ્રગટ થવાની ભૂમિકા સંપન્ન થઈ. **।।૫૬૭।।**

**શ્લોક :-**

**ततः समागताः कृष्णनीलकापोतसंज्ञकाः ।**
**दौःशील्यकारिकास्तिस्रो, लेश्यास्तत्परिचारिकाः ।।५६८।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=આર્તધ્યાન પ્રગટ થયું તેથી, કૃષ્ણ, નીલ, કાપોત સંજ્ઞાવાળી, દૌ:શીલ્યને કરનારી તેની પરિચારિકા=આર્તધ્યાનની પરિચારિકા, ત્રણ લેશ્યાઓ આવી. ।।૫૬૮।।**

**શ્લોક :-**

**इतश्च चित्तविक्षेपो, मण्डपो वेदिका च सा ।**
**चित्तवृत्तौ कृता सज्जा, रिपुभिर्विष्टरं तथा ।।५६९।।**

**શ્લોકાર્થ :-**

**આ બાજુ ચિત્તવૃત્તિમાં, ચિત્તવિક્ષેપ મંડપ અને તે વેદિકા અને વિષ્ટર શત્રુઓ દ્વારા સજ્જ કરાયાં.**

સિંહમુનિ જ્યારે કષાયોના વિકલ્પો કરે છે, ત્યારે તેની ચિત્તવૃત્તિમાં મહામોહાદિ શત્રુઓએ ચિત્તવિક્ષેપ મંડપ નિર્માણ કર્યો. તેના ઉપર તૃષ્ણા વેદિકાનું સ્થાપન કર્યું અને તેના ઉપર વિપર્યાસ નામનું સિંહાસન સ્થાપન કર્યું. જેથી બહારથી સાધુનો વેશ અને સંયમની ક્રિયા હોવા છતાં ચિત્તવૃત્તિ રૂપી અટવીમાં મહામોહનું સામ્રાજ્ય સ્થિર સ્થિરતર થવા લાગ્યું. **।।૫૬૯।।**

**શ્લોક :-**

**तिरोबभूवुश्चारित्रधर्मराजादयस्ततः ।**
**जातोऽहं मुनिवेषोऽपि, मिथ्यादृष्टिशिरोमणिः ।।५७०।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=મહામોહાદિએ ચિત્તવિક્ષેપ આદિ મંડપ ઊભા કર્યા તેથી, ચારિત્રધર્મરાજાદિ તિરોભૂત થયા. મુનિવેષવાળો પણ હું મિથ્યાદષ્ટિ શિરોમણિ થયો. ।।૫૭૦।।**

**શ્લોક :-**

**लब्धावकाशा रिपवः, स्वेच्छया व्यलसंस्तदा ।**
**आयुर्नामाऽथ सन्दिष्टो, भूपतिर्मम भार्यया ।।५७१।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારે=ચારિત્રનું સૈન્ય તિરોભૂત થયું ત્યારે, લબ્ધ અવકાશવાળા શત્રુઓએ સ્વઈચ્છાથી વિલાસ કર્યો. હવે મારી ભાર્યા વડે આયુ નામનો રાજા સૂચન કરાયો.**

મહામોહાદિ ચિત્તમાં વિલાસ કરતા હતા ત્યારે જીવની ભવિતવ્યતારૂપી ભાર્યા વડે આયુષ્યકર્મને સૂચન કર્યું. શું સૂચન કર્યું, તે હવે બતાવે છે. **॥૫૭૧॥**

**શ્લોક :-**

**निरूपयोचितं स्थानमार्यपुत्रस्य साम्प्रतम् ।**
**तेनोक्तं दृष्टमेवास्ति, स्थानमस्योचितं मया ।।५७२।।**

**શ્લોકાર્થ :-**

**હમણાં આર્યપુત્રના ઉચિત સ્થાનને તું કહે, એ પ્રમાણે ભવિતવ્યતા વડે આયુષ્યકર્મને કહેવાયું, તેના વડે=આયુષ્યકર્મ વડે, કહેવાયું. મારા વડે આનું=સિંહમુનિનું, ઉચિત સ્થાન જોવાયું છે. ।।૫૭૨।।**

**શ્લોક :-**

**स कर्मपरिणामोऽस्य, विरक्तो दुश्चरित्रतः ।**
**पापोदयं पुरस्कृत्य, मोहसैन्येऽधुना गतः ।।५७३।।**

**શ્લોકાર્થ :-**

**આના=સિંહમુનિના, દુશ્ચરિત્રથી વિરક્ત થયેલો તે કર્મપરિણામ રાજા પાપોદયને આગળ કરીને હમણાં મોહના સૈન્યમાં ગયેલો છે. ।।૫૭૩।।**

**શ્લોક :-**

**पुरे तेनैकाक्षवासे, प्रेषितोऽहं ततश्च तौ ।**
**तीव्रमोहोदयात्यन्ताबोधावाकारितौ द्रुतम् ।।५७४।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=કર્મપરિણામ રાજા વડે હું=આયુષ્યકર્મ, એકાક્ષવાસરૂપ**

**નગરમાં મોકલાવાયો. અને ત્યારપછી=હું એકાક્ષવાસનગરમાં મોકલાવાયો ત્યારપછી, તે તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ શીઘ્ર બોલાવાયા.**

કર્મપરિણામ રાજા મોહના સૈન્યમાં ભળ્યો, તેથી સિંહમુનિએ એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યું. તેથી સિંહમુનિના આયુષ્યકર્મને કર્મપરિણામ રાજાએ એકાક્ષવાસ નગરમાં મોકલ્યો. તે વખતે તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ તે બંને કર્મપરિણામ રાજા દ્વારા બોલાવાયા. **॥૫૭૪॥**

**શ્લોક :-**

**वेदनीये च कुपितश्चक्रेऽकिंचित्करं स तम् ।**
**त्वया मया च नेयोऽसौ, तत्र ताभ्यां समं ततः ।।५७५।।**

**શ્લોકાર્થ :-**

**વેદનીય ઉપર કુપિત થયેલા એવા તે=કર્મપરિણામ રાજાએ, તેને= વેદનીયને, અકિંચિત્કર કર્યો. તેથી=વેદનીયને અકિંચિત્કર કર્યો તેથી, તારા વડે=ભવિતવ્યતા વડે અને મારા વડે=આયુષ્યકર્મ વડે, આ= સિંહમુનિનો જીવ, ત્યાં=એકાક્ષવાસ નગરમાં, તે બંનેની સાથે=તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ સાથે, લઈ જવા યોગ્ય છે.**

સિંહમુનિએ સંયમ પાળીને ઘણું શાતાવેદનીય બાંધેલું ત્યારે સિંહમુનિ ઉપર કર્મપરિણામ રાજા તોષવાળો હતો, પરંતુ સિંહમુનિના દુશ્ચરિત્રને કારણે કુપિત થયેલા કર્મપરિણામ રાજાએ સિંહમુનિના ભવમાં સંયમકાળના પ્રારંભમાં જે શાતાવેદનીય બાંધેલું તે સર્વ અકિંચિત્કર કર્યું. એથી હવે શાતાનું ફળ તેને મળે તેમ નથી માટે આયુષ્યકર્મ કહે છે કે મારા વડે અને ભવિતવ્યતા વડે આ સિંહમુનિનો જીવ તીવ્ર મોહોદય અને અત્યંત અબોધ સહિત એકેન્દ્રિયમાં લઈ જવા યોગ્ય છે. **॥૫૭૫॥**

**શ્લોક :-**

**अस्य त्रिभागमात्रेह, स्थितिरद्यापि तिष्ठति ।**
**तत् सिंहः कार्यतां पूर्णां, सामग्रीं गमनोचिताम् ।।५७६।।**

**શ્લોકાર્થ :-**

**આની=સિંહમુનિની અહીં=મનુષ્યભવમાં, ત્રિભાગ માત્ર સ્થિતિ= મનુષ્યભવના આયુષ્યની ત્રિભાગ માત્ર સ્થિતિ, હજી પણ વિદ્યમાન છે. તે કારણથી=સિંહમુનિની હજી ત્રિભાગ માત્ર આયુષ્યની સ્થિતિ બાકી છે તે કારણથી, ગમનને ઉચિત પૂર્ણ સામગ્રીને સિંહમુનિ કરાવાય.**

સિંહમુનિએ પોતાના આયુષ્યના ત્રીજા ભાગમાં ક્લિષ્ટભાવો કરીને એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યું. તેથી આયુષ્ય કહે છે શેષ ત્રિભાગકાળમાં આ જીવ તેવું ક્લિષ્ટ કર્મ કરીને તેવી સામગ્રી એકઠી કરો. જેથી એકેન્દ્રિયમાં સુખપૂર્વક દીર્ઘકાળ રહી શકે, એમ આયુષ્ય ભવિતવ્યતાને કહે છે. તેથી ફલિત થાય કે સિંહમુનિએ એકેન્દ્રિયનું આયુષ્ય બાંધ્યા પછી, તે એકેન્દ્રિયને દૃઢ કરે તેવી શેષ પાપપ્રકૃતિઓને દૃઢ બાંધે. જેથી એકેન્દ્રિયમાં જવાને અનુકૂળ સામગ્રી પૂર્ણ થાય અને સિંહમુનિને તેવી જ ભવિતવ્યતા હતી. જેથી આયુષ્ય બાંધ્યા પછી તે ક્લિષ્ટભાવોને કરીને એકેન્દ્રિયને અનુકૂળ જ સામગ્રીઓને દૃઢ કરે. **॥૫૭૬॥**

**શ્લોક :-**

**स्वीकृत्य तद्वचस्तस्य, भवितव्यतया तथा ।**
**शेषैश्चारिभिरत्यन्तं, मार्गेऽहं शिथिलीकृतः ।।५७७।।**

**શ્લોકાર્થ :-**

**તેનું=આયુષ્યનું, તે વચન સ્વીકારીને=શ્લોક-૫૭૬ના ઉત્તરાર્ધમાં કહ્યું તે વચન સ્વીકારીને, ભવિતવ્યતા વડે અને શેષ ચોરટાઓ વડે માર્ગમાં હું અત્યંત શિથિલ કરાયો.**

સિંહમુનિની ભવિતવ્યતા આયુષ્ય બાંધ્યા પછી પણ પ્રતિકૂળ હતી. તેથી આયુષ્યકર્મના વચનને સ્વીકારીને ભવિતવ્યતા અને મહામોહાદિ સર્વેએ સિંહમુનિને આયુષ્ય બાંધ્યા પછીના શેષ ભાગમાં પણ સંયમ માર્ગમાં અત્યંત શિથિલ કર્યો. **॥૫૭૭॥**

**શ્લોક :-**

**अलक्षितात्मा शारीरैर्दोषैरन्ते ततस्ततैः ।**
**जीर्णप्राचीनगुटिकः, समासाद्य परां गुटीम् ।।५७८।।**

अलक्षितात्मा यातोऽहं, वनस्पत्याख्यपाटके ।
सौधापवरकन्यायात् तत्राहं सुचिरं स्थितः ।।५७९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=મોક્ષમાર્ગમાં શિથિલ થયો ત્યારપછી, અંતમાં=આયુષ્યના અંતમાં, વિસ્તાર પામતા શારીરિક દોષોથી અલક્ષિત આત્મા=હું સંયમી છું એ પ્રકારે નહીં જાણતો સિંહમુનિનો આત્મા, જીર્ણ પ્રાચીન ગુટિકાવાળો= વર્તમાન ભવના જીર્ણ થયેલા આયુષ્યવાળો, બીજી ગુટિકાને પામીને=બીજા ભવના આયુષ્યને પામીને, અલક્ષિત સ્વરૂપવાળો હું, વનસ્પતિ નામના પાડામાં ગયો. દેવલોકના ન્યાયથી=પૂર્વમાં સંયમ પાળીને જે રીતે દેવલોકમાં ગમન-આગમન કરતો હતો એ ન્યાયથી, ત્યાં=વનસ્પતિ નામના પાડામાં, હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, દીર્ઘકાળ રહ્યો. ।।૫૭૮-૫૭૯।।

શ્લોક :-

आनीतोऽहं ततः शेषपाटकान्यपुरेषु च ।
पत्न्या कदाचित् पञ्चाक्षपशुस्थाने ततो धृतः ।।५८०।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=ચિરકાળ વનસ્પતિ નામના પાડામાં ફર્યો ત્યારપછી, શેષ પાડાઓ અને અન્ય પુરોમાં હું પત્ની વડે=ભવિતવ્યતા વડે, લવાયો. ત્યારપછી=શેષ પાડાઓ અને અન્ય પુરોમાં અનેક વખત ભમ્યો ત્યારપછી, ક્યારેક પંચેન્દ્રિય પશુસ્થાનમાં ધારણ કરાયો. ।।૫૮૦।।

શ્લોક :-

ततो विशुद्धभावत्वाद् गतोऽहं विबुधालये ।
भूयो गमागमास्तत्र, बहवो विहितास्ततः ।।५८१।।

શ્લોકાર્થ :-

ત્યારપછી વિશુદ્ધ ભાવપણું હોવાથી=પશુભાવમાં કંઈક વિશુદ્ધ ભાવ થવાથી, હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, વિબુધાલયમાં ગયો. ત્યારપછી ત્યાં=વિબુધાલયમાં, ઘણાં બહુ વખત ગમન-આગમન કરાયાં. ।।૫૮૧।।

શ્લોક :-

तथाहि –

पञ्चाक्षपशुसंस्थानाद्, व्यन्तरादिषु भूरिशः ।
अकामनिर्जराजन्यभावशुद्धेरहं गतः ।।५८२।।

શ્લોકાર્થ :-

તે આ પ્રમાણે – પંચાક્ષ પશુસંસ્થાનથી અકામ નિર્જરાજન્ય ભાવશુદ્ધિને કારણે અનેક વખત હું વ્યંતરાદિમાં ગયો. ।।૫૮૨।।

શ્લોક :-

विशिष्टपरिणामेन, गतः कल्पोपगेष्वपि ।
सम्यक्त्वश्राद्धधर्माभ्यामष्टौ कल्पा मयेक्षिताः ।।५८३।।

શ્લોકાર્થ :-

વિશિષ્ટ પરિણામથી વૈમાનિક દેવલોકમાં પણ હું ગયો. સમ્યક્ત્વ, શ્રાદ્ધધર્મ દ્વારા આઠેય દેવલોકો મારા વડે જોવાયા. ।।૫૮૩।।

શ્લોક :-

तथा –

कर्माकर्मान्तरद्वीपभूमिजेषु नृषु स्थितः ।
आगत्य मानवावासे, स्वर्लोके बहुशो गतः ।।५८४।।

શ્લોકાર્થ :-

અને કર્મ-અકર્મ અંતર્દ્વીપ ભૂમિઓમાં થયેલા મનુષ્યમાં રહ્યો. માનવાવાસમાં આવીને બહુ વખત દેવલોકમાં ગયો. ।।૫૮૪।।

શ્લોક :-

अकार्षं कृत्यमज्ञानादुत्पन्नः कर्मभूमिषु ।
पञ्चाग्नितपनाद्यं यद्, यच्चाम्बुपतनादिकम् ।।५८५।।

धर्मबुद्ध्याऽन्यथा चान्तर्भावशुद्ध्यनुवेधतः ।
ततोऽहं किल्बिषावासे, गतो व्यन्तरपाटके ।।५८६।।

**શ્લોકાર્થ :-**

**કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા એવા મેં અજ્ઞાનને કારણે જે પંચાગ્નિ તપાદિ છે અને જે અમ્બુપતનાદિક છે, તે કૃત્યને ધર્મબુદ્ધિથી કર્યું અને અન્યથા=તે કૃત્ય કર્યા વગર, અંતરંગભાવની શુદ્ધિના અનુવેધથી, હું ત્યારપછી=કર્મભૂમિમાં મૃત્યુ પામ્યા પછી, કિલ્બિષાવાસરૂપ વ્યંતરપાટકમાં ગયો.**

અનુસુંદર ચક્રવર્તીનો જીવ સિંહમુનિના ભવમાં માર્ગથી પાત પામ્યો. પછી ઘણો સમય સંસારમાં ભટકીને કર્મભૂમિમાં અજ્ઞાન તપ કરી કિલ્બિષાવાસ જેવા વ્યંતર પાટકમાં જાય છે, જ્યાં તત્ત્વની વિચારણામાં મૂઢતા વર્તે છે, તો ક્યારેક તેવાં કૃત્ય કર્યા વગર પણ દેવલોકને અનુકૂળ કંઈક ચિત્તની વિશુદ્ધિ થવાથી અને મૂઢતાની પરિણતિ હોવાથી કિલ્બિષાવાસ જેવા વ્યંતર પાડામાં જાય છે. આ પ્રકારની સર્વ મૂઢતાનું કારણ સિંહમુનિના ભવમાં પ્રમાદવશ જે મૂઢતા સેવેલી તેના જ સંસ્કારો કારણ બને છે. **॥૫૮૫-૫૮૬॥**

**શ્લોક :-**

कृत्वा बालतपः क्रोधी, तपो गौरवभाग् गतः ।
भवनस्थेषु भूत्वा च, ज्योतिश्चारिषु तापसः ।।५८७।।

**શ્લોકાર્થ :-**

**બાલતપને કરીને ક્રોધી, તપના ગૌરવવાળો હું ભવનસ્થમાં ગયો અને તાપસ થઈને જ્યોતિશ્ચારીમાં ગયો. ॥૫૮૭॥**

**શ્લોક :-**

प्राप्य भागवतीं दीक्षां, क्रियाभ्यासपरायणः ।
ध्यानमौनतपोयोगशीलसंयमयत्नवान् ।।५८८।।
गतोऽश्रद्धानदुष्टात्मा, सर्वग्रैवेयकेष्वपि ।
आगतो मनुजावासं, भूयो भूयोऽन्तराऽन्तरा ।।५८९।।

શ્લોકાર્થ :-

**ભાગવતી દીક્ષાને પ્રાપ્ત કરીને ક્રિયાભ્યાસમાં પરાયણ, ધ્યાન, મૌન, તપોયોગ, શીલ અને સંયમમાં યત્નવાળો અશ્રદ્ધાનથી દુષ્ટાત્મા સર્વ ગ્રૈવેયકોમાં ગયો. ફરી ફરી વચવચમાં મનુજવાસ ગયો.**

સિંહમુનિના ભવમાં જે મિથ્યાત્વનું સેવન કર્યું અને ત્યારપછીના ભવોમાં તેને દૃઢ કર્યું તેથી સંયમ ગ્રહણ કરવા છતાં અને બાહ્યથી સુંદર આચારોનું પાલન કરવા છતાં તત્ત્વની તીવ્ર રુચિ થાય તેવો પરિણામ જ થયો નહીં. **॥૫૮૮-૫૮૯॥**

શ્લોક :-

**इयतो भ्रमणस्यैव, विद्धि पद्माक्षि ! कारणम् ।**
**तत् सिंहाचार्यभवे यत्, कृतं चारित्रखण्डनम् ।।५९०।।**

શ્લોકાર્થ :-

**હે પદ્માક્ષિ ! અગૃહીતસંકેતા ! આટલા ભ્રમણનું જ કારણ તું તે જાણ, જે સિંહાચાર્ય ભવમાં ચારિત્રનું ખંડન કરાયું. ॥૫૯૦॥**

શ્લોક :-

**शैथिल्यं नाकरिष्यं चेत्, सिंहाचार्यपदस्थितः ।**
**तदैव हत्वाऽरिततीरगमिष्यं शिवालयम् ।।५९१।।**

શ્લોકાર્થ :-

**જો સિંહાચાર્યપદમાં રહેલા મેં શૈથિલ્ય ન કર્યું હોત તો ત્યારે જ, શત્રુઓના વિસ્તારને=મોહાદિ શત્રુઓના વિસ્તારને, હણીને હું મોક્ષમાં ગયો હોત. ॥૫૯૧॥**

શ્લોક :-

**इयद्भ्रमणदु:खं यन्मम जातं वरानने ! ।**
**तदेतन्निजदुर्भार्याप्रेरणाजनितं फलम् ।।५९२।।**

**શ્લોકાર્થ :-**

**હે વરાનન ! અગૃહીતસંકેતા ! આટલા ભ્રમણનું દુ:ખ જે મને થયું તે આ પોતાની ખરાબ ભાર્યાની પ્રેરણાથી ઉત્પન્ન થયેલું ફલ છે. ।।૫૯૨।।**

**શ્લોક :-**

**अथागृहीतसंकेता, प्राह तात ! न केवलम् ।**
**इयत् किन्तु त्वया प्रोक्तमखिलं त्वद्विजृम्भितम् ।।५९३।।**

**શ્લોકાર્થ :-**

**હવે અગૃહીતસંકેતા કહે છે, હે તાત ! કેવલ આટલું નહીં, પરંતુ તારા વડે કહેવાયેલું અખિલ તારાથી વિજૃમ્ભિત છે=તારા પ્રમાદથી વિજૃમ્ભિત છે. ।।૫૯૩।।**

**શ્લોક :-**

**पूर्वमेवाभविष्यश्चेत्, सुस्थिताज्ञास्थिरादरः ।**
**ततो दीर्घाऽभविष्यत् ते, नैषाऽनर्थपरम्परा ।।५९४।।**

**શ્લોકાર્થ :-**

**જો પૂર્વમાં જ સુસ્થિતની આજ્ઞામાં સ્થિર આદરવાળો થયો હોત તો, તને દીર્ઘ આ અનર્થની પરંપરા થાત નહીં.**

ભૂતકાળમાં પણ જીવને જે કોઈ અનર્થની પરંપરા થઈ છે, તે સુસ્થિત એવા પરમગુરુની આજ્ઞામાં સ્થિર આદરના અભાવને કારણે જ થઈ છે, એ પ્રકારનું કંઈક રહસ્ય મંદબુદ્ધિવાળી પણ અગૃહીતસંકેતા આટલા શ્રવણથી પ્રાપ્ત કરી શકી તે તત્ત્વના શ્રવણનું પારમાર્થિક ફળ છે, જેથી અગૃહીતસંકેતાને બોધ થયો કે ભગવાનની આજ્ઞાની વિરાધનાથી જ જેમ સિંહમુનિના ભવ પછીના ભવોમાં જે વિડમ્બના થઈ તેમ પૂર્વના ભવોમાં જે કંઈ વિડમ્બના થઈ છે તે પણ ભગવાનની આજ્ઞાની વિરાધનાનું ફળ છે. **।।૫૯૪।।**

**શ્લોક :-**

**प्राह संसारिजीवोऽथ, सुभ्रु ! चारूदितं त्वया ।**
**नाम्नाऽगृहीतसंकेता, भावतस्त्वसि पण्डिता ।।५९५।।**

શ્લોકાર્થ :-

હવે સંસારી જીવ કહે છે, હે સુભ્રુ ! અગૃહીતસંકેતા ! તારા વડે સુંદર કહેવાયું. નામથી અગૃહીતસંકેતા છો, ભાવથી તું પંડિતા છો. ।।૫૯૫।।

શ્લોક :-

अथाकर्णय तद् येन, जातोऽहं तस्कराकृतिः ।
प्राहागृहीतसंकेता, निवेदय महाशय ! ।।५९६।।

શ્લોકાર્થ :-

હવે તેને સાંભળ, જેના કારણે હું તસ્કરાકૃતિવાળો થયો. અગૃહીત-સંકેતા કહે છે. મહાશય ! તું નિવેદન કર. ।।૫૯૬।।

શ્લોક :-

संसारिजीवो न्यगददन्त्यग्रैवेयकात् ततः ।
आनीतोऽहं नृगत्यन्तःस्थितां क्षेमाऽभिधां पुरीम् ।।५९७।।

શ્લોકાર્થ :-

સંસારી જીવ બોલ્યો, ત્યારપછી=શ્લોક-૫૮૯માં કહ્યું કે અશ્રદ્ધાનથી દુષ્ટાત્મા સર્વ ગ્રૈવેયકોમાં ગયો. વચવચમાં મનુષ્યભવમાં આવ્યો ત્યારપછી, અંત્ય ગ્રૈવેયકથી મનુષ્યગતિની અંદર રહેલી ક્ષેમ નામની નગરીમાં હું આવ્યો. ।।૫૯૭।।

શ્લોક :-

मध्ये महाविदेहस्य, हट्टमार्गस्य सा स्थिता ।
रम्ये सुकच्छविजयस्थाने विस्तारशालिनि ।।५९८।।

શ્લોકાર્થ :-

મહાવિદેહરૂપ હટ્ટમાર્ગની મધ્યમાં રમ્ય વિસ્તારશાલી સુકચ્છવિજય સ્થાનમાં તે=ક્ષેમપુરી, રહેલી છે. ।।૫૯૮।।

શ્લોક :-

युगन्धरस्य नृपतेः, पुत्रस्तत्रोरुविक्रमः ।
नलिनीनन्दनश्चक्री, पितरि द्यां गतेऽभवम् ।।५९९।।

શ્લોકાર્થ :-

ત્યાં=ક્ષેમપુરીમાં, યુગંધર રાજાનો વિશાલ વિક્રમવાળો નલિનીનો નંદન=પુત્ર એવો હું માતા-પિતા દેવલોકમાં ગયે છતે ચક્રી થયો. ।।૫૯૯।।

શ્લોક :-

क्षेमपुर्यां स्थितेनैव, मया धाम्ना जिता मही ।
भुक्ताश्च विपुला भोगा, बिभ्रता चक्रवर्तिताम् ।।६००।।

શ્લોકાર્થ :-

ક્ષેમપુરીમાં રહેલા જ, ચક્રવર્તિતાને ધારણ કરતા મારા વડે તેજથી પૃથ્વી જિતાઈ અને વિપુલ ભોગો ભોગવાયા. ।।૬૦૦।।

શ્લોક :-

अशीतिं पूर्वलक्षाणि, चतुर्भिरधिकामहम् ।
भुक्त्वा राज्यसुखं काले, पश्चिमे चारुलोचने ! ।।६०१।।
स्वपुर्या निर्गतः स्वीयविजयोर्वीदिदृक्षया ।
भ्रान्त्वा वसुन्धरां शङ्खनगरेऽस्मिन् समागतः ।।६०२।।

શ્લોકાર્થ :-

હે ચારુલોચના ! અગૃહીતસંકેતા ! ચોરાશી લાખ પૂર્વ રાજ્યસુખને ભોગવીને પશ્ચિમ કાલમાં પોતાની વિજયરૂપી ભૂમિને જોવાની ઇચ્છાથી સ્વનગરીથી હું નીકળ્યો, પૃથ્વીને ભમીને આ શંખનગરમાં આવ્યો. ।।૬૦૧-૬૦૨।।

શ્લોક :-

इदं चित्तरमोद्यानं, नृपैः कतिपयैर्युतः ।
पश्चात् कृत्वा बलं शेषं, संप्राप्तो नन्दनोपमम् ।।६०३।।

શ્લોકાર્થ :-

શેષ બલને પાછળ કરીને, કેટલાક રાજાઓથી યુક્ત મેં આ નંદનની ઉપમાવાળા ચિત્તરમોધાનને પ્રાપ્ત કર્યું. ।।૬૦૩।।

શ્લોક :-

इतश्च यान्यभूवन्मे, गुणधारणजन्मनि ।
आद्यधर्मप्रदः कन्दमुनिर्मित्रं कुलन्धरः ।।६०४।।
भार्या च रम्या मदनमञ्जरी हन्त तान्यपि ।
भ्रमितान्यद्भुतै रूपैर्भवितव्यतया भवे ।।६०५।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ ગુણધારણ જન્મમાં મારા જે આદ્ય ધર્મને દેનારા કંદમુનિ, કુલંધર મિત્ર અને રમ્ય મદનમંજરી ભાર્યા હતાં. તેઓ પણ અદ્ભુત રૂપોથી ભવિતવ્યતા વડે ભવમાં ભ્રમણ કરાવાયાં. ।।૬૦૪-૬૦૫।।

શ્લોક :-

कृताद् बहुलिकासङ्गात्, ततः कन्दमुनिः क्वचित् ।
सुकच्छविजयेऽत्रैवानीतो हरिपुरे तया ।।६०६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી કોઈક ભવમાં કરાયેલા બહુલિકાના સંગથી અહીં જ સુકચ્છવિજયમાં તેણી વડે=ભવિતવ્યતા વડે, કંદમુનિ હરિપુરમાં લવાયા. ।।૬૦૬।।

શ્લોક :-

सुभद्राया भीमरथराज्याः कुक्षौ प्रवेशितः ।
जाता पुत्री कृतं तस्या, महाभद्रेति नाम च ।।६०७।।
भ्राता समन्तभद्रोऽभूत्, तस्या लात्वा स च व्रतम् ।
सुखोपमगुरोः पार्श्वे, द्वादशाङ्गधरोऽभवत् ।।६०८।।

શ્લોકાર્થ :-

ભીમરથ રાજાની સુભદ્રાની કુક્ષિમાં પ્રવેશ કરાવાયો=કંદમુનિનો જીવ પ્રવેશ કરાવાયો, પુત્રી થઈ તેણીનું=પુત્રીનું, મહાભદ્રા એ પ્રમાણે નામ કરાયું, સમંતભદ્ર તેણીનો=મહાભદ્રાનો ભાઈ થયો, તે=સમંતભદ્ર વ્રતને ગ્રહણ કરીને સુખોપમ નામવાળા ગુરુની પાસે દ્વાદશાંગધર થયા. ।।૬૦૭-૬૦૮।।

શ્લોક :-

ज्ञात्वा योग्यं पदे स्वीये, स्थापयामास तं गुरुः ।
महाभद्राऽपि संप्राप्ता, यौवनं युवमोहनम् ।।६०९।।

શ્લોકાર્થ :-

યોગ્ય જાણીને પોતાના પદમાં તેને=સમંતભદ્રને, ગુરુએ સ્થાપન કર્યા, મહાભદ્રા પણ યુવાનને મોહન કરે એવા યૌવનને પામી. ।।૬૦૯।।

શ્લોક :-

करेऽग्रहीत् तां गन्धर्वपुरनाथो दिवाकरः ।
रविप्रभस्य भूपस्य, पद्मावत्याश्च नन्दनः ।।६१०।।

શ્લોકાર્થ :-

રવિપ્રભ રાજાના અને પદ્માવતીના નંદન એવા ગંધર્વપુરનાથ દિવાકરે તેણીને=મહાભદ્રાને, કરમાં ગ્રહણ કરી=મહાભદ્રા સાથે લગ્ન કર્યાં. ।।૬૧૦।।

શ્લોક :-

दैवादसौ गतोऽस्तं सा, प्रतिबोध्य च लम्भिता ।
दीक्षां समन्तभद्रेण, जाता चैकादशाङ्गभृत् ।।६११।।

શ્લોકાર્થ :-

દૈવથી=કર્મના ઉદયથી, આ=દિવાકર, મૃત્યુને પામ્યા, સમંતભદ્ર

સાધુ વડે તે=મહાભદ્રા પ્રતિબોધ કરાવીને અને દીક્ષાને પ્રાપ્ત કરાવાઈ અને અગિયાર અંગ ધારણ કરનારી થઈ. ॥૬૧૧॥

શ્લોક :-

प्रवर्तिनी कृता दक्षा, गीतार्था गुरुभिस्ततः ।
अन्यदा विहरन्ती सा, पूज्या रत्नपुरं ययौ ॥६१२॥

શ્લોકાર્થ :-

ત્યારપછી ગુરુ વડે=સમંતભદ્રસૂરિ વડે, દક્ષ, ગીતાર્થ એવી મહાભદ્રા સાધ્વી પ્રવર્તિની કરાઈ. અન્યદા પૂજ્ય એવાં તે=મહાભદ્રા સાધ્વી, વિહાર કરતાં રત્નપુરનગરમાં આવ્યાં. ॥૬૧૨॥

શ્લોક :-

राजा मगधसेनोऽभूत्, तत्र देवी सुमङ्गला ।
इतश्च तत्सुतात्वेन, जाता मदनमञ्जरी ॥६१३॥
कृतं सुललितेत्यस्या, नाम सा प्राप्य यौवनम् ।
पुरुषद्वेषिणी जाता, नेष्टः कोऽपि तया वरः ॥६१४॥

શ્લોકાર્થ :-

ત્યાં=રત્નપુરમાં, મગધસેન રાજા, દેવી સુમંગલા હતાં અને આ બાજુ મદનમંજરીનો જીવ તેણીના પુત્રીપણારૂપે થયો, 'સુલલિતા' એ પ્રમાણે આનું નામ કરાયું. યૌવનને પ્રાપ્ત કરીને તેણી પુરુષદ્વેષિણી થઈ, તેણી વડે કોઈ પણ વર ઈચ્છાયો નહીં. ॥૬૧૩-૬૧૪॥

શ્લોક :-

अभूतां जननीतातौ, तच्चिन्तादग्धमानसौ ।
श्रुत्वा मान्यां महाभद्रामागतां मुदितौ हृदि ॥६१५॥

શ્લોકાર્થ :-

તેની ચિંતાથી દગ્ધ માનસવાળાં માતા અને પિતા થયાં. માન્ય એવાં

મહાભદ્રાને આવેલાં સાંભળીને સુલલિતાનાં માતા અને પિતા હૃદયમાં આનંદિત થયાં. ll૬૧૫ll

શ્લોક :-

गतावादाय तनयां, तां प्रणन्तुमुपाश्रये ।
धर्मलाभस्तया दत्तः, प्रदत्ता धर्मदेशना ।।६१६।।

શ્લોકાર્થ :-

પુત્રીને ગ્રહણ કરીને તેમને=મહાભદ્રા સાધ્વીને, નમસ્કાર કરવા માટે ઉપાશ્રયમાં ગયાં. તેમના વડે=મહાભદ્રા વડે, ધર્મલાભ અપાયો, ધર્મદેશના કરાઈ. ll૬૧૬ll

શ્લોક :-

तद्वचोऽबुध्यमानाऽपि, तस्यां स्नेहमुपागता ।
पूर्वाभ्यासात् सुललिता, स्थिता तन्मुखदत्तदृग् ।।६१७।।

શ્લોકાર્થ :-

તેમના વચનને નહીં જાણતી પણ સુલલિતા પૂર્વના અભ્યાસથી તેમનામાં=મહાભદ્રા સાધ્વીમાં, સ્નેહને પામી, તેમના મુખમાં અપાયેલી દૃષ્ટિવાળી સ્થિર થઈ. ll૬૧૭ll

શ્લોક :-

अथ सा विततस्नेहकल्लोलाक्रान्तमानसा ।
स्थास्याम्येतां विना नाहमित्यभिग्रहमग्रहीत् ।।६१८।।

શ્લોકાર્થ :-

હવે વિસ્તાર પામતા સ્નેહના કલ્લોલથી આક્રાંત માનસવાળી તે=સુલલિતા, આમના વગર=મહાભદ્રા સાધ્વી વગર, હું રહીશ નહીં એ પ્રમાણે અભિગ્રહને ગ્રહણ કર્યો. ll૬૧૮ll

**શ્લોક :-**

**प्रतिश्रुतं च कष्टेन, पितृभ्यामपि तद्वचः ।**
**स्वीकारितं च न ग्राह्या, प्रव्रज्याऽस्मदपृच्छया ।।६१९।।**

**શ્લોકાર્થ :-**

**કષ્ટથી માતાપિતા વડે પણ તેનું વચન=સુલલિતાનું વચન, સ્વીકારાયું અને અમને પૂછ્યા વગર પ્રવ્રજ્યા ગ્રહણ કરવી નહીં એ પ્રમાણે સ્વીકારાયું=સુલલિતા વડે સ્વીકારાયું. ।।૬૧૯।।**

**શ્લોક :-**

**अथ साऽनु महाभद्रां, विजहार तमोभिदम् ।**
**कर्मोदयान्न बोधोऽस्या, जायते च स्फुटः परम् ।।६२०।।**

**શ્લોકાર્થ :-**

**હવે તેણીએ=સુલલિતાએ, અંધકારને ભેદનારાં એવાં મહાભદ્રાનું અનુસરણ કર્યું, પરંતુ કર્મોના ઉદયથી આણીને=સુલલિતાને, સ્પષ્ટ બોધ થયો નહીં.**

સુલલિતા મહાભદ્રા સાથે વિચરે છે. પ્રતિદિન તેમની પાસેથી સન્માર્ગનાં રહસ્યો સાંભળે છે તોપણ ભૂતકાળમાં બાંધેલાં ક્લિષ્ટ કર્મોના ઉદયથી સુલલિતાને સંસારના પારમાર્થિક સ્વરૂપનો અને મુક્ત અવસ્થાના પારમાર્થિક સ્વરૂપનો અને તેની પ્રાપ્તિના ઉપાયભૂત જિનવચનનો સ્પષ્ટ બોધ થયો નહીં, સ્થૂલથી ધર્મની આ પ્રવૃત્તિ છે, એટલો જ બોધ થયો. **।।૬૨૦।।**

**શ્લોક :-**

**महाभद्रा शङ्खपुरे, समायाताऽन्यदा स्थिता ।**
**नन्दस्य श्रेष्ठिनो घंघशालायां शीलशालिनी ।।६२१।।**

**શ્લોકાર્થ :-**

**અન્યદા શીલશાલી એવાં મહાભદ્રા શંખપુરમાં આવ્યાં, નંદ શ્રેષ્ઠિની ઘંઘશાલામાં રહ્યાં. ।।૬૨૧।।**

શ્લોક :-

इतः शङ्खपुरेऽभून्मे, श्रीगर्भो मातुलो नृपः ।
देवी कमलिनी तस्य, महाभद्रापितृष्वसा ।।६२२।।

શ્લોકાર્થ :-

આ બાજુ શંખપુરમાં મારા=અનુસુંદર ચક્રવર્તીના, મામા શ્રીગર્ભ રાજા હતા, તેની મહાભદ્રાની ફોઈ કમલિની દેવી છે. ।।૬૨૨।।

શ્લોક :-

उपचारानपत्यार्थं, साऽनपत्याऽकरोद् बहून् ।
औषधीमूलपानादींस्तत्कुक्षावागतस्ततः ।।६२३।।
कुलन्धरः कृतशुभाभ्यासो बहुषु जन्मसु ।
तया दृष्टस्तदा स्वप्नो, यथा कोऽपि शुभाकृतिः ।।६२४।।
प्रविश्य मे मुखेनाङ्गे, निर्गत्य च गतः क्षणात् ।
नरेण केनचित् सार्धं, भर्त्रे स कथितस्तया ।।६२५।।

શ્લોકાર્થ :-

પુત્ર વગરની એવી તેણીએ=કમલિનીએ, પુત્ર માટે ઔષધી મૂલપાનાદિ ઘણા ઉપચારો કર્યા. ત્યારપછી તેની કુક્ષિમાં બહુ જન્મોમાં કરાયેલા શુભાભ્યાસવાળો કુલંધર આવ્યો, તેણી વડે=કમલિની વડે, ત્યારે સ્વપ્ન જોવાયું. જે પ્રમાણે કોઈક શુભ આકૃતિ મારા મુખથી અંગમાં પ્રવેશીને ક્ષણથી નીકળીને કોઈક નરની સાથે ગઈ. ભર્તાને તેણી વડે સ્વપ્ન કહેવાયું. ।।૬૨૩થી ૬૨૫।।

શ્લોક :-

तेनोक्तं ते सुतो भावी, केवलं प्रव्रजिष्यति ।
शीघ्रं कंचिद् गुरुं प्राप्य, तच्छ्रुत्वा सा दधौ मुदम् ।।६२६।।

શ્લોકાર્થ :-

તેના વડે કહેવાયું, તને પુત્ર થશે. કેવલ શીઘ્ર કોઈ ગુરુને પામીને પ્રવ્રજ્યા લેશે, તે સાંભળીને તે આનંદ પામી. ॥૬૨૬॥

શ્લોક :-

जातस्तृतीये मासेऽस्याः, शुभकर्ममनोरथः ।
संपूरितोऽसौ श्रीगर्भराजेनातुलसम्पदा ॥६२७॥

શ્લોકાર્થ :-

ત્રીજા માસમાં આણીને=કમલિનીને, શુભ કર્મના મનોરથો થયા. આ=મનોરથ, અતુલ સંપદાવાળા શ્રીગર્ભ રાજા વડે સંપૂરણ કરાયો. ॥૬૨૭॥

શ્લોક :-

असूत सा सुतं पूर्णे, काले रुचिरलक्षणम् ।
संतुष्टोऽचीकरद् राजा, तस्य जन्ममहोत्सवम् ॥६२८॥

શ્લોકાર્થ :-

પૂર્ણ કાલ થયે છતે તેણીએ સુંદર લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. સંતુષ્ટ થયેલા રાજાએ તેના જન્મના મહોત્સવને કર્યો. ॥૬૨૮॥

શ્લોક :-

गुरुः समन्तभद्राख्यो, जातनिर्मलकेवलः ।
इतः समागतोऽत्रैव, स्थितश्चित्तरमे वने ॥६२९॥

શ્લોકાર્થ :-

આ બાજુ થયેલા નિર્મલ કેવલજ્ઞાનવાળા સમંતભદ્ર નામના ગુરુ અહીં જ=શંખપુર નગરમાં જ, આવ્યા. ચિત્તરમ વનમાં રહ્યા. ॥૬૨૯॥

શ્લોક :-

इतः सुललिताऽज्ञाता, वन्दितुं तं प्रवर्तिनी ।
गता कथंचित् तत्राभूद्, वार्ता पुत्रस्य भूभुजः ॥६३०॥

શ્લોકાર્થ :-

આ બાજુ સુલલિતાથી અજ્ઞાત એવાં મહાભદ્રા સાધ્વી તેમને=સમંતભદ્ર કેવલીને, વંદન કરવા માટે ગયાં. ત્યાં=કેવલી પાસે, કોઈ રીતે રાજાના પુત્રની વાર્તા થઈ. ।।૬૩૦।।

શ્લોક :-

उक्तं भगवताऽभ्यस्तसत्कर्मा बहुशो ह्ययम् ।
न स्थास्यति गृहे दीक्षां, लात्वा भावी श्रुतार्थवित् ।।६३१।।

શ્લોકાર્થ :-

ભગવાન વડે કહેવાયું. બહુ ભવોમાં અભ્યસ્ત સત્કર્મવાળો આ=રાજાનો પુત્ર, ઘરમાં રહેશે નહીં. દીક્ષાને ગ્રહણ કરીને શ્રુતાર્થ જાણનાર થશે. ।।૬૩૧।।

શ્લોક :-

तदाकर्ण्य महाभद्रा, हृष्टा स्वोपाश्रये गता ।
इतश्च राजपुत्रस्य, तस्य नाम प्रतिष्ठितम् ।।६३२।।
पुण्डरीक इति स्पष्टं, कृतस्तत्करणोत्सवः ।
इतश्च सा सुललिता, कुतूहलपरायणा ।।६३३।।
विचरन्ती वने तत्र, गता सूरिं स्म पश्यति ।
वर्णयन्तं गुणान् भाविभद्रस्य नृपजन्मनः ।।६३४।।

શ્લોકાર્થ :-

તે સાંભળીને હર્ષિત થયેલાં મહાભદ્રા પોતાના ઉપાશ્રયમાં ગયાં અને આ બાજુ તે રાજપુત્રનું નામ પુંડરીક એ પ્રમાણે વ્યક્ત પ્રતિષ્ઠિત કરાયું. તેના કરણનો ઉત્સવ કરાયો=નામકરણનો ઉત્સવ કરાયો અને આ બાજુ કુતૂહલપરાયણ એવી વનમાં વિચરતી, તે સુલલિતા ત્યાં ગઈ, ભાવિભદ્ર એવા રાજાના પુત્રના ગુણોનું વર્ણન કરતા સૂરિને જોયા. ।।૬૩૨થી ૬૩૪।।

**શ્લોક :-**

**शुभेन कर्मणा कालपरिणत्याऽनुकूलया ।**
**अयं हि नृगतौ पुर्यां, जातः श्रेयांसि लप्स्यते ।।६३५।।**

**શ્લોકાર્થ :-**

**શુભકર્મથી અનુકૂલ એવી કાલપરિણતિથી મનુષ્ય નગરીમાં ઉત્પન્ન થયેલો આ=રાજપુત્ર, કલ્યાણોને પામશે. ॥૬૩૫॥**

**શ્લોક :-**

**यदयं भव्यपुरुषः सुमतिश्चेति युज्यते ।**
**श्रेयोयोगोऽत्र तच्छ्रुत्वा, दधुः सर्वे जना मुदम् ।।६३६।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ=રાજપુત્ર, ભવ્ય પુરુષ અને સુમતિ છે એથી અહીં= મનુષ્યભવમાં, શ્રેયનો યોગ ઘટે છે, તે સાંભળીને સર્વ લોકો આનંદને પામ્યા. ॥૬૩૬॥**

**શ્લોક :-**

**दध्यौ सुललिता त्वन्तर्जनकाम्बादिगोचरः ।**
**कोऽयं भेदः कथं चैष, वेत्ति भाविगुणोच्चयम् ।।६३७।।**

**શ્લોકાર્થ :-**

**સુલલિતાએ વિચાર કર્યો. વળી અંતર્જનક અમ્બાદિવિષયક આ શું ભેદ છે અને કેવી રીતે આ=સદાગમ, ભાવિગુણના ઉચ્ચયને=સમુચ્ચયને, જાણે છે ?**

સુલલિતા મનમાં વિચારે છે કે પુંડરીકનાં બાહ્ય માતા-પિતા કરતાં અંતરંગ કર્મપરિણામ અને કાલપરિણતિને માતા-પિતા આ સદાગમ કહે છે. તેના વિષયમાં શું ભેદ છે ? તેના તાત્પર્યનો નિર્ણય સુલલિતા કરી શકતી નથી. વળી, આ પુંડરીક ભાવિમાં આવા ગુણોવાળો થશે, તે નિર્ણય આ સદાગમ કઈ રીતે કરી શકશે, એ પ્રકારે શંકાવાળી થાય છે. **॥૬૩૭॥**

શ્લોક :-

इति शङ्कापरा गत्वा, वसतिं सा प्रवर्तिनीम् ।
पप्रच्छ साऽतिमुग्धां तां, ज्ञात्वा युक्त्याऽर्थमाह तम् ।।६३८।।

શ્લોકાર્થ :-

આ પ્રકારની શંકામાં તત્પર એવી તે=સુલલિતા વસતિમાં જઈને પ્રવર્તિનીને=મહાભદ્રા સાધ્વીને, પૂછ્યું. તે=મહાભદ્રા સાધ્વીજી, અતિ મુગ્ધ એવી તેણીને જાણીને=સુલલિતાને જાણીને, યુક્તિથી તે અર્થને કહે છે=કઈ રીતે પૌંડરીકના અંતરંગ માતાપિતા શુભકર્મ અને કાલ-પરિણતિ છે અને કઈ રીતે સદાગમ ભાવિના અર્થને જાણે છે તે અર્થને કહે છે. ।।૬૩૮।।

શ્લોક :-

अस्याः सदागमप्रीतिं, तनोमीति विचिन्त्य च ।
सदागमस्यावितथं, कथयामास गौरवम् ।।६३९।।

શ્લોકાર્થ :-

આણીને=સુલલિતાને, સદાગમમાં પ્રીતિને કરાવું એ પ્રમાણે વિચારીને સદાગમના યથાર્થ ગૌરવને કહ્યું=મહાભદ્રા સાધ્વીએ કહ્યું. ।।૬૩૯।।

શ્લોક :-

उक्तार्थप्रत्ययार्थं च, तत्संस्तवमकारयत् ।
दिनानि यान्त्यथ तयोर्भगवत्पादसेवया ।।६४०।।

શ્લોકાર્થ :-

ઉક્ત અર્થના વિશ્વાસ માટે=સદાગમનું ગૌરવ મહાભદ્રા સાધ્વીએ કહ્યું તેના વિશ્વાસ માટે, તેનું સંસ્તવન=સદાગમનું સંસ્તવન કર્યું. હવે ભગવાનના ચરણની સેવાથી=સદાગમના ચરણની સેવાથી, તે બંનેના=સુલલિતા અને મહાભદ્રા સાધ્વીના દિવસો જાય છે. ।।૬૪૦।।

શ્લોક :-

लङ्घिते मासकल्पेऽथ, सूरिराह प्रवर्तिनीम् ।
क्षीणजङ्घाबलाऽसि त्वं, तत् तिष्ठात्रैव धीमति ! ।।६४१।।

શ્લોકાર્થ :-

**હવે માસકલ્પ પસાર થયે છતે, સૂરિ=સમંતભદ્રસૂરિ, પ્રવર્તિનીને=મહાભદ્રા સાધ્વીને, કહે છે, તું ક્ષીણ જંઘાબલવાળી છો, તે કારણથી જ અહીં જ=શંખપુરમાં જ, હે બુદ્ધિમાન સાધ્વી ! તું રહે. ।।૬૪૧।।**

શ્લોક :-

वयं पुनः समेष्यामः, प्रतिजागरणाय ते ।
क्षेत्रे साध्वीश्रिते वस्तुं, कारणं हीदमेव नः ।।६४२।।

શ્લોકાર્થ :-

**વળી અમે તારા પ્રતિજાગરણ માટે આવીશું, हि=જે કારણથી, સાધ્વીથી આશ્રિત ક્ષેત્રમાં વસવા માટે અમારું આ જ કારણ છે.**

મહાભદ્રા સાધ્વીજી ક્ષીણ જંઘાબલવાળાં થયાં છે, તેથી તેઓને સંયમ યોગમાં અતિશય સ્થિર કરવા અર્થે ફરી ત્યાં માસકલ્પ કરવો તે જ આચાર્ય માટે ઉચિત છે, તેથી આચાર્ય કહે છે તમારા પ્રતિજાગરણ માટે અમે ફરી આવીશું. **।।૬૪૨।।**

શ્લોક :-

आबाल्यात् स्नेहलो बाढं, कर्तव्यश्च नृपाङ्गजः ।
त्वया यद् वर्धमानोऽसौ, मम शिष्यो भविष्यति ।।६४३।।

શ્લોકાર્થ :-

**બાલ્યકાળથી રાજાનો પુત્ર તારા વડે=મહાભદ્રા સાધ્વી વડે, અત્યંત સ્નેહલ કરવા યોગ્ય છે. જે કારણથી વધતો એવો આ=રાજપુત્ર, મારો શિષ્ય થશે. ।।૬૪૩।।**

શ્લોક :-

महाभद्रा गुरुवचस्तत् तथा प्रत्यपद्यत ।
विहृता गुरवः प्राप्तः, पुण्डरीकः कुमारताम् ।।६४४।।

શ્લોકાર્થ :-

મહાભદ્રા સાધ્વીએ, ગુરુનું તે વચન તે રીતે સ્વીકાર્યું. ગુરુઓએ વિહાર કર્યો. પુંડરીક કુમારતાને પ્રાપ્ત થયો. ।।૬૪૪।।

શ્લોક :-

बभूवाथ महाभद्रास्नेहवश्यो गुणैकभूः ।
आचार्याः पुनरायातास्तत्पार्श्वे तं निनाय सा ।।६४५।।

શ્લોકાર્થ :-

હવે ગુણનો એક ભૂમિ એવો પુંડરીક મહાભદ્રાના સ્નેહને વશ થયો. આચાર્ય ફરી આવ્યા=શંખપુરનગરમાં આવ્યા, તે=મહાભદ્રા સાધ્વી, તેને=પુંડરીકને તેની પાસે=આચાર્ય પાસે લઈ ગયાં. ।।૬૪૫।।

શ્લોક :-

भाविभद्रतया हृष्टः, स तन्मूर्तिनिरीक्षणात् ।
रञ्जितस्तद्गुणव्रातैः, प्रीतस्तद्वचनामृतैः ।।६४६।।

શ્લોકાર્થ :-

તે=પુંડરીક, ભાવિભદ્રપણું હોવાને કારણે, તેમની મૂર્તિના નિરીક્ષણથી હર્ષિત થયો. તેમના ગુણોના સમૂહથી રંજિત થયો. તેમના વચનરૂપી અમૃતથી=આચાર્યના વચનરૂપી અમૃતથી, પ્રીતિવાળો થયો. ।।૬૪૬।।

શ્લોક :-

संपप्रच्छे महाभद्रां, किं नामायं महाशयः ।
साऽऽह भद्र ! भवद्भूतभाविज्ञोऽयं सदागमः ।।६४७।।

શ્લોકાર્થ :-

મહાભદ્રાને પૂછ્યું=પુંડરીકે પૂછ્યું, મહાશયવાળા આ=આચાર્ય, કયા નામવાળા છે. તે=મહાભદ્રા સાધ્વી કહે છે ! હે ભદ્ર ! થતા, ભૂત, ભાવિ જ્ઞાન જાણનારા આ સદાગમ છે. ।।૬૪૭।।

શ્લોક :-

स प्राह चित्ते यद्यम्बातातयोः प्रतिभाति मे ।
तदागमार्थं गृह्णामि, गुरोरस्यैव सन्निधौ ।।६४८।।

શ્લોકાર્થ :-

તે=પૌંડરીક, કહે છે, જો મારાં માતા-પિતાના ચિત્તમાં પ્રતિભાસ થાય=સમ્મત થાય, તો આ જ ગુરુની સન્નિધિમાં આગમાર્થને ગ્રહણ કરું. ।।૬૪૮।।

શ્લોક :-

महाभद्राऽथ तं भावं, श्रीगर्भाय महीभुजे ।
जगाद कमलिन्यै च, जातो हर्षस्तयोर्महान् ।।६४९।।

શ્લોકાર્થ :-

હવે તે ભાવને=પૌંડરીકના તે અધ્યવસાયને, શ્રીગર્ભ રાજા અને કમલિનીને કહ્યું, તે બંનેને=શ્રીગર્ભ રાજા અને કમલિનીને મહાહર્ષ થયો. ।।૬૪૯।।

શ્લોક :-

दत्तस्ताभ्यां भगवतः, स महाभद्रया सह ।
सततं याति तत्पार्श्वे, कुरुतेऽभ्यासमागमे ।।६५०।।

શ્લોકાર્થ :-

તે બંને વડે તે=પૌંડરીક, ભગવાનને અપાયો, મહાભદ્રાની સાથે સતત તેની પાસે=આચાર્યની પાસે જાય છે, આગમમાં અભ્યાસ કરે છે. ।।૬૫૦।।

શ્લોક :-

व्याचक्षाणेऽन्यदाऽऽचार्ये, धर्मं शृण्वत्सु देशनाम् ।
महाभद्रासुललितापुण्डरीकेषु भाविषु ।।६५१।।
लोके धर्मकथाऽऽक्षिप्ते, बलकोलाहलो मम ।
समुल्ललास तच्छ्रुत्वा, पर्षदुत्कर्णिताऽखिला ।।६५२।।

શ્લોકાર્થ :-

અન્યદા આચાર્ય ધર્મને કહ્યે છતે, વિદ્યમાન એવાં મહાભદ્રા, સુલલિતા અને પુંડરીક દેશનાને સાંભળ્યે છતે, ધર્મકથામાં આક્ષિપ્ત લોક હોતે છતે, મારો=અનુસુંદર ચક્રવર્તીનો, મોટો કોલાહલ થયો, તે સાંભળીને અખિલ પર્ષદા ઉત્કર્ણિત થઈ=તે તરફ દૃષ્ટિપાતવાળી થઈ. ।।૬૫૧-૬૫૨।।

શ્લોક :-

ततः सुललिता प्राह, महाभद्रामिदं तु किम् ।
सा प्राह नास्मिन् जानामि, जानाति भगवान् परम् ।।६५३।।

શ્લોકાર્થ :-

તેથી=તે કોલાહલ થયો તેથી, સુલલિતા મહાભદ્રાને કહે છે, આ શું છે ? તે કહે છે, આમાં હું જાણતી નથી, પરંતુ ભગવાન જાણે છે=આચાર્ય જાણે છે. ।।૬૫૩।।

શ્લોક :-

अथ प्रभुः सुललितापुण्डरीकप्रबुद्धये ।
इमं रूपकगूढार्थमाचचक्षे विचक्षणः ।।६५४।।

શ્લોકાર્થ :-

હવે સુલલિતા અને પુંડરીકના બોધ માટે વિચક્ષણ એવા પ્રભુએ રૂપકથી ગૂઢાર્થ એવા આને=આગળ બતાવે છે એને, કહ્યું. ।।૬૫૪।।

શ્લોક :-

**महाभद्रे ! न जानीषे, ख्यातेयं नृगतिः पुरी ।**
**महाविदेहरूपोऽयं, हट्टमार्गोऽत्र विश्रुतः ।।६५५।।**

શ્લોકાર્થ :-

**હે મહાભદ્રા ! તું જાણતી નથી, મનુષ્યગતિ નામની નગરી ખ્યાત છે, એમાં મહાવિદેહરૂપ આ હટ્ટમાર્ગ વિશ્રુત છે. ।।૬૫૫।।**

શ્લોક :-

**चौरः संसारिजीवोऽत्र, सलोप्त्रो दाण्डपाशिकैः ।**
**राज्ञे क्रूराशयैः कर्मपरिणामाय दर्शितः ।।६५६।।**

શ્લોકાર્થ :-

**અહીં=મહાવિદેહરૂપ હટ્ટમાર્ગમાં, ક્રૂર આશયવાળા દાંડપાશિકો વડે ચોરીના માલ સહિત સંસારી જીવરૂપ ચોર કર્મપરિણામ રાજાને બતાવાયો.**

સુલલિતા અને પુંડરીકને બોધ કરાવવા અર્થે આચાર્યએ જે ગૂઢાર્થ કહ્યો, તે સ્પષ્ટ કરતાં કહે છે અને મહાવિદેહરૂપી હટ્ટમાર્ગમાં જે અનુસુંદર ચક્રવર્તી આવેલ છે, તે સંસારી જીવ છે અને તેને ચક્રવર્તીના ભવમાં ઘણા ક્લેશો કરીને ઘણાં કર્મો બાંધ્યાં છે, તેથી કર્મપરિણામ રાજાની કાર્મણ વર્ગણાઓની તેણે ચોરી કરી છે. તેથી કર્મપરિણામ રાજાના ક્રૂર આશયવાળા દંડપાશિકરૂપ જે સેવકો છે=નરકમાં લઈ જાય તેવાં કર્મો છે, તે કર્મોએ=નરકયોગ્ય કર્મોરૂપ દંડપાશિકોએ કર્મપરિણામ રાજાને સંસારી જીવ ચોરીના માલ સહિત બતાવાયો. **।।૬૫૬।।**

શ્લોક :-

**तेन वध्यतयाऽऽज्ञप्तः, पृष्ट्वा भार्यां च बान्धवान् ।**
**कोलाहलैः प्रसृमरैर्वेष्टितो राजपूरुषैः ।।६५७।।**

શ્લોકાર્થ :-

**તેના વડે=કર્મપરિણામ રાજા વડે, ભાર્યા અને બાંધવોને પૂછીને= કાલપરિણતિરૂપ પત્નીને અને અન્ય ભવિતવ્યતા વગેરેને પૂછીને,**

**વધ્યપણાથી આજ્ઞા કરાયો=આ સંસારીરૂપ ચોરને મારવાનો આદેશ કરાયો, વિસ્તાર પામતા કોલાહલવાળા રાજપુરુષો વડે ઘેરાયો. ||૬૫૭||**

**શ્લોક :-**

> **बहिः पुर्या विनिस्सार्य, हट्टमार्गस्य मध्यतः ।**
> **नीत्वा वध्यस्थले पापिपञ्जरे मारयिष्यते ।।६५८।।**

**શ્લોકાર્થ :-**

**નગરીથી બહાર નિસ્સારણ કરીને, હટ્ટમાર્ગના મધ્યથી વધ્યસ્થલમાં લઈ જઈને પાપીરૂપ પંજરમાં મરાવાશે.**

અનુસુંદર ચક્રવર્તી જીવને તે તે પ્રકારની કર્મપરિણતિરૂપ રાજપુરુષોએ ક્ષેમપુરી નગરીમાંથી બહાર કાઢીને બજાર માર્ગના મધ્યથી પોતાના સામ્રાજ્ય જોવાના બહાનાના હેઠળ સર્વત્ર ફેરવે છે, ત્યારપછી વધ્યસ્થલમાં લઈ જઈને પાપીપંજરમાં=નરકમાં આ જીવ મરાશે. **||૬૫૮||**

**શ્લોક :-**

> **श्रूयते कर्णनिर्घाती, सोऽयं कोलाहलो महान् ।**
> **प्राप्ता सुललिताऽऽश्चर्यं, तत् श्रुत्वाऽऽह प्रवर्तिनीम् ।।६५९।।**

**શ્લોકાર્થ :-**

**તે આ=ચોરને મારવા માટે લઈ જવાય છે તે આ, કર્ણનિર્ઘાતી એવો મહાન કોલાહલ સંભળાય છે, સુલલિતા તે સાંભળીને આશ્ચર્યને પામી, પ્રવર્તિનીને=મહાભદ્રા સાધ્વીને, કહે છે. ||૬૫૯||**

**શ્લોક :-**

> **नृगतिर्नगरी नेयं, ननु शङ्खपुरं ह्यदः ।**
> **वनं चित्तरमं चेदं, हट्टमार्गो न विस्तृतः ।।६६०।।**

**શ્લોકાર્થ :-**

**આ મનુષ્યનગરી નથી, हि=જે કારણથી, ખરેખર આ શંખપુર છે અને આ ચિત્તરમ વન છે, વિસ્તૃત હટ્ટમાર્ગ નથી. ||૬૬૦||**

શ્લોક :-

न कर्मपरिणामोऽत्र, राजा श्रीगर्भ एव तु ।
अबद्धं भगवान् बुद्धे ! किमित्येवं प्रभाषते ।।६६१।।

શ્લોકાર્થ :-

અહીં=આ નગરીમાં, કર્મપરિણામ રાજા નથી, પરંતુ શ્રીગર્ભ રાજા છે. હે બુદ્ધા એવી મહાભદ્રા ! કયા કારણથી આ પ્રમાણે ભગવાન અબદ્ધ=અસંબદ્ધ બોલે છે. ।।૬૬૧।।

શ્લોક :-

भगवानाह जानीषे, परमार्थं न मे गिराम् ।
भद्रेऽगृहीतसंकेता, ततस्त्वमसि निश्चितम् ।।६६२।।

શ્લોકાર્થ :-

ભગવાન કહે છે, મારી વાણીના પરમાર્થને તું જાણતી નથી, હે ભદ્રા ! તેથી તું નિશ્ચયે અગૃહીતસંકેતા છો. ।।૬૬૨।।

શ્લોક :-

सा दध्यौ हा ममाप्यन्या, कृता भगवताऽभिधा ।
स्थितेति विस्मिता भावं महाभद्रा त्वलक्षयत् ।।६६३।।

શ્લોકાર્થ :-

તેણીએ=સુલલિતાએ, વિચાર્યું, મારું પણ અન્ય નામ ભગવાન વડે કરાયું, એથી વિસ્મિત રહી, મહાભદ્રાએ ભાવને જાણ્યું=આચાર્યના વચનના તાત્પર્યને જાણ્યું. ।।૬૬૩।।

શ્લોક :-

नूनमेष महापापो, निर्दिष्टो नरकं गमी ।
जीवो भगवता तस्याः, संजाता महती कृपा ।।६६४।।

**શ્લોકાર્થ :-**

**ખરેખર આ મહાપાપી નરકગામી જીવ ભગવાન વડે નિર્દિષ્ટ છે, તેણીને=મહાભદ્રા સાધ્વીને, મોટી કૃપા થઈ.**

ચોરરૂપે કહેવાયેલા અનુસુંદર ચક્રવર્તીના જીવ ઉપર મોટી કૃપા થઈ. **॥૬૬૪॥**

**શ્લોક :-**

**पप्रच्छ भगवन्तं सा, मुच्येतासौ कथंचन ।**
**स प्राह दर्शनात् तेऽस्य, मोक्षः स्याच्छ्रयणाच्च नः ।।६६५।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનને તેણીએ=મહાભદ્રાએ, પૂછ્યું. આ=અનુસુંદર ચક્રવર્તીરૂપ ચોર, કોઈક રીતે મુકાય. તે=આચાર્ય, કહે છે. તારા દર્શનથી=મહાભદ્રાના દર્શનથી, અને અમારા આશ્રયણથી આનો મોક્ષ થાય. ।।૬૬૫।।**

**શ્લોક :-**

**महाभद्राऽऽह भगवंस्तद्, गच्छाम्यस्य संमुखम् ।**
**भगवानाह गच्छाशु, सफलोऽयं तवोद्यमः ।।६६६।।**

**શ્લોકાર્થ :-**

**મહાભદ્રા કહે છે, હે ભગવાન ! તે કારણથી=મારા દર્શનથી અને તમારા આશ્રયણથી મોક્ષ થશે તે કારણથી, હું આના=ચોરના, સન્મુખ જાઉં છું, ભગવાન કહે છે, શીઘ્ર જા. આ તારો ઉદ્યમ સફળ છે. ।।૬૬૬।।**

**શ્લોક :-**

**ततः कृपापरा याता, महाभद्रा मदन्तिकम् ।**
**उक्तश्चाहं तया त्राणं, भज भद्र ! सदागमम् ।।६६७।।**

**શ્લોકાર્થ :-**

**તેથી કૃપાપર એવાં મહાભદ્રા મારી પાસે આવ્યાં, હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, તેણી વડે=મહાભદ્રા વડે, કહેવાયો. હે ભદ્ર ! ત્રાણ એવા સદાગમને તું સ્વીકાર. ।।૬૬૭।।**

**શ્લોક :-**

**नो चेदाभ्यन्तरं चौरं, नीत्वा त्वां पापिपञ्जरे ।**
**कदर्थयिष्यन्ति कर्मपरिणामस्य पूरुषाः ।।६६८।।**

**શ્લોકાર્થ :-**

**જો નહીં તો=જો તું સદાગમનું શરણ સ્વીકારે નહીં તો, અંતરંગ ચોર એવા તને કર્મપરિણામ રાજાના પુરુષો પાપીપંજરમાં લઈ જઈને કદર્થના કરશે. ।।૬૬૮।।**

**શ્લોક :-**

**इत्युक्तवत्या नीतोऽहं, तया भगवदन्तिकम् ।**
**दृष्टश्चौराकृतिश्चैवं, वध्यः सकलपर्षदा ।।६६९।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે કહેનારી એવી તેણી વડે=મહાભદ્રા વડે હું=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, ભગવાનની પાસે લઈ જવાયો, આ રીતે ચૌર આકૃતિવાળો વધ્ય એવો હું સકલ પર્ષદા વડે જોવાયો. ।।૬૬૯।।**

**શ્લોક :-**

**पश्यतो भगवन्तं मेऽनाख्येयसुखमज्जनात् ।**
**मूर्च्छाऽऽगताऽथ शुद्ध्याप्तौ, मयाऽसौ शरणीकृतः ।।६७०।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાનને જોતા=સમંતભદ્રસૂરિને જોતા, અનાખ્યેય સુખમાં મજ્જનને કારણે મને મૂર્છા આવી. હવે શુદ્ધિની પ્રાપ્તિ હોતે છતે મારા વડે આ=સદાગમ શરણ કરાયા.**

મહાભદ્રા સાધ્વીજી અનુસુંદર ચક્રવર્તીના જીવને આચાર્ય ભગવંત પાસે લાવે છે, ત્યારે આચાર્ય ભગવંતના ગુણોને જાણીને તે ગુણોથી યુક્ત આ મહાત્મા છે, તેવો બોધ થવાથી વચનથી ન કહી શકાય તેવા શાંતરસમાં અનુસુંદર ચક્રવર્તીનું ચિત્ત મગ્ન થાય છે. જેથી ક્ષણભર મૂર્છા આવી અને

ગુણવાન પુરુષનું શરણ સ્વીકારી શકે તેવી ચિત્તની શુદ્ધિની પ્રાપ્તિ થયે છતે અનુસુંદર ચક્રવર્તીએ ભાવથી સદાગમનું શરણ સ્વીકાર્યું. **II૬૭૦II**

**શ્લોક :-**

**आश्वासितो भगवता, मा भैषीरित्यहं ततः ।**

**मत्तोऽमी राजपुरुषा, दूरीभूताश्च तद्भिया ।।६७१।।**

**શ્લોકાર્થ :-**

**ભગવાન વડે=સમંતભદ્રસૂરિ વડે, તું ભય પામ નહીં, એ પ્રમાણે હું આશ્વાસિત કરાયો. તેથી=સદાગમે આશ્વાસન આપ્યું તેથી, મારાથી આ રાજપુરુષો તેમના ભયથી દૂર થયા.**

અનુસુંદર ચક્રવર્તીના જીવે આચાર્યનું ભાવથી શરણું સ્વીકાર્યું. તેથી આચાર્યએ તેમને આશ્વાસન આપ્યું કે તું ભય પામ નહીં; કેમ કે ગુણવાનના શરણથી દુર્ગતિઓનો ભય દૂર થાય છે તેથી અનુસુંદર ચક્રવર્તી જીવને નરકમાં લઈ જાય તેવાં ક્લિષ્ટ કર્મો હતાં. તે રૂપ રાજપુરુષો તેમનાથી દૂર થયા=શિથિલ પરિણામવાળા થયા. **II૬૭૧II**

**શ્લોક :-**

**ततो विश्रम्भमाप्तोऽहं, पृष्टो व्यतिकरं त्वया ।**

**कथितश्च मया स्वीयवृत्तान्तो विस्तरादयम् ।।६७२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=રાજપુરુષો દૂર થયા તેથી, વિશ્વાસને પામેલો એવો હું તારા વડે=સુલલિતા વડે, વ્યતિકર પુછાયો=તે શું ચોરી કરી છે ? તેથી તું વધ્યસ્થાનમાં લઈ જવાય છે ? એ પ્રકારે પ્રશ્ન પુછાયો. મારા વડે= અનુસુંદર વડે, વિસ્તારથી આ પોતાનો વૃત્તાંત કહેવાયો. II૬૭૨II**

**શ્લોક :-**

**वार्ता समन्तभद्रादेस्त्वत्प्रतीताऽपि योदिता ।**

**सा त्वत्प्रत्ययसिद्ध्यर्थं, तज्जातः प्रत्ययस्तव ।।६७३।।**

**શ્લોકાર્થ :-**

**તને પ્રતીત પણ=સુલલિતાને પ્રતીત પણ, સમંતભદ્રાદિની વાર્તા જે કહેવાઈ=જે મારા વડે કહેવાઈ, તે તારા વિશ્વાસની સિદ્ધિ માટે કહેવાય છે. તે કારણથી તને=સુલલિતાને, વિશ્વાસ થયો.**

અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને કહે છે, આ સમંતભદ્રસૂરિ મહાભદ્રા સાધ્વીના સંસારી ભાઈ છે. આ મહાભદ્રા સાધ્વી છે અને તેનાથી આવર્જિત થઈને તું તેમની સાથે આવેલ છો, આ પૌંડરીક રાજકુમાર છે. એ પ્રમાણે જે મેં કહ્યું એ તને પ્રતીત છે છતાં તને વિશ્વાસ કરાવા માટે=સુલલિતાને નિર્ણય થાય કે અનુસુંદર ચક્રવર્તી જે કહે છે તે સર્વ મને અનુભવસિદ્ધ છે તેવો વિશ્વાસ કરાવા માટે, મેં કહેલ છે. તેથી અનુસુંદર ચક્રવર્તી કહે છે, તને વિશ્વાસ થયો. **॥૬૭૩॥**

**શ્લોક :-**

**सा प्राह बाढं जातो मे, प्रत्ययो वचने तव ।**
**परं त्वं चक्रवर्ती चेत्, किमीदृगिति मे वद ।।६७४।।**

**શ્લોકાર્થ :-**

**તે કહે છે=સુલલિતા કહે છે, તારા વચનમાં અત્યંત મને વિશ્વાસ થયો છે, પરંતુ જો તું ચક્રવર્તી છે, તો કઈ રીતે આવા પ્રકારનો છે=ચોર જેવો છે, એ મને કહે. ॥૬૭૪॥**

**શ્લોક :-**

**स प्राह भद्रे ! युवयोः, प्रतिबोधाय निर्मितम् ।**
**मयेदं तास्करं रूपं, प्रोक्तं भगवता यतः ।।६७५।।**
**भवतां पुरतश्चौर्यं, समुद्दिश्याहमान्तरम् ।**
**चौरः संसारिजीवोऽयं, वध्यो नीयत इत्यहो ।।६७६।।**

**શ્લોકાર્થ :-**

**તે=અનુસુંદર ચક્રવર્તી કહે છે, હે ભદ્રા ! તમારા બંનેના પ્રતિબોધ માટે=પુંડરીક અને સુલલિતાના પ્રતિબોધ માટે, મારા વડે આ ચોરનું**

**રૂપ નિર્માણ કરાયું, જે કારણથી ભગવાન વડે તમારી આગળ કહેવાયું છે. શું કહેવાયું છે ? તે સ્પષ્ટ કરે છે. અંતરંગ ચૌર્યને સમુદ્દેશીને વધ્ય એવો આ સંસારી જીવ લઈ જવાય છે, એ પ્રમાણે ભગવાન વડે કહેવાયું છે એમ અન્વય છે.**

સમંતભદ્રસૂરિએ પૂર્વમાં સાધ્વીને કહ્યું કે કોઈક ચોર વધ્યસ્થાનમાં લઈ જવાય છે, તે કારણથી તમારા બંનેના પ્રતિબોધ માટે આવું મારા વડે ચોરનું રૂપ કરાયું, એમ અનુસુંદર ચક્રવર્તી કહે છે. **II૬૭૫-૬૭૬II**

**શ્લોક :-**

**मया गतायां च महाभद्रायां मम सम्मुखम् ।**
**तद्दर्शनात् प्रबुद्धेन, मनसीदं विचिन्तितम् ।।६७७।।**

**શ્લોકાર્થ :-**

**અને મારી સન્મુખ=અનુસુંદર ચક્રવર્તી સન્મુખ મહાભદ્રા સાધ્વી આવ્યે છતે, તેના દર્શનથી=સાધ્વીના દર્શનથી, પ્રબોધ પામેલા મારા વડે=અનુસુંદર ચક્રવર્તી વડે, મનમાં આ વિચારાયું. II૬૭૭II**

**શ્લોક :-**

**यद्यप्येषा महाभद्रा, जानात्येव गुरूदितम् ।**
**प्रज्ञाविशाला सकलं, चौर्यमाभ्यन्तरं मम ।।६७८।।**
**वार्ताया गन्धमप्यस्या, वेत्त्यद्यापि तथाऽपि न ।**
**अगृहीतार्थसङ्केता, मुग्धा सुललिता ततः ।।६७९।।**
**विप्रत्ययो भवेद् दृष्ट्वा, रूपं मे चक्रवर्तिनः ।**
**सदागमवचस्यस्या, उक्तव्यत्ययशङ्कया ।।६८०।।**

**શ્લોકાર્થ :-**

**જોકે આ પ્રજ્ઞાવિશાલા એવી મહાભદ્રા સાધ્વી મારું ગુરુ વડે કહેવાયેલું અભ્યંતર સકલ ચૌર્યને જાણે જ છે તોપણ મુગ્ધ સુલલિતા એવી અગૃહીતસંકેતા હજી પણ આ વાર્તાની ગંધ જાણતી નથી. તેથી મારા**

ચક્રવર્તીના રૂપને જોઈને વિપ્રત્યય થાય. આણીને=સુલલિતાને, કહેવાયેલાના વ્યત્યયની શંકા થવાથી=સમંતભદ્રસૂરિ વડે કહેવાયેલા વચનથી વિપરીત ચક્રવર્તીના રૂપને જોઈને શંકા થવાથી, સદાગમના વચનમાં અવિશ્વાસ થાય. ||૬૭૮થી ૬૮૦||

શ્લોક :-

किं चासौ पौण्डरीकोऽपि, प्रतिबुद्धो भविष्यति ।
एतन्मदीयवृत्तान्तं, श्रुतिद्वारैव भावुकः ।।६८१।।

શ્લોકાર્થ :-

વળી આ મારા વૃત્તાંતને સાંભળવા દ્વારા જ ભાવુક એવો પૌંડરીક પણ પ્રતિબોધવાળો થશે. ||૬૮૧||

શ્લોક :-

इति ध्यात्वा कृतं रूपमन्तश्चौर्यस्य सूचकम् ।
वैक्रियद्ध्या बहिरपि, स्फुटमेवंविधं मया ।।६८२।।

શ્લોકાર્થ :-

એ પ્રમાણે વિચારીને અંતર ચૌર્યનું સૂચક વૈક્રિય ઋદ્ધિથી બહાર પણ સ્પષ્ટ આવા પ્રકારનું રૂપ મારા વડે કરાયું. ||૬૮૨||

શ્લોક :-

जगौ सुललिता कीदृग्, भावचौर्यं कृतं त्वया ।
कथं वा परवृत्तान्तं, जानासीत्यखिलं वद ।।६८३।।

શ્લોકાર્થ :-

સુલલિતા બોલી, કેવા પ્રકારનું ભાવચૌર્ય તારા વડે કરાયું અથવા કેવી રીતે અખિલ પરવૃત્તાંતને તું જાણે છે, એ પ્રમાણે તું કહે. ||૬૮૩||

શ્લોક :-

अथानुसुन्दरोऽवादीदन्त्यग्रैवेयकादहम् ।
सुकच्छविजये क्षेमपुर्यां जातो महोदयः ।।६८४।।

**શ્લોકાર્થ :-**

**હવે અનુસુંદર બોલ્યો, અંત્ય ગ્રૈવેયકથી હું સુકચ્છ વિજયમાં ક્ષેમપુરીમાં મહોદયવાળો હું થયો. ||૬૮૪||**

**શ્લોક :-**

**अत्रान्तरे महामोहादयः प्रत्यर्थिनो मम ।**
**भवितव्यतया लब्ध्वा, छलं प्रोत्साहिता इति ।।६८५।।**

**શ્લોકાર્થ :-**

**એટલામાં છલને જોઈને ભવિતવ્યતા વડે મારા શત્રુ એવા મહામોહાદિ પ્રોત્સાહિત કરાયા.**

અનુસુંદર ચક્રવર્તીની તેવી જ ભવિતવ્યતા હોવાને કારણે ચક્રવર્તીના ભવમાં વિષયને અભિમુખ ચિત્ત થયું. તેથી તે પ્રકારનો તેનો પ્રમાદ જોઈને અંતરંગ શત્રુ એવા મહામોહાદિ અનુસુંદર ચક્રવર્તીના ચિત્તમાં વિશેષથી પ્રવર્તવા લાગ્યા. **||૬૮૫||**

**શ્લોક :-**

**दूरस्थो यावदेषोऽस्ति, सम्यक्त्वादनुसुन्दरः ।**
**तावत् सर्वबलं कृत्वा, यतध्वं स्वार्थसिद्धये ।।६८६।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં સુધી આ=અનુસુંદર, સમ્યક્ત્વથી દૂર છે, ત્યાં સુધી સર્વબલને કરીને સ્વાર્થસિદ્ધિ માટે યત્ન કરો, એ પ્રમાણે ભવિતવ્યતા વડે મહામોહ ઉત્સાહિત કરાયા, એમ અન્વય છે. ||૬૮૬||**

**શ્લોક :-**

**अन्यथा स्वबलं लब्ध्वा, प्राग्वदेष भविष्यति ।**
**बाधाकृद् वस्तदधुना, किंकरीक्रियतामयम् ।।६८७।।**

**શ્લોકાર્થ :-**

**અન્યથા=જો તમે અત્યારે સ્વાર્થસિદ્ધિ નહીં કરો તો, સ્વબલને**

**પ્રાપ્ત કરીને=પોતાના અંતરંગ હિતકારી એવા ચારિત્રબલને પ્રાપ્ત કરીને પૂર્વની જેમ=ગુણધારણકુમારના ભવની જેમ, આ=અનુસુંદર ચક્રવર્તી, તમારો બાધા કરનારો થશે. તે કારણથી આ=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, કિંકર કરાઓ.**

અનુસુંદર ચક્રવર્તીની ભવિતવ્યતા જ અનુસુંદરને મહામોહ અભિમુખ કરે છે, તે જ ભવિતવ્યતાની મહામોહને પ્રેરણા છે. **॥૬૮૭॥**

**શ્લોક :-**

**ततस्तत्प्रेरितैर्बाढं, वल्गद्‌भिरनियन्त्रितैः ।**
**वशीकृतस्तैराबाल्यादहं तन्मयतां गतः ॥६८८॥**

**શ્લોકાર્થ :-**

**તેથી=ભવિતવ્યતાએ મહામોહાદિને ઉપરમાં કહ્યું એ પ્રમાણે પ્રેરણા કરી તેથી, અત્યંત તેનાથી પ્રેરિત=ભવિતવ્યતાથી પ્રેરિત, કૂદકા મારતા અનિયંત્રિત એવા તેઓ વડે=અનુસુંદર ચક્રવર્તીની ચિત્તવૃત્તિમાં ઊછળતા વિવેકથી અનિયંત્રિત એવા મહામોહાદિ વડે, બાલ્યકાળથી વશ કરાયેલો હું તન્મયતાને પામ્યો=મહામોહાદિમયતાને પામ્યો. ॥૬૮૮॥**

**શ્લોક :-**

**ततस्तैः स्वीयवीर्येण, कृतः पापपरायणः ।**
**कौमारे वर्तमानोऽहं, मद्यमांसरतोऽभवम् ॥६८९॥**

**શ્લોકાર્થ :-**

**તેથી=બાલ્યકાળથી મહામોહાદિમય બન્યો તેથી, તેઓ વડે=મહામોહાદિ વડે સ્વવીર્યથી કુમારપણામાં વર્તતો એવો હું પાપપરાયણ કરાયો. મદ્યમાંસમાં રત થયો. ॥૬૮૯॥**

**શ્લોક :-**

**प्रसह्य पारदार्यादौ, प्रवृत्तौ यौवने प्रभुः ।**
**चक्रित्वे सेविता दोषाः, पापद्‌र्ध्याद्याः सहस्रशः ॥६९०॥**

શ્લોકાર્થ :-

યૌવનમાં પ્રભુ એવો હું બલાત્કારે પારદાર્યાદિમાં પ્રવૃત્તિ હોતે છતે, ચક્રવર્તીપણામાં પાપઋદ્ધિ આદિથી હજારો દોષો સેવાયા. ।।૬૯૦।।

શ્લોક :-

ततो लब्धप्रचारैस्तैर्नितरां मलिनीकृता ।
द्विषद्‌भिः चित्तवृत्तिर्मे, सुहृत्सैन्यं तिरस्कृतम् ।।६९१।।

શ્લોકાર્થ :-

તેથી=અનુસુંદર ચક્રવર્તી દ્વારા હજારો દોષો સેવાયા તેથી, લબ્ધ પ્રચારવાળા એવા તે શત્રુઓ વડે=અનુસુંદર ચક્રવર્તીના ચિત્તમાં પ્રાપ્ત થયેલા પોતાના પ્રચારવાળા એવા તે મહામોહાદિરૂપ શત્રુઓ વડે, મારી ચિત્તવૃત્તિ અત્યંત મલિન કરાઈ. મિત્રસૈન્ય તિરસ્કાર કરાયું. ।।૬૯૧।।

શ્લોક :-

तिरोहितं च क्षान्त्यादिशुच्यन्तःपुरमान्तरम् ।
राज्याद् बहिष्कृतश्चाहं, कर्मवीर्यं प्रकाशितम् ।।६९२।।

શ્લોકાર્થ :-

અને અંતરંગ ક્ષાંત્યાદિનું પવિત્ર અંતઃપુર તિરોહિત કરાયું, રાજ્યથી હું બહાર કરાયો અને કર્મવીર્ય પ્રકાશિત થયું=કર્મબંધને અનુકૂળ જીવનું વીર્ય પ્રગટ થયું. ।।૬૯૨।।

શ્લોક :-

तदा पापोदयो दीप्तो, मोहसैन्यं प्रवल्गितम् ।
जातानि तत्पुरादीनि, वोढा सिन्धुः प्रमत्तता ।।६९३।।

શ્લોકાર્થ :-

ત્યારે પાપોદય દીપ્ત થયો=જીવની દુર્બુદ્ધિ આપાદક પાપોદય દીપ્ત થયો. મોહનું સૈન્ય કૂદકા મારવા લાગ્યું, તેનાં નગરાદિ ઊભાં થતાં, પ્રમત્તતા નદી વહેવા લાગી. ।।૬૯૩।।

શ્લોક :-

विस्तृतं तद्विलसितं पुलिनं मण्डपो नवः ।
उद्भूतश्चित्तविक्षेपस्तृष्णाऽभूद् वेदिकाऽद्भुता ।।६९४।।

શ્લોકાર્થ :-

તદ્વિલસિત=પ્રમત્તતા નદીનું વિલસિત, પુલિન વિસ્તૃત થયું. ચિત્તવિક્ષેપરૂપ નવો મંડપ ઊભો થયો. અદ્ભુત એવી તૃષ્ણા વેદિકા થઈ. ।।૬૯૪।।

શ્લોક :-

संस्कृतं च विपर्यासविष्टरं परिपोषिता ।
अविद्याऽऽख्या गात्रयष्टिर्महामोहेन भूभुजा ।।६९५।।

શ્લોકાર્થ :-

અને વિપર્યાસરૂપ વિષ્ટર સંસ્કાર કરાયું. મહામોહ રાજા વડે અવિદ્યા નામનું શરીર પરિપોષિત કરાયું. ।।૬૯૫।।

શ્લોક :-

सर्वथैव नवीभूता, सामग्री सकला द्विषाम् ।
पर्यालोचस्ततोऽमीषां, जातः स्वेष्टफलाश्रयः ।।६९६।।

શ્લોકાર્થ :-

શત્રુઓની સકલ પણ સામગ્રી સર્વથા જ નવી થઈ. તેથી=ચિત્તવિક્ષેપ મંડપાદિ સર્વ ઊભા થયા તેથી, આમની=મહામોહાદિની, સ્વેષ્ટ ફલના આશ્રયવાળી પર્યાલોચના થઈ=વિચારણા થઈ. ।।૬૯૬।।

શ્લોક :-

जगाद तत्र विषयाभिलाषः सचिवाग्रणीः ।
दृष्टदाहाः पुरा यूयं, किन्तु वः कथ्यतेऽधुना ।।६९७।।

શ્લોકાર્થ :-

ત્યાં=મહામોહાદિની વિચારણામાં, સચિવાગ્રણી એવો વિષયાભિલાષ બોલ્યો. પૂર્વમાં દૃષ્ટ દાહવાળા તમે હતા=ચારિત્રના સૈન્યથી આપણને કેવી યાતના અપાઈ તેને પૂર્વમાં જોનારા તમે હતા, પરંતુ તમને હમણાં કહેવાય છે. ॥૬૯૭॥

શ્લોક :-

स्वक्षतिं प्राक्तनीं प्रेक्ष्य, मन्दादरकृताद् रणात् ।
युष्माकं साम्प्रतं कर्तुं, युक्तो मन्दोऽत्र नादरः ।।६९८।।

શ્લોકાર્થ :-

પૂર્વની પોતાની ક્ષતિને જોઈને મંદ આદરથી કરાયેલા યુદ્ધથી=પૂર્વમાં ચારિત્રના સૈન્યનું તેજ જોઈને મંદ આદરથી કરાયેલા યુદ્ધથી, હમણાં તમને=મહામોહાદિના સૈન્યને, આમાં=ચારિત્રસૈન્ય સામે યુદ્ધ કરવામાં, મંદ આદર કરવો યુક્ત નથી. ॥૬૯૮॥

શ્લોક :-

तीव्रादरेण तद् यूयं, यतध्वमधुनाऽखिलाः ।
यथा निष्कण्टकं राज्यं, भवेदाकालनिश्चलम् ।।६९९।।

શ્લોકાર્થ :-

તે કારણથી=વર્તમાનમાં મહામોહાદિના સૈન્યએ મંદ આદર કરવા જેવો નથી તે કારણથી, હમણાં અખિલ એવા તમે તીવ્ર આદરથી યત્ન કરો=શત્રુના નાશ માટે યત્ન કરો, જે પ્રમાણે આકાલ નિશ્ચલ=સદા માટે નિશ્ચલ, નિષ્કંટક રાજ્ય થાય.

ચારિત્રનું સૈન્ય ક્યારેય પણ આપણને વિનાશ કરવા સમર્થ ન બને તે પ્રકારે યત્ન કરો, એમ વિષયાભિલાષ મંત્રી મહામોહના સૈન્યને પ્રેરણા કરે છે. ॥૬૯૯॥

શ્લોક :-

प्रतिभातं वचस्तेषां, मन्त्रिणस्तत् ततश्च ते ।
तस्योपदेशमादृत्य, प्रेरयामासुराशु माम् ।।७००।।

શ્લોકાર્થ :-

**મંત્રીનું તે વચન તેઓને=મહામોહાદિને, ગમ્યું અને તેથી=મંત્રીનું વચન મહામોહાદિને ગમ્યું તેથી, તેના ઉપદેશનો આદર કરીને તેઓએ= મહામોહાદિએ, શીઘ્ર મને પ્રેરણા કરી. ||૭૦૦||**

શ્લોક :-

तैः कर्मपरिणामस्य, क्षेत्रस्थं वर्गणोद्भवम् ।
अशस्ताख्यं द्रव्यजातं, ग्राहितोऽहं स्वयं बहु ।।७०१।।

શ્લોકાર્થ :-

**કર્મપરિણામ રાજાના ક્ષેત્રમાં રહેલો વર્ગણાથી ઉદ્ભવ, અપ્રશસ્ત નામવાળો, ઘણો દ્રવ્યનો સમૂહ તેઓ વડે=મહામોહાદિ વડે, હું સ્વયં ગ્રહણ કરાવાયો.**

મહામોહાદિ ચોરટાઓ વડે નરકપ્રાયોગ્ય અશુભ કર્મો મારા દ્વારા ગ્રહણ કરાવાયાં, જે ચૌર્ય સ્વરૂપ છે. **||૭૦૧||**

શ્લોક :-

तैरेव ज्ञापितः कर्मपरिणामस्य भूभुजः ।
अहं चौरतया तेनादिष्टमेष विडम्ब्यताम् ।।७०२।।

શ્લોકાર્થ :-

**તેઓ વડે જ=મહામોહાદિ ચોરટાઓ વડે જ, હું ચોરપણારૂપે કર્મપરિણામ રાજાને જણાવાયો. તેના વડે=કર્મપરિણામ રાજા વડે, આદેશ કરાવાયો. આ=અનુસુંદર ચક્રવર્તીનો જીવ, વિડંબના કરાઓ. ||૭૦૨||**

શ્લોક :-

मार्यतां दुःखमारेण, नीत्वा द्राक् पापिपञ्जरे ।
मुदितास्ते दुरात्मानस्तदाकर्ण्य प्रभोर्वचः ।।७०३।।

**શ્લોકાર્થ :-**

**લઈ જઈને દુઃખમારથી શીઘ્ર પાપીપંજરમાં મરાવાઓ, તે દુરાત્માઓ= મહામોહાદિ દુરાત્માઓ, પ્રભુનું તે વચન સાંભળીને=કર્મપરિણામ રાજાનું તે વચન સાંભળીને, હર્ષિત થયા.**

અનુસુંદર ચક્રવર્તી જીવમાં વિશેષરૂપે મહામોહાદિ પરિણામો ઉલ્લસિત થયા. **॥૭૦૩॥**

**શ્લોક :-**

**ततश्च तैर्विलिप्तोऽहं, कर्माणुमलभस्मना ।**
**गात्रे गैरिकहस्तैश्च, चर्चितो राजसैस्ततैः ।।७०४।।**

**શ્લોકાર્થ :-**

**અને તેથી=કર્મપરિણામ રાજાના આદેશને સાંભળીને મહામોહાદિ હર્ષિત થયા તેથી, તેઓ વડે=મહામોહાદિ વડે, કર્મરૂપ અણુના મલ સ્વરૂપ ભસ્મથી હું ગાત્રમાં લેપાયો અને વિસ્તારવાળા રાજસરૂપ ગૈરિક હાથો વડે ચર્ચિત કરાયો.**

જીવ નરકને અભિમુખ બને છે, ત્યારે તે જીવના મોહાદિ પરિણામો પણ તેવા જ ક્લિષ્ટ બને છે. જેથી તે જીવ કર્મમલરૂપ ભસ્મથી લેપાય છે અને તે વખતે અનુસુંદર ચક્રવર્તીને વિસ્તારવાળો રાગનો પરિણામ થયો. જેના કારણે પોતાની ચક્રવર્તીની સમૃદ્ધિ જોવાનો પરિણામ થયો, તે રૂપ ગૈરિક હસ્તોથી ચર્ચિત કરાયો. **॥૭૦૪॥**

**શ્લોક :-**

**श्यामीकृतस्तृणमषीपुण्ड्रकैस्तामसैस्तथा ।**
**कणवीरस्त्रजा रागवीचिनाम्न्या विनाटितः ।।७०५।।**

**શ્લોકાર્થ :-**

**અને તામસ એવા તૃણ-મષી-પુંડ્રકો વડે શ્યામ કરાયો. રાગરૂપ મોજા નામની કણવીરની માળાથી વિનાટિત કરાયો.**

અનુસુંદર ચક્રવર્તી પોતાની છ ખંડની પૃથ્વી જોવા નીકળે છે, ત્યારે ઇન્દ્રિયોને પ્રતિકૂળ ભાવો જોઈને દ્વેષ કરે છે. એ રૂપ તામસ એવા તૃણની મષી પુંડ્રકો વડે શ્યામ કરાયો. વળી, તે વખતે લોકો સત્કારાદિ કરે કે પોતાની ક્ષતિ પ્રત્યે ક્ષમા-યાચનાદિ કરે, ત્યારે રાગનાં મોજાંઓ ઊછળે છે, એ રૂપ કણવીરની માળાઓથી વિડંબિત કરાયો. **॥૭૦૫॥**

**શ્લોક :-**

**मूर्ध्नि पापौग्र्यसूर्पेण, हृदये घूर्णमानया ।**
**शरावमालया भ्रान्तिसन्तत्या च विडम्बितः ।।७०६।।**

**શ્લોકાર્થ :-**

**પાપના ઉગ્રપણારૂપ સૂપડાથી મસ્તકમાં વિડંબના કરાયો અને ગળામાં લટકતી ભ્રાંતિની સંતતિરૂપ શરાવ માળાઓથી વિડંબિત કરાયો.**

મૃત્યુના દંડ વખતે ચોરને મસ્તક ઉપર સૂપડું મૂકાય છે અને ગળામાં શરાવની માળા પહેરાવાય છે. તેમ અનુસુંદર ચક્રવર્તીનો જીવ ચક્રવર્તીપણામાં ઉગ્ર પાપસંચય થવાથી મસ્તક ઉપર સૂપડા મુકાવાની જેમ વિડંબિત કરાયો અને ચિત્તમાં ભ્રાંતિ વર્તે છે કે 'હું સુખી છું.' વસ્તુતઃ કષાયોથી પીડિત છે તોપણ ભ્રાંતિના પ્રવાહથી 'હું સુખી છું એ પ્રકારે' તે વિડંબિત કરાય છે. **॥૭૦૬॥**

**શ્લોક :-**

**स्वरूपे निहिताशस्तकर्मलोप्त्रो गलोपमे ।**
**आरोपितोऽसदाचाराभिधे महति रासभे ।।७०७।।**

**શ્લોકાર્થ :-**

**ગળાની ઉપમાવાળા સ્વરૂપમાં સ્થાપન કરાયેલો છે અપ્રશસ્ત કર્મરૂપી ચોરીનો માલ જેને એવો અનુસુંદર ચક્રવર્તી અસદ્ આચાર નામના મોટા ગધેડા ઉપર આરોપિત કરાયો.**

અનુસુંદર ચક્રવર્તી પોતાના છ ખંડ જોવા નીકળ્યો છે ત્યારે તેના આત્માનું પારમાર્થિક સ્વરૂપ ગળાની ઉપમાવાળું છે અને ચોરના ગળામાં તેનો ચોરીનો માલ આરોપણ કરાય છે, તેમ અનુસુંદર ચક્રવર્તીના આત્માના સ્વરૂપમાં નરકયોગ્ય

અપ્રશસ્ત કર્મોરૂપી ચોરીનો માલ આરોપણ કરાયો. વળી, ચોરી કરનારને ગધેડા ઉપર બેસાડીને લઈ જવાય છે, તેમ અનુસુંદર ચક્રવર્તીનો જીવ પણ ચક્રવર્તીપણામાં કષાયોને વશ જે અસદ્ આચારો કરે છે, એ નામના મોટા ગધેડા ઉપર આરોપિત કરાયો. **॥૭૦૭॥**

**શ્લોક :-**

**क्रूराशयैर्यमसमैर्वेष्टितो राजपूरुषैः ।**
**कोलाहलैः कषायाख्यडिम्भानां प्रविसृत्वरैः ।।७०८।।**

**શ્લોકાર્થ :-**

**કષાય નામના બાળકોના વિસ્તાર પામતા કોલાહલથી સહિત યમ જેવા ક્રૂરાશયવાળા રાજપુરુષોથી ઘેરાયો.**

અનુસુંદર ચક્રવર્તીના જીવમાં જે ક્રૂરાશયો વર્તતા હતા તે રૂપ રાજપુરુષોથી ઘેરાયેલા છે. વળી રાજપુરુષોથી ઘેરાઈને ચોરને મારવા માટે લઈ જવામાં આવે છે, ત્યારે બાળકો કોલાહલ કરે છે, તેમ અનુસુંદર ચક્રવર્તીના જીવમાં કષાયોરૂપી બાળકો કોલાહલ કરતા હતા. **॥૭૦૮॥**

**શ્લોક :-**

**श्रूयमाणेन विरसडिण्डिमध्वनिना तथा ।**
**शब्दादिभोगसंज्ञेन, निन्दया च विवेकिनाम् ।।७०९।।**
**बाह्यलोकविलासेन, खलहासेन भूयसा ।**
**निःसारितो वध्यभूमेः, संमुखं शून्यमानसः ।।७१०।।**

**શ્લોકાર્થ :-**

**અને શબ્દાદિ ભોગસંજ્ઞાવાળા સંભળાતા વિરસ ડિંડિમના અવાજ વડે અને વિવેકીઓની નિંદા વડે, ઘણા ખલહાસરૂપ બાહ્યલોકના વિલાસથી શૂન્યમાનસવાળો હું વધ્યભૂમિની સન્મુખ લઈ જવાયો.**

અનુસુંદર ચક્રવર્તીના જીવમાં પાંચ ઇન્દ્રિયોની જે ભોગની સંજ્ઞા વર્તે છે, તે આત્મામાં ખળભળાટ કરનાર વિરસ ધ્વનિ છે અને વિવેકી પુરુષો તેની નિંદા

કરે છે; કેમ કે વિવેકસંપન્ન જીવોને કષાયોને વશ એવું ચક્રવર્તીપણું પણ નિંદ્ય જ જણાય છે. વળી, ચક્રવર્તીપણામાં પ્રસંગે પ્રસંગે ખળભળાટ હાસ્ય કરે છે. તે બાહ્ય લોકોનો વિલાસ છે અને તેનાથી વધ્યભૂમિ એવા નરકને સન્મુખ શૂન્ય માનસવાળો=તત્ત્વની વિચારણામાં શૂન્યમાનસવાળો અનુચક્રવર્તી લઈ જવાય છે. **II૭૦૯-૭૧૦II**

**શ્લોક :-**

**महाविदेहरूपेऽस्मिन्, हट्टमार्गे सुविस्तृते ।**
**आनीतो देशमेनं स्वदेशदर्शनकैतवात् ।।७११।।**

**શ્લોકાર્થ :-**

**આ મહાવિદેહરૂપ વિસ્તૃત હટ્ટમાર્ગમાં સ્વદેશના દર્શનના કુતૂહલથી આ દેશમાં લઈ અવાયો. ।।૭૧૧।।**

**શ્લોક :-**

**श्रुतो युष्माभिरुच्चैर्मद्बलकोलाहलस्ततः ।**
**आगता मे महाभद्रा, संमुखं विपुलाशया ।।७१२।।**

**શ્લોકાર્થ :-**

**તમારા વડે મારા સૈન્યનો કોલાહલ અત્યંત સંભળાયો=સ્વદેશના દર્શનની કામનાથી અનુસુંદર ચક્રવર્તી ચિત્તરમ ઉદ્યાનમાં આવે છે ત્યારે તેના સૈન્યનો કોલાહલ અગૃહીતસંકેતાદિ વડે સંભળાયો. તેથી વિપુલ આશયવાળાં મહાભદ્રા સાધ્વીજી મારી સન્મુખ આવ્યાં. ।।૭૧૨।।**

**શ્લોક :-**

**इतश्चाहं परित्यज्य, स्वसैन्यं पृष्ठतोऽखिलम् ।**
**वृतो नृपैः कतिपयैरुद्यानमिदमागतः ।।७१३।।**

**શ્લોકાર્થ :-**

**આ બાજુ પાછળમાં સમગ્ર સ્વસૈન્યનો ત્યાગ કરીને હું કેટલાક રાજાઓથી ઘેરાયેલો આ ઉદ્યાનમાં આવ્યો. ।।૭૧૩।।**

શ્લોક :-

रक्ताशोकतले यावत्, स्थितस्योत्तीर्य वारणात् ।
राजपुत्रा विनीता मे, दर्शयन्ति वनश्रियम् ।।७१४।।
आगच्छन्ती मया तावन्महाभद्रा विलोकिता ।
तस्यां ममज्ज मे दृष्टिर्निवृत्त्य विषयान्तरात् ।।७१५।।

શ્લોકાર્થ :-

હાથીથી ઊતરીને રક્તાશોકતલમાં રહેલા એવા મને વિનીત રાજપુત્રો વનની લક્ષ્મીને જ્યાં સુધી બતાવે છે, ત્યાં સુધી મારા વડે આવતાં એવાં મહાભદ્રા સાધ્વી જોવાયાં. વિષયાંતરને છોડીને મારી દૃષ્ટિ તેમાં મગ્ન થઈ. ।।૭૧૪-૭૧૫।।

શ્લોક :-

ववर्ष स्नेहपीयूषं, तस्यां मग्ना च दृग् मम ।
मयि स्नेहं दधौ पूर्वाभ्यासादेषाऽपि निःस्पृहा ।।७१६।।

શ્લોકાર્થ :-

અને તેણીમાં=મહાભદ્રા સાધ્વીમાં, મગ્ન એવી મારી દૃષ્ટિ સ્નેહરૂપી અમૃતને વરસાવી, પૂર્વના અભ્યાસથી નિઃસ્પૃહ એવાં એમણે પણ=મહાભદ્રા સાધ્વીએ પણ, મારામાં સ્નેહ ધારણ કર્યો. ।।૭૧૬।।

શ્લોક :-

ममाभ्यर्णमथ प्राप्ता, स्मरन्ती भगवद्वचः ।
अयं नरकगामीति, करुणापूर्णमानसा ।।७१७।।

શ્લોકાર્થ :-

હવે, આ નરકગામી છે, એ પ્રકારના ભગવાનના વચનને=ગુરુના વચનને, સ્મરણ કરતાં કરુણાથી પૂર્ણ માનસવાળાં સાધ્વી મારી પાસે પ્રાપ્ત થયાં. ।।૭૧૭।।

શ્લોક :-

ततः कंदमुनित्वेऽस्या, गुणधारणजन्मनि ।
चित्तार्पणान्मया भूयो, विनयाद्यनुशीलनात् ।।७१८।।
कृतश्चारुविमर्शोऽयं, केयं भगवती ननु ।
दृष्टमात्राऽपि याऽऽह्लादं, मानसे वितनोति मे ।।७१९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ગુણધારણના જન્મમાં આ સાધ્વીનું કંદમુનિપણું હોતે છતે ઘણા વિનયાદિનું અનુશીલન હોવાને કારણે મારા વડે ફરી ચિત્તનું અર્પણ થવાથી આ સુંદર વિમર્શ કરાયો, ખરેખર આ ભગવતી કોણ છે, જે જોવાયેલાં માત્ર પણ મારા માનસમાં આહ્લાદનો વિસ્તાર કરે છે ? ll૭૧૮-૭૧૯ll

શ્લોક :-

वपुर्निर्वापयत्यक्ष्णोः, पीयूषमभिवर्षति ।
ततोऽहं प्रणतोऽमुष्यै, धर्मलाभमियं ददौ ।।७२०।।

શ્લોકાર્થ :-

દેહને શાંત કરે છે, ચક્ષુના અમૃતને વરસાવે છે. તેથી હું એમને=સાધ્વીને, નમ્યો. આણીએ=સાધ્વીએ, ધર્મલાભ આપ્યો. ll૭૨૦ll

શ્લોક :-

जगाद च महाराज !, मानुष्ये मोक्षकारणे ।
प्राप्तेऽन्यत्र न गन्तुं ते, युक्तमुन्मार्गसंश्रयात् ।।७२१।।

શ્લોકાર્થ :-

અને કહ્યું, હે મહારાજ ! મોક્ષના કારણ એવો મનુષ્યભવ પ્રાપ્ત થયે છતે ઉન્માર્ગના સંશ્રયથી અન્યત્ર જવું તને ઘટતું નથી. ll૭૨૧ll

શ્લોક :-

नीयमानस्य चौरस्य, वध्यस्थाने स्वमन्तुना ।
किं राज्यं के विलासास्ते, किं वा स्वास्थ्यं विचिन्तय ।।७२२।।

શ્લોકાર્થ :-

પોતાના અપરાધથી વધ્યસ્થાનમાં લઈ જવાતા ચોર એવા તારું શું રાજ્ય છે અને કયા તારા વિલાસો છે ? અથવા શું સ્વાસ્થ્ય છે ? વિચાર કર. ।।૭૨૨।।

શ્લોક :-

किञ्च मद्दर्शनात् तस्या, जाता जातिस्मृतिस्तदा ।
सर्वं सोदन्तमाकन्दमुनिकालात् ततोऽस्मरत् ।।७२३।।

શ્લોકાર્થ :-

વળી મારા દર્શનથી તેણીને=સાધ્વીને ત્યારે જાતિસ્મરણ થયું. તેથી કંદમુનિના કાલથી માંડીને સર્વ પ્રસંગનું સ્મરણ થયું. ।।૭૨૩।।

શ્લોક :-

उत्पन्नमवधिज्ञानं, शुभभावात् तदाश्रयात् ।
तेन दृष्टं ममाप्युच्चैर्भगवत्या विचेष्टितम् ।।७२४।।

શ્લોકાર્થ :-

તેના આશ્રયથી=જાતિસ્મરણના આશ્રયથી, શુભભાવને કારણે અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, તેનાથી=અવધિજ્ઞાનથી, ભગવતી વડે મારું પણ વિચેષ્ટિત અત્યંત જોવાયું. ।।૭૨૪।।

શ્લોક :-

ततोऽसावाह राजेन्द्र !, किं न स्मरसि यत् तदा ।
लालितः प्रौढलीलाभिर्ममाग्रे गुणधारण ! ।।७२५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=સાધ્વીજીએ અવધિજ્ઞાનના બળથી અનુસુંદર ચક્રવર્તીના ભવોનું વિચેષ્ટિત જોયું ત્યારપછી, આ=મહાભદ્રાસાધ્વી, કહે છે. હે રાજેન્દ્ર ગુણધારણ ! જે કારણથી ત્યારે=ગુણધારણના ભવમાં, પ્રૌઢ લીલાથી મારી અગ્રમાં=કંદમુનિની સન્મુખ લાલિત થયેલો તું કેમ સ્મરણ કરતો નથી ? ।।૭૨૫।।

શ્લોક :-

क्षान्त्याद्यन्तःपुरं प्राप्य, परमानन्दमेदुरः ।
भावराज्ये स्थितो यत् त्वं, तत् किं नु तव विस्मृतम् ।।७२६।।

શ્લોકાર્થ :-

પરમાનંદ મેદુર એવો તું=ગુણધારણકુમાર, ક્ષાન્ત્યાદિ અંતઃપુરને પામીને જે કારણથી ભાવરાજ્યમાં રહેલો હતો શું ખરેખર તે તને વિસ્મૃત થયું. ।।૭૨૬।।

શ્લોક :-

किं न ते स्मृतिमायाति, विमलाचार्यभारती ।
भवप्रपञ्चो निखिलः, प्रोक्तोऽनन्तोऽपि ते यया ।।७२७।।

શ્લોકાર્થ :-

તને નિર્મલાચાર્યની વાણી શું સ્મરણમાં આવતી નથી ? જેના વડે=જે વાણી વડે, તને અનંત પણ સંપૂર્ણ ભવપ્રપંચ કહેવાયો હતો. ।।૭૨૭।।

શ્લોક :-

यत्प्रसादात् त्वया प्राप्तं, सुखं ग्रैवेयकादिषु ।
सदागमः स ते त्राणं, तत् प्रबुद्ध्यस्व मा मुहः ।।७२८।।

શ્લોકાર્થ :-

જેના પ્રસાદથી=જે સદાગમના પ્રસાદથી, તારા વડે ગ્રૈવેયકાદિમાં

**સુખ પ્રાપ્ત કરાયું, તે સદાગમ તને ત્રાણ છે. તે કારણથી બોધ પામ. મોહ કર નહિ. ।।૭૨૮।।**

**શ્લોક :-**

**तवैवाहं प्रबोधाय, करुणार्द्रा समागता ।**
**विहाय चित्तशून्यत्वमन्तस्तत्त्वं विलोकय ।।७२९।।**

**શ્લોકાર્થ :-**

**તને જ પ્રબોધ માટે કરુણાર્દ્ર એવી હું=મહાભદ્રા સાધ્વી, આવી છું. ચિત્તશૂન્યપણાને છોડીને અંતઃતત્ત્વનું વિલોકન કર. ।।૭૨૯।।**

**શ્લોક :-**

**अत्रान्तरे च प्रस्तावं, ज्ञात्वा मत्सम्मुखं पुनः ।**
**सम्यग्दर्शनसद्बोधावागन्तुं चक्रतुर्मनः ।।७३०।।**

**શ્લોકાર્થ :-**

**અને આટલામાં=મહાભદ્રા સાધ્વીજી અનુસુંદર ચક્રવર્તીને પ્રબોધ કરવા અર્થે કહે છે એટલામાં, પ્રસ્તાવને જાણીને=જીવમાં સમ્યગ્દર્શનની અભિમુખભાવરૂપ પ્રસ્તાવને જાણીને, ફરી મારી સન્મુખ સમ્યગ્દર્શન અને સદ્બોધે આવવા માટે મનને કર્યું.**

મહાભદ્રા સાધ્વીના ઉપદેશને સાંભળીને અનુસુંદર ચક્રવર્તીના સમ્યગ્દર્શન અને સદ્બોધનાં આવારક સોપક્રમ કર્મો ક્ષયોપશમભાવને અભિમુખ થયાં. **।।૭૩૦।।**

**શ્લોક :-**

**दुष्टान्तरारिवर्गेण, संरुद्धौ तमसा पथि ।**
**विकुर्वितेन मे पार्श्वे, नागन्तुं शक्नुतः स्म तौ ।।७३१।।**

**શ્લોકાર્થ :-**

**દુષ્ટ અંતરંગ અરિવર્ગ વડે વિકુર્વિત એવા અંધકારથી માર્ગમાં સંરુદ્ધ થયેલા એવા તે બંને=સમ્યગ્દર્શન અને સદ્બોધ, મારી પાસે આવવા સમર્થ થયા નહિ.**

મહાભદ્રા સાધ્વીના ઉપદેશથી સમ્યગ્દર્શન અને સદ્બોધનાં આવારક કર્મો કંઈક શિથિલ થયાં તોપણ ચિત્તવૃત્તિમાં સંચિત મહામોહાદિના પરિણામો અંધકારને વિકુર્વે છે. તેથી નિર્મલ સમ્યગ્દર્શન અને સદ્બોધ પ્રગટ થવામાં મહાભદ્રાનો ઉપદેશ સ્ખલના પામે છે. **॥૭૩૧॥**

**શ્લોક :-**

**सूर्यकान्तसमे दीप्ते, जीववीर्यवरासने ।**
**क्षीणं तमो भगवतीवाक्यसूर्यांशुभिश्च तत् ।।७३२।।**
**आयोधनं ततो लग्नं, चित्तवृत्तौ बलद्वये ।**
**सम्यग्दर्शनसद्बोधौ, हत्वाऽरीन् मामुपागतौ ।।७३३।।**

**શ્લોકાર્થ :-**

**સૂર્યકાંત મણિ જેવું દીપ્ત જીવવીર્યરૂપી સિંહાસન હોતે છતે અને ભગવતીના=મહાભદ્રા સાધ્વીના, વાક્યરૂપી સૂર્યનાં કિરણો વડે તે અંધકાર ક્ષીણ થયો. તેથી ચિત્તવૃત્તિમાં બલદ્વયનું યુદ્ધ શરૂ થયું. શત્રુઓને હણીને સમ્યગ્દર્શન અને સદ્બોધ મારી પાસે આવ્યા.**

મહાભદ્રા સાધ્વીજી ઉપદેશ આપે છે, ત્યારે અનુસુંદરનું જીવવીર્ય સિંહાસન દીપ્ત થયું. જેથી તેમનાં વચનોના હાર્દને ગ્રહણ કરવામાં અનુસુંદર ચક્રવર્તીનો ઉપયોગ પ્રવર્તવા લાગ્યો. તેથી સાધ્વીનાં વાક્યોથી સમ્યગ્દર્શન અને સદ્બોધનો આવારક એવો અંધકાર કંઈક ક્ષીણ થયો. તેથી અનુસુંદર ચક્રવર્તીના ચિત્તમાં મોહના સૈન્ય અને ચારિત્રના સૈન્ય વચ્ચે યુદ્ધ થયું અને સાધ્વીના વચનને સ્પર્શીને અનુસુંદર ચક્રવર્તીનું જીવવીર્ય ઉલ્લસિત હોવાને કારણે સમ્યગ્દર્શન અને સદ્બોધને પ્રગટ થવામાં બાધક એવા મોહનીય કર્મોરૂપ શત્રુઓને હણીને ક્ષયોપશમભાવરૂપે સમ્યગ્દર્શન અને સદ્બોધ ચિત્તમાં પ્રગટ થયા. **॥૭૩૨-૭૩૩॥**

**શ્લોક :-**

**ध्यातं मया भगवती, किमेषा परिजल्पति ।**
**ईहापोहं गतस्यैवं, जातिस्मृतिरभून्मम ।।७३४।।**

**શ્લોકાર્થ :-**

**મારા વડે=અનુસુંદર ચક્રવર્તી વડે વિચારાયું. આ ભગવતી શું કહે છે ? ઈહ-અપોહને પામેલા મને=અનુસુંદર ચક્રવર્તીને, આ રીતે જાતિસ્મરણ થયું.**

સાધ્વીના વચનથી સમ્યગ્દર્શન અને સદ્બોધ આવ્યા પછી તેમના વચનના બળથી ગુણધારણના ભવનું જે પ્રતિસંધાન હતું, તેના વિષયમાં અનુસુંદર ચક્રવર્તીને ઊહાપોહ થાય છે. જેથી જાતિસ્મરણ થાય છે. **॥૭૩૪॥**

**શ્લોક :-**

**गुणधारणकालीना, स्मृताऽवस्था शुभाशयात् ।**
**ततः सद्बोधमित्रं मामवधिः समुपागतः ।।७३५।।**

**શ્લોકાર્થ :-**

**શુભાશયથી ગુણધારણકાલીન અવસ્થા સ્મરણ થઈ. તેથી=શુભાશય થવાને કારણે ગુણધારણકાલીન અવસ્થા સ્મરણ થઈ તેથી, સદ્બોધનો મિત્ર એવો અવધિ=અવધિજ્ઞાન, મને પ્રાપ્ત થયું. ॥૭૩૫॥**

**શ્લોક :-**

**असंख्येया मया दृष्टास्तद्बलाद् द्वीपवार्धयः ।**
**भवप्रपञ्चोऽसंख्येयः, साक्षादेव विलोकितः ।।७३६।।**

**શ્લોકાર્થ :-**

**તેના બળથી=અવધિજ્ઞાનના બળથી, મારા વડે અસંખ્ય દ્વીપસમુદ્રો જોવાયા. અસંખ્ય ભવપ્રપંચ સાક્ષાત્ જ જોવાયા. ॥૭૩૬॥**

**શ્લોક :-**

**सिंहाचार्यभवाभ्यस्तं, सर्वैरतिशयैः सह ।**
**निर्मलं पूर्वपर्यन्तं, प्रादुर्भूतं श्रुतं मम ।।७३७।।**

શ્લોકાર્થ :-

સર્વ અતિશયથી સહિત સિંહાચાર્યના ભવમાં અભ્યસ્ત પૂર્વપર્યંતનું નિર્મલ શ્રુત મને પ્રગટ થયું. ॥૭૩૭॥

શ્લોક :-

स्मृतः संसारविस्तारो, निर्मलाचार्यकीर्तितः ।
असंख्येयः स्फुटं दृष्टस्तदारात्तु भवभ्रमः ।।७३८।।

શ્લોકાર્થ :-

નિર્મલાચાર્યથી કહેવાયેલો સંસારનો વિસ્તાર સ્મરણ થયો. વળી, ત્યારથી માંડી=ગુણધારણના ભવથી માંડીને અસંખ્ય ભવનું ભ્રમણ સ્પષ્ટ જોવાયું. ॥૭૩૮॥

શ્લોક :-

धृत्वाऽहं तस्कराकारं, ततः पूर्वोक्तकारणात् ।
इहागतस्तदारात् तु, वार्ता ज्ञातैव ते मम ।।७३९।।

શ્લોકાર્થ :-

તેથી=આખો ભવપ્રપંચ મને સ્પષ્ટ દેખાયો તેથી, પૂર્વોક્ત કારણોથી=સુલલિતા અને પૌંડરીકને બોધ કરાવવાના કારણથી, ચોર આકારને ધારણ કરીને હું અહીં આવ્યો. ત્યારથી મારી વાર્તા તને=સુલલિતાને, જ્ઞાત જ છે. ॥૭૩૯॥

શ્લોક :-

ततो भद्रे सुललिते !, ज्ञात्वा मदनमञ्जरीम् ।
त्वां प्रबोधयितुं मुग्धां, जातस्नेहकृपाभरः ।।७४०।।
बहुमानाद् भवत्वस्याः, सर्वज्ञागमगोचरात् ।
तपस्विन्याः क्लिष्टकर्मक्षय इत्यवधारयन् ।।७४१।।
प्रभोः सदागमस्यास्य, प्रभावादखिलं ह्यदः ।
अहं वेद्मीति जनयन्, बहुमानं सदागमे ।।७४२।।

**संक्षेपतोऽपि षण्मासवाच्यं माहात्म्यतः प्रभोः ।**
**सर्वं चरित्रं प्रहरत्रयेण स्म वदामि ते ।।७४३।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ભવપ્રપંચ અત્યંત વિષમ છે એમ મેં જાણ્યું તેથી, હે ભદ્રા સુલલિતા ! મુગ્ધ એવી તને મદનમંજરી જાણીને પ્રતિબોધ કરવા માટે થયેલા સ્નેહ અને કૃપાવાળો એવો હું તપસ્વી એવી આણીનો= સુલલિતાનો, સર્વજ્ઞ આગમ વિષયક બહુમાનથી ક્લિષ્ટ કર્મનો ક્ષય થાઓ એ પ્રમાણે અવધારણ કરતો, આ સદાગમ પ્રભુના પ્રભાવથી આ અખિલને હું જાણું છું, એ પ્રમાણે સદાગમમાં બહુમાનને ઉત્પન્ન કરતો= સુલલિતાને સદાગમમાં બહુમાનને ઉત્પન્ન કરતો સંક્ષેપથી પણ છ મહિનાથી વાચ્ય એવું સર્વ ચરિત્ર પ્રભુના માહાત્મ્યથી મેં=અનુસુંદર ચક્રવર્તીએ, તને ત્રણ પ્રહરથી કહ્યું. II૭૪૦થી ૭૪૩II**

**શ્લોક :-**

**तदिदं भावचौर्यं मे, ममेदृक् च विडम्बना ।**
**एवं च भद्रे ! जानामि, वृत्तान्तं स्वपराश्रयम् ।।७४४।।**

**શ્લોકાર્થ :-**

**અને હે ભદ્રા સુલલિતા ! તે કારણથી=મને અવધિ આદિ જ્ઞાનો થયાં છે તે કારણથી, આ મારું ભાવચૌર્ય છે અને મારી આવા પ્રકારની વિડંબના છે, આ રીતે સ્વ-પર આશ્રયવાળું વૃત્તાંત હું જાણું છું.**

નિગોદથી માંડીને અત્યાર સુધી જે ખરાબ ભવોની પ્રાપ્તિ થઈ તે તે ભવોની પ્રાપ્તિના કારણીભૂત ક્લિષ્ટ કર્મો અનુસુંદર ચક્રવર્તીએ બાંધ્યાં. તે ભાવચૌર્ય છે અને તેના કારણે અનુસુંદર ચક્રવર્તીને આવા પ્રકારની તે તે ભવોની વિડંબના પ્રાપ્ત થઈ. વળી, મહાભદ્રા સાધ્વીના ઉપદેશથી અનુસુંદર ચક્રવર્તીને જાતિસ્મરણ થયું અને અવધિજ્ઞાન થયું, એ રીતે અનુસુંદર ચક્રવર્તી પોતાના આશ્રયવાળું અને સુલલિતાદિરૂપ પરના આશ્રયવાળું સર્વ વૃત્તાંત જાણે છે. **II૭૪૪II**

**શ્લોક :-**

**श्रुत्वा चेदं सुललिता, विस्मिता भाविता हृदि ।**
**पौण्डरीकोऽपि भावार्थं, जग्राहैतद्गतं मनाक् ।।७४५।।**

**શ્લોકાર્થ :-**

**અને આ સાંભળીને=અનુસુંદર ચક્રવર્તીના આ કથનને સાંભળીને હૃદયમાં ભાવિત થયેલી સુલલિતા વિસ્મય પામી. પૌંડરીકે પણ આના ગત=અનુસુંદર ચક્રવર્તીના વચનગત, કંઈક ભાવાર્થને ગ્રહણ કર્યો. ||૭૪૫||**

**શ્લોક :-**

**अवादीच्चार्य ! किञ्चित् तद्, वृत्तावस्ति तवाधुना ।**
**ततोऽनुसुन्दरेणोक्तं, यावत् संवेगमागतः ।।७४६।।**
**प्रक्रान्तोऽहं चरित्रं भो, वक्तुं स्वं भवतां पुरः ।**
**तावच्चारित्रधर्मोऽसौ, चलितो मम सम्मुखम् ।।७४७।।**

**શ્લોકાર્થ :-**

**બોલ્યો=પૌંડરીક બોલ્યો, હે આર્ય અનુસુંદર ચક્રવર્તી ! તારી વૃત્તિમાં= ચિત્તવૃત્તિમાં, હમણાં કંઈક તે વર્તે છે ?=મહામોહાદિ કંઈક વર્તે છે ? તેથી અનુસુંદર વડે કહેવાયું. જ્યાં સુધી સંવેગને પામેલો એવો હું તમારી આગળ સ્વચરિત્રને કહેવા માટે પ્રક્રાંત છું, ત્યાં સુધી આ ચારિત્રધર્મરાજા મારી સન્મુખ ચાલ્યો=મારી સન્મુખ આવી રહેલ છે.**

અનુસુંદર ચક્રવર્તીના વચનને સાંભળીને કંઈક બોધ પામેલો પૌંડરીક કહે છે. તારી ચિત્તવૃત્તિમાં હમણાં તે મહામોહાદિ શું વર્તે છે ? તેથી અનુસુંદર ચક્રવર્તી વડે કહેવાયું. જ્યાં સુધી સંવેગને પામેલો=મોક્ષની પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છાવાળો થયેલો, તમારા બધાની આગળ મારું ચારિત્ર કહેવાની ઇચ્છાવાળો હું પ્રવર્તતો હતો ત્યારે મારું ચારિત્રમોહનીય કર્મ શિથિલ થવાથી ચારિત્રની પરિણતિ પ્રગટ થવા માટે તત્પર થઈ. **||૭૪૬-૭૪૭||**

**શ્લોક :-**

**तेन चागच्छता चारूकृतं सात्त्विकमानसम् ।**
**नगरं शुभ्रतां नीतो, विवेकगिरिपर्वतः ।।७४८।।**

**શ્લોકાર્થ :-**

**અને આવતા એવા તેના વડે=ચારિત્રધર્મરાજા વડે, સાત્ત્વિક માનસરૂપ નગર સુંદર કરાયું. વિવેક પર્વત શુભ્રતાને કરાયો.**

તત્ત્વને અભિમુખ પ્રવર્ધમાન અનુસુંદર ચક્રવર્તીનો તે કાળમાં ઉપયોગ હોવાથી ચારિત્ર મોહનીય કર્મ ક્ષીણ ક્ષીણતર થઈ રહ્યું છે. તેનાથી અનુસુંદર ચક્રવર્તીનું સાત્ત્વિક માનસ ઉલ્લસિત થાય છે. તત્ત્વાતત્ત્વનો વિવેક અત્યંત નિપુણ થાય છે. **II૭૪૮II**

**શ્લોક :-**

**शिखरं चाप्रमत्तत्वं, कृतमुच्चैस्तरां शुचि ।**
**भूयोऽपि भूषितं जैनपुरमुत्तोरणावलि ।।७४९।।**

**શ્લોકાર્થ :-**

**અને અપ્રમત્ત શિખર અત્યંત પવિત્ર કરાયું. ફરી પણ ઊંચાં તોરણોથી આવલિવાળું જૈનપુર ભૂષિત કરાયું.**

અનુસુંદર ચક્રવર્તીના ચિત્તમાં ચારિત્ર આવારક કર્મો શિથિલ શિથિલતર થઈ રહ્યાં છે, તેના કારણે મોહનાશને અનુકૂળ અપ્રમત્ત પરિણામ પૂર્વ કરતાં પણ અતિશય થાય છે અને જૈનપુર જિનતુલ્ય થવાની આચરણા સ્વરૂપ છે અને તે શ્રેષ્ઠ તોરણોની આવલિથી ભૂષિત કરાયું=જિન થવાને અનુકૂળ મહાવ્યાપાર ફરી પણ અનુસુંદર ચક્રવર્તીમાં વિશિષ્ટ રીતે ઉલ્લસિત થયો. **II૭૪૯II**

**શ્લોક :-**

**स च चित्तसमाधानमण्डपः परिमण्डितः ।**
**सा च निःस्पृहता वेदिर्भूयः सज्जा विनिर्मिता ।।७५०।।**

**શ્લોકાર્થ :-**

**અને તે ચિત્તસમાધાન મંડપ પરિમંડિત કરાયો અને તે નિઃસ્પૃહતા વેદી ફરી સજ્જ વિશેષ રીતે નિર્માણ કરાઈ.**

સુલલિતાદિની સન્મુખ ચરિત્ર કહેતી વખતે અનુસુંદર ચક્રવર્તીનાં ચારિત્ર મોહનીય કર્મો શિથિલ થઈ રહ્યાં છે તેના કારણે તેનું ચિત્ત અત્યંત સમાધાનવાળું થાય છે કે ચક્રવર્તી આદિની બાહ્ય સમૃદ્ધિ જીવ માટે અકિંચિત્કર છે. જીવનું નિરાકુળ સ્વરૂપ જ જીવનું હિત છે. જેથી ચિત્તમાં નિઃસ્પૃહતા વેદિકા સજ્જ થઈ. **॥૭૫૦॥**

**શ્લોક :-**

**कृतं तच्चोल्लसत्कान्ति जीववीर्यं वरासनम् ।**
**सर्वशक्त्या निजं सैन्यं, निखिलं परितोषितम् ।।७५१।।**

**શ્લોકાર્થ :-**

**અને તે જીવવીર્યરૂપી શ્રેષ્ઠ આસન ઉલ્લસિત કાંતિવાળું કરાયું. સર્વ શક્તિથી નિખિલ પોતાનું સૈન્ય પરિતોષિત કરાયું.**

સુલલિતા આદિ આગળ કથનકાળમાં ચારિત્રને અભિમુખ ઉલ્લસિત થતો અનુસુંદર ચક્રવર્તીનો પરિણામ હોવાથી ચારિત્રને અભિમુખ અનુસુંદર ચક્રવર્તીનું જીવવીર્ય અત્યંત ઉલ્લસિત બને છે અને તેના કારણે પોતાનું ચારિત્રનું અંતરંગ સૈન્ય મોહનાશને અનુકૂળ અત્યંત પુષ્ટ બને છે. જેથી ક્ષયોપશમભાવની અનેક પરિણતિઓ ચિત્તમાં નિર્મળ નિર્મળતર ઉલ્લસિત થઈ રહી છે. **॥૭૫૧॥**

**શ્લોક :-**

**महामोहबलं लग्नं, तस्य चागच्छतः पथि ।**
**सर्वप्राणेन तद् युद्धं, द्वयोर्दृष्टं स्फुटं मया ।।७५२।।**

**શ્લોકાર્થ :-**

**અને આવતા એવા તેના પથમાં=ચારિત્રના પથમાં, સર્વ શક્તિથી મહામોહનું સૈન્ય યુદ્ધમાં લાગ્યું. મારા વડે બંનેનું તે=યુદ્ધ, સ્પષ્ટ જોવાયું.**

અનુસુંદર ચક્રવર્તી કથા કરે છે, ત્યારે ચારિત્રના સંવેદનને અભિમુખ ચિત્ત જાય છે, ત્યારે તે વખતે તે ચિત્તને જવામાં સ્ખલના કરે તેવું ચારિત્ર મોહનીય કર્મ વિદ્યમાન છે, તેથી અનુસુંદર ચક્રવર્તીનો ચારિત્રને અનુકૂળ ઉપયોગ અને તે ઉપયોગને સ્ખલના કરાવે તેવું ચારિત્ર મોહનીય કર્મનું ઘર્ષણ અનુસુંદર ચક્રવર્તી સ્પષ્ટ જોઈ શકે છે. **॥૭૫૨॥**

**શ્લોક :-**

**ततः सम्यक्त्वसद्बोधयुक्तेन स नृपो मया ।**
**जातः प्रदत्तावष्टम्भो, जयलक्ष्मीनिकेतनम् ।।७५३।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી સમ્યક્ત્વ અને સદ્બોધથી યુક્ત એવા મારા વડે અપાયેલા અવષ્ટમ્ભવાળો તે રાજા=ચારિત્રધર્મરાજા, જયલક્ષ્મીનું નિકેતન થયો.**

અનુસુંદર ચક્રવર્તી મહામોહ અને ચારિત્રનું ઘર્ષણ સ્પષ્ટ જુએ છે અને અનુસુંદર ચક્રવર્તીના જીવમાં સદ્બોધ અને સમ્યગ્દર્શન વર્તી રહ્યા છે, તેથી અનુસુંદર ચક્રવર્તી ચારિત્રના પક્ષમાં સહકારી બને છે. તેથી ચારિત્રધર્મરાજા વિજયને પ્રાપ્ત કરે છે. **॥૭૫૩॥**

**શ્લોક :-**

**चिरंतनं हतारातिर्गृहीत्वाऽन्तःपुरं ततः ।**
**चारित्रधर्मराजेन्द्रो, मदभ्यर्णमुपागतः ।।७५४।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=શત્રુનો જય કર્યા પછી, ચિરંતન અન્તઃપુરને ગ્રહણ કરીને= દશ કન્યાઓને ગ્રહણ કરીને, હણાયેલા શત્રુવાળો ચારિત્રધર્મરાજા મારી પાસે આવ્યો.**

પૂર્વની દશ કન્યાઓ સાથે ચારિત્રની પરિણતિ અનુસુંદર ચક્રવર્તીમાં પ્રગટ થઈ. **॥૭૫૪॥**

**શ્લોક :-**

**द्विषस्ते हृतसर्वस्वाः किंचिच्छेषस्वजीविताः ।**

**लीनास्तिष्ठन्त्यदश्चित्तवृत्तावस्ति ममाधुना ।।७५५।।**

**શ્લોકાર્થ :-**

**હણાયેલા સર્વસ્વ તે શત્રુઓ=મહામોહાદિ શત્રુઓ, કંઈક શેષ સ્વજીવિતવાળા લીન રહેલા છે. હમણાં મારી ચિત્તવૃત્તિમાં આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, છે.**

અનુસુંદર ચક્રવર્તી કહે છે કે યુદ્ધમાં હણાયેલા મહામોહાદિ સર્વ શત્રુઓ સર્વથા મર્યા નથી. કંઈક જીવતા છે અને ચારિત્રથી ભય પામીને લીન થયેલા છે અને હમણાં અનુસુંદર ચક્રવર્તીની ચિત્તવૃત્તિમાં ચારિત્રનો પરિણામ વર્તી રહ્યો છે. **॥૭૫૫॥**

**શ્લોક :-**

**अन्यच्च त्रिजगद्वन्द्यं, प्रपद्य जिनभाषितम् ।**

**लिङ्गं सम्प्रति बन्धूनां, वर्गः पोष्यो मयाऽऽन्तरः ।।७५६।।**

**શ્લોકાર્થ :-**

**અને બીજું, જિનભાષિત ત્રિજગદ્વંદ્ય એવું લિંગ=સાધુપણું સ્વીકારીને હમણાં મારા વડે અંતરંગ બંધુઓનો વર્ગ પોષ્ય છે. ॥૭૫૬॥**

**શ્લોક :-**

**एवं च वदता तेनानुसुन्दरमहीभुजा ।**

**संहृतं तास्करं रूपं, चक्रिरूपं स्फुटीकृतम् ।।७५७।।**

**શ્લોકાર્થ :-**

**અને આ પ્રમાણે બોલતા તે અનુસુંદર ચક્રવર્તી વડે ચોરનું રૂપ સંવરણ કરાયું અને ચક્રીરૂપ સ્પષ્ટ કરાયું. ॥૭૫૭॥**

શ્લોક :-

कृतसंकेतभावेन, गता चौरविडम्बना ।
आगता मन्त्रिसामन्ताः, प्रोक्तस्तेभ्यो निजाशयः ।।७५८।।

શ્લોકાર્થ :-

કરાયેલા સંકેતના ભાવથી ચોરવિડંબના ગઈ. મંત્રી સામંતો આવ્યા. તેઓને નિજ આશય કહેવાયો. ।।૭૫૮।।

શ્લોક :-

प्राप्तकालतया तेषां, प्रतिभातः स मानसे ।
ततः पुरन्दरायादाद्, राज्यं चक्री स्वसूनवे ।।७५९।।

શ્લોકાર્થ :-

પ્રાપ્તકાલપણું હોવાથી તેઓના માનસમાં તે=અનુસુંદર ચક્રવર્તીનો આશય રુચ્યો. ત્યારપછી પોતાના પુત્ર પુરન્દરને ચક્રીએ સ્વરાજ્ય આપ્યું. ।।૭૫૯।।

શ્લોક :-

अर्हत्पूजादिकृत्यं च, निःशेषं तेन निर्मितम् ।
सपौरान्तःपुरो राजा, श्रीगर्भो निर्गतः पुरात् ।।७६०।।

શ્લોકાર્થ :-

અને નિઃશેષ અરિહંતપૂજાદિ કૃત્ય તેના વડે=અનુસુંદર ચક્રવર્તી વડે, કરાયું. નગરલોકોથી સહિત અને અન્તઃપુરથી સહિત શ્રીગર્ભ રાજા નગરમાંથી નીકળ્યો. ।।૭૬૦।।

શ્લોક :-

कृता च तेन सर्वेषां, प्रतिपत्तिर्निजोचिता ।
पुनः संमिलिता पर्षत्, प्रवृत्तः पृथुरुत्सवः ।।७६१।।

શ્લોકાર્થ :-

તેના વડે=શ્રીગર્ભ રાજા વડે, પોતાને ઉચિત સર્વનો સત્કાર કરાયો. ફરી પર્ષદા મળી. વિસ્તારવાળો ઉત્સવ પ્રવૃત્ત થયો. ।।૭૬૧।।

શ્લોક :-

दृष्ट्वाऽद्भुतं सुललिता, क्षणात् तादृक् चमत्कृता ।
संजातः पौण्डरीकोऽपि, प्रीतो विस्मितलोचनः ।।७६२।।

શ્લોકાર્થ :-

ક્ષણથી અદ્‌ભુતને જોઈને સુલલિતા તેવા પ્રકારની ચમત્કારવાળી થઈ. વિસ્મિત લોચનવાળો પૌંડરીક પણ પ્રીતિવાળો થયો. ।।૭૬૨।।

શ્લોક :-

अथातिप्रार्थिते सूरौ, दीक्षां दातुं समुद्यते ।
राजपुत्रीं समुद्दिश्य, प्राह भूयोऽनुसुन्दरः ।।७६३।।

શ્લોકાર્થ :-

હવે, અતિ પ્રાર્થિત એવા સૂરિ દીક્ષા આપવા માટે સમુધત થયે છતે ફરી અનુસુંદર ચક્રવર્તી રાજપુત્રીને=સુલલિતાને, ઉદ્દેશીને કહે છે. ।।૭૬૩।।

શ્લોક :-

न जातः किं तवाद्यापि, बोधः सुललितेऽनघे ।
यद् दोलायितचित्ता त्वं, लक्ष्यसे चकितेक्षणा ।।७६४।।

શ્લોકાર્થ :-

હે નિર્દોષ સુલલિતા ! હજુ પણ તને બોધ થયો નથી. જે કારણથી દોલાયિત ચિત્તવાળી એવી તું ચકિત દૃષ્ટિવાળી દેખાય છે. ।।૭૬૪।।

શ્લોક :-

त्वद्बोधार्थमयं भद्रे !, मया निर्वेदकारकः ।
स्वीयः प्रकीर्त्तितः सर्वः, प्रपञ्चो भवगोचरः ।।७६५।।

શ્લોકાર્થ :-

હે ભદ્રે ! નિર્વેદને કરનાર સર્વ પણ પોતાનો ભવ વિષયક આ પ્રપંચ તારા બોધ માટે મારા વડે કહેવાયો. ॥૭૬૫॥

શ્લોક :-

तदनेन श्रुतेनापि, किं ते चित्ते न जायते ।
संसारचारके पूर्णे, निर्वेदो दुःखराशिभिः ।।७६६।।

શ્લોકાર્થ :-

તે કારણથી સંભળાયેલા પણ આના વડે તારા ચિત્તમાં દુઃખરાશિથી પૂર્ણ એવા આ સંસારરૂપી કેદખાનામાં શું નિર્વેદ થતો નથી ? ॥૭૬૬॥

શ્લોક :-

पुरे संव्यवहाराख्ये, मयोक्तं स्वविडम्बनम् ।
यत्र तत् किं त्वयाऽलक्षि, यद् दधासि भवे रतिम् ।।७६७।।

શ્લોકાર્થ :-

સંવ્યવહાર નામના નગરમાં મારા વડે જે સ્વવિડંબના કહેવાઈ તે શું તારા વડે જણાઈ નથી ? જે કારણથી ભવમાં રતિને ધારણ કરે છે ? ॥૭૬૭॥

શ્લોક :-

एकेन्द्रियादिभेदेषु, यश्च तिर्यक्षु कीर्तितः ।
मयाऽनुभूतो दुःखौघः, स त्वया किं न भावितः ? ।।७६८।।

શ્લોકાર્થ :-

એકેન્દ્રિયાદિ ભેદોમાં અને તિર્યંચોમાં જે મારા વડે દુઃખનો સમૂહ અનુભવ કરાયો, તે તારા વડે=સુલલિતા વડે, ભાવિત નથી ? ॥૭૬૮॥

શ્લોક :-

यत् त्वं विलम्बसेऽद्यापि, त्यक्तुं संसारचारकम् ।
किं वा कथानिकामात्रमिदं ते प्रतिभासते ।।७६९।।

શ્લોકાર્થ :-

જે કારણથી તું હજુ પણ સંસારરૂપી કેદખાનાને ત્યાગ કરવા માટે વિલંબન કરે છે ? અથવા શું આ=મારું વચન, તને કથાનિકા માત્ર ભાસે છે ! ॥૭૬૯॥

શ્લોક :-

मोक्षसाधनयोग्येऽपि, लब्धे मनुजजन्मनि ।
हिंसाक्रोधवशेनाप्ता, यन्मया दुःखसन्ततिः ॥७७०॥

શ્લોકાર્થ :-

મોક્ષસાધનયોગ્ય પણ મનુષ્યજન્મ પ્રાપ્ત થયે છતે હિંસા, ક્રોધના વશથી જે મારા વડે દુઃખસંતતિ પ્રાપ્ત કરાઈ. ॥૭૭૦॥

શ્લોક :-

तथा मानमृषावादस्तेयमायापरायणः ।
लोभमैथुनदोषान्धो, यदहं भ्रान्तवान् भवम् ॥७७१॥
तदप्याकर्ण्य चित्तं ते, यदि न द्रुतिमागतम् ।
कठोरं तदहं मन्ये, वज्रसारेण निर्मितम् ॥७७२॥

શ્લોકાર્થ :-

અને માન, મૃષાવાદ, સ્તેય અને માયામાં પરાયણ, લોભ, મૈથુન દોષમાં અંધ એવો હું જે ભવમાં ભમ્યો, તે પણ સાંભળીને જો તારું ચિત્ત પીગળ્યું નહિ તો હું માનું છું, વજસારથી કઠોર નિર્મિત છે=તારું ચિત્ત કઠોર છે. ॥૭૭૧-૭૭૨॥

શ્લોક :-

यत्र बुद्ध्वा मया प्रोक्तौ, दुष्टौ मोहपरिग्रहौ ।
श्रुत्वाऽगृहीतसंकेतेत्युक्ता तेनासि भूरिशः ॥७७३॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મારા વડે કહેવાયેલા દુષ્ટ એવા મોહ અને પરિગ્રહને સાંભળીને બોધ પામી નહીં, તે કારણથી અનેક વખત તું અગૃહીતસંકેતા છો, એ પ્રમાણે કહેવાયેલી હતી. ॥૭૭૩॥**

**શ્લોક :-**

**स्पर्शनादीन्द्रियाणां यः, प्रोक्तो बाले जडे तथा ।**
**मन्दे जडेऽतिविरसो, विपाको बालिशेऽपि च ॥७७४॥**
**सोऽपि चेन्न त्वया बुद्धो, वैराग्यफलशून्यया ।**
**काष्ठभूतमहं मन्ये, तन्नूनं तव मानसम् ॥७७५॥**

**શ્લોકાર્થ :-**

**બાલમાં, જડમાં, મંદમાં, જડમાં અને બાલિશમાં પણ જે સ્પર્શનાદિ ઈન્દ્રિયોનો અતિ વિરસ વિપાક કહેવાયો, તે પણ જો તારા વડે=સુલલિતા વડે, વૈરાગ્યફલના શૂન્યપણાને કારણે બોધ કરાયો નહીં, તો નિશ્ચે તારું માનસ કાષ્ઠભૂત હું માનું છું. ॥૭૭૪-૭૭૫॥**

**શ્લોક :-**

**इन्द्रियाणां जयाज्जातं, मनीषिणि विचक्षणे ।**
**यद् बुद्धे चोत्तमे चैव, कोविदे च यशः शुचि ॥७७६॥**
**तदाकलय्य यो नाम, संसारान्न विरज्यते ।**
**ततोऽधिको जगत्यस्ति, स्वार्थभ्रष्टो न कश्चन ॥७७७॥**

**શ્લોકાર્થ :-**

**મનીષીમાં, વિચક્ષણમાં, બુદ્ધમાં, ઉત્તમમાં અને કોવિદમાં ઈન્દ્રિયોના જયથી જે પવિત્ર યશ થયો, તેને સાંભળીને સંસારથી જે વિરક્ત થતો નથી, તેનાથી સ્વાર્થભ્રષ્ટ અધિક કોઈ જગતમાં નથી.**

પૂર્વનાં ચરિત્રોમાં વર્ણન કર્યું એ પ્રમાણે મનીષી આદિને ઇન્દ્રિયોના જયથી આલોકના અને પરલોકના સુખની પરંપરાની પ્રાપ્તિ થઈ તે સાંભળીને ઇન્દ્રિયોની

આધીનતાનો ત્યાગ કરીને વીતરાગતાનો માર્ગ બુદ્ધિમાન પુરુષ અવશ્ય સ્વીકારે છે, છતાં જડ જેવા જીવોને તેવો પરિણામ થતો નથી. **II૭૭૬-૭૭૭II**

**શ્લોક :-**

**चित्तवृत्तिस्थितं यत् ते, मया प्रोक्तं बलद्वयम् ।**
**आभ्यन्तरं सुहृदबन्धुसमानं मुग्धमानसे ! ।।७७८।।**
**तद्विलासमपि श्रुत्वा, यदि न प्रतिबुद्ध्यसे ।**
**त्वद्बोधकरणोपायस्ततः खकुसुमोपमः ।।७७९।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મારા વડે ચિત્તવૃત્તિમાં રહેલું, મિત્ર અને અબંધુ સમાન આભ્યંતર એવું બલદ્વય તને કહેવાયું. હે મુગ્ધ માનસવાળી એવી અગૃહીતસંકેતા ! તેના વિલાસને પણ સાંભળીને જો તું બોધ પામતી નથી, તો તારા બોધકરણનો ઉપાય આકાશકુસુમની ઉપમાવાળો છે.**

આત્મામાં મોહના ઉદયરૂપ પરિણામો જે આત્માના શત્રુભૂત છે અને મોહના ક્ષયોપશમરૂપ જે ચારિત્રના પરિણામો છે, તે બલદ્વયમાંથી ઔદાયિકભાવનું બલ શત્રુભૂત છે; કેમ કે તત્કાલ જ ક્લેશ કરાવે છે, પાપબંધ કરાવીને દુર્ગતિનું કારણ બને છે અને ક્ષયોપશમભાવનું જે અંતરંગ સૈન્ય છે, તે કષાયોના શમનરૂપ હોવાથી તત્કાલ સુખ ઉત્પન્ન કરે છે, પુણ્યબંધ કરાવીને સુખની પરંપરા પ્રાપ્ત કરાવે છે. તે સર્વ સાંભળીને પણ જો કોઈ બોધ ન પામે તો તે જીવને બોધ કરાવો અશક્ય છે. **II૭૭૮-૭૭૯II**

**શ્લોક :-**

**श्रुत्वा गरिष्ठां शिष्टत्वनिष्ठां कानकशेखरीम् ।**
**आलोच्य तादृशं धर्म्यमुत्साहं नारवाहनम् ।।७८०।।**
**विमलं विमलस्येन्दुज्योत्स्नावच्च विजृम्भितम् ।**
**त्यागं हरिनरेन्द्रस्य, ध्यात्वा विस्मयकारणम् ।।७८१।।**
**विवेकमकलङ्कस्य, निष्कलङ्कं विचिन्त्य च ।**
**श्रुत्वा मुनीनां वैराग्यकारणानि च नैकधा ।।७८२।।**

**यदि चित्तं न ते बाले !, विरक्तं भववासतः ।**
**ततः कांकटुकप्राया, वर्तसे नात्र संशयः ।।७८३।।**

**શ્લોકાર્થ :-**

**કનકશેખર સંબંધી ગરિષ્ઠ એવી શિષ્ટત્વની નિષ્ઠાને સાંભળીને, નરવાહન રાજા સંબંધી ઉત્સાહવાળું તેવા પ્રકારનું ધર્મપણું આલોચન કરીને અને ચંદ્રની જ્યોત્સ્નાની જેવું વિમલના ચેષ્ટિત એવા વિજૃંભિત વિમલ કૃત્યનું ધ્યાન કરીને, વિસ્મયનું કારણ એવા હરિનરેન્દ્રના ત્યાગનું ધ્યાન કરીને અને અકલંકના નિષ્કલંક એવા વિવેકનું ચિંતવન કરીને અને મુનિઓના વૈરાગ્યનાં કારણોને અનેક વખત સાંભળીને હે બાલા ! જો તારું ચિત્ત ભવવાસથી વિરક્ત નથી તો, કોરડા મગ જેવી તું વર્તે છે, એમાં સંશય નથી.**

આ રીતે કનકશેખર આદિના પ્રસંગો કેવા નિર્મલ હતા, અકલંકાદિના ભવોમાં અકલંક કેવો નિર્મળ હતો, વિમલકુમારનું ચિત્ત કેવું નિર્મળ હતું ઇત્યાદિનું સ્મરણ કરાવીને અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને કંઈક લાગણીથી યુક્ત અને કંઈક કઠોર વચનથી યુક્ત કહે છે કે જો તારું ચિત્ત ભવભ્રમણથી વિરક્ત નથી તો તું કોરડા મગ જેવી છો. **II૭૮૦થી ૭૮૩II**

**શ્લોક :-**

**इत्थं ह्यबुध्यमाना त्वं, न रोषं गन्तुमर्हसि ।**
**वाचाऽगृहीतसंकेतेत्युच्यमाना बुधैर्जनैः ।।७८४।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે નહીં બોધ પામતી વાણીથી અગૃહીતસંકેતા એ પ્રમાણે બુધ પુરુષો દ્વારા કહેવાતી તું રોષ પામવા યોગ્ય નથી. ।।૭૮૪।।**

**શ્લોક :-**

**बाले ! मदनमञ्जर्या, दशायां यन्मया सह ।**
**भोगास्त्वया विलसिताः, पुण्योदयसमर्पिताः ।।७८५।।**

भवत्या विस्मृतास्ते किं, यच्च बुद्धा जिनागमे ।
कुलन्धरान्विता कन्दमुनीन्दोस्तत्र वेत्सि किम् ? ।।७८६।।

**શ્લોકાર્થ :-**

હે બાલા ! જે કારણથી મદનમંજરીની દશામાં મારી સાથે તારા વડે પુણ્યોદયથી સમર્પિત ભોગો વિલસિત કરાયા તે ભોગો તારા વડે શું વિસ્મૃત થયા અને કુલંધરથી યુક્ત એવી તું કંદમુનિથી જિનાગમમાં જે બોધ પામી, તેને તું કેમ જાણતી નથી ? ।।૭૮૫-૭૮૬।।

**શ્લોક :-**

प्राह यं विमलाचार्यः, केवली प्रकटाक्षरैः ।
भवप्रपञ्चमनन्तं, न विज्ञातस्त्वया स किम् ? ।।७८७।।

**શ્લોકાર્થ :-**

કેવલી એવા નિર્મલ આચાર્યએ પ્રકટ અક્ષરોથી અનંત એવો જે ભવપ્રપંચ કહ્યો, તે તારા વડે શું જણાયો નથી ? ।।૭૮૭।।

**શ્લોક :-**

तदुक्तमेव संसारविस्तारं प्रत्यपादयम् ।
अमुना वाग्विलासेन, बुबोधयिषया तव ।।७८८।।

**શ્લોકાર્થ :-**

તને=અગૃહીતસંકેતાને, બોધ કરાવાની ઈચ્છાથી આ વાણીના વિલાસ વડે તદ્ ઉક્ત જ=નિર્મલસૂરિ વડે કહેવાયેલા જ, સંસાર વિસ્તારને મેં વર્ણન કર્યું છે. ।।૭૮૮।।

**શ્લોક :-**

एकरूपोऽपि संसारिजीवोऽहं प्रविनाटितः ।
संसारे नाटकाकारे, नानाकारैः स्वकर्मणा ।।७८९।।

શ્લોકાર્થ :-

એકરૂપવાળો પણ સંસારી જીવ એવો હું નાટક આકારવાળા એવા સંસારમાં સ્વકર્મથી જુદા જુદા આકારો વડે નચાવાયો. ||૭૮૯||

શ્લોક :-

तदेनमपि चेच्छ्रुत्वा, महाव्यतिकरं मम ।
न निर्विण्णाऽसि संसारात्, तत् कुर्मः कां प्रतिक्रियाम् ।।७९०।।

શ્લોકાર્થ :-

તે કારણથી આ પણ મારા મહાવ્યતિકરને સાંભળીને જો સંસારથી તું નિર્વેદ પામી નથી, તો કયા ઉપાયને અમે કરીએ. ||૭૯૦||

શ્લોક :-

नगराण्यन्तरङ्गाणि, यानि ये तेषु भूभुजः ।
तद्देव्यो दश तत्कन्याः, प्रत्येकं तद्गुणाश्च ये ।।७९१।।

શ્લોકાર્થ :-

જે અંતરંગ નગરો છે, તેઓમાં જે રાજાઓ છે, તેની દેવીઓ છે, તેની દશ કન્યાઓ છે, પ્રત્યેક એવી તે કન્યાઓના, જે તે ગુણો છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા જે તે ગુણો છે. ||૭૯૧||

શ્લોક :-

दिव्यः क्षान्त्यादिकन्यानां, विवाहो यश्च कीर्त्तितः ।
तत्राष्टौ मातरो याश्च, व्युत्पत्त्यर्थं निवेदिताः ।।७९२।।

શ્લોકાર્થ :-

ક્ષાન્ત્યાદિ કન્યાઓનો જે દિવ્ય વિવાહ કહેવાયો, ત્યાં=વિવાહમાં, જે આઠ માતાઓ વ્યુત્પત્તિ માટે નિવેદન કરાઈ.

અષ્ટ પ્રવચન માતાનો પારમાર્થિક બોધ કરાવવા અર્થે નિવેદન કરાવાઈ. ||૭૯૨||

શ્લોક :-

तदेतदखिलं श्रुत्वा, यदि बाले ! न बुद्ध्यसे ।
तदा पाषाणभूतायास्तव किं कथ्यतेऽधिकम् ।।७९३।।

શ્લોકાર્થ :-

તે આ અખિલને સાંભળીને=શ્લોક-૭૯૦થી અત્યારસુધી કહ્યું તે અખિલને સાંભળીને, હે બાલા ! જો તું બોધ પામતી નથી, તો પાષાણભૂત એવી તને અધિક શું કહેવાય ? ।।૭૯૩।।

શ્લોક :-

किं न स्मरसि तन्मुग्धे !, निर्मलाचार्यसन्निधौ ।
मत्प्रेमपारतन्त्र्याद् यत्, प्रतिपन्नाऽसि संयमम् ।।७९४।।

શ્લોકાર્થ :-

હે મુગ્ધા ! નિર્મલ આચાર્યની સન્નિધિમાં મારા પ્રેમના પારતંત્ર્યથી જે સંયમને તેં સ્વીકાર્યું, તેને=સંયમને, કેમ તું સ્મરણ કરતી નથી. ।।૭૯૪।।

શ્લોક :-

कृत्वा ततस्तपः स्वर्गे, प्राप्ताऽसि सुखसन्ततिम् ।
इहागता परिभ्रम्य, भूयोऽपि भवचक्रके ।।७९५।।

શ્લોકાર્થ :-

ત્યારપછી તપને કરીને સ્વર્ગમાં સુખની સન્તતિની પ્રાપ્તિવાળી તું હતી, ઘણા પણ ભવચક્રમાં પરિભ્રમણ કરીને અહીં આવેલી છો. ।।૭૯૫।।

શ્લોક :-

अपार्द्धपुद्गलावर्तं, सम्यग्दर्शनदूषणात् ।
जिनाद्याशातनातश्च, यद् भ्रान्तोऽहं भवोदधौ ।।७९६।।

શ્લોકાર્થ :-

સમ્યગ્દર્શનના દૂષણથી અને જિનાદિની આશાતનાથી ભવોદધિમાં જે અર્ધપુદ્ગલ પરાવર્તથી ન્યૂન હું ભમ્યો. ।।૭૯૬।।

**શ્લોક :-**

**चतुर्दशापि पूर्वाणि, विज्ञाय मदगौरवात् ।**
**यच्च भूयो निगोदादौ, गत्वाऽहं दुःखितोऽभवम् ।।७९७।।**
**तदप्याकर्ण्य चित्तं ते, नाभूत् किं रसपिच्छलम् ।**
**यत्संवेगाङ्कुरोद्भेद, इहाद्यापि न दृश्यते ।।७९८।।**

**શ્લોકાર્થ :-**

**ચૌદ પણ પૂર્વોને જાણીને મદના ગૌરવથી જે ફરી નિગોદાદિમાં જઈને હું દુઃખી થયો તે પણ સાંભળીને=શ્લોક-૭૯૫થી અત્યારસુધી કહ્યું તે પણ સાંભળીને, તારું ચિત્ત=સુલલિતાનું ચિત્ત, શું રસપિચ્છલ થયું નહિ ?=વૈરાગ્યરસથી ભીંજાયેલું થયું નહિ ? જે કારણથી અહીં= સુલલિતામાં, હજી પણ=આટલું કહેવા છતાં પણ, સંવેગના અંકુરોનો ઉદ્ભેદ દેખાતો નથી.**

અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને પોતાના પૂર્વભવોના અનુભવોનું સ્મરણ કરાવે છે. પોતે સમ્યગ્દર્શન પામી તેને મલિન કર્યું, જિનશાસનની આશાતના કરી. જેનાથી દીર્ઘ સંસારનું પરિભ્રમણ થયું. સિંહમુનિના ભવમાં ચૌદ પૂર્વ ભણીને મદના ગૌરવથી ફરી નરકાદિમાં ગયા. મહાદુઃખોને અનુભવે છે. તે સર્વ કથન સુલલિતા સાંભળે છે. પરંતુ તે કથન તે રીતે સુલલિતાના હૈયાને સ્પર્શતું નથી કે જેથી ભવભ્રમણથી ચિત્ત અત્યંત વિરક્ત થાય. તેથી તેણીને સંવેગ ઉત્પન્ન કરાવવા અર્થે અનુસુંદર ચક્રવર્તી વારંવાર તે પ્રમાણે ઉપદેશ આપીને સંવેગ ઉત્પન્ન કરાવવા યત્ન કરે છે. જે સાંભળીને યોગ્ય શ્રોતાને પણ અવશ્ય સંવેગ ઉત્પન્ન થાય તેમ છે. **II૭૯૭-૭૯૮II**

**શ્લોક :-**

**सूक्ष्मबोधेन वाक्यार्थं, मामकीनमवेहि तत् ।**
**बालिके ! मा विलम्बस्व, श्रमं मे सफलीकुरु ।।७९९।।**

શ્લોકાર્થ :-

તે કારણથી સૂક્ષ્મ બોધથી મારા વાક્યના અર્થને તું જાણ. હે બાલિકા ! વિલંબન કર નહિ. મારો શ્રમ સફળ કર. ॥૭૯૯॥

શ્લોક :-

तत्रानुसुन्दरनृपे, वदत्येवं स मूर्च्छितः ।
पौण्डरीकः पपातोर्व्यां, जाता पर्षत् ससंभ्रमा ॥८००॥

શ્લોકાર્થ :-

આ રીતે અનુસુંદર ચક્રવર્તી કહે છતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે સુલલિતાને ઉદ્દેશીને અનુસુંદર ચક્રવર્તી કહે છતે, તે પૌંડરીક મૂર્ચ્છિત થઈને પૃથ્વી ઉપર પડ્યો. પર્ષદા સંભ્રમયુક્ત થઈ. ॥૮૦૦॥

શ્લોક :-

श्रीगर्भो व्याकुलीभूतः, शोकं कमलिनी ययौ ।
आश्वासितोऽनिलैः सोऽथ, प्रबुद्धः पितरं जगौ ॥८०१॥

શ્લોકાર્થ :-

શ્રીગર્ભરાજ રાજા વ્યાકુળ થયો. કમલિની શોકને પામી. હવે તે=પૌંડરીક, પવન દ્વારા આશ્વાસિત કરાયો. જાગેલો પિતાને બોલ્યો. ॥૮૦૧॥

શ્લોક :-

अनुसुन्दरराजोऽयं, स्वस्य पूर्वं त्वदागमात् ।
वैक्रियं तास्करं रूपं, बिभ्रत् प्रोचे भवभ्रमम् ॥८०२॥

શ્લોકાર્થ :-

તમારા આગમનથી પૂર્વે વૈક્રિય ચોરના રૂપને ધારણ કરતા એવા આ અનુસુંદર રાજાએ ભવભ્રમણને કહ્યું=પોતાના ઘણા ભવોના ભ્રમણનું કહ્યું. ॥૮૦૨॥

**શ્લોક :-**

**अनाख्येयस्ततोऽभून्मे, बुद्ध्यमानस्य सम्मदः ।**
**चैतन्यनिःसहस्याथ, जाता जातिस्मृतिः स्फुटा ।।८०३।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=અનુસુંદર ચક્રવર્તીના ભવભ્રમણના કથનના શ્રવણથી, ચૈતન્યના નિઃસહ બોધ પામતા એવા મને અનાખ્ય એવી સંપદા થઈ. સ્પષ્ટ જાતિસ્મરણ થયું.**

અનુસુંદર ચક્રવર્તી પોતાના ભવભ્રમણનું સ્વરૂપ જે રીતે કહે છે, તે સર્વ પૌંડરીકના ચિત્તને સ્પર્શે છે, જેથી પોતાનો આત્મા નિઃસહ ચાર ગતિઓની વિડંબના પામે છે, એ પ્રકારનો હૈયાને સ્પર્શ કરનારો બોધ થાય છે. તેના કારણે તેને કહી ન શકાય તેવા સંવેગના પરિણામરૂપ સંપદા થાય છે. જેનાથી જાતિસ્મરણનાં બાધક ક્લિષ્ટ કર્મો દૂર થાય છે. જેથી જાતિસ્મરણ થયું, એમ પૌંડરીક પિતાને કહે છે. **II૮૦૩II**

**શ્લોક :-**

**प्राग्भवेऽभूवमस्याहं, मित्रं नाम्ना कुलन्धरः ।**
**तदा भवप्रपञ्चोऽस्य, श्रुतो निर्मलसूरितः ।।८०४।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વના ભવમાં હું કુલંધર નામનો આનો મિત્ર હતો. ત્યારે=કુલંધરના ભવમાં, નિર્મલસૂરિ પાસેથી આનો=અનુસુંદર ચક્રવર્તીનો ભવપ્રપંચ સંભળાયો. ।।૮૦૪।।**

**શ્લોક :-**

**स एवायमनेनेत्थमाख्यात इति भावनात् ।**
**विरक्तोऽहं भवावासादनुजानीत तेन माम् ।।८०५।।**

**શ્લોકાર્થ :-**

**તે જ આ છે=ગુણધારણ જ અનુસુંદર ચક્રવર્તી છે. આના વડે=**

અનુસુંદર વડે, આ પ્રમાણે કહેવાયું=પોતાના ભવોનું વર્ણન કર્યું એ પ્રમાણે કહેવાયું, એ પ્રકારની ભાવનાથી ભવવાસથી વિરક્ત એવો હું છું. તે કારણથી=ભવથી વિરક્ત છું તે કારણથી, મને અનુજ્ઞા આપો. ।।૮૦૫।।

શ્લોક :-

येन गृह्णाम्यहं दीक्षामनेनैव सहाद्भुताम् ।
तदाकर्ण्य प्ररुदिता, कमलिन्युग्रदुःखतः ।।८०६।।

શ્લોકાર્થ :-

જેના કારણે આની જ સાથે=અનુસુંદર ચક્રવર્તીની સાથે જ, અદ્ભુત એવી દીક્ષાને હું ગ્રહણ કરું=સંસારના ક્ષયના પ્રબલ કારણીભૂત એવી દીક્ષાને હું ગ્રહણ કરું. તે સાંભળીને ઉગ્ર દુઃખથી કમલિની રડવા લાગી. ।।૮૦૬।।

શ્લોક :-

प्राह श्रीगर्भराजोऽथ, मा रोदीर्देव्ययं यतः ।
शुद्धधर्मकरो जातः, स्वप्नस्यैवानुसारतः ।।८०७।।

શ્લોકાર્થ :-

હવે, શ્રીગર્ભ રાજા કહે છે હે દેવી ! રડ નહીં. જે કારણથી આ=પૌંડરીક, સ્વપ્નના અનુસારથી જ શુદ્ધ ધર્મ કરનારો થયો. ।।૮૦૭।।

શ્લોક :-

तन्नास्य धारणं युक्तमनुव्रजनमावयोः ।
घटते किन्तु निर्मिथ्यस्नेहसूचनचंचुरम् ।।८०८।।

શ્લોકાર્થ :-

તે કારણથી=પૌંડરીક શુદ્ધ ધર્મને અનુસરનારો થયો તે કારણથી, આને=પૌંડરીકને, ધારણ યુક્ત નથી=દીક્ષાનું નિવારણ યુક્ત નથી. પરંતુ નિર્મિથ્ય સ્નેહના સૂચનમાં તત્પર એવું આપણા બંનેનું અનુવ્રજન=સંયમનું અનુસરણ, ઘટે છે. ।।૮૦૮।।

શ્લોક :-

बालश्चेत् कुरुते धर्ममेष भोगोर्मिसंमुखः ।
स्थातुं न युक्तं तद्भोगोत्तीर्णयोरावयोर्भवे ।।८०९।।

શ્લોકાર્થ :-

જો ભોગની ઊર્મિના સન્મુખ બાલ એવો આ ધર્મને કરે છે તો ભોગથી ઉત્તીર્ણ એવા આપણા બંનેને ભવમાં રહેવું યુક્ત નથી. ।।૮૦૯।।

શ્લોક :-

ततः कमलिनी प्राह, प्रतिभातमिदं मम ।
चारूदितं त्वया राजन् !, युक्तमेतत् किलावयोः ।।८१०।।

શ્લોકાર્થ :-

તેથી=શ્રીગર્ભ રાજાએ કમલિનીને સંયમ ગ્રહણ કરવાની પ્રેરણા કરી તેથી, કમલિની કહે છે. મને આ પ્રતિભાસ થયું છે=તમારું આ વચન સુંદર જણાયું છે. હે રાજન ! તમારા વડે સુંદર કહેવાયું. ખરેખર આપણા બંનેને આ યુક્ત છે. ।।૮૧૦।।

શ્લોક :-

ततोऽनुज्ञाय पुत्रं तं, तौ देवीक्षितिवासवौ ।
गृहीतुमुद्यतौ दीक्षामभूतां दृढनिश्चयौ ।।८११।।

શ્લોકાર્થ :-

તેથી તે પુત્રને અનુજ્ઞા આપીને=પૌંડરીકને દીક્ષાની અનુજ્ઞા આપીને, તે દેવી અને રાજા=કમલિની અને શ્રીગર્ભ રાજા, દઢ નિશ્ચયવાળા દીક્ષાને ગ્રહણ કરવા માટે ઉધત થયા. ।।૮૧૧।।

શ્લોક :-

अथ भूपसुता सा तैरनुसुन्दरभाषितैः ।
द्राविता प्रेक्ष्य चोद्भ्रान्ता, पुण्डरिकादिचेष्टितम् ।।८१२।।

**શ્લોકાર્થ :-**

**હવે અનુસુંદરથી બોલાયેલાં તે વચનોથી રાજાની પુત્રી એવી તે=સુલલિતા, દ્રાવિત થઈ અને પુંડરીક આદિનું ચેષ્ટિત જોઈને ઉદ્‌ભ્રાંત થઈ. ॥૮૧૨॥**

**શ્લોક :-**

**प्रत्यब्रवीन्महाभद्रां, साऽनुतापा कृताञ्जलिः ।**
**किं कृतं प्राग् मया पापं, येन जाताऽहमीदृशी ।।८१३।।**

**શ્લોકાર્થ :-**

**અનુતાપવાળી કૃતઅંજલિવાળી એવી તે=સુલલિતા, મહાભદ્રા પ્રત્યે બોલી. મારા વડે પૂર્વભવમાં શું પાપ કરાયું છે, જે કારણથી હું આવા પ્રકારની થઈ.**

જે પ્રકારે પૌંડરીકને તીવ્ર સંવેગ થયો, તેમ મને ઉદ્દેશીને અનુસુંદર ચક્રવર્તી આટલું કહે છે છતાં મને સંવેગ થતો નથી એવા પ્રકારની હું થઈ. **॥૮૧૩॥**

**શ્લોક :-**

**धन्यो राजसुतोऽयं यो, बुद्धो भवकथामिमाम् ।**
**श्रुत्वा पापा न बुद्ध्येहं, बोद्धुकामाऽपि किं ततः ।।८१४।।**

**શ્લોકાર્થ :-**

**આ રાજપુત્ર=પૌંડરીક રાજપુત્ર, ધન્ય છે. જે આ ભવકથાને સાંભળીને બોધ પામ્યો. બોધ કરવાની ઈચ્છાવાળી પણ પાપી એવી હું તેનાથી=પૂર્વના કરાયેલા પાપથી, કેમ બોધ પામી નહીં ? ॥૮૧૪॥**

**શ્લોક :-**

**त्रयाणामपि धन्यानां, प्रत्ययो ज्ञानपूर्वकः ।**
**एषां स्फुटः प्रादुरभूदनुसुन्दरवाक्यतः ।।८१५।।**

**શ્લોકાર્થ :-**

**અનુસુંદરના વાક્યથી આ ત્રણે પણ ધન્યોને=પૌંડરીક અને તેનાં માતા-પિતા ત્રણે પણ ધન્યોને, જ્ઞાનપૂર્વક સ્પષ્ટ પ્રત્યય થયો=પ્રતીતિ થઈ.**

પૌંડરીકના સંયમના પરિણામને જોઈને સુલલિતાને કંઈક સંવેગ ઉત્પન્ન થાય છે. તેથી મહાભદ્રા સાધ્વીને કહે છે, મેં એવું શું પાપ કર્યું છે જેથી ભવભ્રમણની આ કથાને સાંભળીને પૌંડરીક આદિ બોધ પામે છે અને મને કંઈ થતું નથી. વસ્તુતઃ તે પ્રસંગે કંઈક કર્મો શિથિલ થવાને કારણે સુલલિતાને કંઈક સંવેગનો પરિણામ છે તોપણ પૌંડરીક આદિ જેવો તીવ્ર સંવેગનો પરિણામ થતો નથી. **॥૮૧૫॥**

**શ્લોક :-**

**अहं पुनर्न जानेऽस्मिन्, मामुद्दिश्य वदत्यपि ।**
**शून्या ग्रामेयकाकारा, किं करोम्यन्धसन्निभा ॥८१६॥**

**શ્લોકાર્થ :-**

**વળી મને ઉદ્દેશીને આ=અનુસુંદર ચક્રવર્તી, બોલ્યે છતે પણ શૂન્ય, ગ્રામ્ય આકારવાળી, અંધ જેવી હું શું કરું એ જાણતી નથી. ॥૮૧૬॥**

**શ્લોક :-**

**महाभागे ! स्वयं ज्ञात्वा, पृष्ट्वा यद्वा सदागमम् ।**
**तदिदं कस्य पापस्य, चेष्टितं मेऽखिलं वद ॥८१७॥**

**શ્લોકાર્થ :-**

**હે મહાભાગ પ્રજ્ઞાવિશાલા ! સ્વયં જાણીને અથવા સદાગમને પૂછીને ક્યા પાપનું તે આ ચેષ્ટિત છે ? અખિલ મને તમે કહો.**

સુલલિતા મહાભદ્રા સાધ્વીને કહે છે, મેં શું પાપ કર્યું છે તે તમે સ્વયં જાણીને અથવા સદાગમ પાસેથી પૂછીને મને કહો. **॥૮૧૭॥**

**શ્લોક :-**

**ततस्तां तादृशीं दृष्ट्वा, बाष्पपिच्छललोचनाम् ।**
**कृपार्द्रः क्षितिभृत्पुत्रीमब्रवीदनुसुन्दरः ॥८१८॥**

શ્લોકાર્થ :-

તેથી=સુલલિતા સુભદ્રા સાધ્વીને પશ્ચાત્તાપપૂર્વક પોતાના કરાયેલા પૂર્વભવના પાપને પૂછે છે તેથી, બાષ્પ, પિચ્છલ લોચનવાળી તેવા પ્રકારની તેને=સુલલિતાને, જોઈને કૃપાર્દ્ર એવા અનુસુંદર ચક્રવર્તીએ રાજપુત્રીને કહ્યું. ।।૮૧૮।।

શ્લોક :-

मुग्धे ! जिज्ञासितं भावमहमेव ब्रवीमि ते ।
भगवत्या श्रमितया, सृतमत्र प्रयोजने ।।८१९।।

શ્લોકાર્થ :-

હે મુગ્ધા સુલલિતા ! તારા જિજ્ઞાસિત ભાવને હું જ કહું છું. આ પ્રયોજનમાં=તારા પાપના જાણવાના પ્રયોજનમાં, શ્રમિત એવાં ભગવતીથી સર્યું. ।।૮૧૯।।

શ્લોક :-

गुणधारणराजेन, मया मदनमञ्जरी ।
सार्द्धं प्रव्रजिताऽभूस्त्वं, तदाऽभ्यस्तः क्रियाभरः ।।८२०।।

શ્લોકાર્થ :-

ગુણધારણ રાજા એવા મારી સાથે મદનમંજરી એવી તું પ્રવ્રજિત થઈ. ત્યારે ક્રિયાનો સમૂહ અભ્યસ્ત કરાયો=સંયમની ક્રિયાનો તારા વડે અભ્યાસ કરાયો. ।।૮૨૦।।

શ્લોક :-

तप्तं त्वया तपस्तीव्रं, धृतेयं किन्तु दुर्मतिः ।
इष्टं यदेकं तत् कार्यं, किं प्रपञ्चेन भूयसा ।।८२१।।

શ્લોકાર્થ :-

તારા વડે=મદનમંજરી વડે, તીવ્ર તપ કરાયું. કેવલ આ દુર્મતિ ધારણ કરાઈ. જે એક ઈષ્ટ છે તે કરાવ. ઘણા પ્રપંચથી શું ? ।।૮૨૧।।

શ્લોક :-

ततः स्वाध्यायपाठस्ते, हृदये न सुखायितः ।
रुचिता वाचना नोच्चैः, प्रच्छना नानुशीलिता ।।८२२।।

શ્લોકાર્થ :-

તેથી=મદનમંજરીના ભવમાં દુર્મતિ ધારણ કરી તેથી, સ્વાધ્યાયનો પાઠ તારા હૃદયમાં સુખનું કારણ થયો નહીં. વાચના અત્યંત રુચિત થઈ નહીં. પૃચ્છના અનુશીલન કરાઈ નહીં. ।।૮૨૨।।

શ્લોક :-

न परावर्तनाऽभीष्टा, नानुप्रेक्षाऽप्यनुष्ठिता ।
न धर्मदेशना दत्ता, प्रचला परिशीलिता ।।८२३।।

શ્લોકાર્થ :-

પરાવર્તના અભીષ્ટ થઈ નહીં. અનુપ્રેક્ષા પણ સેવાઈ નહીં. ધર્મદેશના અપાઈ નહીં. પ્રચલા પરિશીલન કરાઈ. ।।૮૨૩।।

શ્લોક :-

स्वाध्यायोद्वेगतो मौनव्रतमेवादृतं परम् ।
न तत्राभिनिवेशोऽभून्न कृता प्रत्यनीकता ।।८२४।।

શ્લોકાર્થ :-

સ્વાધ્યાયના ઉદ્વેગથી કેવલ મૌનવ્રત સ્વીકાર્યું ત્યાં=સ્વાધ્યાયમાં, અભિનિવેશ થયો નહીં. પ્રત્યનીકતા કરાઈ નહીં=આ સ્વાધ્યાય આદિ અનુચિત છે, એ પ્રકારની પ્રત્યનીકતા કરાઈ નહીં. ।।૮૨૪।।

શ્લોક :-

नान्तरायः कृतो ज्ञाने, न तद्घातोऽपि निर्मितः ।
तत्प्रद्वेषो न विहितो, न तस्याकारि निह्नवः ।।८२५।।

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનમાં અંતરાય કરાયો નહીં. તેનો ઘાત પણ=જ્ઞાનનો ઘાત પણ કરાયો નહીં. તેનો=જ્ઞાનનો, પ્રદ્વેષ કરાયો નહીં. તેનો=જ્ઞાનનો અપલાપ કરાયો નહીં. ।।૮૨૫।।**

**શ્લોક :-**

**केवलं ज्ञानशैथिल्यात्, प्रमादाद् दुर्द्धिया तया ।**
**कृता लघीयसी सेयं, श्रुतस्याशातना त्वया ।।८२६।।**

**શ્લોકાર્થ :-**

**કેવલ તે દુર્બુદ્ધિ વડે જ્ઞાનના શૈથિલ્યરૂપ પ્રમાદથી તે આ લઘુ શ્રુતની આશાતના તારા વડે કરાઈ=મદનમંજરી વડે કરાઈ. ।।૮૨૬।।**

**શ્લોક :-**

**यत्प्रभावादसंख्येयं, कालं भ्रान्ता भवोदधौ ।**
**जाता चैवंविधाऽसि त्वं, जडधीरविशेषवित् ।।८२७।।**

**શ્લોકાર્થ :-**

**જેના પ્રભાવથી=શ્રુતની અલ્પ આશાતનાના પ્રભાવથી, ભવોદધિમાં અસંખ્યકાલ ભમી. અવિશેષને જાણનાર જડબુદ્ધિ એવી તું આવા પ્રકારની થઈ.**

અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને કહે છે, લઘુ એવી શ્રુતની આશાતના મદનમંજરીના ભવમાં તેં કરેલી. તેના કારણે બંધાયેલાં ક્લિષ્ટ કર્મોથી તું અસંખ્યાતકાળ ભવમાં ભમી અને વર્તમાનના ભવમાં વિશેષને જાણનાર ન થાય એવી જડ બુદ્ધિવાળી તે ક્લિષ્ટ કર્મોથી તું થઈ છું. **।।૮૨૭।।**

**શ્લોક :-**

**भावाः किंचानुवर्तन्ते, प्राग्भवाभ्यासतोऽङ्गिनाम् ।**
**पुरुषद्वेषिणी जाता, यत् त्वं मदनमञ्जरी ।।८२८।।**

**तथेहापि तथाभावाद्, ब्रह्मचर्यैकनिष्ठिता ।**
**उच्चैराकारिताऽसि त्वं, ब्राह्मणीति सखीजनैः ।।८२९।।**

**શ્લોકાર્થ :-**

**વળી, પૂર્વભવના અભ્યાસથી જીવોને ભાવો અનુસરે છે. જે કારણથી મદનમંજરી એવી તું પુરુષદ્વેષિણી થયેલ. તે પ્રમાણે=જે પ્રમાણે મદનમંજરી એવી તું પુરુષદ્વેષિણી થયેલ તે પ્રમાણે, અહીં પણ=સુલલિતાના ભવમાં પણ, તે પ્રકારના ભાવથી=પુરુષદ્વેષિણીપણાના ભાવથી, બ્રહ્મચર્ય એકનિષ્ઠિતા=બ્રહ્મચર્યમાં એક નિષ્ઠાવાળી, બ્રાહ્મણી છે એ પ્રકારે તું સખીઓ વડે અત્યંત બોલાવાયેલી છો.**

કોઈક ભવમાં કરાવાયેલો અભ્યાસ ઉત્તરના ભવમાં અનુસરે છે. તેથી મદનમંજરીના પૂર્વના ભવોમાં કરાયેલો અભ્યાસ મદનમંજરીના ભવમાં અનુસરે છે. તેથી મદનમંજરી વિદ્યાધરોને જોઈને દ્વેષ કરે છે, તે રીતે તે ભાવ સુલલિતાના ભવમાં પણ અનુસરે છે. તેથી તેને પુરુષદ્વેષ થાય છે આથી સખીઓ તેણીને બ્રાહ્મણી કહે છે. **॥૮૨૮-૮૨૯॥**

**શ્લોક :-**

**तत्किं मिलति ते वृत्तं, प्रोचे सुललिता ततः ।**
**आर्य ! किं न मिलत्यत्र, भवद्वचनविस्तरे ।।८३०।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી તારો વૃત્તાંત શું મળે છે ?=પૂર્વભવનો આ ભવ સાથેનો તારો વૃત્તાંત શું મળે છે ? એ પ્રમાણે અનુસુંદર ચક્રવર્તીએ કહ્યું. તેથી સુલલિતા બોલી. હે આર્ય ! આ તારા વચનવિસ્તારમાં શું મળતું નથી ?**

અનુસુંદર ચક્રવર્તી સુલલિતાને પ્રબોધ કરવાર્થે કહે છે. આ ભવમાં તું પુરુષદ્વેષિણી છો, એ પ્રમાણે સખીઓ વડે તું કહેવાઈ એ કથન શું તારા પૂર્વભવના વૃત્તાંત સાથે મળતું નથી ? તેથી સુલલિતા કહે છે, હે આર્ય અનુસુંદર ચક્રવર્તી ! તમારાં સર્વ કથનો અહીં મળે છે; કેમ કે મને આ પ્રકારે દ્વેષ થયો તે

અને હું મહાભદ્રા સાધ્વી સાથે આવી તે સર્વ કથન મને સ્વસંવેદનથી પ્રતીત છે અને તે તમે જોયેલું નહિ હોવા છતાં યથાર્થ કહો છો, તેથી તમારું સર્વ વચન સુસંગત છે. **॥૮૩૦॥**

**શ્લોક :-**

**केवलं मन्दभाग्याऽहं, तिष्ठामि तमसा वृता ।**
**वितन्यमानेऽप्यालोके, त्वद्वचोरविरश्मिभिः ॥८३१॥**

**શ્લોકાર્થ :-**

**કેવલ તારાં વચનોરૂપી સૂર્યનાં કિરણોથી પ્રકાશ વિસ્તાર કરાયે છતે પણ મંદભાગ્યવાળી એવી હું અંધકારથી ઘેરાયેલી રહું છું. ॥૮૩૧॥**

**શ્લોક :-**

**इत्युक्त्वा कर्मपङ्कस्य, क्षालनायैव बद्धधीः ।**
**प्रवृत्ता वर्षितुं बाला, विस्तारि नयनोदकम् ॥८३२॥**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે કહીને=શ્લોક-૮૩૧માં કહ્યું એ પ્રકારે કહીને કર્મરૂપી કાદવને ધોવા માટે જ બદ્ધ બુદ્ધિવાળી બાલા એવી સુલલિતા અશ્રુને પાડતી રડવા માટે પ્રવૃત્ત થઈ. ॥૮૩૨॥**

**શ્લોક :-**

**ततोऽनुसुन्दरः प्रोचे, मुञ्च खेदं नृपाङ्गजे ! ।**
**क्षीणप्रायान्तरायाऽसि, कुरु भक्तिं सदागमे ॥८३३॥**

**શ્લોકાર્થ :-**

**તેથી=સુલલિતા રડવા લાગી તેથી, અનુસુંદર બોલ્યો. હે રાજપુત્રી ! ખેદને મૂક. ક્ષીણપ્રાયઃ અંતરાયવાળી તું છો=જ્ઞાનમાં અંતરાય કરે તેવા મદનમંજરીના ભવમાં બાંધેલાં તારાં કર્મો ક્ષીણપ્રાયઃ છે. સદાગમમાં ભક્તિને કર. ॥૮૩૩॥**

શ્લોક :-

तत्त्वज्ञानमदो भक्तिमूलमेव हि देहिनाम् ।
धन्याऽसि त्वं समायाता, या सदागमसन्निधौ ।।८३४।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, જીવોને ભક્તિમૂલ જ=ગુણવાનની ભક્તિમૂલ જ, આ તત્ત્વજ્ઞાન છે. તું=સુલલિતા, ધન્ય છો જે સદાગમની સન્નિધિમાં આવી છો. ।।૮૩૪।।

શ્લોક :-

ततः सुललिताऽमीभिर्वचोभिः पाविताशया ।
सदागमोऽयमित्युच्चैः, पतिताऽऽचार्यपादयोः ।।८३५।।

શ્લોકાર્થ :-

તેથી=અનુસુંદર ચક્રવર્તીએ શ્લોક-૮૩૪માં કહ્યું એ પ્રકારે આશ્વાસન આપ્યું તેથી, આ વચનોથી=અનુસુંદર ચક્રવર્તીનાં પૂર્વમાં કહેવાયેલાં વચનોથી, પવિત્ર આશયવાળી સુલલિતા, “આ સદાગમ છે” એ પ્રકારે આચાર્યના=સમંતભદ્રસૂરિના, પગમાં અત્યંત પડી. ।।૮૩૫।।

શ્લોક :-

जगाद च जगन्नाथ !, त्वमेव शरणं मम ।
अज्ञानपङ्कमग्नायास्त्वमेवोद्धारकारकः ।।८३६।।

શ્લોકાર્થ :-

અને બોલી, હે જગતના નાથ ! તમે જ મને શરણ છો. અજ્ઞાનરૂપી કાદવમાં મગ્નને એવી મને તમે જ ઉદ્ધાર કરનારા છો. ।।૮૩૬।।

શ્લોક :-

सदागमस्य माहात्म्यात्, ततः संवेगगौरवात् ।
चेतःप्रह्वतया चास्या, बहु कर्म क्षयं गतम् ।।८३७।।

શ્લોકાર્થ :-

સદાગમના માહાત્મ્યથી તે સંવેગના ગૌરવથી=સદાગમના પગમાં પડીને સુલલિતા બોલે છે તે સંવેગના ગૌરવથી, આના=સુલલિતાના, ચિત્તના પ્રહ્વપણાને કારણે=સુલલિતાનું ચિત્ત સદાગમ પ્રત્યે નમ્રભાવવાળું થયું તે કારણે, ઘણું કર્મ ક્ષય પામ્યું. ।।૮૩૭।।

શ્લોક :-

जाता जातिस्मृतिर्दृष्टो, वृत्तान्तः प्राग्भवाश्रयः ।
पपातोत्थाय हृष्टाऽथ, साऽनुसुन्दरपादयोः ।।८३८।।

શ્લોકાર્થ :-

જાતિની સ્મૃતિ થઈ=જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવના આશ્રયવાળો વૃત્તાંત જોવાયો. હવે, તે=સુલલિતા, હર્ષિત થયેલી અનુસુંદરના પગમાં પડી. ।।૮૩૮।।

શ્લોક :-

जगाद च प्रसादात् ते, भगवत्संनिधेस्तथा ।
जातिस्मृतिर्ममोत्पन्ना, निर्विण्णाऽस्मि भवोदधेः ।।८३९।।

શ્લોકાર્થ :-

અને બોલી, તમારા પ્રસાદથી=અનુસુંદર ચક્રવર્તીના પ્રસાદથી અને ભગવાનની સન્નિધિથી=સમંતભદ્રસૂરિના સંનિધાનથી, મને જાતિસ્મરણ થયું. ભવોદધિથી હું નિર્વેદ પામી છું. ।।૮૩૯।।

શ્લોક :-

मन्दभाग्यामपि भवान्, भगवांश्चोद्दधार माम् ।
ततोऽनुसुन्दरः प्रोचे, गुणो भगवतो ह्ययम् ।।८४०।।

શ્લોકાર્થ :-

મંદ ભાગ્યવાળી પણ મને તમે=અનુસુંદર ચક્રવર્તીએ અને ભગવાને=

સમંતભદ્રસૂરિએ, ઉદ્ધાર કર્યો. તેથી=આ પ્રમાણે સુલલિતાએ કહ્યું તેથી, અનુસુંદર બોલ્યો. ભગવાનનો=સમંતભદ્રસૂરિનો આ ગુણ છે. ||૮૪૦||

શ્લોક :-

स्वभक्तमुद्धरत्येष, लोकमार्ये ! न संशयः ।
बद्धमप्यात्मचौर्येण, य एवं माममोचयत् ।।८४१।।

શ્લોકાર્થ :-

હે આર્યા સુલલિતા ! આ=ભગવાન, સ્વભક્ત એવા લોકનો ઉદ્ધાર કરે છે, તેમાં સંશય નથી. આત્મચૌર્યથી બદ્ધ એવા પણ મને જેમણે=આચાર્યએ, આ પ્રમાણે=મહાભદ્રા સાધ્વીને મોકલી એ પ્રમાણે, મુકાવ્યો. ||૮૪૧||

શ્લોક :-

आनीतो वर्त्मनाऽनेन, नरकप्रस्थितोऽप्यहम् ।
पापिष्ठा अपि भक्त्याऽस्य, मुच्यन्ते नात्र संशयः ।।८४२।।

શ્લોકાર્થ :-

નરકપ્રસ્થિત પણ હું આના દ્વારા=આચાર્ય દ્વારા, માર્ગથી લવાયો. આમની ભક્તિથી=આચાર્ય સમંતભદ્રની ભક્તિથી, પાપિષ્ઠ પણ જીવો મુકાય છે, એમાં સંશય નથી. ||૮૪૨||

શ્લોક :-

कार्या त्वया न कृच्छ्रेण, बुद्धाऽस्मीत्यवभावना ।
अकलङ्कादिभिः पूर्वं, यन्नाहमपि बोधितः ।।८४३।।

શ્લોકાર્થ :-

"મુશ્કેલીથી બોધ પામી છું" એ પ્રકારે અવભાવના તારા વડે=સુલલિતા વડે, કરવી જોઈએ નહીં. જે કારણથી હું પણ પૂર્વમાં અકલંક આદિ વડે બોધ પમાડાયો નહીં. ||૮૪૩||

**શ્લોક :-**

**तथाभव्यतया स्वस्य, पापकर्मव्यये सति ।**

**त्वत्तोऽपि ह्यतिकृच्छ्रेण, प्रबुद्धोऽहं जिनागमे ।।८४४।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, પાપકર્મનો વ્યય થયે છતે પોતાની તથાભવ્યતાને કારણે તારાથી પણ=સુલલિતાથી પણ, અતિ મુશ્કેલીથી જિનાગમમાં હું પ્રબોધ પામ્યો છું. ।।૮૪૪।।**

**શ્લોક :-**

**कालादिहेतुभिः पापं, यदा जन्तोर्विलीयते ।**

**तदाऽसौ बुध्यते तत्त्वं, गुरवः सहकारिणः ।।८४५।।**

**શ્લોકાર્થ :-**

**જ્યારે કાલાદિ હેતુઓથી=કાલાદિ પાંચ હેતુઓથી, જીવનું પાપ વિલય પામે છે, ત્યારે આ=જીવ તત્ત્વનો બોધ પ્રાપ્ત કરે છે. ગુરુઓ સહકારી છે.**

જીવના પાપવિલયને અનુકૂળ પાંચ કારણો મિલિત થાય છે, ત્યારે જીવના તત્ત્વના બોધમાં બાધક એવું ક્લિષ્ટ પાપ વિલય પામે છે. તેથી જીવને તત્ત્વનો બોધ થાય છે. તેથી એ પાંચ કારણો કાર્ય પ્રત્યે સાક્ષાત્ કારણ છે, જ્યારે ઉપદેશક ગુરુઓ સહકારી છે. કાર્યના નિષ્પાદનમાં સાક્ષાત્ કારણ નથી. **।।૮૪૫।।**

**શ્લોક :-**

**ततः सुललिता प्राह, विगता मेऽवभावना ।**

**किन्तु दीक्षां समादास्ये, पित्रोराज्ञां विना कथम् ।।८४६।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=અનુસુંદર ચક્રવર્તીએ સુલલિતાને ઉચિત અનુશાસન આપ્યું તેથી, સુલલિતા બોલી. મારી અવભાવના=હું કૃચ્છસાધ્ય છું એ પ્રકારનો મારો ખેદ, દૂર થયો. પરંતુ માતા-પિતાની આજ્ઞા વગર હું કઈ રીતે દીક્ષા ગ્રહણ કરીશ. ।।૮૪૬।।**

શ્લોક :-

दीक्षानामापि न ग्राह्यमननुज्ञातया मया ।
प्रतिज्ञातमिदं ह्यस्ति, पूर्वं ताताम्बयोः पुरः ।।८४७।।

શ્લોકાર્થ :-

અનનુજ્ઞાત એવી મારા વડે=માતા-પિતાથી અનુજ્ઞા નહીં અપાયેલી એવી સુલલિતા વડે, દીક્ષાનું નામ પણ ગ્રહણ કરવું નહીં. એ પૂર્વમાં માતા-પિતાની આગળ પ્રતિજ્ઞાત છે=મારા વડે પ્રતિજ્ઞા કરાયેલ છે. ।।૮૪૭।।

શ્લોક :-

ततोऽनुसुन्दरः प्राह, माऽऽर्ये ! भैषीस्तवागतौ ।
पितरौ बहलः कोलाहलश्चात्रान्तरेऽजनि ।।८४८।।

શ્લોકાર્થ :-

તેથી અનુસુંદર કહે છે, હે આર્યા સુલલિતા ! તું ભય પામ નહીં. તારાં માતા-પિતા આવ્યાં છે. એટલામાં મોટો કોલાહલ ઉત્પન્ન થયો. ।।૮૪૮।।

શ્લોક :-

सुमङ्गलान्वितश्चैत्ये, मनोनन्दनसंज्ञके ।
राजा मगधसेनोऽथ, प्रविष्टः सपरिच्छदः ।।८४९।।

શ્લોકાર્થ :-

હવે સુમંગલાથી અન્વિત રાજા મગધસેન મનોનંદન સંજ્ઞાવાળા ચૈત્યમાં પરિવાર સહિત પ્રવેશ્યો. ।।૮૪૯।।

શ્લોક :-

नत्वाऽर्हन्तं तथाऽऽचार्यं, साधून् सुललितानतः ।
नत्वाऽनुसुन्दरनृपं, निषण्णोऽसौ तदन्तिके ।।८५०।।

શ્લોકાર્થ :-

અરિહંતને નમસ્કાર કરીને અને આચાર્ય સાધુને નમસ્કાર કરીને

સુલલિતાથી નમસ્કાર કરાયેલો આ=મગધસેન રાજા, અનુસુંદર ચક્રવર્તીને નમીને તેની પાસે બેઠો. ॥૮૫૦॥

શ્લોક :-

सुमङ्गलाऽपि विहितनिःशेषप्रतिपत्तिका ।
स्थिता सुललितामूर्ध्न्याघ्रायालिङ्ग्य तदन्तिके ॥८५१॥

શ્લોકાર્થ :-

કરાયેલી નિઃશેષ પ્રતિપત્તિવાળી સુમંગલા પણ સુલલિતાને મસ્તકથી સૂંઘીને, આલિંગન કરીને તેની પાસે=સુલલિતાની પાસે, બેઠી. ॥૮૫૧॥

શ્લોક :-

आनन्दगद्गदगिरा, प्राह वत्से ! समुत्सुकौ ।
आवां त्वद्दर्शने त्यक्त्वा, राज्यं त्वत्पार्श्वमागतौ ॥८५२॥

શ્લોકાર્થ :-

આનંદથી ગદ્ગદ વાણી વડે સુમંગલા બોલી, હે વત્સ સુલલિતા ! તારા દર્શનમાં સમુત્સુક રાજ્યને છોડીને તારી પાસે અમે બંને આવ્યાં છીએ. ॥૮૫૨॥

શ્લોક :-

न प्राप्नोति रतिं वत्से !, जनकस्ते त्वया विना ।
तव स्नेहानले चैष, जनो दंदह्यते सदा ॥८५३॥

શ્લોકાર્થ :-

હે વત્સ ! સુલલિતા ! તારા વગર તારા પિતા રતિને પામતા નથી. તારા સ્નેહરૂપી અગ્નિમાં આ જન=તારા પિતા, સદા અત્યંત બળે છે. ॥૮૫૩॥

શ્લોક :-

वार्ताऽपि नावयोर्दत्ता, भवत्या तु कठोरया ।
अङ्गारोग्यादिसंसूचाकरी प्रेमाब्धिचन्द्रिका ॥८५४॥

શ્લોકાર્થ :-

વળી અંગના આરોગ્યાદિના સંસૂચનને કરનારી પ્રેમના સમુદ્રની ચંદ્રિકારૂપ વાર્તા પણ કઠોર એવી તારા વડે અમને બેને મોકલાઈ નથી. ।।૮૫૪।।

શ્લોક :-

ततः सुललिता प्राह, मातः ! किं बहुभाषितैः ।
निर्मिथ्यो युवयोः स्नेहः, शीघ्रं व्यक्तीभविष्यति ।।८५५।।

શ્લોકાર્થ :-

તેથી સુલલિતા કહે છે, હે માતા ! વધારે કહેવાથી શું ? તમારા બંનેનો નિર્મિથ્યા સ્નેહ શીઘ્ર વ્યક્ત થશે. ।।૮૫૫।।

શ્લોક :-

अहं दीक्षां ग्रहीष्यामि, नावं संसारवारिधेः ।
ततो यदि युवां मेऽद्य, वारणं न करिष्यथः ।।८५६।।

શ્લોકાર્થ :-

સંસારસમુદ્રની નાવ એવી દીક્ષાને હું ગ્રહણ કરીશ. તેથી તમે બંને મને આજે વારણ નહીં કરો. ।।૮૫૬।।

શ્લોક :-

ग्रहीष्यथस्तथा दीक्षां, निर्विकल्पं मया सह ।
यौष्माकीणस्तदा स्नेहः, प्रतीतिमुपयास्यति ।।८५७।।

શ્લોકાર્થ :-

અને મારી સાથે દીક્ષાને નિર્વિકલ્પ ગ્રહણ કરશો=વિકલ્પ કર્યા વગર સંયમને ગ્રહણ કરશો તો તમારા બંનેનો સ્નેહ પ્રતીતિને પામશે. ।।૮૫૭।।

શ્લોક :-

राजा मगधसेनस्तच्छ्रुत्वा प्राह सुमङ्गलाम् ।
आदावेव बबन्धेयं, देवि ! वत्साऽऽवयोर्मुखम् ।।८५८।।

શ્લોકાર્થ :-

રાજા મગધસેન તે સાંભળીને સુમંગલાને કહે છે, હે દેવી ! આ પુત્રીએ આપણા બંનેનાં મુખને આદિમાં જ બાંધ્યાં. ॥૮૫૮॥

શ્લોક :-

निर्बबन्ध दृढं चित्तं, दीक्षायां च कुतोऽन्यथा ।
ईदृग्वचनविन्यासः, स्यादस्या मोहनाशकृत् ।।८५९।।

શ્લોકાર્થ :-

અને દીક્ષામાં દઢ ચિત્તને બાંધ્યું. અન્યથા=દીક્ષામાં જો દઢ ચિત્ત ન હોત, તો આનો=સુલલિતાનો, મોહનાશને કરનારો આવા પ્રકારનો વચનવિન્યાસ ક્યાંથી હોય ? ॥૮૫૯॥

શ્લોક :-

अनया साधु च प्रोक्तं, युक्तमेवाधुनाऽऽवयोः ।
सहानया प्रव्रजनं, निर्मिथ्यस्नेहसूचकम् ।।८६०।।

શ્લોકાર્થ :-

અને આના વડે=સુલલિતા વડે, સુંદર કહેવાયું. હવે આપણે બંનેએ આની સાથે=સુલલિતાની સાથે, નિર્મિથ્ય સ્નેહનું સૂચક પ્રવ્રજન=દીક્ષા યુક્ત જ છે. ॥૮૬૦॥

શ્લોક :-

देवाज्ञैव प्रमाणं मे, प्राहेत्यथ सुमङ्गला ।
ततो हृष्टा सुललिता, पतिता पादयोर्द्वयोः ।।८६१।।

શ્લોકાર્થ :-

હવે સુમંગલા કહે છે, દેવની આજ્ઞા જ મને પ્રમાણ છે. તેથી હર્ષિત થયેલી સુલલિતા બંનેના પગમાં=માતા-પિતાના પગમાં પડી. ॥૮૬૧॥

શ્લોક :-

तया संक्षिप्यवृत्तान्तः कथितश्चानुसुन्दरः ।
चारित्रपरिणामोऽभूद्, भावतोऽपि ततस्तयोः ।।८६२।।

શ્લોકાર્થ :-

તેણી વડે=સુલલિતા વડે, સંક્ષેપ કરીને અનુસુંદરનો વૃત્તાંત કહેવાયો. તેથી=અનુસુંદરનો વૃત્તાંત સુલલિતાએ કહ્યો તેથી, તે બંનેને=માતા-પિતા બંનેને, ભાવથી પણ ચારિત્રનો પરિણામ થયો. ।।૮૬૨।।

શ્લોક :-

तावन्वमोदत गुरुस्ताभ्यां दीक्षार्थमर्थितः ।
अथोल्लसन्महानन्दमहोत्सवमनोहरम् ।।८६३।।
स्फुरज्ज्योतिर्दिगुद्योतिदेवसम्पातमद्भुतैः ।
मुखरं तूर्यनिर्घोषैर्भूरिभव्यैः समाकुलम् ।।८६४।।
मुनिवृन्दैस्तदापूर्णं, स्मयमानमिवाबभौ ।
अनुसुन्दरराजादिप्रव्रज्याऽवसरे वनम् ।।८६५।।

શ્લોકાર્થ :-

તે બંને દ્વારા=માતા-પિતા દ્વારા, દીક્ષા માટે પ્રાર્થના કરાયેલા ગુરુએ તે બંનેની=સુલલિતાના માતા-પિતા બંનેની અનુમોદના કરી. હવે ઉલ્લાસ પામતા મહાઆનંદના ઉત્સવથી મનોહર, સ્ફુરાયમાન થયેલી જ્યોતિવાળું, દિશાઓને ઉધત કરનારા દેવોના સંપાતવાળું, અદ્ભુત વાજિંત્રોના નિર્ઘોષથી મુખર, ઘણા ભવ્ય જીવોથી આકુલ, મુનિવૃંદોથી આપૂર્ણ, સ્મયમાનની જેમ તે વન અનુસુંદર રાજાદિના પ્રવ્રજ્યાના અવસરમાં શોભાયમાન થયું. ।।૮૬૩થી ૮૬૫।।

શ્લોક :-

ततो मगधसेनश्च, श्रीगर्भश्च महीपती ।
राज्यं पुरन्दरायैव, रक्षायै ददतुः स्वयम् ।।८६६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી મગધસેન અને શ્રીગર્ભ રાજાએ રક્ષા માટે પુરંદરને જ સ્વયં રાજ્ય આપ્યું. ॥૮૬૬॥

શ્લોક :-

विधिना तानि सर्वाणि, सूरिणा दीक्षितान्यथ ।
दत्ता संवेगवृद्ध्यर्थं, देशना च सुधोपमा ॥८६७॥

શ્લોકાર્થ :-

હવે, વિધિપૂર્વક સૂરિ વડે તે સર્વને દીક્ષા અપાઈ અને સંવેગની વૃદ્ધિ માટે અમૃતની ઉપમાવાળી દેશના અપાઈ. ॥૮૬૭॥

શ્લોક :-

ययुस्तदन्ते स्वस्थानं, देवा लोकाश्च भाविताः ।
साध्व्योऽपि च महाभद्राऽन्विता गुरुनिर्देशतः ॥८६८॥

શ્લોકાર્થ :-

તેના અંતમાં ભાવિત એવા લોકો અને દેવો સ્વસ્થાનમાં ગયા અને ગુરુના નિર્દેશથી મહાભદ્રાથી અન્વિત સાધ્વીઓ પણ સ્વસ્થાનમાં ગયાં. ॥૮૬૮॥

શ્લોક :-

अथादित्यो ययावस्तं, कृता चावश्यकक्रिया ।
स्वाध्यायलीनैर्मुनिभिः, प्रदोषश्चातिलङ्घितः ॥८६९॥

શ્લોકાર્થ :-

હવે સૂર્ય અસ્તને પામ્યો અને આવશ્યકક્રિયાઓ કરાઈ. સ્વાધ્યાયમાં લીન એવા મુનિઓ વડે રાત્રિનો પ્રથમ પ્રહર પસાર કરાયો. ॥૮૬૯॥

શ્લોક :-

लब्ध्वाऽभ्यन्तरसाम्राज्यं, मन्वानः कृतकृत्यताम् ।
विशुद्धध्यानमारूढो, राजर्षिरनुसुन्दरः ॥८७०॥

**શ્લોકાર્થ :-**

**અભ્યંતર સામ્રાજ્યને પામીને કૃતકૃત્યતાને માનતા અનુસુંદર રાજર્ષિ વિશુદ્ધ ધ્યાનમાં આરૂઢ થયા.**

પૂર્વમાં બાહ્ય સામ્રાજ્યવાળા હતા. હવે આત્માના નિરાકુળ સ્વભાવરૂપ અભ્યંતર સામ્રાજ્યને પામીને મારો જન્મ સફળ થયો છે, તેમ માનતા અનુસુંદર રાજર્ષિ વિશુદ્ધ ધ્યાનમાં આરૂઢ થયા. **॥૮૭૦॥**

**શ્લોક :-**

**ततो विशुद्ध्यमानाभिर्लेश्याभिः स महाशयः ।**
**आरुह्योपशमश्रेणीं, शान्तमोहः क्षणादभूत् ।।८७१।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=વિશુદ્ધ ધ્યાનમાં આરૂઢ થયેલા હોવાથી, વિશુદ્ધમાન લેશ્યા વડે તે મહાશય ઉપશમશ્રેણીને આરોહણ કરીને ક્ષણથી શાંત મોહવાળા થયા. ॥૮૭૧॥**

**શ્લોક :-**

**निर्याणकालं विज्ञाय, तस्मिन्नेव क्षणे स्थिताः ।**
**समाधिकारिणोऽभ्यर्णे, मुनयो गुरुशासनात् ।।८७२।।**

**શ્લોકાર્થ :-**

**મૃત્યુનો કાળ જાણીને તે જ ક્ષણમાં ગુરુના અનુશાસનથી સમાધિને કરનારા મુનિઓ પાસે રહ્યા.**

અનુસુંદર ચક્રવર્તીના આયુષ્યનો પૂર્ણકાલ થયો છે, તેમ જાણીને ગુરુએ સમાધિની વૃદ્ધિ કરે તેવા મુનિઓને પાસે રાખ્યા. **॥૮૭૨॥**

**શ્લોક :-**

**अत्रान्तरे च तस्यायुः, समाप्तं स ततो वपुः ।**
**त्यक्त्वा सर्वार्थसिद्ध्याख्ये, विमानेऽभूत् सुरोत्तमः ।।८७३।।**

શ્લોકાર્થ :-

અને એટલામાં તેનું=અનુસુંદર રાજર્ષિનું, આયુષ્ય પૂર્ણ થયું. તેથી દેહનો ત્યાગ કરીને તે=અનુસુંદર રાજર્ષિ, સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં શ્રેષ્ઠ દેવ થયા. ॥૮૭૩॥

શ્લોક :-

अनुसुन्दरराज्ञस्तं, ज्ञात्वा व्यतिकरं प्रगे ।
मिलितः सकलः संघो, विधिनाऽत्याजि तद्वपुः ।।८७४।।

શ્લોકાર્થ :-

અનુસુંદર રાજાના તે પ્રસંગને જાણીને પ્રભાતમાં સકલ સંઘ મળ્યો. વિધિથી તેમના શરીરનો ત્યાગ કર્યો. ॥૮૭૪॥

શ્લોક :-

कृता नरामरैः पूजा, तस्य तद्गुणरञ्जितैः ।
अनुसुन्दरवृत्तान्ते, तूर्णं जातेऽथ तादृशे ।।८७५।।
स्वधर्मदत्वरागेण, प्राग्भवस्नेहतस्तथा ।
चित्ते सुललिता साध्वी, मनाक् शोकेन पीडिता ।।८७६।।

શ્લોકાર્થ :-

તેના ગુણોથી રંજિત=અનુસુંદરના ગુણોથી રંજિત, એવા મનુષ્યો અને દેવો વડે તેની=અનુસુંદર ચક્રવર્તીના દેહની પૂજા કરાઈ. હવે શીઘ્ર અનુસુંદરનો તેવો વૃત્તાંત થયે છતે=દીક્ષા પછી તરત કાળધર્મ પામ્યા તેવો વૃત્તાંત થયે છતે, સ્વધર્મદત્વના રાગથી=પોતાને ધર્મ આપ્યો છે તે પ્રકારના રાગથી અને પૂર્વભવના સ્નેહથી સુલલિતા સાધ્વી ચિત્તમાં થોડાક શોકથી પીડિત થયાં. ॥૮૭૫-૮૭૬॥

શ્લોક :-

तस्याः शोकापनोदाय, ततस्ते सूरिवासवाः ।
शृण्वत्सु सर्वसभ्येषु, वाचमेवं वितेनिरे ।।८७७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=સુલલિતા સાધ્વી શોકાતુર થયાં ત્યારપછી, તેમના શોકને દૂર કરવા માટે આચાર્ય સર્વ સભા સાંભળે છતે આ રીતે વાણીને વિસ્તારે છે=આગળમાં કહે છે, એ પ્રમાણે ઉપદેશ આપે છે. ॥૮૭૭॥

શ્લોક :-

आर्ये ! न शोचनीयोऽसौ, नृशार्दूलो महाशयः ।
पूर्वकोट्यायुषा साध्यमह्नैकेनाप्यवाप यः ॥८७८॥

શ્લોકાર્થ :-

હે આર્યા સુલલિતા ! મનુષ્યોમાં સિંહ જેવા આ મહાશય શોચનીય નથી. જેમણે પૂર્વ કોટિના આયુષ્યથી સાધ્ય એવું ઉત્તમ ચિત્ત એક જ દિવસમાં પ્રાપ્ત કર્યું. ॥૮૭૮॥

શ્લોક :-

सर्वार्थसिद्धिं संप्राप्तो, नरकाभिमुखोऽपि यः ।
स कथं शोच्यतामेति, धीरो ध्वस्तद्विषद्बलः ॥८७९॥

શ્લોકાર્થ :-

નરકને અભિમુખ પણ જે=અનુસુંદર, સર્વાર્થસિદ્ધિને પામ્યા. નાશ કર્યો છે શત્રુનો બલ જેમણે એવા, ધીર તે=અનુસુંદર, કેવી રીતે શોચ્યતાને પામે. ॥૮૭૯॥

શ્લોક :-

जीवन्नपि सतां शोच्यो, नरः संयमदुर्बलः ।
न पुनः संयमे धीरो, मृतोऽप्यानन्दभाजनम् ॥८८०॥

શ્લોકાર્થ :-

સંયમમાં દુર્બલ નર જીવતો પણ સંતોને શોચ્ય છે. વળી સંયમમાં ધીર, આનંદનું ભાજન, મરેલો પણ શોચ્ય નથી.

સુલલિતાના શોકના નિવારણ અર્થે આચાર્ય માર્ગાનુસારી ઉપદેશ આપતાં કહે છે કે કોઈ સાધુ સંયમમાં શિથિલ હોય તેવો જીવ તે જીવતો હોય તોપણ વિવેકીઓને શોક થાય છે કે સંયમ ગ્રહણ કરીને પણ આનો મનુષ્યભવ નિષ્ફળ છે, પરંતુ જે મહાત્મા સંયમમાં ધીર છે તે આનંદનું ભાજન છે, તેથી મૃત્યુ પામે તોપણ તેનો શોક કરાય નહીં. **॥૮૮૦॥**

**શ્લોક :-**

**सद्धर्मधनयुक्तस्य, मरणेऽपि महोत्सवः ।**
**बिभेति मृत्योः स पुनर्यो धर्मधनवर्जितः ।।८८१।।**

**શ્લોકાર્થ :-**

**સદ્ધર્મરૂપી ધનથી યુક્ત એવા જીવના મરણમાં પણ મહોત્સવ છે=તે જીવે છે ત્યારે તો લોકો તેને જોઈને હર્ષિત થાય છે પરંતુ તેઓ મૃત્યુ પામે ત્યારે પણ હર્ષની અભિવ્યક્તિને કરનાર મહોત્સવ કરે છે. વળી જે ધર્મધનથી વર્જિત છે, તે મૃત્યુથી ડરે છે. ॥૮૮૧॥**

**શ્લોક :-**

ज्ञानदर्शनचारित्रतपोरूपाऽऽत्मजीवितम् ।
आराधनाचतुःस्कन्धा, यस्य स्यात् तस्य किं मृतम् ।।८८२।।

**શ્લોકાર્થ :-**

**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ આરાધનાના ચાર સ્કંધો જેના આત્મજીવિત થાય તેનું શું મરેલું છે ?=તેનું કાંઈ નાશ થયું નથી. ॥૮૮૨॥**

**શ્લોક :-**

प्रक्षालिताघपङ्का ये, मृताः पण्डितमृत्युना ।
सतां ते हर्षदातारो, न तु शोच्याः कदाचन ।।८८३।।

**શ્લોકાર્થ :-**

**પ્રક્ષાલિત કર્યો છે પાપરૂપી કાદવ જેમણે એવા જેઓ પંડિતમૃત્યુથી**

મર્યા છે, તેઓ સંતપુરુષોને હર્ષને આપનારા છે. વળી, ક્યારેય શોચ્ય નથી. ।।૮૮૩।।

શ્લોક :-

सिद्धस्वकार्य इत्यार्ये !, न शोच्यस्तेऽनुसुन्दरः ।
अनुमोद्यः परं धर्मधीरः कल्याणभाजनम् ।।८८४।।

શ્લોકાર્થ :-

હે આર્ય ! સુલલિતા ! સિદ્ધ થયેલા છે સ્વકાર્યવાળા અનુસુંદરમુનિ તને શોચ્ય નથી, પરંતુ ધર્મધીર, કલ્યાણનું ભાજન અનુમોદ્ય છે. ।।૮૮૪।।

શ્લોક :-

च्युत्वा स्थितिक्षयात्, तस्मात्, पुष्करार्धस्य भारते ।
गान्धारराजपुत्रोऽसावयोध्यायां भविष्यति ।।८८५।।

શ્લોકાર્થ :-

ત્યાંથી=સર્વાર્થસિદ્ધમાંથી, સ્થિતિના ક્ષયને કારણે ચ્યવીને પુષ્કરાર્ધના ભરતક્ષેત્રમાં ગાંધાર રાજપુત્ર એવો આ=અનુસુંદર, અયોધ્યાનગરીમાં થશે. ।।૮૮૫।।

શ્લોક :-

नाम्ना चामृतसारोऽसौ, पद्मिनीहृदयप्रियः ।
लास्यत्युद्यौवनो दीक्षां, विपुलाशयसन्निधौ ।।८८६।।

શ્લોકાર્થ :-

પદ્મિનીના હૃદયને પ્રિય નામથી અમૃતસાર એવો આ=અમૃતસાર, વિપુલાશયની સન્નિધિ હોતે છતે, ખીલતા યૌવનવાળો દીક્ષાને ગ્રહણ કરશે. ।।૮૮૬।।

શ્લોક :-

कृत्वा तीव्रं तपो हत्वा, ततः कर्मकदम्बकम् ।
भवप्रपञ्चं संत्यज्य, शिवसद्मनि यास्यति ।।८८७।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=દીક્ષા ગ્રહણ કર્યા પછી, તીવ્ર તપ કરીને કર્મના સમૂહને હણીને, ભવના વિસ્તારને છોડીને શિવરૂપ મંદિરમાં જશે. ॥૮૮૭॥

શ્લોક :-

तत् सर्वथा प्रमोदस्य, कारणं भव्यदेहिनाम् ।
आर्येऽनुसुन्दरो नैव, शोकसन्तापकारणम् ।।८८८।।

શ્લોકાર્થ :-

તે કારણથી=સર્વાર્થસિદ્ધના ઉત્તરમાં મનુષ્યભવ પામીને મોક્ષમાં જશે તે કારણથી, ભવ્ય જીવોને સર્વથા પ્રમોદનું કારણ છે. હે આર્યા ! સુલલિતા ! અનુસુંદર શોકસંતાપનું કારણ નથી જ. ॥૮૮૮॥

શ્લોક :-

पौण्डरीकमुनिः प्राह, प्रणम्यात्रान्तरे गुरून् ।
भावि वृत्तमिदं नाथैस्तस्य प्रोक्तं महात्मनः ।।८८९।।

શ્લોકાર્થ :-

એટલામાં ગુરુને પ્રણામ કરીને પૌંડરીક મુનિ બોલ્યા. તે મહાત્માનું=અનુસુંદર રાજર્ષિનું, આ ભાવિ વૃત્તાંત નાથ વડે કહેવાયું. ॥૮૮૯॥

શ્લોક :-

चित्तवृत्तौ पुनर्भावि, किमिति प्रतिपाद्यताम् ।
गुरुराह भवे तत्रामृतसारमहात्मनः ।।८९०।।
क्षान्तिर्दया च ये कान्ते, मृदुतासत्यते च ये ।
ऋजुताचौरते ये च, ये ब्रह्मरतिमुक्तते ।।८९१।।
विद्यानिरीहते ये च, यच्च लीनं पुरा स्थितम् ।
सैन्यं चारित्रधर्माद्यं, तत् सर्वं पार्श्वमेष्यति ।।८९२।।

**શ્લોકાર્થ :-**

**વળી ચિત્તવૃત્તિમાં શું થવાનું છે, તે પ્રતિપાદન કરો=અનુસુંદર ચક્રવર્તીની ચિત્તવૃત્તિમાં મોહના સામ્રાજ્યનું અને ચારિત્રના સામ્રાજ્યનું શું થવાનું છે ? તે પ્રતિપાદન કરો. ગુરુ કહે છે, અમૃતસાર મહાત્માના તે ભવમાં=ચરમભવમાં, ક્ષાન્તિ, દયા, જે બે સ્ત્રીઓ છે, મૃદુતા અને સત્યતા જે બે સ્ત્રીઓ છે, ઋજુતા અને અચૌરતા જે બે સ્ત્રીઓ છે, બ્રહ્મરતિ અને મુક્તતા જે બે સ્ત્રીઓ છે, વિદ્યા અને નિરીહતા જે બે સ્ત્રીઓ છે અને ચારિત્રધર્મરાજા આદ્યમાં છે જેને એવું સૈન્ય જે પૂર્વમાં લીન રહેલું તે સર્વ પાસે આવશે.**

જે જીવને જ્યાં અધિક રુચિ હોય ત્યાં જ તેને જિજ્ઞાસા થાય તેમ પૌંડરીકમુનિને ચિત્તવૃત્તિના પરમાર્થને જ જાણવામાં વિશેષ રુચિ છે તેથી ગુરુને તેના વિષયમાં જ પ્રશ્ન કરે છે અને ગુરુ કહે છે –

અનુસુંદરના ભવમાં ક્ષાંતિ આદિ દશ કન્યાઓ અને ચારિત્ર ધર્માદિનું સૈન્ય પાસે વિદ્યમાન હતું, તે દેવભવમાં લીન થાય છે; કેમ કે અવિરતિના ઉદયને કારણે તે સર્વ ભાવો પ્રગટ થતા નથી, પરંતુ અમૃતસારના ભવમાં તે સર્વ પ્રગટ થશે. **॥૮૯૦થી ૮૯૨॥**

**શ્લોક :-**

**प्रियाश्चान्या धृतिः श्रद्धा, मेधा विविदिषा सुखाः ।**
**मैत्रीप्रमुदितोपेक्षाविज्ञप्तिकरुणादिकाः ।।८९३।।**
**सुखं तस्य प्रदास्यन्ति, भावराज्यं स लप्स्यते ।**
**करिष्यति गुणैः शुभ्रैश्चित्तवृत्तिं सुनिर्मलाम् ।।८९४।।**

**શ્લોકાર્થ :-**

**અને અન્ય ધૃતિ, શ્રદ્ધા, મેધા, વિવિદિષા, સુખા, મૈત્રી, પ્રમુદિતા, ઉપેક્ષા, વિજ્ઞપ્તિ કરુણાદિક પ્રિયાઓ તેને=અમૃતસારને, સુખ આપશે. તે=અમૃતસાર, ભાવરાજ્યને પ્રાપ્ત કરશે, શુભ્રગુણો વડે સુનિર્મલ એવી ચિત્તવૃત્તિને કરશે.**

અમૃતસારને ક્ષાન્ત્યાદિ ગુણો જે પૂર્વમાં અભ્યસ્ત છે, તે સર્વ પ્રગટ થશે, તે સિવાયની અન્ય પણ ધૃતિ આદિની પરિણતિઓ પ્રગટ થશે. જેથી અનુસુંદર ચક્રવર્તીના ભવોમાં જેવી નિર્મલ ચિત્તવૃત્તિ હતી, તેવી કે તેના કરતાં પણ સુનિર્મલ ચિત્તવૃત્તિને તે કરશે. **॥૮૯૩-૮૯૪॥**

**શ્લોક :-**

**आरूढः क्षपकश्रेणिं, ततश्चैष महाबलः ।**
**निहत्य घातिलुण्टाकान्, केवलालोकमाप्स्यति ।।८९५।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ચિત્તવૃત્તિ નિર્મલ થશે તેથી, ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા એવા મહાબલ આ=અમૃતસાર, ઘાતિ લૂંટારાઓને હણીને કેવલાલોકને=કેવલજ્ઞાનને, પ્રાપ્ત કરશે. ॥૮૯૫॥**

**શ્લોક :-**

**अनुगृह्य ततो विश्वं, समुद्घातं विधाय च ।**
**योगान्निरुध्य शैलेशीं, प्राप्य यास्यति निर्वृतौ ।।८९६।।**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી વિશ્વ ઉપર અનુગ્રહ કરીને=કેવલજ્ઞાન પામ્યા પછી યોગ્ય જીવોનો ઉપકાર કરીને અને સમુદ્‌ઘાત કરીને, યોગોનો નિરોધ કરીને, શૈલેશીને પ્રાપ્ત કરીને નિર્વૃતિમાં જશે. ॥૮૯૬॥**

**શ્લોક :-**

**तस्यां च भोक्ष्यते पुर्यां, भावराज्यफलं महत् ।**
**अनन्तज्ञानसम्यक्त्ववीर्यानन्दविलासभाग् ।।८९७।।**

**શ્લોકાર્થ :-**

**અને તે નગરીમાં=મોક્ષ નગરીમાં, અનંતજ્ઞાન, સમ્યક્ત્વ, વીર્ય, આનંદ-વિલાસવાળા ભાવરાજ્યના મોટા ફલને ભોગવશે. ॥૮૯૭॥**

શ્લોક :-

इतश्च तेन दुर्भार्या, त्यक्ता सा भवितव्यता ।
परिक्षीणे महामोहबले शोकं करिष्यति ।।८९८।।

શ્લોકાર્થ :-

અને આ બાજુ તેના વડે ત્યાગ કરાયેલી તે દુર્ભાર્યા એવી ભવિતવ્યતા, મહામોહબલ પરિક્ષીણ થયે છતે શોકને કરશે. ।।૮૯૮।।

શ્લોક :-

मोहादीनां कृतः पक्षो, जानत्याऽप्यस्थिरो यया ।
मया भग्नाशया प्राप्तं, तया यद्गीयतेऽर्भकैः ।।८९९।।
इदं च तत् ।

શ્લોકાર્થ :-

જાણતી એવી પણ જેના વડે=ભવિતવ્યતા વડે, અસ્થિર એવા મોહાદિનો પક્ષ કરાયો. બાળકો વડે જે ગવાય છે ભગ્ન આશાવાળી એવી તે મારા વડે પ્રાપ્ત કરાયું અને આ=આગળમાં બતાવે છે એ, તે છે=બાળકો વડે ગવાય છે તે છે. ।।૮૯૯।।

શ્લોક :-

"ध्रुवाणि यः परित्यज्य, अध्रुवाणि निषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति, अध्रुवं नष्टमेव च" ।।९००।।

શ્લોકાર્થ :-

જે ધ્રુવોનો ત્યાગ કરીને, અધ્રુવોને સેવે છે, તેના ધ્રુવો નાશ પામે છે અને અધ્રુવ નષ્ટ જ છે.

અનુસુંદર ચક્રવર્તી મોક્ષમાં જાય છે, ત્યારે તેમાં રહેલી ભવિતવ્યતા નામની દુર્ભાર્યા તેના વડે ત્યાગ કરાય છે; કેમ કે સિદ્ધ અવસ્થામાં ગયા પછી તે જીવ કોઈ સ્વરૂપે ભવિતવ્ય નથી, પરંતુ ધ્રુવ સિદ્ધ અવસ્થા સ્વરૂપે જ રહેશે. તેથી તે

જીવ ભવિતવ્ય નહીં હોવાથી તેમાં ભવિતવ્યતારૂપ પરિણતિ પણ નથી અને આ ભવિતવ્યતા જીવને નરક, નિગોદ આદિ ભવોમાં ગુટિકાઓ આપીને લઈ જનાર હોવાથી દુર્ભાર્યા હતી; કેમ કે મહામોહનો પક્ષપાત કરનારી હતી અને મહામોહનું બળ નાશ થાય છે ત્યારે તે શોક કરે છે. કેમ શોક કરે છે, એથી કહે છે તે જાણે છે કે મહામોહાદિ જીવના અસ્થિર ભાવો છે અંતરંગ ગુણસંપત્તિ જ સ્થિરભાવો છે, છતાં ભવિતવ્યતાએ મહામોહાદિનો પક્ષ કર્યો. એથી ભગ્ન આશયવાળી તે શોકને પામી. કેમ શોકને પામી, તેમાં કારણ બતાવે છે, જેમ બાળકો પણ કહે છે કે જેઓ ધ્રુવને છોડીને અધ્રુવને સેવે છે તેઓના ધ્રુવો પણ નાશ પામે છે, અધ્રુવ પણ નાશ પામે છે અને ભવિતવ્યતાએ ધ્રુવ એવા ગુણોને છોડીને અધ્રુવ એવા મહામોહાદિને સેવ્યા તેથી ભવિતવ્યતાના ધ્રુવો પણ નાશ પામે છે=ધ્રુવ ગુણો સાથે ભવિતવ્યતાનો યોગ થતો નથી અને અધ્રુવ એવા મહામોહાદિ નાશ પામે છે, તેથી શોકનો પ્રસંગ ઉત્પન્ન થયો. **॥૯૦૦॥**

**શ્લોક :-**

**मुह्यत्येव जनः सर्वो, यद्वा स्वीयप्रयोजने ।**
**तत् को दोषो ममेत्येषा, प्रहास्यत्यवभावनाम् ।।९०१।।**

**શ્લોકાર્થ :-**

**અથવા પોતાના પ્રયોજનમાં સર્વ પણ જીવ મોહ પામે જ છે. તે કારણથી મારો શું દોષ છે ? એ પ્રમાણે આ=ભવિતવ્યતા, અવભાવનાનો ત્યાગ કરે છે.**

ભવિતવ્યતા અમૃતસાર દ્વારા મોક્ષગમન વખતે ત્યાગ કરાઈ. તેથી તે શોક કરે છે, પરંતુ ફરી મનનું સમાધાન કરતાં વિચારે છે કે સંસારી સર્વ જીવો પોતાના પ્રયોજનમાં મોહ પામે છે; કેમ કે સુખના અર્થી એવા જીવો વર્તમાનમાં ક્લેશ કરી દુઃખી થાય છે અને ભાવિ દુઃખને પામે છે, તે સર્વ તેઓનો મોહ જ છે. તેમ ભવિતવ્યતા વિચારે છે કે મારો પણ શું દોષ છે ? કેમ કે મોહને વશ જ મેં અસ્થિર એવા મોહાદિનો પક્ષ કર્યો. આ પ્રમાણે વિચારીને ભવિતવ્યતા મોહાદિનો ખોટો પક્ષ મેં કર્યો, એ પ્રમાણે અવભાવનાનો ત્યાગ કરે છે. **॥૯૦૧॥**

શ્લોક :-

आन्तरं तदिदं प्रोक्तमानुसुन्दरचेष्टितम् ।
श्रुत्वेदं मुदिताः सर्वे, पुण्डरीकादिसाधवः ।।९०२।।

શ્લોકાર્થ :-

**તે આ=અત્યાર સુધી વર્ણન કર્યું તે આ, અંતરંગ અનુસુંદર ચેષ્ટિત કહેવાયું. આ સાંભળીને પુંડરીકાદિ સર્વ સાધુઓ આનંદિત થયા. ॥૯૦૨॥**

શ્લોક :-

जहौ सुललिता शोकं, संविग्ना च व्यचिन्तयत् ।
पूर्वाबोधमपेक्ष्याहं, यथाऽस्मि गुरुकर्मिका ।।९०३।।

શ્લોકાર્થ :-

**સુલલિતાએ શોકનો ત્યાગ કર્યો અને સંવેગ પામેલી સુલલિતાએ વિચાર કર્યો. પૂર્વઅબોધની અપેક્ષાએ જે પ્રમાણે હું ગુરુકર્મી છું.**

સુલલિતાના ભવમાં સાધ્વી સાથે રહેવા છતાં મને તત્ત્વનો બોધ થતો ન હતો તે અપેક્ષાએ હું ગુરુકર્મી જ છું. **॥૯૦૩॥**

શ્લોક :-

तदिदं जीवरत्नं मे, विना तीव्रतपोऽग्निना ।
न शुद्ध्यतीति संचिन्त्य, सा गुरूणामनुज्ञया ।।९०४।।
कर्तुं तपांसि कष्टानि, प्रवृत्ता विपुलोद्यमा ।
तद्गात्रं रत्नकनकावलीश्रीपात्रतां ययौ ।।९०५।।

શ્લોકાર્થ :-

**તે કારણથી=હું ગુરુકર્મી છું તે કારણથી, મારું આ જીવરત્ન તીવ્ર તપરૂપ અગ્નિ વગર શુદ્ધ થતું નથી. એ પ્રમાણે વિચારીને ગુરુની અનુજ્ઞાથી તે=સુલલિતા, વિપુલ ઉદ્યમવાળી તપોનાં કષ્ટોને કરવા માટે પ્રવૃત્ત થઈ. તેનું ગાત્ર=સુલલિતાનો દેહ, રત્ન અને કનકાવલીરૂપ લક્ષ્મીની**

**પાત્રતાને પામ્યું.**

સુલલિતા સાધ્વી મોહનાશને અનુકૂળ વિપુલ ઉદ્યમવાળી થઈને વિશિષ્ટ કષ્ટકારી તપો કરે છે. જેનાથી તેનો દેહ રત્ન અને કનકાવલીરૂપી લક્ષ્મીથી શોભાને પામ્યો. **॥૯૦૪-૯૦૫॥**

**શ્લોક :-**

**लघुभिश्च महद्भिश्च, सिंहनिष्क्रीडितैस्तया ।**
**त्रासिताः कर्मणां भेदाः, कलभा यूथपास्तथा ।।९०६।।**

**શ્લોકાર્થ :-**

**લઘુ અને મોટા સિંહ નિષ્ક્રીડિત એવાં તપો વડે તેના દ્વારા=સુલલિતા સાધ્વી દ્વારા, તે પ્રકારે કર્મના ભેદો ત્રાસિત કરાયા. જે પ્રકારે યૂથને પાલન કરનારા એવા હાથીઓથી સહિત એવા હાથીઓનાં બચ્ચાંઓ સિંહના અવાજથી ત્રાસ પામે. ॥૯૦૬॥**

**શ્લોક :-**

**तस्या भद्रामहाभद्रे, सर्वतोभद्रिका तथा ।**
**भद्रोत्तरा च प्रतिमा, भद्राद्वैतं वितेनिरे ।।९०७।।**

**શ્લોકાર્થ :-**

**તેણીથી=સુલલિતા સાધ્વીથી, ભદ્રા, મહાભદ્રા અને સર્વતોભદ્રા અને ભદ્રોત્તરા પ્રતિમાઓ વહન કરાઈ. ભદ્રાદ્વૈત વિસ્તાર કરાયો.**

સાધુની વિશિષ્ટ પ્રકારની પ્રતિમાઓ છે તે ભદ્રા-મહાભદ્રા આદિ છે તે સર્વ પ્રતિમાઓને સુલલિતા સાધ્વીએ તે રીતે સેવી જેથી ભદ્રા આદિ પ્રતિમાઓ સાથે અદ્વૈત પ્રાપ્ત થયું=પ્રતિમામય માનસવાળાં તે સાધ્વી થયાં. **॥૯૦૭॥**

**શ્લોક :-**

**आचाम्लवर्धमानेन, भावसायुज्यमीयुषा ।**
**प्रवर्धमानस्तद्भावः, प्लावयामास पातकम् ।।९०८।।**

**શ્લોકાર્થ :-**

**ભાવસાયુજ્યને પ્રાપ્ત કરતા એવા વર્ધમાન આયંબિલથી પ્રવર્ધમાન એવા તેના ભાવે પાતકને=પાપને પ્લાવયન કર્યાં.**

સુલલિતા સાધ્વી આત્માના નિરાકુળ ભાવ સાથે એકત્વને પામે એવું આયંબિલ તપને કર્યું અને આયંબિલ તપની વૃદ્ધિથી મોક્ષને અનુકૂળ એવો પ્રવર્ધમાન ભાવ થયો અને તે ભાવથી ઘણાં પાપો નાશ પામ્યાં. **॥૯૦૮॥**

**શ્લોક :-**

**चान्द्रायणं चरन्त्या च, चन्द्रिकासमया तया ।**
**द्योतितं स्वकुलव्योम, ध्वस्तं च ध्वान्तमान्तरम् ।।९०९।।**

**શ્લોકાર્થ :-**

**અને ચાંદ્રાયણ આચરતી ચંદ્રિકા સમાન એવી તેણી વડે સ્વકુલરૂપી આકાશ ધોતિત કરાયું અને અંતરંગ અંધકાર નાશ કરાયો.**

જેમ ચંદ્રિકા આકાશને દ્યોતિત કરે છે, તેમ સુલલિતા સાધ્વીએ ચાંદ્રાયણ તપનું આચરણ કરીને ચંદ્રિકા જેવાં થયાં અને તેનાથી પોતાનું સંયમરૂપી કુલ એ રૂપ આકાશને દ્યોતિત કર્યું અને આત્મામાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર નાશ કર્યો; કેમ કે તે તપ દ્વારા ભેદજ્ઞાન પ્રકાશિત કર્યું કે જેથી આત્માનો નિરાકુલ સ્વભાવ તે સાધ્વીને અત્યંત સ્પષ્ટ સ્પષ્ટતર દેખાય છે. **॥૯૦૯॥**

**શ્લોક :-**

**संसेव्य यवमध्यानि, वज्रमध्यानि चादरात् ।**
**निःस्पृहा मोक्षमार्गस्य, मध्यमध्यासितेव सा ।।९१०।।**

**શ્લોકાર્થ :-**

**આદરથી યવમધ્ય અને વજમધ્ય તપોને સેવીને નિઃસ્પૃહી એવાં તે= સુલલિતા સાધ્વી, મોક્ષમાર્ગના મધ્યમાં અધ્યાસિત જ થયાં.**

શાસ્ત્રમાં બતાવેલા યવમધ્ય અને વજમધ્યાદિ તપોને તે પ્રકારે આદરથી સુલલિતા સાધ્વીએ સેવ્યાં કે જેથી નિઃસ્પૃહ ચિત્ત અત્યંત થયું. જેના કારણે મોક્ષમાર્ગના મધ્યમાં વિશિષ્ટ રીતે તેઓ પ્રાપ્ત થયાં. **॥૯૧૦॥**

**શ્લોક :-**

**एवमादितपोभिः सा, क्षालयन्ती स्वकल्मषम् ।**
**वाहिनीव स्थिता शुद्धध्यानपूरप्रवाहिनी ।।९११।।**

**શ્લોકાર્થ :-**

**આ વગેરે તપોથી=પૂર્વમાં વર્ણન કર્યું એ વગેરે તપોથી, સ્વકલ્મષને=પોતાના કર્મરૂપી કાદવને, ધોતાં એવાં તે=સુલલિતા સાધ્વી, શુદ્ધ ધ્યાનરૂપી પૂરના પ્રવાહિની જેમ=નદીની જેમ, તે સાધ્વી રહ્યાં.**

જેમ નદી પાણીના પ્રવાહને વહન કરે છે, તેમ શુદ્ધ ધ્યાનના પૂરના પ્રવાહને વહન કરનારાં તે સાધ્વી થયાં. કઈ રીતે થયાં ? એથી કહે છે, પૂર્વમાં બતાવાયેલાં તપોથી પોતાના કર્મરૂપી કાદવ દૂર થવાથી તે સાધ્વીનું નિર્મળ થયેલું ચિત્ત શુદ્ધ ધ્યાનરૂપી પૂરને વહન કરનારું થયું. **॥૯૧૧॥**

**શ્લોક :-**

**इतश्च पौण्डरीकोऽपि, कृतश्रुतदृढोद्यमः ।**
**जातः क्रमेण गीतार्थो, भावितात्मा जितेन्द्रियः ।।९१२।।**

**શ્લોકાર્થ :-**

**અને આ બાજુ પૌંડરીક પણ કરાયેલા શ્રુતના દૃઢ ઉદ્યમવાળા ક્રમથી ભાવિત આત્મા, જિતેન્દ્રિય ગીતાર્થ થયા.**

પૌંડરીક મુનિ પણ દીક્ષા ગ્રહણ કર્યા પછી શ્રુતમાં સતત દૃઢ ઉદ્યમવાળા છે. શ્રુતથી સતત આત્માને ભાવિત કરે છે. પાંચ ઇન્દ્રિયોના સંવરવાળા થયેલા હોવાથી જિતેન્દ્રિય થયા અને શાસ્ત્રના અધ્યયનથી ગીતાર્થ થયા. **॥૯૧૨॥**

**શ્લોક :-**

**पप्रच्छ सारं जिज्ञासुस्ततोऽसौ विनयाद् गुरुम् ।**
**भगवन् ! द्वादशाङ्गस्य, किं सारमिति कथ्यताम् ।।९१३।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=ગીતાર્થ થયા તેથી, જિજ્ઞાસુ એવા આ=પૌંડરીક મુનિ, વિનયથી**

**ગુરુને સાર પૂછ્યો. હે ભગવન્ ! દ્વાદશાંગીનો શું સાર છે, એ પ્રમાણે કહો. ॥૯૧૩॥**

**શ્લોક :-**

**समन्तभद्रगुरवस्ततः प्राहुर्महाशयाः ।**
**ध्यानयोगो विनिर्दिष्टः, सारोऽत्र जिनशासने ।।९१४।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=પૌંડરીક મુનિએ દ્વાદશાંગીનો સાર પૂછ્યો તેથી, મહાઆશયવાળા સમંતભદ્ર ગુરુ બોલ્યા. આ જિનશાસનમાં સાર ધ્યાનયોગ કહેવાયો છે. ॥૯૧૪॥**

**શ્લોક :-**

**साधूनां श्रावकाणां च, मूलोत्तरगुणैः क्रिया ।**
**घटिता निखिला बाह्या, ध्यानयोगार्थमीरिता ।।९१५।।**

**શ્લોકાર્થ :-**

**સાધુના અને શ્રાવકોના મૂલ-ઉત્તરગુણોથી ઘટિત નિખિલ બાહ્ય ક્રિયા ધ્યાનયોગ માટે કથિત છે.**

ભગવાનના શાસનમાં ધ્યાનયોગ જ સાર છે; કેમ કે ધ્યાનથી જ મોક્ષ છે. પરંતુ ધ્યાનની પ્રાપ્તિ અભ્યાસથી થાય છે અને તે અભ્યાસ અર્થે જ સાધુ અને શ્રાવકો મૂલ-ઉત્તરગુણોની બાહ્ય ક્રિયાઓ કરે છે. જેનાથી તેઓનું ચિત્ત વિષયોથી પર થઈને તે તે ક્રિયા દ્વારા નિષ્પાદ્ય નિર્લેપ પરિણતિને પ્રાપ્ત કરે છે અને જ્યારે તે નિર્લેપ પરિણતિ અતિશય થાય છે, ત્યારે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપમાં ધ્યાન કરવા તેઓ સમર્થ થાય છે, માટે જૈન શાસનના સારભૂત ધ્યાનયોગ માટે શક્તિસંચય અર્થે જ સાધુની અને શ્રાવકની સર્વ ક્રિયાઓ છે. **॥૯૧૫॥**

**શ્લોક :-**

**मनःप्रसादो मुक्त्यर्थं, साध्यः खलु मनीषिणा ।**
**ऐकाग्र्यापरपर्यायो, ध्यानयोगः स एव च ।।९१६।।**

**શ્લોકાર્થ :-**

**મનીષી વડે મુક્તિ અર્થે ખરેખર મનઃપ્રસાદ સાધ્ય છે અને એકાગ્ર અપર પર્યાયવાળો ધ્યાનયોગ તે જ છે=મનઃપ્રસાદ જ છે.**

કષાયોના શમનથી મનનો પ્રસાદ થાય છે અને કષાયોના અશમનથી મન કાલુષ્યવાળું થાય છે. આથી જ સાધુ અને શ્રાવક પોતાને અનુરૂપ ઉચિત ક્રિયાઓ દ્વારા કષાયોનું શમન કરીને મનને પ્રસન્ન કરવા જ યત્ન કરે છે. તેથી બુદ્ધિમાન પુરુષે મોક્ષ પ્રાપ્ત કરવા માટે મનનો પ્રસાદ જ સાધવો જોઈએ અને પ્રસન્ન થયેલું મન આત્માના નિરાકુળ ભાવમાં એકાગ્ર બને છે. તેથી મનનો પ્રસાદ એકાગ્રતારૂપ અપર પર્યાયવાળો છે અને તે ધ્યાનયોગ છે. **॥૯૧૬॥**

**શ્લોક :-**

**विषयान्तरसंचारनिरोधात् तच्च जायते ।**
**आलम्बनं तदर्थं च, मन्यते नैष्ठिकी क्रिया ।।९१७।।**

**શ્લોકાર્થ :-**

**અને તે=એકાગ્રપણું વિષયાંતરના સંચારના નિરોધથી થાય છે અને તેના માટે=વિષયાંતરના સંચારના નિરોધ માટે, નૈષ્ઠિકી ક્રિયા આલંબન મનાય છે.**

ધ્યાન મનઃપ્રસાદરૂપ છે એમ પૂર્વમાં કહ્યું અને તે મનઃપ્રસાદ વીતરાગતાને છોડીને અન્ય વિષયાંતરમાં જે ચિત્તનો સંચાર છે, તેના નિરોધથી થાય છે. આથી જ સાધુ અને શ્રાવક તદ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાપૂર્વક ક્રિયાઓ કરીને વિષયાંતરના સંચારનો નિરોધ કરવા અભ્યાસ કરે છે. આથી જ કહે છે કે વિષયાંતરના સંચારના નિરોધ માટે આલંબનમાં નિષ્ઠાવાળી સર્વ સંયમની ક્રિયાઓ છે. તેથી જેઓ તદ્ચિત્ત, તદ્મન અને તદ્લેશ્યાપૂર્વક તે ક્રિયાઓ કરે છે, જેનાથી વિષયાંતરના સંચારનો નિરોધ થાય છે. **॥૯૧૭॥**

**શ્લોક :-**

**श्रुत्वा पैशाचिकाख्यानं, कुलवध्वाश्च रक्षणम् ।**
**नित्यं संयमयोगेषु, व्यापृतात्मा भवेन्मुनिः ।।९१८।।**

**શ્લોકાર્થ :-**

**કુલવધૂના રક્ષણને સાંભળીને અથવા પૈશાચિકનું આખ્યાન સાંભળીને મુનિ નિત્ય સંયમયોગોમાં વ્યાપૃત આત્મા થાય.**

જેમ કોઈ કુલીન સ્ત્રી યૌવન અવસ્થામાં વિધવા થયેલી હતી તેણીને શીલનું રક્ષણ કરવાની ઇચ્છા હતી, છતાં વિકારો શાંત થતા ન હતા વળી નવરી બેઠેલી હતી તેથી માર્ગમાં જતા-આવતા પુરુષને જોઈને કામરૂપી પિશાચ તેને બાધ કરતો હતો, તેના રક્ષણનો ઉપાય શું છે તેને, જાણીને સસરાએ જેમ ગૃહકાર્યમાં તે કુલીન સ્ત્રીને વ્યાપારવાળી કરી તેમ સુસાધુ પણ વિકારોથી આત્માનું રક્ષણ કરવા ઇચ્છે છે તોપણ પાંચ ઇન્દ્રિયો પોતાનો પ્રતિભાવ બતાવે છે. જેના કારણે સાધુને વિકારો થાય છે તેનાથી પોતાનું રક્ષણ કરવા અર્થે સાધુ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓમાં દૃઢ પ્રણિધાનપૂર્વક વ્યાપારવાળા થાય છે. જેથી નૈષ્ઠિક ક્રિયાના બળથી=દૃઢ પ્રણિધાનરૂપ નિષ્ઠાવાળી સંયમની ક્રિયાના બળથી, અન્યત્ર ગમનરૂપ વિષયાંતરના સંચારનો નિરોધ થાય છે.

વળી શાસ્ત્રપ્રસિદ્ધ પિશાચના દૃષ્ટાંતનું ભાવન કરીને મુનિ સંયમની ઉચિત ક્રિયામાં વ્યાપારવાળા થાય છે. **॥૯૧૮॥**

**શ્લોક :-**

**आत्मारामतया यस्तु, व्युत्थानं न प्रपद्यते ।**
**तस्य बाह्यक्रियासाध्यं, सिद्धमेव तदुच्यते ।।९१९।।**

**શ્લોકાર્થ :-**

**જે સાધુ વળી આત્મારામપણાથી વ્યુત્થાનને પ્રાપ્ત કરતા નથી, તેમને બાહ્ય ક્રિયાથી સાધ્ય એવું તે=એકાગ્રપણું, સિદ્ધ જ કહેવાય છે.**

જેઓએ આત્માના નિરાકુળ સ્વરૂપનું અત્યંત ભાવન કરીને તેમાં અવસ્થાનને પ્રાપ્ત કર્યું છે, તેઓ વ્યુત્થાન દશાને પામતા નથી. જેમ ચિલાતીપુત્ર ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ પદો દ્વારા આત્માના નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંત થયેલા તેથી ઇન્દ્રિયોના વિષયોમાં ઔત્સુક્યરૂપ વ્યુત્થાનદશાને પામતા ન હતા; કેમ કે તેઓએ સાધ્વાચારની બાહ્ય ક્રિયાથી સાધ્ય એવું તે એકાગ્રપણું સિદ્ધ હતું. **॥૯૧૯॥**

**શ્લોક :-**

**आरुरुक्षुर्मुनिर्ध्यानं, श्रयेद् बाह्यक्रियामपि ।**
**ध्यानारूढः शमादेव, शुध्यत्यन्तर्गतक्रियः ।।९२०।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનને આરોહણ કરવાની ઈચ્છાવાળા મુનિ બાહ્ય ક્રિયાનો પણ આશ્રય કરે છે. ધ્યાનમાં આરૂઢ થયેલા, અંતર્ગત ક્રિયાવાળા શમથી જ શુદ્ધ થાય છે.**

જે મુનિને શાસ્ત્રો ભણ્યા પછી બોધ થયો કે જિનશાસનમાં સાર ધ્યાનયોગ છે, તેઓ ધ્યાનયોગમાં આરોહણ કરવાની ઇચ્છાવાળા થાય છે અને તે ધ્યાનને અનુકૂળ ચિત્તને સ્થિર કરવા અર્થે બાહ્ય ક્રિયાનો પણ આશ્રય કરે છે, જેના બળથી ધ્યાનને અનુકૂળ બળ સંચય થાય છે. વળી, સંચિત વીર્યવાળા મુનિ ધ્યાનમાં આરૂઢ થાય છે ત્યારે મોહનાશને અનુકૂળ અંતરંગ ક્રિયાવાળા થાય છે અને તે વખતે અંતરંગ શમભાવનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો હોય છે અને તેનાથી તેઓ શુદ્ધિને પામે છે. **II૯૨૦II**

**શ્લોક :-**

**ध्यानयोगः शुभः सारः, सर्वप्रवचनस्य तत् ।**
**- शेषानुष्ठानमप्यूह्यं, सारं तस्याङ्गभावतः ।।९२१।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ પ્રવચનનો શુભ સાર ધ્યાનયોગ છે. તે કારણથી તેના અંગભાવથી= ધ્યાનયોગના કારણભાવથી, શેષ અનુષ્ઠાન પણ સાર ઊહ્ય છે=સારરૂપે વિચારવા યોગ્ય છે.**

મહાત્માઓ શુભધ્યાનમાં એકાગ્ર થાય છે, જેના પ્રકર્ષથી સર્વ ઘાતિકર્મો નાશ થાય છે અને તેના અર્થે જ પ્રવચનનો ઉપદેશ છે. તેથી પ્રવચનનો સાર ધ્યાનયોગ છે અને ધ્યાનયોગ અતિ સત્ત્વશાળી જીવો સેવી શકે છે. તેવા સત્ત્વના સંચય અર્થે સંયમનાં સર્વ અનુષ્ઠાનો છે. તેથી જે અનુષ્ઠાનો ધ્યાનયોગને

અનુકૂળ શક્તિનો સંચય કરાવતાં હોય તે અનુષ્ઠાનો પણ સાર છે. અન્ય અનુષ્ઠાનો પ્રવચનનો સાર નથી. **॥૯૨૧॥**

**શ્લોક :-**

**श्रुत्वा गुरोरिमां वाचं, पौण्डरीकमहामुनिः ।**
**कृताञ्जलिः पुनः प्रोचे, स्वशङ्काऽपनिनीषया ।।९२२।।**

**શ્લોકાર્થ :-**

**ગુરુની આ વાણી સાંભળીને પૌંડરીક મહામુનિ પોતાની શંકાને દૂર કરવાની ઇચ્છાથી કરાયેલી અંજલીવાળા ફરી બોલ્યા. ॥૯૨૨॥**

**શ્લોક :-**

**भदन्त ! मोक्षमार्गेऽभूद्, बाल्येऽपि मम कौतुकम् ।**
**ततः पृष्टा मया सर्वे, तद्रहस्यं कुतीर्थिकाः ।।९२३।।**

**શ્લોકાર્થ :-**

**હે ભદંત ! બાલ્યકાળમાં પણ મને મોક્ષમાર્ગમાં કૌતુક હતું=જાણવાની ઇચ્છા હતી. તેથી મારા વડે સર્વ કુતીર્થિકો તેના રહસ્યને=મોક્ષમાર્ગના રહસ્યને પુછાયા. ॥૯૨૩॥**

**શ્લોક :-**

**ततस्तैः कथितं तत्त्वं, परस्परविलक्षणम् ।**
**तथाह्येके जगुः सर्वं, हिंसादि क्रियतामिह ।।९२४।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=કુતીર્થિકો મારા વડે પુછાયા તેથી, તેઓ વડે=કુતીર્થિકો વડે, પરસ્પર વિલક્ષણ તત્ત્વ કહેવાયું. તે આ પ્રમાણે એક મહાત્માએ કહ્યું. અહીં=સંસારમાં, સર્વ હિંસાદિ કરાઓ. ॥૯૨૪॥**

**શ્લોક :-**

**केवलं बुद्धिलेपोऽत्र, रक्षणीयो मुमुक्षुणा ।**
**कर्मण्यकर्मविज्ञाने, कुतः कर्म यदुच्यते ।।९२५।।**

**શ્લોકાર્થ :-**

**અહીં=હિંસાદિ કૃત્યોમાં, મુમુક્ષુઓએ બુદ્ધિના લેપનું રક્ષણ કરવું જોઈએ. કર્મમાં અકર્મનું વિજ્ઞાન હોતે છતે કર્મ ક્યાંથી હોય=કર્મબંધ ક્યાંથી હોય ? જે કારણથી કહેવાય છે.**

શું કહેવાય છે ? તે આગળના શ્લોકથી બતાવે છે. **॥૯૨૫॥**

**શ્લોક :-**

**"कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ।**
**स बुद्धिमान् मनुष्येषु, स युक्तः कृत्स्नकर्मकृत् ।।९२६।।**

**શ્લોકાર્થ :-**

**કર્મમાં અકર્મને જે જુએ છે, અકર્મમાં કર્મને જે જુએ છે, મનુષ્યોમાં તે બુદ્ધિમાન છે. કૃત્સ્નકર્મને કરનાર તે યુક્ત છે=ઉચિત કરનાર છે.**

પૌંડરીક મુનિએ કોઈક દર્શનવાળાઓને પૂછ્યું, તેમાંથી કોઈક દર્શનની માન્યતાવાળા જેઓ નિશ્ચયનયની એકાંત દૃષ્ટિથી જોનારા છે, તેઓ કહે છે કે હિંસાદિ બાહ્ય કૃત્યોથી પાપ બંધાતું નથી, પરંતુ બુદ્ધિના સંશ્લેષથી પાપ બંધાય છે. તેથી મોક્ષના અર્થીએ સંસારની સર્વ પ્રવૃત્તિમાં બુદ્ધિનો લેપ ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ અને તેમાં યુક્તિ બતાવે છે કે હિંસાદિ કર્મોમાં અકર્મનું જ્ઞાન છે જેને, તેને કર્મબંધ થતો નથી=હિંસાદિ દેહ કરે છે, હું કરતો નથી, હું નિર્લેપ છું, હું નિસ્સંગ છું એ પ્રકારના અકર્મનું જ્ઞાન જેને વર્તે છે, તેને કર્મબંધ થતો નથી. તેમાં ગીતાની સાક્ષી આપતાં કહે છે. જે પુરુષ હિંસાદિ કૃત્યોમાં હું નિર્લેપ છું, હું કર્તા નથી, તેમ જુએ છે અને અકર્મમાં=બાહ્યથી ક્રિયા કરતા નથી છતાં બુદ્ધિથી જેઓ લેપાયેલા છે તેઓના તપ-ત્યાગાદિ રૂપ અકર્મમાં, કર્મને જેઓ જુએ છે, તે મનુષ્યમાં બુદ્ધિમાન છે અને તે પુરુષ સંપૂર્ણ ઉચિત કૃત્ય કરનાર હોવાથી યુક્ત છે; કેમ કે નિર્લેપપરિણામપૂર્વક સર્વ કૃત્ય કરે છે. **॥૯૨૫-૯૨૬॥**

**શ્લોક :-**

**यस्य बुद्धिर्न लिप्येत, हत्वा सर्वमिदं जगत् ।**
**आकाशमिव पङ्केन, नासौ पापेन लिप्यते" ।।९२७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ આ જગતને હણીને જેની બુદ્ધિ લેપાતી નથી, જેમ કાદવથી આકાશ લેપાતો નથી, તેમ આ=એ પુરુષ, પાપથી લેપાતો નથી.**

નિર્લેપ જીવ કર્મથી લેપાતો નથી. તેમાં શ્લોક-૯૨૬માં સાક્ષી આપી. તેવી જ અન્ય સાક્ષી બતાવતાં કહે છે, કોઈ જીવ જગત સર્વને હણી નાંખે પણ ચિત્તથી નિર્લેપ હોય તો પાપથી લેપાતો નથી. જેમ અરૂપી આકાશ કાદવથી લેપાતો નથી, તેમ અરૂપી બુદ્ધિ કર્મથી લેપાતી નથી. **॥૯૨૭॥**

**શ્લોક :-**

**अन्येऽभ्यधुर्विधायापि, पापं ये देहधारिणः ।**
**महेश्वरं स्मरन्त्यन्तस्ते मुच्यन्ते न संशयः ।।९२८।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય કહે છે. પાપને કરીને પણ જે મનુષ્યો મહેશ્વરનું અંતઃકરણમાં સ્મરણ કરે છે, તેઓ મુકાય છે. સંશય નથી.**

સર્વ પાપના નાશનો ઉપાય પૂર્ણ પુરુષની ઉપાસના છે, તેથી પાપ કર્યા પછી પણ ચિત્તમાં મહેશ્વરનું સ્મરણ કરવાથી મોક્ષ થાય છે એમ અન્ય કહે છે. **॥૯૨૮॥**

**શ્લોક :-**

**छित्त्वा भित्त्वा च भूतानि, कृत्वा पापशतानि च ।**
**स्मरन् देवं विरूपाक्षं, सर्वपापैः प्रमुच्यते ।।९२९।।**

**શ્લોકાર્થ :-**

**જીવોને છેદીને, ભેદીને અને સેંકડો પાપોને કરીને વિરૂપ અક્ષવાળા એવા દેવનું સ્મરણ કરતો પુરુષ સર્વ પાપોથી મુકાય છે. ।।૯૨૯।।**

**શ્લોક :-**

**विष्णुध्यानमुदाजह्रुः, परे पापविशुद्धये ।**
**पवित्रं परमानन्ददायकं यदिदं स्मृतम् ।।९३०।।**

**શ્લોકાર્થ :-**

**બીજાઓ પાપની શુદ્ધિ માટે પરમાનંદને દેનારું પવિત્ર વિષ્ણુનું ધ્યાન કહે છે. જે કારણથી આ કહેવાયું છે. ॥૯૩૦॥**

**શ્લોક :-**

**अपवित्रः पवित्रो वा, सर्वावस्थागतोऽपि वा ।**
**यः स्मरेत् पुण्डरीकाक्षं, स बाह्याभ्यन्तरः शुचिः ।।९३१।।**

**શ્લોકાર્થ :-**

**અપવિત્ર અથવા પવિત્ર અથવા સર્વ અવસ્થામાં રહેલો પણ જે પુંડરીકઅક્ષને=વિષ્ણુને સ્મરણ કરે છે તે બાહ્ય અને અભ્યંતર શુચિ છે. ॥૯૩૧॥**

**શ્લોક :-**

**ऋचमन्ये तु गायत्रीं, प्राहुः पापनिबर्हणीम् ।**
**मोक्षस्य साधनं प्राहुरन्ये वायुजयं बुधाः ।।९३२।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય વળી ગાયત્રીનું ઋચ પાપનો નાશ કરનાર કહે છે. અન્ય બુધ પુરુષો મોક્ષનું સાધન વાયુનો જય કહે છે.**

કેટલાક ગાયત્રીના જપથી પાપનો નાશ થાય છે, એમ માને છે તો કેટલાક પ્રાણાયામ દ્વારા વાયુનો જય કરવાથી મન સ્થિર થાય છે, તેનાથી મોક્ષ થાય છે તેમ માને છે. આ સર્વ કથનો કોઈક નયની દૃષ્ટિએ ઇષ્ટ હોવા છતાં સત્ ક્રિયાનો અપલાપ કરીને એકાંતથી દૂષિત થયેલા મિથ્યાત્વરૂપ છે. **॥૯૩૨॥**

**શ્લોક :-**

**हृदि स्थितं यद् ध्यानेन, पुण्डरीकं विजृम्भते ।**
**विकस्वरदलं रम्यं, मनोऽलिसुखदायकम् ।।९३३।।**
**पदे मनोऽलिः परमे, तद्द्वारेण निलीयते ।**
**लक्ष्यते तस्य यो नादस्तत् तत्त्वमपरे जगुः ।।९३४।।**

**શ્લોકાર્થ :-**

**વિકસ્વર દલવાળું, રમ્ય મનરૂપી ભમરાના સુખને દેનારું, હૃદયમાં રહેલું જે કમળ ધ્યાન દ્વારા ઉલ્લસિત થાય છે, તેના દ્વારા=ઉલ્લસિત થયેલા કમળ દ્વારા, મનરૂપી ભમરો પરમ પદમાં=મોક્ષમાં લીન થાય છે. તેનો જે નાદ=મનરૂપી ભમરાનો જે નાદ, જણાય છે, બીજાઓ તે તત્ત્વ કહે છે.**

સિદ્ધ અવસ્થાના ધ્યાનથી સિદ્ધ થવાય છે, એ દૃષ્ટિને એકાંત ગ્રહણ કરીને કેટલાક કહે છે. હૃદયમાં જે કમળ છે, તે કમળ વિકસેલા દલવાળું, રમ્ય અને મનરૂપી ભમરાને સુખને દેનારું છે અને ધ્યાન દ્વારા તે કમળને ખીલવવામાં આવે છે અને ખીલેલા તે કમળ દ્વારા મનરૂપી ભમરો સિદ્ધમાં લીન થાય છે. તેથી સિદ્ધ અવસ્થામાં લીન થવાથી જે નાદ પ્રગટે છે, તેને બીજાઓ મોક્ષમાર્ગરૂપ તત્ત્વ કહે છે. **॥૯૩૩-૯૩૪॥**

**શ્લોક :-**

**रेचकं पूरकं चैव, कुम्भकं च तथा परे ।**
**अस्यैव पुण्डरीकस्य, प्राहुर्वायुं विघाटकम् ।।९३५।।**

**શ્લોકાર્થ :-**

**અને બીજાઓ આ પુંડરીકનું=પૂર્વના શ્લોકમાં કહેલા હૃદયમાં રહેલા પુંડરીકનું, વિઘાટક વાયુ રેચક, પૂરક અને કુંભક છે. એમ કહે છે.**

યોગીઓ રેચક, પૂરક, કુંભક કરીને હૃદયમાં રહેલા પુંડરીકનું વિઘાટન કરે છે=બિડાયેલા કમળને વિકસ્વર કરે છે, તે જ મોક્ષમાર્ગ છે. **॥૯૩૫॥**

**શ્લોક :-**

**विशुद्धं बिन्दुमेवाहुरन्ये तु स्फटिकोपमम् ।**
**ज्ञानहेतुं प्रसर्पन्तं, तिर्यगूर्ध्वमधस्तथा ।।९३६।।**

**શ્લોકાર્થ :-**

**વળી અન્ય સ્ફટિકની ઉપમાવાળા, જ્ઞાનના હેતુ, તિર્યગ્, ઊર્ધ્વ અને**

અધઃપ્રસરણ પામતા વિશુદ્ધ બિંદુને જ કહે છે=મોક્ષપ્રાપ્તિનો ઉપાય કહે છે. ॥૯૩૬॥

શ્લોક :-

नासाग्रे भ्रूलतामध्ये, बिन्दुमेव तथाऽपरे ।
तुषारहारविमलं, ध्येयमाहुश्चलस्थिरम् ॥९३७॥

શ્લોકાર્થ :-

વળી નાસાના અગ્રમાં, ભ્રૂલતાના મધ્યમાં, તુષાર અને હાર જેવા વિમલ, ચલ અને સ્થિર બિંદુને જ ધ્યેય બીજા કહે છે=મોક્ષમાર્ગ કહે છે. ॥૯૩૭॥

શ્લોક :-

आग्नेये मण्डले स स्यान्मीलितो रक्तवर्णकः ।
माहेन्द्रे पीतकः कृष्णो, वायव्ये वारुणे सितः ॥९३८॥

શ્લોકાર્થ :-

તે=પૂર્વશ્લોકમાં કહેલ બિંદુ, આગ્નેય મંડલ મિલિત થયે છતે રક્ત-વર્ણવાળું થાય. માહેન્દ્ર મંડલ મિલિત થયે છતે પીત વર્ણવાળું થાય. વાયવ્ય મંડલ મિલિત થયે છતે કૃષ્ણ વર્ણવાળું થાય. વારુણ મંડલ મિલિત થયે છતે સિત વર્ણવાળું થાય. ॥૯૩૮॥

શ્લોક :-

पीतः सुन्दरचित्तेन, रक्तस्तापेषु चिन्त्यते ।
कृष्णोऽभिचारके कार्ये, पुष्टिदो धवलो मतः ॥९३९॥

શ્લોકાર્થ :-

સુંદર ચિત્તથી પીત ચિંતવન કરાય છે. તાપમાં રક્ત ચિંતવન કરાય છે. અભિચારક કાર્યમાં=શત્રુને સંત્રાસ કરવારૂપ અભિચારક કાર્યમાં, કૃષ્ણ ચિંતવન કરાય છે. ધવલ વર્ણ પુષ્ટિને દેનારો મનાયો છે. ॥૯૩૯॥

શ્લોક :-

प्राहुः परे तु संशोध्यो, नाडीमार्गो मुमुक्षुणा ।
इडापिङ्गलयोर्ज्ञेयं, नाड्योः संचारकर्म च ।।९४०।।

શ્લોકાર્થ :-

વળી, બીજાઓ મુમુક્ષુઓ વડે નાડીમાર્ગ સંશોધ્ય છે અને ઈડા અને પિંગલ નાડીનો સંચારકર્મ જાણવા યોગ્ય છે. એમ કહે છે. ।।૯૪૦।।

શ્લોક :-

नाडीचक्रप्रचारश्च, विज्ञेयो दक्षिणेतरः ।
तद्द्वारैव च विज्ञेयं, बहिः कालबलादिकम् ।।९४१।।

શ્લોકાર્થ :-

નાડીચક્રનો પ્રચાર દક્ષિણ અને ઈતર જાણવો અને તેના દ્વારા જ= નાડીચક્રના પ્રચાર દ્વારા જ, બાહ્ય કાલબલાદિક જાણવા. ।।૯૪૧।।

શ્લોક :-

ओंकारोच्चारणादेव, घण्टानादायतात् परे ।
पद्मासने निविष्टस्य, शान्तिप्राप्तिं समभ्यधुः ।।९४२।।

શ્લોકાર્થ :-

પદ્માસનમાં નિવિષ્ટ એવા મહાત્માને ઘંટાનાદથી આવેલ એવા ઓંકારના ઉચ્ચારણથી જ શાંતિની પ્રાપ્તિ બીજાઓ કહે છે. ।।૯૪૨।।

શ્લોક :-

अन्ये तु प्राहुरानाभेः, प्राणतन्तुं शनैः शनैः ।
मूर्धान्तस्तालुरन्ध्रेण, निर्गच्छन्तं विचिन्तयेत् ।।९४३।।

શ્લોકાર્થ :-

વળી, અન્ય કહે છે, નાભિના પ્રારંભથી પ્રાણતંતુને ધીમે ધીમે મસ્તકના અંદરથી તાલુના રન્ધ્રથી નીકળતો વિચારે. ।।૯૪૩।।

શ્લોક :-

स्थितं हृदयराजीवे, मण्डले वा त्रयीतनोः ।
पुमांसमाद्यं निष्पापं, प्राहुर्ध्येयतया परे ।।९४४।।

શ્લોકાર્થ :-

**હૃદયકમળમાં રહેલા અથવા ત્રયીતનુના=સૂર્યના, મંડલમાં રહેલા નિષ્પાપ એવા આદ્ય પુરુષને ધ્યેયપણાથી બીજાઓ કહે છે.**

જેઓ હૃદયકમળમાં રહેલા નિષ્પાપ એવા આદ્ય પુરુષનું ધ્યાન કરે છે અથવા સૂર્યના મંડલમાં રહેલા નિષ્પાપ એવા આદ્ય પુરુષનું ધ્યાન છે, તેઓ મોક્ષને પામે છે, એમ કેટલાક કહે છે. **॥૯૪૪॥**

શ્લોક :-

पुमांसं परमं ध्येयं, नित्यं हृद्व्योम्नि संस्थितम् ।
अपरे विलसत्कान्तिलताकीर्णं विदुर्बुधाः ।।९४५।।

શ્લોકાર્થ :-

**બીજા બુધ પુરુષો હૃદયરૂપી આકાશમાં રહેલા, વિલાસ પામતી કાંતિરૂપી લતાથી આકીર્ણ એવા પરમ પુરુષને નિત્ય ધ્યેય કહે છે. ॥૯૪૫॥**

શ્લોક :-

आकाशमात्रमपरे, विश्वमन्ये चराचरम् ।
आत्मस्थं चिन्त्यमित्याहुरपरे ब्रह्म शाश्वतम् ।।९४६।।

શ્લોકાર્થ :-

**બીજા આત્મામાં રહેલું આકાશ માત્ર ચિન્ત્ય છે, એમ કહે છે. ચરાચર વિશ્વ ચિન્ત્ય છે, એ પ્રમાણે અન્ય કહે છે. વળી અપર આત્મસ્થ શાશ્વત બ્રહ્મ ચિન્ત્ય છે એમ કહે છે. ॥૯૪૬॥**

શ્લોક :-

इत्थं च भगवद्भिर्मे, ध्यानयोगो यथोदितः ।
सारस्तीर्थ्यैरपि तथा, स एव प्रतिपादितः ।।९४७।।

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે શ્લોક-૯૧૪માં કહ્યું એ રીતે, ભગવાન વડે મને ધ્યાનયોગસાર જે પ્રમાણે કહેવાયો તે પ્રમાણે તીર્થીઓ વડે પણ= અન્યદર્શનવાળાઓ વડે પણ, તે જ=ધ્યાનયોગ જ, પ્રતિપાદન કરાયો.**

ભગવાને દ્વાદશાંગીનો સાર ધ્યાનયોગ છે અને તેની પ્રાપ્તિ અર્થે જ સાધ્વાચારની અને શ્રાવકાચારની સર્વ ક્રિયાઓ છે અને મનનું એકાગ્રપણું જ ધ્યાનયોગ છે ઇત્યાદિ કહ્યું. તેમ આત્માના નિર્લેપભાવમાં એકાગ્રપણું જ ધ્યાનયોગ છે અને તે જ મોક્ષનું કારણ છે એ પ્રમાણે અન્યદર્શનવાળાઓ વડે પણ કહેવાયું છે. **॥૯૪૭॥**

**શ્લોક :-**

**भवेयुस्तीर्थिका मुक्तेस्तत् किं सर्वेऽपि साधकाः ।**
**साध्ये मोक्षे तथैकस्मिन्, केयं ध्येयविभिन्नता ।।९४८।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી સર્વ પણ તીર્થિકો=અન્યદર્શનકારો શું મુક્તિના સાધક થાય ? અને એક સાધ્ય એવા મોક્ષમાં આ ધ્યેયની વિભિન્નતા શું છે ?**

પૌંડરીક મુનિ સમંતભદ્રસૂરિને પ્રશ્ન કરે છે કે બધા દર્શનકારો મોક્ષનું કારણ ધ્યાનયોગ કહે છે, તેથી તે સર્વ મોક્ષના સાધક થાય અને બધાને સાધ્યરૂપે સંમત એક મોક્ષ હોવા છતાં કોઈક મહેશ્વરનું ધ્યાન કરવાનું કહે છે, કોઈક બિંદુ આદિનું ધ્યાન કરવાનું કહે છે. તેથી આ પ્રકારે ધ્યેયની ભિન્નતા એક મોક્ષવિષયક સાધ્યમાં કઈ અપેક્ષાએ છે ? **॥૯૪૮॥**

**શ્લોક :-**

**छित्त्वेदं वाक्कुठारेण, सन्देहं गहनं मम ।**
**मोक्षमार्गं वितिमिरं, विधातुं यूयमर्हथ ।।९४९।।**

**શ્લોકાર્થ :-**

**આ મારા ગહન સંદેહને વાક્કુઠારથી છેદીને વિગત તિમિરવાળા=નાશ પામેલા અંધકારવાળા, મોક્ષમાર્ગને કહેવા માટે તમે યોગ્ય છો=કહેવા માટે તમો સમર્થ છો. ॥૯૪૯॥**

**શ્લોક :-**

**समन्तभद्रगुरवस्ततः प्राहुर्महाधियः ।**
**आर्य ! त्वमल्पगीतार्थस्तत्तात्पर्यं न बुध्यसे ।।९५०।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=પૌંડરીક મુનિએ પોતાના સંદેહ નાશ કરવા માટે ગુરુને વિજ્ઞપ્તિ કરી તેથી, મહાબુદ્ધિવાળા સમંતભદ્ર ગુરુ બોલ્યા. હે આર્ય ! તું અલ્પ ગીતાર્થ છો, તે કારણથી તાત્પર્યને જાણતો નથી. ।।૯૫૦।।**

**શ્લોક :-**

**तीर्थ्याः सर्वेऽपि खल्वेते, कूटवैद्यसमा मताः ।**
**सद्वैद्यजिनशास्त्रार्थपल्लवग्रहगर्विताः ।।९५१।।**

**શ્લોકાર્થ :-**

**સર્વે પણ આ તીર્થીઓ ખરેખર સદ્વૈધરૂપ જિનશાસ્ત્રના અર્થના પલ્લવના ગ્રહથી ગર્વિત કૂટવૈદ્ય જેવા મનાયા છે.**

અન્યદર્શનવાળા મોક્ષમાર્ગનો ઉપાય બતાવે છે પરંતુ પરમાર્થને જાણનારા નથી, છતાં મોક્ષમાર્ગને બતાવનાર સદ્વૈદ્યતુલ્ય જૈનશાસ્ત્ર છે તેના અર્થના લેશને-ગ્રહણ કરીને અમે સુવૈદ્ય છીએ, મોક્ષમાર્ગને બતાવનારા છીએ, એ પ્રમાણે ગર્વિત થયેલા છે. તેથી તેઓનું મોક્ષમાર્ગનું કથન જૈનશાસનના પલ્લવના ગ્રહ સ્વરૂપ છે. યથાર્થ કથન સ્વરૂપ નથી. એમ સમંતભદ્રસૂરિ કહે છે. **।।૯૫૧।।**

**શ્લોક :-**

**प्रोच्यन्ते भ्रान्तिनाशार्थमत्र वैद्यकथा यथा ।**
**एकस्मिन् नगरे भूरिरोगग्रस्तजनाकुले ।।९५२।।**
**एक एव महावैद्यो, दिव्यज्ञान्यस्ति कश्चन ।**
**संहितानां समस्तानां, स्त्रष्टा रोगौघनाशकः ।।९५३।।**

શ્લોકાર્થ :-

અહીં=કુતીર્થિકોના કૂટવૈદ્યપણામાં, ભ્રાંતિનાશ માટે વૈદ્યકથા કહેવાય છે. જે પ્રમાણે ઘણા રોગથી ગ્રસ્ત જનથી આકુલ એક નગરમાં સમસ્ત સંહિતાઓનું સર્જન કરનાર, રોગના સમૂહના નાશક કોઈક દિવ્ય જ્ઞાની એક જ મહાવૈદ્ય છે. ॥૯૫૨-૯૫૩॥

શ્લોક :-

नाधन्यत्वेन तल्लोकाः, प्रपद्यन्ते तथापि तम् ।
ये केऽपि धन्यमूर्द्धन्याः, प्रपद्यन्ते त एव तम् ।।९५४।।
स च दत्ते स्वशिष्येभ्यस्तद्व्याख्यानमनारतम् ।
अन्यधूर्तैरुपश्रुत्या, तत्प्रसङ्गागतैर्धृतम् ।।९५५।।

શ્લોકાર્થ :-

તોપણ=એક મહાવૈદ્ય દિવ્યજ્ઞાની છે તોપણ, અધન્યપણાને કારણે તે લોકો=તે નગરમાં રહેતા લોકો, તેને=મહાવૈદ્યને સ્વીકારતા નથી. જે કોઈ પણ ધન્યમાં મૂર્ધન્ય છે, તેઓ જ તેને=મહાવૈદ્યને, સ્વીકારે છે અને તે=એક મહાવૈદ્ય સ્વશિષ્યને તેનું વ્યાખ્યાન=તેઓએ રચના કરેલ સમસ્ત સંહિતાનું વ્યાખ્યાન, અનારત=સતત, આપે છે. તેના પ્રસંગથી આવેલા=વ્યાખ્યાનના શ્રવણના પ્રસંગથી આવેલા અન્ય ધૂર્તો વડે ઉપશ્રવણ કરીને ધારણ કરાયું=તે તે આચારસંહિતાઓ વગેરે સાંભળીને ધારણ કરાયું. ॥૯૫૪-૯૫૫॥

શ્લોક :-

ततस्तल्लवमात्रेण, तुष्टैस्तैर्वैद्यकं कृतम् ।
स्वपूजार्थमधन्यानां, प्रतिभातं च तन्नृणाम् ।।९५६।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=અન્ય ધૂર્તો વડે કંઈક સાંભળીને ધારણ કરાયું ત્યારપછી, તેના લવ માત્રથી=મહાવૈદ્યના વચનના લવ માત્રથી, તુષ્ટ એવા તેઓ

વડે=તે વૈદ્યો વડે, સ્વપૂજા માટે વૈદ્યક કરાયું અને અધન્ય એવા તે મનુષ્યોને પ્રતિભાસ થયું=તે ધૂર્તવૈદ્યોનું વચન રુચિનો વિષય થયો. ॥૯૫૬॥

**શ્લોક :-**

ततस्तैः पण्डितंमन्यैः, रचिताः स्वस्वसंहिताः ।
वचांसि ग्रथयामासुः, केचित् तासु नवान्यपि ।।९५७।।

**શ્લોકાર્થ :-**

**તેથી=અધન્ય એવા મનુષ્યોને કુવૈદ્યોનું વચન પ્રતિભાસ થયું તેથી, પંડિતમન્ય એવા તેઓ વડે=તે તે દર્શનવાળા વડે, સ્વસ્વ સંહિતા રચના કરાઈ=પોતપોતાની આરોગ્ય માટેની આચારસંહિતા રચના કરાઈ. તેઓમાં=પોતપોતાની રચનામાં કેટલાકે નવીન પણ વચનો ગૂંથ્યાં. ॥૯૫૭॥**

**શ્લોક :-**

धृतानि तान्युपश्रुत्या, सद्वैद्यवचनानि च ।
कानिचित् स्थापयामासुस्तथा भङ्ग्यन्तरेण च ।।९५८।।

**શ્લોકાર્થ :-**

**ઉપશ્રુતિથી કેટલાક સદ્વૈદ્યનાં વચનો ધારણ કરાયાં અને ભંગી અંતરથી=બીજા વિકલ્પથી તેઓમાં સ્થાપન કરાયાં.**

પોતાનાં સ્વકલ્પિત વચનો સાથે તે વૈદ્યો દ્વારા સદ્વૈદ્યોનાં કેટલાંક વચનો ગ્રહણ કરીને અન્ય શબ્દો દ્વારા સ્થાપન કરાયાં. જેથી પોતાના કુવૈદ્ય સાથે સુવૈદ્યનાં વચનો મિશ્રિત થયાં. **॥૯૫૮॥**

**શ્લોક :-**

सद्वैद्यवचनेभ्योऽन्यैरतिपाण्डित्यमानिभिः ।
एकान्तवैपरीत्येन, संहिता रचिता ध्रुवम् ।।९५९।।

**શ્લોકાર્થ :-**

**અતિપાંડિત્યમાની એવા અન્યો વડે સદ્વૈદ્યનાં વચનોથી એકાંત વૈપરીત્યરૂપે ધ્રુવ=નિશ્ચે, સંહિતા રચાઈ. ॥૯૫૯॥**

શ્લોક :-

लोकाः पृथक् पृथग् भिन्नरुचयस्ते च रोगिणः ।
केषांचित् केचिदेवेष्टाः, कूटवैद्येषु तेष्वतः ।।९६०।।

શ્લોકાર્થ :-

પૃથક્ પૃથક્ તે લોકો ભિન્ન રુચિવાળા છે. આથી કેટલાક રોગીઓને તે કૂટવૈદ્યોમાં કેટલાક જ ઈષ્ટ છે=કેટલાક જ વૈદ્યરૂપે ઈષ્ટ છે. ॥૯૬૦॥

શ્લોક :-

प्रसिद्धा वैद्यशालास्ताः, सर्वाः शिष्यप्रतीच्छकैः ।
महावैद्याश्च तेऽभूवन्, सर्वे पाठितसंहिताः ।।९६१।।

શ્લોકાર્થ :-

શિષ્યપ્રતીચ્છકો વડે સર્વ તે વૈદ્યશાલા પ્રસિદ્ધ થઈ=ભણવા માટે આવેલા શિષ્યો વડે અને ઔષધ લેવા માટે આવેલા લોકો વડે અન્ય કૂટવૈદ્યોની વૈદ્યશાલા પ્રસિદ્ધ થઈ. પાઠ-સંહિતાવાળા તે સર્વ મહાવૈદ્ય થયા. ॥૯૬૧॥

શ્લોક :-

ततो मौलमहावैद्योऽनादृतो बहुभिर्जनैः ।
कुर्वते तत्क्रियां ये च, ते भवन्त्येव नीरुजः ।।९६२।।

શ્લોકાર્થ :-

તેથી=કૂટવૈદ્યો મહાવૈદ્યો થયા તેથી, ઘણા લોકો વડે મૂલ મહાવૈદ્ય અનાદર કરાયા અને તેની ક્રિયાને=મૂલ મહાવૈદ્યની ક્રિયાને, જેઓ કરે છે, તેઓ આરોગ્યવાળા થાય જ છે. ॥૯૬૨॥

શ્લોક :-

यथा जीवति सद्वैद्ये, तस्मिन् रोगाः क्षयं ययुः ।
तस्यां सुवैद्यशालायां, क्रियाविधिकृतां नृणाम् ।।९६३।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે તે સુવૈધશાલામાં તે સદ્વૈધ જીવિત હોતે છતે, ક્રિયાની વિધિને કરનારા મનુષ્યોના રોગો ક્ષયને પામે છે. ।।૯૬૩।।

શ્લોક :-

तथा मृतेऽपि तस्मिन् सा, जाता रोगविनाशिनी ।
शाला सकललोकानां, सविनेया ससंहिता ।।९६४।।

શ્લોકાર્થ :-

તે પ્રમાણે તે મર્યે છતે પણ=સુવૈધરૂપ મહાવૈધ તીર્થંકરો કાળધર્મ પામ્યે છતે પણ, શિષ્યો સહિત અને સંહિતા સહિત તે શાળા સકલ લોકોના રોગોને નાશ કરનારી થઈ. ।।૯૬૪।।

શ્લોક :-

ये पुनः कूटवैद्यानां, रोगिणः शरणं गताः ।
अनाथा रोगजालेन, पीडिता एव ते मृताः ।।९६५।।

શ્લોકાર્થ :-

વળી, જે રોગીઓ કૂટવૈધોના શરણે ગયા, અનાથ રોગનાં જાળાંઓથી પીડિત થયેલા જ તે=રોગીઓ, મર્યા. ।।૯૬૫।।

શ્લોક :-

जीवत्सु तेषु तच्छाला, यथाऽनर्थकरी नृणाम् ।
मृतेष्वपि तथैवाभूत्, सशिष्या च ससंहिता ।।९६६।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે તે જીવિત હોતે છતે=કૂટવૈધ જીવિત હોતે છતે, તે શાલા= કૂટવૈધોની શાલા, મનુષ્યોને અનર્થ કરનારી થઈ, તે પ્રમાણે જ મર્યે છતે પણ=કૂટવૈધ મર્યે છતે પણ, શિષ્યો સહિત અને સંહિતા સહિત, લોકોને અનર્થ કરનારી થઈ. ।।૯૬૬।।

શ્લોક :-

यश्च तास्वपि केषांचिद्, वैद्यशालासु दृश्यते ।
रोगाणां तानवाद् दैवात् सर्वमोक्षेण वा गुणः ।।९६७।।
सोऽपि सद्वैद्यशास्त्राब्धिगृहीतवचसां गुणः ।
एकान्तविपरीतानां, संहितासु च सोऽपि न ।।९६८।।

શ્લોકાર્થ :-

અને તે પણ વૈદ્યશાલાઓમાં=કૂટવૈદ્યોની વૈદ્યશાલાઓમાં, કેટલાક જીવોના રોગોનું ભાગ્યથી અલ્પપણું થવાને કારણે અથવા સર્વ્ મોક્ષ થવાને કારણે=સર્વ રોગ નાશ થવાને કારણે, જે ગુણ દેખાય છે, તે પણ સદ્વૈદ્ય શાસ્ત્રરૂપી સમુદ્રથી ગૃહીત વચનોનો ગુણ છે=રોગ અલ્પ થયા કે સર્વ રોગથી મુક્ત થયા તે રૂપ ગુણ છે, એકાંત વિપરીત જીવોને અને એકાંત વિપરીત સંહિતાઓમાં તે પણ નથી=જે જીવો એકાંત વિપરીત પરિણામવાળા છે તેથી અસદ્ગ્રહથી દૂષિતમતિવાળા છે તેઓને તે દર્શનનાં વચનોથી ગુણ થતો નથી અને જે વચનો તે કૂટવૈદ્યોથી એકાંત વિપરીત રચાયાં છે તે વચનોથી પણ કોઈ જીવને રોગનાશરૂપ ગુણ થતો નથી. ।।૯૬૭-૯૬૮।।

શ્લોક :-

किमन्यत् सा महावैद्यशालैका रोगनाशिनी ।
तत्संहितानुसारात् तु शेषा अपि तथाविधाः ।।९६९।।

શ્લોકાર્થ :-

બીજું શું ? એક તે મહાવૈદ્યશાલા રોગનાશ કરનારી છે. વળી, તેની સંહિતાના અનુસારથી=મહાવૈદ્યશાલાના સંહિતાના અનુસારથી, શેષ પણ=અન્યદર્શનની શાલાઓ પણ, તેવા પ્રકારની છે=રોગીઓના રોગને નાશ કરનારી છે. ।।૯૬૯।।

શ્લોક :-

महावैद्यो हि जानीते, दोषं तच्छमनं तथा ।
कूटवैद्या न जानन्ति, स्वयं तत्त्वविरोधतः ।।९७०।।

શ્લોકાર્થ :-

हि=જે કારણથી, મહાવૈધ દોષને અને તેના શમનને=દોષના ઔષધને, જાણે છે, કૂટવૈધો તત્ત્વનો વિરોધ હોવાથી સ્વયં જાણતા નથી=રોગ અને તેના શમનના ઉપાયરૂપ ઔષધનું અજ્ઞાન હોવાથી સ્વયં જાણતા નથી. તે કારણથી મહાવૈધના સંહિતા અનુસારથી શેષશાલાઓ પણ રોગનો નાશ કરનાર છે, તેમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ।।૯૭૦।।

શ્લોક :-

गुणो घुणाक्षरन्यायाद्, यश्च तेभ्योऽपि जायते ।
सद्वैद्य एव तत्रापि, तत्त्वनीत्या चिकित्सकः ।।९७१।।

શ્લોકાર્થ :-

અને ઘુણાક્ષર ન્યાયથી જે ગુણ તેઓથી પણ=કૂટવૈધોથી પણ, થાય છે. ત્યાં પણ=ઘુણાક્ષર ન્યાયથી થનારા દોષના શમનમાં પણ, તત્ત્વનીતિથી સદ્વૈધ જ ચિકિત્સક છે. ।।૯૭૧।।

શ્લોક :-

तदियं ते समासेन, मया वैद्यकथोदिता ।
पुण्डरीकोपनीयैनां, व्यक्तं भावं वदामि ते ।।९७२।।

શ્લોકાર્થ :-

તે આ સમાસથી=પૂર્વમાં વર્ણન કર્યું તે આ સમાસથી, તને મારા વડે વૈધકથા કહેવાઈ. હે પુંડરીક ! ઉપનય કરીને આના વ્યક્તભાવને વૈધકથાના વ્યક્તભાવને, હું તને કહું છું. ।।૯૭૨।।

શ્લોક :-

संसारो नगरं ज्ञेयो, भावरोगिजनाकुलः ।
तत्रैकश्च महावैद्यः, सर्वज्ञो जगदीश्वरः ।।९७३।।

શ્લોકાર્થ :-

ભાવરોગીજનથી આકુલ સંસાર નગર જાણવો અને ત્યાં=સંસારરૂપી નગરમાં, એક સર્વજ્ઞ જગદીશ્વર મહાવૈદ્ય છે. ।।૯૭૩।।

શ્લોક :-

उत्पन्नकेवलालोकः, शुद्धसिद्धान्तसंहितः ।
रोगजातप्रविध्वंसी, सर्वलोकोपकारकृत् ।।९७४।।

શ્લોકાર્થ :-

ઉત્પન્ન કેવલજ્ઞાનવાળા, શુદ્ધ સિદ્ધાંતના સંહિતવાળા, રોગના સમૂહના પ્રવિધ્વંસ કરનારા, સર્વ લોક ઉપર ઉપકાર કરનારા મહાવૈદ્ય છે. ।।૯૭૪।।

શ્લોક :-

तथापि गुरुकर्माणस्तमधन्याः श्रयन्ति न ।
किन्तु धन्यतमाः क्षीणपापाः स्तोकाः श्रयन्ति तम् ।।९७५।।

શ્લોકાર્થ :-

તોપણ અધન્ય એવા ગુરુકર્મવાળા જીવો તેનો=મહાવૈદ્યનો, આશ્રય કરતા નથી, પરંતુ ક્ષીણ પાપવાળા ધન્યતમ થોડા લોકો તેનો=મહાવૈદ્યનો આશ્રય કરે છે. ।।૯૭૫।।

શ્લોક :-

स यदोपदिशत्युच्चैर्धर्मं पर्षदि हर्षदम् ।
सदेवासुरमर्त्यायां, विनेयेभ्यो जगद्गुरुः ।।९७६।।

શ્લોકાર્થ :-

જ્યારે દેવ સહિત, અસુર અને મનુષ્યોની પર્ષદામાં શિષ્યોને તે જગદ્ગુરુ હર્ષને દેનાર ધર્મનો અત્યંત ઉપદેશ આપે છે. ।।૯૭૬।।

શ્લોક :-

देवासुरनरास्तत्र, प्रसङ्गेनागतास्तदा ।
शृण्वन्ति देशनां केचिन्मिथ्यात्वक्लिष्टमानसाः ।।९७७।।

શ્લોકાર્થ :-

ત્યારે ત્યાં=પર્ષદામાં, પ્રસંગથી આવેલા કેટલાક મિથ્યાત્વક્લિષ્ટ માનસવાળા દેવ, અસુર અને નરો દેશનાને સાંભળે છે. ।।૯૭૭।।

શ્લોક :-

श्रुत्वा मन्दधियस्तां ते, गम्भीरां विविधैर्नयैः ।
कल्पयन्त्यन्यथैवार्थं, स्वीयभावानुसारतः ।।९७८।।

શ્લોકાર્થ :-

મંદ બુદ્ધિવાળા એવા તેઓ વિવિધ નયોથી ગંભીર તેને=દેશનાને, સાંભળીને, પોતાના ભાવના અનુસારથી અન્યથા જ અર્થની કલ્પના કરે છે. ।।૯૭૮।।

શ્લોક :-

ततो जिनमहावैद्यादुपश्रुत्य बहिर्गताः ।
कूटवैद्यसमानास्ते स्वशास्त्राणि प्रकुर्वते ।।९७९।।

શ્લોકાર્થ :-

તેથી=ભારેકર્મીના કારણે ભગવાનની દેશનાના અર્થની અન્યથા કલ્પના કરે છે તેથી, સાંભળીને જિનમહાવૈદ્યથી બહાર ગયેલા=પર્ષદાથી બહાર ગયેલા કૂટવૈદ્ય સમાન એવા તેઓ=મિથ્યાત્વથી ક્લિષ્ટ માનસવાળા એવા દેવ, અસુર અને નરો, સ્વશાસ્ત્રની રચના કરે છે. ।।૯૭૯।।

શ્લોક :-

तीर्थ्याः केचन सांख्याद्यास्तत्र ये तावदास्तिकाः ।
ग्रन्थेषु जैनवाक्यानि, तैर्बद्धानि कियन्त्यपि ।।९८०।।

**શ્લોકાર્થ :-**

**ત્યાં=કૂટવૈદ્ય જેવા પોતપોતાનાં શાસ્ત્રો રચનારામાં, જેઓ કોઈક આસ્તિક એવા સાંખ્યાદિ તીર્થીઓ છે, તેઓ વડે=સાંખ્યાદિઓ વડે, ગ્રંથોમાં=પોતાનાં શાસ્ત્રોમાં, કેટલાંક પણ જૈન વાક્યો નિબદ્ધ કર્યાં. ॥૯૮૦॥**

**શ્લોક :-**

**अर्हद्वाक्यान्यथात्वेन, स्वयं शेषं च कल्पितम् ।**
**कूटवैद्यैरिवाशेषं, निजपाण्डित्यदर्पतः ।।९८१।।**

**શ્લોકાર્થ :-**

**અને નિજપાંડિત્યના દર્પથી કૂટવૈદ્યની જેમ અર્હદ્વાક્યથી અન્યથાપણારૂપે અશેષ એવું શેષ સ્વયં કલ્પિત છે.**

અન્યદર્શનવાળા મોક્ષમાર્ગને કહેનારા અમે બુદ્ધિમાન છીએ તેમ મિથ્યાભિમાનવાળા છે તેથી કેટલાંક સર્વજ્ઞનાં વચનો ગ્રહણ કરીને બાકી સર્વ સ્વમતિથી કલ્પના કરે છે જે વચનો સર્વજ્ઞના વચનથી વિપરીત છે. **॥૯૮૧॥**

**શ્લોક :-**

**तच्छास्त्राण्यपि राजन्ते, ततोऽर्हद्वचनश्रिया ।**
**कण्टकानां वनानीव, मध्यस्थैराम्रपादपैः ।।९८२।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=સાંખ્યાદિ કુતીર્થિકો વડે રચાયેલા ગ્રંથો કેટલાંક જૈન વાક્યોથી નિબદ્ધ છે તેથી, જેમ મધ્યમાં રહેલાં આમ્રવૃક્ષોથી કંટકોનાં વનો શોભે છે, તેમ અર્હદ્વચનની લક્ષ્મીથી તેમનાં શાસ્ત્રો પણ=સાંખ્યાદિકનાં શાસ્ત્રો પણ, શોભે છે. ॥૯૮૨॥**

**શ્લોક :-**

**बार्हस्पत्यादयो ये तु, नास्तिकाः पापबुद्धयः ।**
**विकल्पितं विपर्यस्तं, सर्वं तैर्जिनशासनात् ।।९८३।।**

**શ્લોકાર્થ :-**

**વળી પાપબુદ્ધિવાળા બાર્હસ્પત્યાદિ જે નાસ્તિકો છે, તેઓ વડે જિનશાસનથી સર્વ વિપર્યસ્ત વિકલ્પિત છે=તેઓનું સર્વ વચન સ્વમતિથી કલ્પાયેલું વિપર્યાસવાળું છે. ॥૯૮૩॥**

**શ્લોક :-**

**कुतर्कवादमौखर्याज्जने तेऽपि तथाविधे ।**
**गताः प्रसिद्धिं चौराणां, प्रागल्भ्यं हि महत्तरम् ।।९८४।।**

**શ્લોકાર્થ :-**

**કુતર્કવાદના મૌખર્યથી=બાર્હસ્પત્યાદિનું કુતર્ક કરવામાં મુખરપણું હોવાથી, તેવા પ્રકારના જનમાં તે પણ=નાસ્તિકો પણ, પ્રસિદ્ધિને પામ્યા. हि=જે કારણથી, ચોરોનું પ્રાગલ્ભ્ય=ખ્યાતિ, મહત્તર હોય છે.**

અનુભવથી તદ્દન વિરુદ્ધ નાસ્તિકોનું વચન છે છતાં તત્ત્વને જોવામાં ચોર જેવા વિષયોમાં આસક્ત જીવો છે તેઓના મધ્યમાં નાસ્તિકોનાં વચનો પણ સુંદર વચનો છે એમ ખ્યાતિને પામે છે. **॥૯૮૪॥**

**શ્લોક :-**

**तीर्णा(र्थ्या)यथाऽऽशयं ते च, नानारुचिभृतां नृणाम् ।**
**-केषांचित् केचिदेवेह, प्रतिभान्ति न चापरे ।।९८५।।**

**શ્લોકાર્થ :-**

**નાના રુચિને ધારણ કરનારા મનુષ્યોના કેટલાકને અહીં=સંસારરૂપી નગરમાં, પોતાના આશયને પ્રમાણે કેટલાક જ તે તીર્થિકો પ્રતિભાસ થાય છે=વૈદ્યરૂપે પ્રતિભાસ થાય છે. બીજા નહીં=બીજા સુવૈદ્ય જણાતા નથી. ॥૯૮૫॥**

**શ્લોક :-**

**कणभक्षाक्षपादाद्याः, शास्त्रकर्माणि यान्यथ ।**
**शिष्येभ्योऽदर्शयंस्तेभ्यो, वैद्यशालेयमुत्थिता ।।९८६।।**

**શ્લોકાર્થ :-**

**હવે કણભક્ષ, અક્ષપાદ છે આદિમાં જેને એવા વૈદ્યોએ, શિષ્યોને જે શાસ્ત્રકર્મ બતાવ્યાં, તેઓથી=કણભક્ષાદિ વૈદ્યોથી આ વૈદ્યશાળા ઉત્થિત થઈ. ॥૯૮૬॥**

**શ્લોક :-**

**इत्थं च जिनसद्वैद्यशालायां कर्मरोगिणः ।**
**धन्याश्चिकित्सां कुर्वाणा, भवन्त्येव हि नीरुजः ।।९८७।।**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું કે મૂળ સુવૈદ્ય સર્વજ્ઞ છે અને તેની દેશનાનું અવલંબન લઈને અન્ય કૂટવૈદ્યોએ સ્વશાસ્ત્રો રચ્યાં છે એ રીતે, જિન સદ્વૈદ્યશાલામાં ચિકિત્સાને કરતા ધન્ય એવા કર્મરોગીઓ, રોગ વગરના થાય જ છે.**

પૂર્વમાં બતાવ્યું કે જિન સદ્વૈદ્ય છે અને તેઓએ સંસારી જીવોને રોગરહિત થવાનો યથાર્થ માર્ગ બતાવ્યો છે, તેથી ભગવાને કહેલ સદ્વૈદ્યશાલા છે અને જેઓના મિથ્યાત્વાપાદક કર્મો નષ્ટ થયાં છે કે નષ્ટ થવાની તૈયારીમાં છે, તેવા ધન્ય જીવો નિર્મલ દૃષ્ટિથી જિનવૈદ્યશાલાને સુવૈદ્યશાલારૂપી જોઈ શકે છે. તેથી તેઓના વચનાનુસાર સ્વભૂમિકા પ્રમાણે ચિકિત્સા કરે છે. તેઓ ક્રમસર રોગરહિત થઈને મોક્ષને પામે છે. **॥૯૮૭॥**

**શ્લોક :-**

**आस्तिकेषु च तीर्थेषु, कर्मरोगस्य तानवम् ।**
**यद् दृश्यते यश्च सर्वमोक्षो वा श्रूयते क्वचित् ।।९८८।।**
**सोऽपि स्वशास्त्रबद्धानां सर्वज्ञवचसां गुणः ।**
**अपुनर्बन्धकस्य स्यात्, तद्रुच्या कर्मतानवम् ।।९८९।।**

**શ્લોકાર્થ :-**

**આસ્તિક એવા તીર્થોમાં કર્મરોગનું જે અલ્પપણું દેખાય છે અથવા જે**

**જ સર્વ મોક્ષ ક્યારેક સંભળાય છે. તે પણ સ્વશાસ્ત્રમાં બદ્ધ એવા સર્વજ્ઞ વચનોનો ગુણ છે, તેની રુચિથી=તે તે દર્શનમાં રહેલા સર્વજ્ઞના વચનની રુચિથી, અપુનર્બંધકને કર્મનું અલ્પપણું થાય.**

આસ્તિક દર્શનવાળા તે તે કુતીર્થિકોએ સર્વજ્ઞના વચનથી મિશ્રિત પોતાનાં શાસ્ત્રો રચ્યાં છે, તેથી તે તે દર્શનોમાં રહેલા જીવોને પણ કર્મરોગની અલ્પતા દેખાય છે અને કેટલાક જીવો તે દર્શનમાં રહીને મોક્ષને પણ પ્રાપ્ત કરે છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે; કેમ કે અન્ય લિંગ સિદ્ધનો ભેદ સ્વીકારાયો છે. તે ગુણ તે દર્શનના શાસ્ત્રથી અપુનર્બંધક જીવને થયો ? કેમ થયો ? એથી કહે છે. એ લોકોના શાસ્ત્રમાં પણ કેટલાક સર્વજ્ઞનાં વચનો સુબદ્ધ છે. તેથી તે સર્વજ્ઞનાં વચનોની રુચિથી તે દર્શનમાં રહેલા જીવોને મિથ્યાત્વનો અપગમ થયો અને વિવેકદૃષ્ટિ ખૂલવાથી સર્વ કર્મનો નાશ પણ થયો. **॥૯૮૮-૯૮૯॥**

**શ્લોક :-**

**अनुष्ठानं हि तस्योक्तं, चित्रं दर्शनभेदतः ।**
**त्यक्तविप्रतिपन्नांशं, पर्यवस्यत् फलोदये ।।९९०।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, દર્શનના ભેદથી તેનું કહેવાયેલું ચિત્ર અનુષ્ઠાન ત્યાગ કરાયેલા વિપ્રતિપન્ન અંશવાળું ફ્લોદયમાં પર્યવસાન પામ્યું=સર્વજ્ઞના વચનથી વિરુદ્ધ વચનોમાં વિપરીત સ્વીકારરૂપ અંશ છે તેના ત્યાગ તે તે દર્શનમાં રહેલા જીવોથી થાય છે તેથી તે દર્શનનું અનુષ્ઠાન પણ કર્મનાશના ફ્લવાળું થયું તેથી તે દર્શનવાળા જીવોને સમ્યક્ત્વાદિ ગુણો થાય છે.**

અપુનર્બંધક જીવો તે તે દર્શનમાં પોતાના દર્શનના ભેદથી તે તે ધર્મનાં અનુષ્ઠાનો કરે છે. તે વખતે તેઓમાં મધ્યસ્થ બુદ્ધિ થવાથી ભગવાનના વચનથી વિપરીત વચનો તે દર્શનનાં છે, તે અંશો પ્રત્યે તે દર્શનમાં રહેલા જીવોને પક્ષપાતનો ત્યાગ થાય છે. મધ્યસ્થતાથી વીતરાગતાને અનુકૂળ ઉચિત આચરણામાં જ તેઓને રાગ થાય છે. તેથી સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિરૂપ ફળનો ઉદય તે તે દર્શનવાળા જીવોને થાય છે. **॥૯૯૦॥**

**શ્લોક :-**

**तस्य सर्वैकवाक्यत्वादहिंसाद्येव सम्मतम् ।**
**तत्त्वं निरञ्जनो देवो, गुरुर्ग्रन्थविवर्जितः ।।९९१।।**

**શ્લોકાર્થ :-**

**તેને=અન્યદર્શનનાં અનુષ્ઠાન કરનારા મધ્યસ્થ ભાવને પામેલા જીવને, સર્વનું એકવાક્યપણું હોવાથી=અહિંસાદિને ધર્મ સ્વીકારવામાં સર્વ આસ્તિક દર્શનનું એકવાક્યપણું હોવાથી, અહિંસાદિ જ તત્ત્વ સમ્મત છે= અહિંસાદિના કારણીભૂત ઉચિત અનુષ્ઠાનો જ ધર્મરૂપે સમ્મત છે, નિરંજન દેવ છે=વીતરાગ દેવ છે, ગ્રંથવિવર્જિત ગુરુ છે. એમ સંમત છે. ||૯૯૧||**

**શ્લોક :-**

**इत्थं सदोघसंज्ञानात्, सत्यार्थपदरोचके ।**
**सूक्ष्मबोधं विनाऽपि स्यात्, कर्मरोगस्य तानवम् ।।९९२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૯૯૦, ૯૯૧માં કહ્યું એ રીતે, સદ્ ઓઘ સંજ્ઞાનથી= તત્ત્વને સ્પર્શનાર સંગ્રહાત્મક સમ્યગ્જ્ઞાનથી, સત્ય એવા અર્થ અને પદમાં રોચક એવા જીવમાં સૂક્ષ્મ બોધ વિના પણ કર્મરોગનું અલ્પપણું થાય.**

પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે તે તે દર્શનમાં રહેલા જીવોને સંક્ષેપથી સમ્યક્જ્ઞાન થાય છે. તેથી અહિંસાદિ પાંચ મહાવ્રતો જ તેઓને ધર્મરૂપે દેખાય છે. નિરંજન દેવ ઉપાસ્ય દેવ તરીકે દેખાય છે અને સર્વ પરિગ્રહ વગરના ગુરુ જ ગુરુ તરીકે દેખાય છે. તેથી 'અરિહંતો મહ દેવો.....' ઇત્યાદિ શ્લોકથી સંસૂચિત સમ્યક્ત્વમાં બાધક કર્મો દૂર થાય છે. તેથી સ્યાદ્વાદના સૂક્ષ્મ બોધ વગર પણ તે તે દર્શનમાં રહેલા જીવોને સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકો પ્રાપ્ત થાય છે. **||૯૯૨||**

**શ્લોક :-**

**अतिशुद्धिवशाद् भावसम्यक्त्वादिक्रमेण तु ।**
**जायेत सर्वमोक्षोऽपि, जिनवाक्यानुसारिणाम् ।।९९३।।**

**શ્લોકાર્થ :-**

**વળી, અતિવિશુદ્ધિના વશથી ભાવસમ્યક્ત્વાદિના ક્રમથી જિન-વાક્યના અનુસારી અન્યદર્શનવાળાઓને સર્વ મોક્ષ પણ થાય છે.**

શ્લોક-૯૯૨માં કહ્યું એ રીતે સત્યાર્થ પદના રોચક જીવને ભાવસમ્યક્ત્વ થાય છે=ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે અને અતિવિશુદ્ધિ થાય તો અન્ય અન્ય ગુણસ્થાનકના ક્રમથી જિનવાક્યને અનુસરનારા ઉપશમાદિ ભાવોને અવલંબીને તેઓને સર્વ કર્મથી મોક્ષ પણ થાય છે. **॥૯૯૩॥**

**શ્લોક :-**

**यद्वा जातिस्मरादीनां, वचो जैनं हृदि स्थितम् ।**
**तेषामास्तिकतीर्थ्यानां, कर्मरोगं क्षयं नयेत् ।।९९४।।**

**શ્લોકાર્થ :-**

**અથવા જાતિસ્મરણાદિવાળા તે આસ્તિક તીર્થિકોના હૃદયમાં રહેલું જિનવચન કર્મરોગનો ક્ષય કરે છે.**

તે આસ્તિક દર્શનવાળા જીવોને ક્યારેક જાતિસ્મરણ થાય છે તો ક્યારેક તે પ્રકારનો માર્ગાનુસારી ઊહ થાય છે, જેનું જાતિસ્મરણાદિમાં રહેલા આદિ શબ્દથી ગ્રહણ છે અને તેવા અન્યદર્શનવાળા જીવોના હૃદયમાં ભગવાનનું વચન જ તત્ત્વ છે, તેવી સ્થિર બુદ્ધિ થાય છે. તેથી તેઓમાં રહેલો કર્મરોગ ક્ષય પામે છે. જેનાથી સર્વ ગુણસ્થાનકોના ક્રમની પ્રાપ્તિ થાય છે. **॥૯૯૪॥**

**શ્લોક :-**

**दोषत्रयं शरीरस्थं, यथा वैद्यश्चिकित्सति ।**
**रागद्वेषमहामोहांस्तथा सर्वज्ञ एव हि ।।९९५।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે શરીરમાં રહેલા દોષત્રયની=વાત, પિત્ત અને કફરૂપ દોષત્રયની, વૈદ્ય ચિકિત્સા કરે છે, તે પ્રમાણે સર્વજ્ઞ જ રાગ, દ્વેષ અને મહામોહની ચિકિત્સા કરે છે.**

સુવૈદ્ય શરીરમાં રહેલ વાત, પિત્ત, કફ વિષમ થયા હોય તેની ચિકિત્સા કરીને રોગીને આરોગ્યવાળો કરે છે, તેમ જીવમાં રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ મહામોહ એમ ત્રણ દોષો છે. જેનાથી સંસારી જીવો ક્લેશ કરીને દુઃખી થાય છે, તે રોગોનું નિવારણ સદ્ઉપદેશ દ્વારા સર્વજ્ઞ જ કરે છે. **॥૯૯૫॥**

**શ્લોક :-**

**चिकित्सा कर्मरोगाणां, जिनवैद्यं विना न तत् ।**
**आस्तिकेष्वपि तीर्थेषु, सा हि सर्वज्ञपूर्विका ।।९९६।।**

**શ્લોકાર્થ :-**

**કર્મરોગોની ચિકિત્સા તે જિનવૈદ્ય વગર આસ્તિક પણ તીર્થોમાં નથી. હિ=જે કારણથી, તે=કર્મરોગની ચિકિત્સા, સર્વજ્ઞપૂર્વક છે.**

કર્મરોગોની ચિકિત્સા જૈનદર્શનમાં સર્વજ્ઞરૂપ વૈદ્યથી થાય છે. આથી જેઓ સર્વજ્ઞના એક પણ વચનમાં શ્રદ્ધાવાળા નથી, તેઓ કર્મરોગોનો નાશ કરવા સમર્થ બનતા નથી. આથી જ શ્લોક-૫૮૮, ૫૮૯માં કહેલ કે અનુસુંદર ચક્રવર્તીનો જીવ કેટલાક ભવોમાં સંયમ ગ્રહણ કરીને સંયમની સર્વ ક્રિયાઓ સમ્યક્ સેવે છે, પરંતુ ભગવાનના કોઈક વચનમાં તેવી ઉત્કટ રુચિ થઈ નથી. તેથી મિથ્યાત્વ સહિત ગ્રૈવેયકાદિ ભવોમાં જાય છે, પરંતુ વિશિષ્ટ રીતે મોહને નાશ કરવા સમર્થ બનતો નથી. તેથી ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધાથી જ કર્મરોગની ચિકિત્સા થાય છે અને અન્ય તીર્થીઓમાં પણ તે ચિકિત્સા જિનવૈદ્યથી થાય છે; કેમ કે સર્વજ્ઞના વચનપૂર્વક જ રાગ-દ્વેષ અને મોહની ચિકિત્સા થાય છે. તેથી અન્યદર્શનવાળા પણ સંગ્રહરૂપે સર્વજ્ઞના વચનને યથાર્થ સ્વીકારીને કર્મરોગનો નાશ કરે છે. **॥૯૯૬॥**

**શ્લોક :-**

**एकान्तविपरीता ये, नास्तिका जिनशासनात् ।**
**एकान्तेनैव पापास्ते, भवभ्रमणहेतवः ।।९९७।।**

**શ્લોકાર્થ :-**

**જિનશાસનથી એકાંતવિપરીત જે નાસ્તિકો છે=સર્વથા વિપરીત જે**

**નાસ્તિકો છે, તે પાપીઓ એકાંતથી જ ભવભ્રમણના હેતુઓ છે.**

આસ્તિક એવાં અન્યદર્શનો કંઈક ભગવાનનાં વચનોને સ્વીકારે છે. કંઈક ભગવાનનાં વચનો સ્વીકારતાં નથી, તેથી આસ્તિક એવાં તે તે દર્શનો પણ કોઈક અંશથી નાસ્તિક છે જ્યારે ચાર્વાક દર્શન એકાંતથી જ નાસ્તિક છે અને તેઓ જિનશાસનથી સર્વથા વિપરીત સ્વીકારે છે. તેથી પાપી એવા તેઓ જે કંઈ ઉપદેશ આપે છે તે ભવભ્રમણનો હેતુ છે. **॥૯૯૭॥**

**શ્લોક :-**

**अर्थकामैकगृद्धानां, तथाऽपि प्रतिभान्ति ते ।**
**क्लिष्टाशयानां जन्तूनां, नास्तिकाः साम्प्रतेक्षिणः ।।९९८।।**

**શ્લોકાર્થ :-**

**તોપણ=નાસ્તિક દર્શનવાળા ભવભ્રમણના હેતુ છે તોપણ, અર્થ અને કામમાં એક ગૃદ્ધિવાળા ક્લિષ્ટ આશયવાળા જીવોને વર્તમાનને જોનારા તે નાસ્તિકો પ્રતિભાસે છે=સત્યવાદી રૂપે પ્રતિભાસે છે.**

જિનશાસનથી એકાંતે વિપરીત કહેનારાં નાસ્તિક દર્શનો પરલોકાદિનો અપલાપ કરનારાં છે, વર્તમાનકાળને જોનારાં છે. તેથી તેઓનાં વચનો ભવભ્રમણના હેતુ છે માટે હળુકર્મી જીવોને તે વચનો સુંદર ભાસતાં નથી, પરંતુ જે જીવો અર્થકામમાં એક ગૃદ્ધિવાળા છે, તેવા જીવોને નાસ્તિકોનાં તે વચનો યુક્તિયુક્ત જણાય છે. આથી જ તેનું અવલંબન લઈને ધર્મ પ્રત્યે અત્યંત અનાદરવાળા થાય છે. **॥૯૯૮॥**

**શ્લોક :-**

**तदेवं निर्गतान्यार्यतीर्थानि जिनशासनात् ।**
**शेषाणि व्यापकं चैकं, विज्ञेयं जिनशासनम् ।।९९९।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, શેષ અન્ય તીર્થો જિનશાસનથી નીકળ્યાં છે અને જિનશાસન એક વ્યાપક જાણવું=બધાં દર્શનોમાં વ્યાપક જાણવું.**

ભગવાનનાં વચનોને સાંભળવા માટે આવેલા તે તે દર્શનવાળાઓએ કેટલાંક ભગવાનનાં વચનો ગ્રહણ કર્યાં અને કેટલાંક વચનો પોતાની બુદ્ધિથી યોજન કરીને વૈદ્યની સંહિતાની રચના કરી. તેથી તે સર્વ દર્શનો જિનશાસનમાંથી નીકળેલાં છે. અને તે સર્વ દર્શનો જિનશાસનના એક દેશને ગ્રહણ કરનારાં હોવાથી જિનશાસનમાં વ્યાપક નથી અને સર્વ દર્શનોમાં રહેલાં સત્ય વચનો જિનશાસનનાં જ હોવાથી એક જિનશાસન તે સર્વ દર્શનોમાં વ્યાપક છે. **॥૯૯૯॥**

**શ્લોક :-**

**इत्थं च वर्तते रागद्वेषमोहविरोधि यत् ।**
**सत्यं भूतदया ब्रह्म, शौचमिन्द्रियनिग्रहः ।।१०००।।**
**औदार्यं सुन्दरं वीर्यमाकिञ्चन्यमलोभता ।**
**गुरुभक्तिस्तपो ज्ञानं, ध्यानमन्यच्च तादृशम् ।।१००१।।**
**आस्तिकेष्वपि तीर्थेषु, तत् स्वरूपेण सुन्दरम् ।**
**किन्तु नो राजते तेषु, यथा याचितभूषणम् ।।१००२।।**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે સત્ય, ભૂતદયા, બ્રહ્મ, શૌચ, ઈન્દ્રિયનો નિગ્રહ, ઔદાર્ય, સુંદર વીર્ય, આકિંચન્ય, અલોભતા, ગુરુભક્તિ, તપ, જ્ઞાન, ધ્યાન અને અન્ય તેવા પ્રકારનું જે રાગ, દ્વેષ અને મોહનો વિરોધી આસ્તિક પણ તીર્થોમાં વર્તે છે. તે સ્વરૂપથી સુંદર છે, પરંતુ તેઓમાં= આસ્તિક દર્શનોમાં, શોભતું નથી, જે પ્રમાણે માંગેલું ભૂષણ શોભતું નથી.**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે શું પ્રાપ્ત થાય એ સ્પષ્ટ કરતાં કહે છે, અન્યદર્શનમાં પણ સત્ય, ભૂતદયાદિ ઉચિત કૃત્યો છે, તે રાગ-દ્વેષ અને મોહનાં વિરોધી છે; કેમ કે સત્યવચનો રાગ, દ્વેષને વશ બોલતાં નથી, પરંતુ અસત્ય વચનો રાગ, દ્વેષને વશ બોલાય છે અને સત્ય વચન બોલવું જોઈએ, અસત્ય વચન બોલવું ન જોઈએ, એ પ્રકારનો મોહનો વિલય થયો છે. તેથી તે વચનો રાગ, દ્વેષ અને મોહના વિલયથી થાય છે અને રાગ, દ્વેષ, મોહના અધિક વિલયનું કારણ બને છે અને આસ્તિક દર્શનોમાં તેવાં જે વચનો છે, તે સ્વરૂપથી સુંદર છે; કેમ કે

રાગ, દ્વેષ, મોહનાં વિરોધી છે તોપણ તે વચનો તે તે દર્શનકારોએ ભગવાનના ઉપદેશમાંથી ગ્રહણ કરીને પોતાની આચારસંહિતામાં યોજન કરેલ છે. તેથી માંગી લાવેલા ભૂષણ જેવાં હોવાથી શોભતાં નથી. જ્યારે ભગવાનનું શાસન સર્વજ્ઞકથિત છે, તેથી તે સર્વ વચનો કોઈના દર્શનમાંથી ગ્રહણ કરાયેલાં નથી, પરંતુ કેવલજ્ઞાનથી જોવાયેલાં અને તે રૂપે જ ભગવાન વડે પ્રરૂપણા કરાયેલાં છે. તેથી તે વચનોથી ભગવાનનું શાસન શોભે છે. **॥૧૦૦૦થી ૧૦૦૨॥**

**શ્લોક :-**

**तद्धि स्वकल्पितैः शेषैः, सर्वज्ञवचनातिगैः ।**
**यागहोमादिभिः सार्द्धं, मीलितं न विराजते ।।१००३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, સર્વજ્ઞના વચનને અનનુસાર સ્વકલ્પિત શેષ એવા યાગહોમાદિની સાથે મિલિત એવું તે=આસ્તિક એવા અન્યદર્શનમાં રહેલું સ્વરૂપથી સુંદર એવું વચન, શોભતું નથી. ॥૧૦૦૩॥**

**શ્લોક :-**

**एकग्रन्थप्रबन्धस्य, कूटवाक्यार्थमुद्रया ।**
**सर्वांशशुद्धबोधस्याहेतुत्वात् तन्न सुन्दरम् ।।१००४।।**

**શ્લોકાર્થ :-**

**કૂટવાક્યાર્થની મુદ્રાથી એક ગ્રંથના પ્રબંધનું સર્વાંશ શુદ્ધ બોધનું અહેતુપણું હોવાથી તે=અન્યદર્શનનું વચન સુંદર નથી.**

અન્યદર્શનકારોએ જે ગ્રંથો રચ્યા તે સ્વકલ્પિત વચનોથી મિશ્ર હોવાને કારણે કૂટવાક્યાર્થની મુદ્રાવાળા છે અને તેવા મુદ્રાવાળા તેઓના તે ગ્રંથોમાં કેટલાંક વચનો સર્વજ્ઞના વચનનાં અનુપાતી છે તોપણ તે ગ્રંથથી સર્વાંશ શુદ્ધ બોધ થતો નથી માટે તેઓનાં તે વચનો સુંદર નથી. **॥૧૦૦૪॥**

**શ્લોક :-**

**हंसेनेव जलात् क्षीरमपुनर्बन्धकेन तत् ।**
**विवेकेन गृहीतं तु, स्यात् स्वरूपेण सुन्दरम् ।।१००५।।**

**શ્લોકાર્થ :-**

**જેમ હંસ વડે પાણીથી દૂધ પૃથક્ કરાય છે તેમ અપુનર્બંધક વડે વિવેકથી ગ્રહણ કરાયેલું તે=અન્યદર્શનનું વાક્ય, સ્વરૂપથી સુંદર થાય.**

અપુનર્બંધક જીવો તત્ત્વને અભિમુખ રુચિવાળા હોય છે. સમ્યક્ત્વ પામ્યા નથી તોપણ પામવાને અભિમુખ પરિણતિવાળા હોય છે તેથી અન્યદર્શનમાં રહેલાં તે વચનોમાંથી જે વચનો દ્વારા મોક્ષને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ થાય છે, તેવાં વચનોને વિવેકથી ગ્રહણ કરે છે. તેથી તેઓ વડે ગ્રહણ કરાયેલ તે દર્શન સ્વરૂપથી સુંદર છે, તેમ કહેવાય છે. **॥૧૦૦૫॥**

**શ્લોક :-**

**इत्थं स्वरूपशुद्धत्वं, तत्रान्यपदमिश्रणात् ।**
**निहन्यते न सिद्धान्ते, यथा मिथ्यात्विसंग्रहात् ।।१००६।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૧૦૦૫માં કહ્યું એ રીતે, ત્યાં=અન્યદર્શનનાં વચનોમાં, અન્ય પદનું મિશ્રણ હોવાથી સ્વરૂપ શુદ્ધપણું હણાતું નથી=અપુનર્બંધક વડે ગૃહીત અન્યદર્શનનાં પદોમાં સ્વરૂપ શુદ્ધપણું હણાતું નથી. જે પ્રમાણે મિથ્યાત્વી વડે સંગ્રહ થવાથી=ગ્રહણ થવાથી, સિદ્ધાંતમાં=જૈનેન્દ્રના સિદ્ધાંતમાં, સ્વરૂપશુદ્ધપણું હણાતું નથી.**

જૈનદર્શનનાં પદો તત્ત્વને યથાર્થ કહેનારાં છે અને મિથ્યાત્વી તે પદોને ગ્રહણ કરીને વિપરીત અર્થ કરે છે. તેથી તે પદોથી થયેલો મિથ્યાત્વીને બોધ વિપર્યાસરૂપ છે તોપણ સર્વજ્ઞના વચનરૂપ તે પદો યથાર્થ પ્રકાશન કરનારાં હોવાથી સ્વરૂપ શુદ્ધ છે અને મિથ્યાત્વીને વિપરીત પરિણમન પામેલાં હોવાથી ફલથી અશુદ્ધ છે. તેમ અન્યદર્શનનાં પદો કૂટપદોથી મિશ્રિત હોવાને કારણે શુદ્ધ નથી તોપણ અપુનર્બંધક જીવો તેમાંથી જિનવચનાનુસાર પદોને ગ્રહણ કરીને વિચારે છે કે અમારા ધર્મમાં અહિંસાદિનું જે વર્ણન છે, તે રમ્ય છે માટે અમારું દર્શન શોભન છે. તેથી અપુનર્બંધક વડે ગૃહીત તે દર્શન સ્વરૂપ શુદ્ધ છે તોપણ મિથ્યાત્વ અંશવાળા અપુનર્બંધકને કંઈક અતત્ત્વના આગ્રહવાળો બોધ હોય છે. તેથી ફલથી તે દર્શનની વિચારણા સુંદર નથી. **॥૧૦૦૬॥**

**શ્લોક :-**

**अत एवान्यशास्त्रस्य, सत्यार्थपददूषणे ।**
**तन्मूलपूर्वजलधेर्भवत्याशातना ध्रुवा ।।१००७।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ=અન્યદર્શનમાં પણ જિનવચનાનુસાર કેટલાંક પદો છે આથી જ, અન્યદર્શનનાં શાસ્ત્રોના સત્યાર્થ પદના દૂષણમાં તેના મૂલ પૂર્વ સમુદ્રની=અન્યદર્શનમાં વર્તતાં સત્યાર્થ પદના મૂલ કારણ એવા સ્યાદ્વાદરૂપ સમુદ્રની, ધ્રુવ આશાતના થાય છે.**

અન્યદર્શનમાં પણ કેટલાંક વચનો જિનવચનાનુસાર છે અને કેટલાંક વચનો કૂટવાક્ય સ્વરૂપ છે છતાં આ પરદર્શનનાં વચનો છે, એમ સ્વીકારીને સત્ય અર્થને કહેનારાં તે વચનોને દૂષણ કરવામાં આવે તો તે વચનો સર્વજ્ઞનાં વચનો હોવાથી સર્વજ્ઞના વચનની જ આશાતના થાય છે. **॥૧૦૦૭॥**

**શ્લોક :-**

**तदेवं सर्वतीर्थेषु, भावात् सर्वगुणात्मकम् ।**
**जैनतीर्थं स्थितं ज्ञेयं, न लिङ्गं धर्मकारणम् ।।१००८।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, સર્વ તીર્થોમાં=સર્વ આસ્તિક દર્શનોમાં, સર્વ ગુણાત્મક જૈન તીર્થ ભાવથી રહેલું જાણવું. લિંગ ધર્મનું કારણ નથી=જૈન વેશ ધર્મનું કારણ નથી.**

અન્યદર્શનમાં કે જૈનદર્શનમાં જે તત્ત્વને કહેનારાં વચનો છે અને તે વચનો જેને યથાર્થરૂપે પરિણમન પામ્યાં છે, તે સર્વ ભાવથી ગુણાત્મક જૈનતીર્થ છે. આથી જ અન્યદર્શનમાં પણ રહેલા જીવોને સર્વજ્ઞનાં પદોના બળથી, યથાર્થ બોધ થાય તો તેઓમાં ભાવથી જૈન તીર્થ છે. પરંતુ માત્ર જૈન સાધુનો વેશ ધર્મનું કારણ નથી. આથી જ અન્યદર્શનમાં પણ જૈનતીર્થને પામીને કેટલાક જીવો મોક્ષને પામે છે. **॥૧૦૦૮॥**

**શ્લોક :-**

**अतो यदुक्तमार्येण, मोक्षं किं तीर्थिका अपि ।**
**साधयेयुद्ध्यानबलाच्चारु तत्रेदमुत्तरम् ।।१००९।।**

**શ્લોકાર્થ :-**

**આથી=અત્યારસુધી વર્ણન કર્યું એ પ્રમાણે અન્યદર્શનોની જે પ્રરૂપણા સત્ય-અસત્ય મિશ્ર છે છતાં જૈન તીર્થને પામીને તેઓ પણ મોક્ષ પામે છે આથી, આર્ય વડે=પૌંડરીક વડે જે કહેવાયું. શું તીર્થિકો પણ ધ્યાનના બલથી મોક્ષ સાધે ? ત્યાં આ સુંદર ઉત્તર છે=આગળમાં કહે છે તે સુંદર ઉત્તર છે.**

પૌંડરીક મુનિએ સમંતભદ્રસૂરિજીને પૂછેલું કે અન્ય તીર્થિકો પણ ધ્યાનનું વર્ણન કરે છે, તેઓ તે તે પ્રકારના ધ્યાનના બળથી મોક્ષ સાધે કે નહિ ? ત્યાં આ ઉત્તર છે, એમ કહીને આગળ બતાવે છે. **II૧૦૦૯II**

**શ્લોક :-**

**शुद्धानुष्ठानविकलं, ध्यानं हास्यं विवेकिनाम् ।**
**शुद्धं पुनरनुष्ठानं, न स्यात् सिद्धान्तमन्तरा ।।१०१०।।**
**सर्वोपाधिविशुद्धात्मा, तीर्थिकोऽपि कथंचन ।**
**यश्च स्यात् स तु भावेन, वर्तते जिनशासने ।।१०११।।**
**जैनेन्द्रमेव तेनैकं, शासनं भवनाशनम् ।**
**भवच्छिदो भवन्त्येव, तत्रस्थास्तीर्थिका अपि ।।१०१२।।**

**શ્લોકાર્થ :-**

**શુદ્ધ અનુષ્ઠાનવિકલ ધ્યાન વિવેકીઓને હાસ્ય છે=હાસ્યાસ્પદ છે. વળી, શુદ્ધ અનુષ્ઠાન સિદ્ધાંત વગર થાય નહિ અને જે તીર્થિક પણ કોઈક રીતે સર્વ ઉપાધિવિશુદ્ધ આત્મા થાય તે ભાવથી જિનશાસનમાં વર્તે છે. તે કારણથી=જિનશાસનના સિદ્ધાંત વગર શુદ્ધ અનુષ્ઠાન થાય નહિ તે કારણથી, એક જૈનેન્દ્ર જ શાસન ભવનાશને કરનારું છે,**

**ત્યાં રહેલા=ભાવથી જૈનશાસનમાં રહેલા, તીર્થિકો પણ=અન્યદર્શનવાળા પણ, ભવના છેદનારા થાય જ છે.**

જેઓ ધ્યાનની પૂર્વની ભૂમિકાનું શુદ્ધ અનુષ્ઠાન સેવતા નથી અને ધ્યાનમાં યત્ન કરે છે, તેઓનું ધ્યાન હાસ્યાસ્પદ છે. વળી, શુદ્ધ અનુષ્ઠાન સર્વવિરતિ, દેશવિરતિ સ્વરૂપ છે અને તે શુદ્ધ અનુષ્ઠાન સિદ્ધાંત વગર=સર્વજ્ઞના સિદ્ધાંત વગર સંભવે નહિ. વળી, અન્યદર્શનમાં રહેલા પણ જે તીર્થિકો ભાવથી જિનશાસનમાં વર્તે છે, તેઓ માર્ગાનુસારી બુદ્ધિને કારણે સર્વજ્ઞનાં દેવ, ગુરુ, ધર્મ વિષયક યથાર્થ વચનો ગ્રહણ કરીને ઉચિત આચરણા કરે છે, તેઓ સર્વ ઉપાધિવિશુદ્ધ આત્મા થાય છે; કેમ કે તેઓ સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને અનંતાનુબંધી કષાયો ક્ષયોપશમભાવને પામે તે રીતે યત્ન કરનારા થાય છે. તેથી શુદ્ધ અનુષ્ઠાનને સેવીને ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરે છે અને તેઓ ધ્યાનના બળથી મોક્ષને સાધી શકે છે. તેથી ફલિત થાય છે કે ભગવાનનું એક શાસન ભવનો નાશ કરનાર છે અને ભાવથી ભગવાનના શાસનમાં રહેલા તીર્થિકો પણ સમ્યગ્દર્શનાદિને પામીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે. **॥૧૦૧૦થી ૧૦૧૨॥**

**શ્લોક :-**

**आरोग्यकारि दोषच्छिद्, यथा लोके सुभेषजम् ।**
**प्रयुक्तं कूटभिषजाऽप्याप्तवैद्यस्य सम्मतम् ।।१०१३।।**
**तथा घुणाक्षरन्यायाद्, वचनं गुणकारि यत् ।**
**परशास्त्रस्थमपि तज्जिनवैद्यस्य सम्मतम् ।।१०१४।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે લોકમાં કૂટવૈદ્ય વડે પ્રયુક્ત કરાયેલું સુંદર ઔષધ આરોગ્યને કરનાર અને દોષને છેદનાર આપ્તવૈદ્યને સંમત છે, તે પ્રમાણે ઘુણાક્ષર ન્યાયથી પરશાસ્ત્રમાં રહેલું પણ જે ગુણકારી વચન છે, તે જિનવૈદ્યને સંમત છે. ॥૧૦૧૩-૧૦૧૪॥**

**શ્લોક :-**

**कुसम्प्रदायापतिताद्, यत्नात् तन्न गुणावहम् ।**
**अतो घुणाक्षरन्यायात्, तादृग् योग्यतयेष्यते ।।१०१५।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પરશાસ્ત્રનું ગુણકારી વચન જિનવૈદ્યને સમ્મત છે તે કારણથી, કુસમ્પ્રદાય વડે આવેલા યત્નથી ગુણોને લાવનાર નથી. આથી ઘુણાક્ષર ન્યાયથી યોગ્યપણું હોવાના કારણે તેવા પ્રકારનું=ગુણને લાવનારું, ઈચ્છાય છે.**

અન્યદર્શનવાળા કુત્સિત સંપ્રદાયવાળા છે; કેમ કે કૂટવચનોથી મિશ્રિત તેઓની આચારસંહિતા છે અને તે આચારસંહિતા જ એક કલ્યાણનું કારણ છે એવા પ્રકારની બુદ્ધિવાળા જીવોના યત્નથી સેવાતું તે અહિંસાદિ અનુષ્ઠાન તેઓના ગુણને કરનારું થતું નથી; કેમ કે સ્વદર્શન પ્રત્યેના બદ્ધ રાગને કારણે વિપર્યાસવાળું તેઓનું ચિત્ત છે. જેમ જમાલિની સંયમની શુદ્ધ ક્રિયાઓ પણ વિપર્યાસવાળા ચિત્તથી યુક્ત હોવાને કારણે ગુણને કરનારી નથી. આથી ઘુણાક્ષર ન્યાયથી તેવી ક્રિયા કરનારા કોઈક યોગ્ય જીવોમાં વિપર્યાસ મંદ બને છે, ત્યારે તે દર્શનમાં રહેલાં પણ જિનવચનનાં પદો પ્રત્યે પક્ષપાત થાય છે, ત્યારે તે જીવોમાં સમ્યક્ત્વ પામવાની યોગ્યતા પ્રગટે છે, તેના કારણે તે દર્શન તેવું ગુણાવહ ઇચ્છાય છે. **||૧૦૧૫||**

**શ્લોક :-**

**साऽवच्छिनत्ति तस्येष्टहेतुतां चानुमोद्यताम् ।**
**गुणकृद् भावजैनानामतस्तत् सम्मतं सताम् ।।१०१६।।**

**શ્લોકાર્થ :-**

**તે=ઘુણાક્ષર ન્યાયથી પ્રગટ થયેલી યોગ્યતા, તેની=અન્યદર્શનમાં રહેલાં જિનવચનાનુસાર પદોની, ઈષ્ટ હેતુતાને અને અનુમોદ્યતાને અવચ્છેદન કરે છે=પ્રગટ કરે છે. આથી=યોગ્યતાથી અવચ્છિન્ન એવું અન્યદર્શનનું તે સદ્અનુષ્ઠાન ઈષ્ટ હેતુતા અને અનુમોદ્યતાને પ્રાપ્ત કરે છે આથી, ગુણને કરનારું એવું તે સંત એવા ભાવજૈનોને સમ્મત છે=કુતીર્થિકો વડે કરાયેલું તે અનુષ્ઠાન સમ્મત છે.**

અન્યદર્શનવાળા જીવોમાં કેટલાક અસદ્ગ્રહથી અત્યંત દૂષિત મતિવાળા છે.

તેઓ તે દર્શનના વચનનું અવલંબન લઈને અહિંસાનું પાલન કરે છે, જે અહિંસાદિને કહેનારું વચન જિનવચનાનુસાર છે છતાં અસદ્ગ્રહથી દૂષિત મતિવાળા તેઓમાં ઘુણાક્ષર ન્યાયથી તત્ત્વને પ્રાપ્ત કરવાની યોગ્યતા નથી, તેથી તેઓનું અનુષ્ઠાન ઇષ્ટની હેતુતાને પ્રાપ્ત કરતું નથી=ઇષ્ટ એવા મોક્ષની હેતુતાને પ્રાપ્ત કરતું નથી અને અનુમોદ્યતાને પ્રાપ્ત કરતું નથી, પરંતુ જે જીવોમાં મિથ્યાત્વ મંદ થયું છે, તત્ત્વને અભિમુખ પરિણામવાળા છે અને તે દર્શનના આચારો સેવે છે, તેઓને તે દર્શનમાં રહેલાં અહિંસાદિ અનુષ્ઠાનો સુંદર ભાસે છે અને સામગ્રીને પામીને તેઓનો વિપર્યાસ નિવર્તન પામે તેવો શિથિલ છે, તેથી તેઓમાં ઘુણાક્ષર ન્યાયથી તત્ત્વને પામવાની યોગ્યતા પ્રગટી છે. માટે તે દર્શનમાં રહેલા જીવો જે અહિંસાદિનું પાલન કરે છે તે ઇષ્ટ એવા મોક્ષનો હેતુ છે અને તે અનુષ્ઠાનમાં અનુમોદ્યતા પણ છે. તેથી સંત એવા ભાવજૈનોને તે દર્શનનું તે અનુષ્ઠાન પણ ગુણ કરનારું છે, તે રીતે સમ્મત છે. **॥૧૦૧૬॥**

**શ્લોક :-**

**क्रियते यत् पुनः कर्म, चित्तमालिन्यकारकम् ।**
**यतिश्रावकरूपेण, तज्जिनाज्ञाबहिश्चरम् ।।१०१७।।**

**શ્લોકાર્થ :-**

**વળી યતિના અને શ્રાવકના રૂપથી ચિત્તમાલિન્યને કરનારાં જે કર્મ કરાય છે, તે જિનાજ્ઞાથી બહાર છે.**

કદાગ્રહવાળા જીવોના અન્યદર્શનનાં બાહ્યથી સુંદર પણ અનુષ્ઠાનો પરમાર્થથી સુંદર નથી એમ પૂર્વમાં બતાવ્યું તે રીતે ભગવાનના શાસનનાં અનુષ્ઠાનો કરનારા પણ કદાગ્રહી જીવોથી સેવાયેલાં અનુષ્ઠાન સુંદર નથી તે બતાવે છે –

જે શ્રાવકો અને સાધુઓ સ્વમતિકલ્પનાથી દેશવિરતિ કે સર્વવિરતિની આચરણાઓ કરે છે, જેનાથી ચિત્તનું માલિન્ય થાય છે, તે સર્વ કૃત્યો સ્થૂલબુદ્ધિથી જૈન સાધુ કે શ્રાવકો કરે છે માટે સુંદર છે તેમ જણાય છે. પરમાર્થથી તે જિનાજ્ઞાથી બહાર છે. **॥૧૦૧૭॥**

**શ્લોક :-**

**व्यवहारोऽपि गुणकृद्, भावोपष्टम्भतो भवेत् ।**
**सर्वथा भावहीनस्तु, स ज्ञेयो भववृद्धिकृत् ।।१०१८।।**

**શ્લોકાર્થ :-**

**ભાવના ઉપષ્ટમ્ભથી વ્યવહાર પણ ગુણને કરનારો થાય. વળી સર્વથા ભાવહીન એવો તે=વ્યવહાર, ભવની વૃદ્ધિને કરનારો છે.**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જૈનશાસનમાં રહેલા સાધુઓની અને શ્રાવકોની જે પ્રવૃત્તિ ચિત્તને મલિન કરનાર છે, તે પ્રવૃત્તિ જિનાજ્ઞા બહાર છે. ત્યાં પ્રશ્ન થાય કે વ્યવહારથી તે પ્રવૃત્તિ જિનવચનને અવલંબીને છે, તેથી તે શ્રેષ્ઠ છે. વળી, અન્યદર્શનવાળા યોગ્ય જીવની તે દર્શનની અહિંસાદિ પ્રવૃત્તિ વ્યવહારથી ભગવાનના શાસનથી બહારની હોવાથી સુંદર કહેવું ઉચિત નથી. તેથી અન્યદર્શનવાળાની ચેષ્ટાને ગુણાવહ કહેવું અને જૈનદર્શનવાળા સાધુ અને શ્રાવકની પ્રવૃત્તિને જિનાજ્ઞા બહાર કહેવું ઉચિત નથી, તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે, વીતરાગના વચનના રાગરૂપ ભાવના ઉપષ્ટમ્ભથી કરાયેલો ક્રિયાનો વ્યવહાર ગુણને કરનારો છે, પરંતુ સર્વથા ભાવ વગરનો કદાગ્રહથી દૂષિત યતિ અને શ્રાવક ધર્મનો વ્યવહાર ભવવૃદ્ધિને કરનારો જાણવો. **॥૧૦૧૮॥**

**શ્લોક :-**

**भावतीर्थं समालम्ब्य, व्यापकं जैनमित्यदः ।**
**जनास्तरन्ति दुःखाब्धिं, पर्याप्तं वेषचिन्तया ।।१०१९।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, વ્યાપક એવા આ જૈન ભાવતીર્થનું અવલંબન લઈને લોકો દુઃખરૂપી સમુદ્રને તરે છે. વેશની ચિંતાથી સર્યું.**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે મોક્ષને અનુકૂળ તત્ત્વને બતાવનારાં જે પદો છે, તે પદોના પારમાર્થિક અર્થને સ્પર્શીને જે શ્રુતજ્ઞાન થાય છે તે ભાવતીર્થ છે અને તે જિન થવાનું કારણ હોવાથી જૈન છે અને સર્વદર્શનોમાં તે પદોને અવલંબીને જે માર્ગાનુસારી બોધ થાય છે, તે ભાવતીર્થ છે. તેથી જે જે મોક્ષમાં જાય છે,

તે તે સર્વમાં ભાવતીર્થ વ્યાપક છે અને તેનું આલંબન લઈને દુઃખરૂપ એવા આ સંસારસમુદ્રને લોકો તરે છે. જૈન સાધુનો આચારરૂપ વેશ કે જૈન શ્રાવકોનો આચારરૂપ વેશ, તેનાથી સર્યું. **II૧૦૧૯II**

**શ્લોક :-**

**यच्च ते ध्येयनानात्वमस्ति संसार(संशय)कारणम् ।**
**तत्रापि परमार्थोऽयं, निश्चयायावधार्यताम् ।।१०२०।।**

**શ્લોકાર્થ :-**

**અને જે ધ્યેયનું નાનાપણું તારા સંશયનું કારણ છે, ત્યાં પણ આ પરમાર્થ નિશ્ચય માટે અવધારણ કરાઓ. II૧૦૨૦II**

**શ્લોક :-**

**बध्नाति भावैः संक्लिष्टैः, पापं पुण्यं तथेतरैः ।**
**आत्मा समाहितोऽत्यन्तमौदासीन्येन मुच्यते ।।१०२१।।**

**શ્લોકાર્થ :-**

**સંક્લિષ્ટ ભાવોથી પાપને બાંધે છે અને ઈતર ભાવોથી=અસંક્લિષ્ટ ભાવોથી પુણ્યને બાંધે છે. સમાધાનને પામેલો આત્મા અત્યંત ઔદાસીન્યથી મુકાય છે.**

જીવમાં કષાયનો અને નોકષાયનો ઉપયોગ વર્તે છે, ત્યારે સંક્લિષ્ટ ભાવો થાય છે. વળી તેનાથી પાપપ્રકૃતિઓનો બંધ થાય છે, વીતરાગતા આદિ ગુણો પ્રત્યે રાગ અને કષાયોના સંક્લેશ પ્રત્યે દ્વેષ થાય છે. જેનાથી વીતરાગતાને અનુકૂળ એવા જીવનો જે ઉપયોગ વર્તે છે, તે રૂપ ઇતર ભાવોથી જીવ પુણ્ય બાંધે છે.

વળી જીવને સમાધાન થાય છે કે જગતના બાહ્ય ભાવોથી મને કંઈ ઇષ્ટ કે અનિષ્ટની પ્રાપ્તિ થતી નથી પરંતુ તે સર્વ ભાવો મારા માટે અનુપયોગી છે. આ પ્રકારે સમાધાનને પામેલો આત્મા જગતના ભાવો પ્રત્યે ઉદાસીન થાય છે અને તે ઔદાસીન્ય અતિશયવાળું થાય છે, ત્યારે જીવ કર્મથી મુકાય છે. તેથી ઉદાસીન ભાવની પ્રાપ્તિ અર્થે કોઈ પણ ધ્યેયને લક્ષ કરીને ઔદાસીન્ય ભાવની પ્રાપ્તિ થતી

હોય તો તે ધ્યેયના ધ્યાનથી મોક્ષની પ્રાપ્તિ છે અને મને અભિમત ધ્યેય જ મોક્ષનું કારણ છે, અન્યનું નહીં. એ પ્રકારે અસદ્ગ્રહથી દૂષિત મતિ હોય તો તે ધ્યેયના ધ્યાનથી મોક્ષ થાય નહિ માટે ઔદાસીન્ય ભાવને પ્રગટ કરવાને અનુકૂળ જે કોઈ ધ્યેય હોય તેના ધ્યાનથી જીવ મુકાય છે. **॥૧૦૨૧॥**

**શ્લોક :-**

**स्वभाव एव जीवस्य, यत् तथापरिणामभाग् ।**
**बध्यते पुण्यपापाभ्यां, माध्यस्थात्तु विमुच्यते ।।१०२२।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી જીવનો તે પ્રકારના પરિણામવાળો સ્વભાવ જ છે=અપ્રશસ્ત કષાય કરવાનો સ્વભાવ છે, પ્રશસ્ત કષાય કરવાનો સ્વભાવ છે અને સામાયિકના પરિણામરૂપ મધ્યસ્થભાવ કરવાનો સ્વભાવ છે, તે કારણથી પુણ્ય અને પાપ દ્વારા બંધાય છે. વળી માધ્યસ્થથી મુકાય છે.**

સંસારી જીવનો સંક્લિષ્ટ ભાવો કરવાના પરિણામવાળો સ્વભાવ છે અને અસંક્લિષ્ટ ભાવો કરવાના પરિણામવાળો સ્વભાવ છે, તેથી પાપ અને પુણ્ય બાંધે છે. વળી, મધ્યસ્થ પરિણામ કરવાનો સ્વભાવ છે, તેથી મુકાય છે. **॥૧૦૨૨॥**

**શ્લોક :-**

**तत्र हिंसाद्यनुष्ठानाद्, भवन्ति भ्रमकारकात् ।**
**संक्लिष्टाश्चित्तकल्लोला, देहेऽपथ्याद् यथा गदाः ।।१०२३।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં=જીવનો ત્રણ પ્રકારના પરિણામને ભજનાર સ્વભાવ છે તેમાં, ભ્રમનાં કારક એવાં હિંસાદિ અનુષ્ઠાનોથી સંક્લિષ્ટ ચિત્તમાં કલ્લોલો થાય છે. જે પ્રમાણે અપથ્યથી દેહમાં રોગો થાય છે.**

હિંસાદિ અનુષ્ઠાનો કષાયરૂપ સંક્લેશના કારક હોવા છતાં સુખને કરનારાં છે, એ પ્રકારના ભ્રમને કરનારાં હોવાથી હિંસાદિ અનુષ્ઠાનો જીવો કરે છે, તેનાથી ચિત્તમાં કષાયોના સંક્લિષ્ટ કલ્લોલો થાય છે. જેમ અપથ્યના સેવનથી દેહમાં રોગો થાય છે, જેનાથી જીવો પાપબંધ કરે છે. **॥૧૦૨૩॥**

**શ્લોક :-**

**तथा दयाद्यनुष्ठानाज्जायन्ते स्थैर्यकारकात् ।**
**प्रशस्ताश्चित्तकल्लोला, यथा पथ्यात् सुखासिकाः ।।१०२४।।**

**શ્લોકાર્થ :-**

**અને સ્થૈર્યના કારક એવા દયાદિ અનુષ્ઠાનથી પ્રશસ્ત એવા ચિત્તમાં કલ્લોલો થાય છે. જે પ્રમાણે પથ્યથી સુખાસિકા થાય છે.**

હિંસાદિના વિરુદ્ધ દયા, સત્ય, અચૌર્ય આદિ અનુષ્ઠાનો ચિત્તના સ્થૈર્યને કરનારાં છે અને તેના સેવનથી જીવમાં પ્રશસ્ત એવા રાગાદિના કલ્લોલો થાય છે. જે પ્રમાણે પથ્ય અન્નથી સુખાસિકા થાય છે અને ચિત્તના આ પ્રશસ્ત કલ્લોલોથી પુણ્ય બંધાય છે. **II૧૦૨૪II**

**શ્લોક :-**

**चित्तजालोपसंहारि, ध्यानं यत् पुनरुत्तमम् ।**
**निर्जरामात्रजनकं, तदौदासीन्यमिष्यते ।।१०२५।।**

**શ્લોકાર્થ :-**

**વળી, ચિત્તના જાળાઓને ઉપસંહાર કરનાર જે ઉત્તમ ધ્યાન છે, તે નિર્જરા માત્રનું જનક ઔદાસીન્ય ઈચ્છાય છે.**

જેઓનું ચિત્ત સંસારના ભાવોથી પરાઙ્મુખ થયું છે, માત્ર આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવા માટે એકાગ્રતાથી પ્રવર્તે છે, તે ઉત્તમ ધ્યાન છે અને તે ઔદાસીન્ય ચિત્તરૂપ છે, જે નિર્જરા માત્રનું જનક છે. **II૧૦૨૫II**

**શ્લોક :-**

**भवेन्नानाविधोपायैश्चित्तजालोपसंहृतिः ।**
**भावतीर्थे स्थितस्यातो, ध्येयभेदो न दुष्यति ।।१०२६।।**

**શ્લોકાર્થ :-**

**ભાવતીર્થમાં રહેલા જીવને જુદા જુદા ઉપાયો વડે ચિત્તનાં જાળાંઓની**

**ઉપસંહતિ=ચિત્તની નિરાકુળ અવસ્થામાં અવસ્થિતિ, થાય આથી ધ્યેયભેદ દૂષિત નથી.**

ભગવાનના ભાવતીર્થમાં રહેલા સાધુ, શ્રાવક કે અન્યદર્શનવાળા જીવોને નિરંજન દેવ ઉપાસ્ય દેખાય છે અને તદ્ તુલ્ય થવા માટે પ્રયત્ન કરે છે, એવા જીવો જુદા જુદા ઉપાયો દ્વારા ચિત્તમાં થતા કલ્લોલોનું સંહરણ કરે છે. તેથી ધ્યેયનો ભેદ દોષરૂપ નથી. આથી જ ભગવાનના શાસનમાં પણ વિપાક વિચયાદિ અનેક પ્રકારે ધ્યેયના ભેદથી ચિત્તના કલ્લોલોને શાંત કરીને ધ્યાન કરવાનો ઉપદેશ અપાયો છે. **॥૧૦૨૬॥**

**શ્લોક :-**

**बहिःशुद्धक्रियाध्येयैर्यन्मोक्षाय मुमुक्षवः ।**
**नानाविधैः प्रगल्भन्ते, माध्यस्थं तत्र कारणम् ।।१०२७।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી જુદા જુદા પ્રકારવાળી બાહ્ય શુદ્ધ ક્રિયારૂપ ધ્યેયથી મોક્ષમાં જવાની ઈચ્છાવાળા જીવો મોક્ષ માટે પ્રયત્ન કરે છે, ત્યાં માધ્યસ્થ કારણ છે.**

જુદા જુદા પ્રકારની સંયમની ક્રિયાઓ કરીને મોક્ષના અર્થી જીવો મુક્ત થવા પ્રયત્ન કરે છે, તે સ્થાનમાં પણ તે તે ક્રિયાઓ દ્વારા માધ્યસ્થ ભાવ જ મોક્ષનું કારણ છે. જેમ સુસાધુ નવકલ્પી વિહાર કરીને ક્ષેત્ર પ્રત્યે કે શ્રાવકો પ્રત્યે પ્રતિબંધ ન થાય તે પ્રકારે અંતરંગ યત્નપૂર્વક ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને સમિતિપૂર્વક વિહાર કરે છે, ત્યારે તે વિહારની ક્રિયાના બળથી અને નવકલ્પી વિહારના બળથી કોઈ ક્ષેત્રાદિમાં રાગ ન થાય. કોઈ ગૃહસ્થ પ્રત્યે રાગ ન થાય અને યતનાપૂર્વક ગમન થાય, તેવું વિશિષ્ટ ચિત્ત બને છે જે માધ્યસ્થ્યનું કારણ છે, તે રીતે જુદા જુદા પ્રકારની સંયમની સર્વ ક્રિયાઓ માધ્યસ્થ્યનું કારણ છે. એટલું જ નહીં પણ શ્રાવકની જિનપૂજા આદિ ક્રિયા પણ માધ્યસ્થ્યનું કારણ છે. આથી જ જિનપૂજા કરતાં કરતાં નાગકેતુને કેવલજ્ઞાન થયું. તે રીતે અન્યદર્શનના જીવો પણ જે કંઈ બાહ્ય શુદ્ધ ક્રિયા કરીને મોક્ષ માટે યત્ન કરે છે, તે ક્રિયાકાળમાં વર્તતું માધ્યસ્થ્ય જ મોક્ષ પ્રત્યે કારણ છે. **॥૧૦૨૭॥**

**શ્લોક :-**

**किन्तु जीवस्य जायन्ते, यथा चेतःप्रसत्तये ।**
**परमात्मादयो ध्येया, नैव बिन्द्वादयस्तथा ।।१०२८।।**

**શ્લોકાર્થ :-**

**પરંતુ જીવના ચિત્તની પ્રસન્નતા માટે જે પ્રમાણે પરમાત્માદિ ધ્યેય થાય છે, તે પ્રમાણે બિંદુ આદિ થતા નથી.**

બાહ્ય શુદ્ધ ક્રિયા કરનારા મોક્ષના અર્થી જીવો તે ક્રિયાઓ દ્વારા માધ્યસ્થ ભાવ પ્રાપ્ત કરે છે. તેથી તે ક્રિયાઓ મોક્ષ માટે કારણ બને છે, તેમ જે કોઈ ક્રિયાથી માધ્યસ્થ ભાવ થાય તે ક્રિયાઓ મોક્ષનું કારણ છે પરંતુ પરમાત્મા રૂપી ધ્યેયથી જીવનું ચિત્ત જે પ્રકારે પરમાત્માના ગુણોથી રંજિત થાય છે, જેના કારણે વિશિષ્ટ પ્રકારનું માધ્યસ્થ્ય થાય છે, તે પ્રકારે અન્યદર્શનવાળા બિંદુ આદિનું ધ્યાન કરવાનું કહે છે, તે પરમાત્માદિ સાથે તુલ્ય થવામાં પ્રબળ નિમિત્ત નથી. **॥૧૦૨૮॥**

**શ્લોક :-**

**यौ त्वालम्बनभेदेन, स्वसंवेदनशालिना ।**
**चेतःशुद्ध्यन्यथाभावौ, प्रत्याख्येयौ न तौ पुनः ।।१०२९।।**

**શ્લોકાર્થ :-**

**વળી સ્વસંવેદનશાલી એવા મહાત્મા વડે આલંબનના ભેદથી ચિત્તની શુદ્ધિ અને અન્યથાભાવ છે=વીતરાગના આલંબનથી ચિત્તની શુદ્ધિ છે અને બિંદુના આલંબનથી તે પ્રકારની ચિત્તની શુદ્ધિ નથી. વળી, તે બંને=ચિત્તની શુદ્ધિ અને અન્યથાભાવ તે બંને, પ્રત્યાખ્યેય નથી= નિરાકરણીય નથી.**

જેઓ સ્વઅનુભવથી પદાર્થને જોનારા છે, તેઓને પરમાત્માના ધ્યાનકાળમાં ચિત્તની શુદ્ધિ થાય છે અને બિંદુના ધ્યાનકાળમાં ચિત્તની શુદ્ધિ તે પ્રકારે થતી નથી, તેવો અનુભવ છે; કેમ કે પરમાત્માના આલંબનથી જે રીતે વીતરાગભાવ સ્પર્શે છે, તે રીતે બિંદુના ધ્યાનથી વીતરાગભાવ સ્પર્શતો નથી. તેથી બધા ધ્યેય

સમાન છે, એમ કહીને આલંબનભેદને કારણે જે બે ભાવો ભિન્ન પ્રકારના થાય છે, તેનું નિરાકરણ કરવું ઉચિત નથી. **॥૧૦૨૯॥**

**શ્લોક :-**

**नानारुचित्वाज्जीवानां, ततो माध्यस्थशालिनाम् ।**

**बिन्द्वादयोऽपि केषांचिद्, भवेयुश्चित्तशोधकाः ।।१०३०।।**

**શ્લોકાર્થ :-**

**તેથી શ્લોક-૧૦૨૯માં કહ્યું કે ભાવતીર્થમાં રહેલા જીવને ધ્યેયભેદ દૂષિત કરતો નથી તેથી, માધ્યસ્થશાલી જીવોનું નાનારુચિપણું હોવાથી કેટલાક જીવોને બિંદુ આદિ પણ ચિત્તના શોધક થાય.**

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે ભાવતીર્થમાં રહેલા જીવોનો મધ્યસ્થભાવ મોક્ષનું કારણ થાય છે અને પોતાનો મધ્યસ્થભાવ અતિશય કરવાના ઉપાયમાં તેઓને જુદા જુદા પ્રકારની રુચિ હોય છે. તેથી કેટલાક જીવો પરમાત્માના ધ્યેયને ગ્રહણ કરીને વીતરાગ થવા ઇચ્છે છે તો વળી કેટલાક જીવો બિંદુ આદિનું ધ્યાન કરીને માધ્યસ્થ થવા ઇચ્છે છે=બિંદુ આદિ ઉપર ચિત્તને સ્થિર કરીને જગતના ભાવો પ્રત્યે મધ્યસ્થભાવ અતિશય કરવા યત્ન કરે છે. તેથી તેઓને બિંદુ આદિ પણ ચિત્તના શોધક થાય છે. **॥૧૦૩૦॥**

**શ્લોક :-**

**विज्ञायापि च ये तत्त्वं, लुब्धाः सन्तोऽर्थकामयोः ।**

**असदालम्बना योगाभिमानात् सुखमासते ।।१०३१।।**

**कोटरान्तःप्रविष्टानां, घूकानां भास्करोदये ।**

**यादृक् तादृक् किल ज्ञेयं, तेषां ज्ञानं महात्मभिः ।।१०३२।।**

**શ્લોકાર્થ :-**

**અને તત્ત્વને જાણીને પણ જેઓ અર્થ-કામમાં લુબ્ધ છતાં અસદ્ આલંબનવાળા યોગના અભિમાનથી સુખે રહે છે. સૂર્યના ઉદયમાં કોટરની અંદરમાં પ્રવેશેલા ઘુવડોને જેવું જ્ઞાન છે, તેવું તેઓનું જ્ઞાન=અર્થ-**

**કામમાં લુબ્ધ જીવોનું જ્ઞાન, મહાત્મા વડે જાણવું.**

જેઓએ સ્થૂલ દૃષ્ટિથી જાણ્યું છે કે ધ્યાનથી મોક્ષ છે, છતાં અર્થ-કામમાં લુબ્ધ છે અને બિંદુ આદિ કોઈક આલંબન લઈને ધ્યાન કરે છે અને માને છે કે અમે ધ્યાનયોગ સેવીએ છીએ. પરમાર્થથી તો તેઓ અર્થ-કામ જન્ય સુખ-શાંતિમાં લુબ્ધ છે અને માને છે કે આ ધ્યાનથી અમે મોક્ષને પામીશું, તેઓનું ધ્યાન કેવું છે તે સ્પષ્ટ કરતાં કહે છે. સૂર્યોદય વખતે ઘુવડો વૃક્ષની બખોલોમાં પ્રવેશે છે, તે વખતે તેઓનાં ચક્ષુ અંધકારથી વ્યાપ્ત હોય છે, કાંઈ દેખાતું નથી. તેના જેવું અર્થ-કામમાં લુબ્ધ જીવોનું ધ્યાન વિષયક જ્ઞાન છે, જે વિપર્યાસથી હણાયેલું છે. **॥૧૦૩૧-૧૦૩૨॥**

**શ્લોક :-**

**अज्ञानध्वान्तनिहतास्ते हि दृक्प्रसरं विना ।**
**कौशिका इव तिष्ठन्ति, लीनाः संसारकोटरे ।।१०३३।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તેઓ=અર્થ-કામમાં આસક્ત ધ્યાન કરનારા જીવો, અજ્ઞાનરૂપી અંધકારથી હણાયેલા સંસારકોટરમાં લીન રહે છે. જે પ્રમાણે દૃષ્ટિના પ્રસાર વિના ઘુવડો કોટરમાં=વૃક્ષની બખોલમાં, લીન રહે છે. ॥૧૦૩૩॥**

**શ્લોક :-**

**परिस्फुरति योगार्के, दीप्ते ज्ञानमहोभरैः ।**
**अर्थकामस्पृहाध्वान्तं, कुतस्तिष्ठति मानसे ।।१०३४।।**

**શ્લોકાર્થ :-**

**માનસમાં પરિસ્ફુરાયમાન થતા જ્ઞાનરૂપી તેજના સમૂહથી દીપ્ત એવો યોગરૂપ સૂર્ય હોતે છતે અર્થ-કામની સ્પૃહારૂપ અંધકાર ક્યાંથી રહે ?=રહે નહિ.**

જેઓના ચિત્તમાં નિર્લેપ ચિત્તરૂપ યોગ સ્વરૂપ સૂર્ય સ્ફુરાયમાન થઈ રહ્યો છે અને યોગનું પારમાર્થિક સ્વરૂપ કઈ રીતે અસંગભાવને સ્પર્શીને વીતરાગભાવમાં

જાય છે તેનો યથાર્થ બોધ દીપી રહ્યો છે. તેઓના ચિત્તમાં દૃઢ યત્નપૂર્વક નિર્લેપતાને અનુકૂળ એવા યોગમાં યત્ન ઉલ્લસિત થાય છે. તેથી તેવા જીવોના ચિત્તમાં હું નિર્લેપભાવથી અર્થ-કામ સેવું છું તેવી આત્મવંચનારૂપ અંધકાર ક્યાંથી વર્તે ? **॥૧૦૩૪॥**

**શ્લોક :-**

**ततो निरीहचित्तानां, बिन्द्वाद्यालम्बनादपि ।**
**माध्यस्थं योगिनामिष्टं, वैराग्यलवशालिनाम् ।।१०३५।।**

**શ્લોકાર્થ :-**

**તેથી=અર્થ-કામમાં અનાસક્ત જીવોને જ યોગ પ્રગટે છે તેથી, નિરીહ ચિત્તવાળા વૈરાગ્યલવશાલી યોગીઓને બિંદુ આદિના આલંબનથી પણ માધ્યસ્થ ઈષ્ટ છે.**

અન્યદર્શનવાળા જે યોગીઓનું ચિત્ત વિષયોની અનિચ્છાવાળું છે અને સૂક્ષ્મ બોધ નહિ હોવાથી કંઈક વૈરાગ્ય હોવા છતાં ગાઢ વૈરાગ્ય નથી તોપણ વૈરાગ્ય લવ છે, તેવા યોગીઓ બિંદુ આદિના આલંબનથી પણ ચિત્તને એકાગ્ર કરીને કંઈક નિર્લેપ નિર્લેપતર ચિત્ત કરે છે. તેથી મધ્યસ્થભાવ વૃદ્ધિ પામે છે, જે મોક્ષનું કારણ છે માટે બિંદુના આલંબનથી પણ તેઓ મોક્ષ માટે યત્ન કરે છે. **॥૧૦૩૫॥**

**શ્લોક :-**

**कुतीर्थिकैरतो येऽमी, ध्येयभेदाः प्रकीर्तिताः ।**
**ते जैनमतपाथोधौ, यान्ति निस्यन्दबिन्दुताम् ।।१०३६।।**

**શ્લોકાર્થ :-**

**આથી=બિંદુ આદિના ધ્યાનથી પણ વૈરાગ્ય લવશાલી જીવોને માધ્યસ્થની પ્રાપ્તિ છે આથી, કુતીર્થિકો વડે જે આ ધ્યેયના ભેદો કહેવાયા તે=ધ્યેયભેદો, જૈનમતરૂપી સમુદ્રમાં નિસ્યંદની બિંદુતાને પામે છે=સારની અંશતાને પામે છે.**

જે યોગીઓ વૈરાગ્ય લવને પામીને બિંદુ આદિના ધ્યાનથી મધ્યસ્થભાવને પ્રગટ કરે છે, તેઓના મતમાં પ્રરૂપાયેલા તે ધ્યાનના ભેદો જૈન મતરૂપી સમુદ્રમાંથી

જે સાર નીકળ્યો, તેના એક અંશ સ્વરૂપ છે; કેમ કે જૈન મતનો સાર સામાયિકનો પરિણામ છે અને તે મધ્યસ્થ પરિણતિ સ્વરૂપ છે. જૈન મતની સર્વ ક્રિયાઓ સ્વસ્વભૂમિકાનુસાર સામાયિકની વૃદ્ધિ દ્વારા સિદ્ધ સ્વરૂપના ધ્યાન માટે યત્ન કરવા પ્રેરણા કરે છે. તેવાં સર્વ વચનો અન્યદર્શનનાં નહીં હોવા છતાં બિંદુ આદિના ધ્યાનથી કંઈ મોક્ષને અનુકૂળ મધ્યસ્થ પરિણતિ પ્રગટ કરવાની પ્રેરણા કરે છે માટે જિનમતના સારના બિંદુતુલ્ય છે. **॥૧૦૩૬॥**

**શ્લોક :-**

**तत्कूटवैद्यशालावत्, परदर्शनसन्ततिः ।**
**ज्ञेया तथा स्वरूपेण, कर्मरोगविवर्द्धनी ।।१०३७।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં વૈદ્યના દૃષ્ટાંતથી બતાવ્યું કે અન્યદર્શીઓ કૂટવૈદ્યની શાળા જેવા છે તે કારણથી, કૂટવૈદ્યની શાળાની જેમ પરદર્શનની સંતતિ= અન્ય અન્ય દર્શનના મતો, તે પ્રકારના સ્વરૂપથી કર્મરૂપી રોગ વધારનારી જાણવી.**

અન્યદર્શનવાળાની પ્રરૂપણા કંઈક તત્ત્વને સ્પર્શનારી હોવા છતાં અતત્ત્વથી આક્રાન્ત છે અને તત્ત્વને સ્પર્શનાર વચનો જિનવચનાનુસાર હોવા છતાં તે તે દર્શનમાં સાથે રહેલા અતત્ત્વથી કૂટમતિ ઉત્પન્ન કરે તેવાં છે. તેથી જેમ કૂટવૈદ્યની શાલા કોઈક જીવને આશ્રયીને રોગનો નાશ કરનાર હોવા છતાં બહુલતાએ રોગની વૃદ્ધિને કરનારી છે; કેમ કે કૂટવૈદ્યો કેટલાંક ઔષધોને સુવૈદ્યની અનુસાર આપે છે, તોપણ બહુલતાએ રોગવર્દ્ધક ઔષધો આપે છે. તેથી તેવા સ્વરૂપવાળા પરદર્શનના મતો કર્મરૂપી રોગને વધારનારા જાણવા. **॥૧૦૩૭॥**

**શ્લોક :-**

**तत्रस्थानां पुनर्यत् स्यात्, कर्मरोगस्य तानवम् ।**
**कर्मरोगक्षयो वा यः, स सर्वज्ञवचोगुणः ।।१०३८।।**

**શ્લોકાર્થ :-**

**વળી ત્યાં રહેલાઓને=પરદર્શનમાં રહેલાઓને, જે કર્મરોગનું અલ્પપણું**

**થાય છે, તે સર્વજ્ઞનાં વચનોનો ગુણ છે=તે દર્શનમાં રહેલાં સર્વજ્ઞનાં વચનોનો ગુણ છે. ॥૧૦૩૮॥**

**શ્લોક :-**

**तस्मात् सद्वैद्यशालेयं, सिद्धा जैनमतस्थितिः ।**
**आकालं निश्चला पूता, द्वादशाङ्गी सुसंहिता ।।१०३९।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આ જૈનમતની સ્થિતિ આકાલ, નિશ્ચલ, પવિત્ર દ્વાદશાંગીરૂપ સુસંહિતાવાળી સદ્વૈદ્યશાલા સિદ્ધ છે. ॥૧૦૩૯॥**

**શ્લોક :-**

**दोषच्छेदकरं लोके, यत्किञ्चिद् दृश्यते वचः ।**
**तद् गुणाश्रयभूतायामस्यामेव प्रतिष्ठितम् ।।१०४०।।**

**શ્લોકાર્થ :-**

**લોકમાં દોષને છેદન કરનારું જે કંઈ વચન દેખાય છે, ગુણના આશ્રયભૂત એવી આમાં જ=જૈનમતશાલામાં જ, તે=વચન, પ્રતિષ્ઠિત છે. ॥૧૦૪૦॥**

**શ્લોક :-**

**बुद्ध्यलेपेन हिंसादिसौन्दर्यादिवचश्च यत् ।**
**हास्यं विवेकिनां तत्तु, तीर्थिकानामयुक्तिकम् ।।१०४१।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિના અલેપથી હિંસાદિના સૌંદર્યાદિનું અયુક્તિવાળું એવું તીર્થિકોનું જે વચન છે, તે=વચન, વિવેકીઓને હાસ્યનું સ્થાન છે.**

શ્લોક-૯૨૭માં પૌંડરીક મુનિએ કહેલ કે કેટલાક દર્શનકારો બુદ્ધિના અલેપથી હિંસા કરવા છતાં જીવ લેપાતો નથી તેમ કહે છે તે વચન અયુક્તિવાળું છે; કેમ કે હિંસા કરવાનો અધ્યવસાય જ કષાયોમાંથી ઊઠેલો જીવનો પરિણામ છે અને નિર્લેપભાવથી હું હિંસા કરું છું, એ વચનમાત્રનો વિલાસ છે. વળી, શ્લોકમાં

રહેલા સૌંદર્યાદિમાં આદિ પદથી કેટલાંકના વચનોનું ગ્રહણ છે અને તેઓ માને છે કે પાપો કર્યા પછી મહેશ્વરનું સ્મરણ કરવાથી અથવા વિરૂપાક્ષને સ્મરણ કરવાથી પાપો નાશ પામે છે, તે વચન પણ અયુક્તિવાળું છે; કેમ કે પાપ કરવાની વૃત્તિ જ ગુણથી વિમુખ પરિણતિ છે અને તે પરિણતિ મહેશ્વર કે વિરૂપાક્ષના સ્મરણથી નાશ પામે નહીં, પરંતુ પાપની પરિણતિ પ્રત્યે તીવ્ર જુગુપ્સાપૂર્વક ફરી પાપ નહીં કરવાના તીવ્ર અધ્યવસાયથી જ પાપ નાશ પામે છે. **॥૧૦૪૧॥**

**શ્લોક :-**

**श्रुत्वेदं सद्‌गुरोर्वाक्यं, पुण्डरीकमुनिः पुनः ।**
**अब्रवीत् तत्त्वरत्नस्य, सर्वांशपरिशुद्धये ।।१०४२।।**

**શ્લોકાર્થ :-**

**સદ્‌ગુરુનું આ વાક્ય સાંભળીને ફરી પુંડરીક મુનિ તત્ત્વરૂપી રત્નની સર્વાંશ પરિશુદ્ધિ માટે બોલ્યા.**

સદ્‌ગુરુએ ધ્યાન વિષયક અન્યદર્શનના મતોનો યથાર્થ ખુલાસો કર્યો. તેનાથી તોષ પામેલા પુંડરીક મુનિ પોતાના તત્ત્વના નિર્ણયને સર્વથા શુદ્ધ કરવાની ઇચ્છાથી અન્ય સ્થાન પૂછે છે. **॥૧૦૪૨॥**

**શ્લોક :-**

**यथा ब्रूमो वयं स्वामिन् !, व्यापकं जिनशासनम् ।**
**तीर्थ्या अपि तथा ब्रूयुः, स्वतीर्थं चेत् किमुत्तरम् ।।१०४३।।**

**શ્લોકાર્થ :-**

**હે સ્વામી ! જે પ્રમાણે અમે જિનશાસનને વ્યાપક કહીએ છીએ, તે પ્રમાણે તીર્થીઓ પણ=અન્યદર્શનવાળાઓ પણ, જો સ્વતીર્થને કહે= સ્વતીર્થને વ્યાપક કહે, તો શું ઉત્તર છે ? ॥૧૦૪૩॥**

**શ્લોક :-**

**देवे धर्मे निजे तत्त्वे, मोक्षे चाभिनिवेशिनः ।**
**स्वप्नान्तेऽपि न जानन्ति, परे हि परदर्शनम् ।।१०४४।।**

**શ્લોકાર્થ :-**

**નિજદેવમાં, નિજધર્મમાં, નિજતત્ત્વમાં અને મોક્ષમાં અભિનિવેશવાળા પર એવા તેઓ સ્વપ્નમાં પણ પરદર્શનને જાણતા નથી.**

પરદર્શન કેટલાંક ક્ષણિકવાદી છે કેટલાંક નિત્યવાદી છે, તે સર્વ દર્શનો પોતાના દેવમાં અભિનિવેશવાળાં છે=બુદ્ધ જ પૂર્ણ પુરુષ છે અન્ય નથી ઇત્યાદિ રૂપે અભિનિવેશવાળાં છે, પોતાનો કલ્પાયેલો ધર્મ જ ધર્મ છે અન્ય ધર્મ નથી તેવા અભિનિવેશવાળાં છે, તત્ત્વમાં પણ ક્ષણિક જ તત્ત્વ છે ઇત્યાદિ રૂપે તે તે દર્શનવાળા અભિનિવેશવાળા છે. મોક્ષમાં પણ સ્વ-સ્વકલ્પિત સ્વરૂપવાળો મોક્ષ છે, તેવા અભિનિવેશવાળા છે; તેથી પરદર્શનમાં મોક્ષને અનુકૂળ સત્યાંશ છે, તેને સ્વપ્નમાં પણ તે તે દર્શન જાણતાં નથી. તેથી અન્યદર્શનના સત્યાંશોને ગ્રહણ કરીને અમારું દર્શન સર્વ દર્શનમાં વ્યાપક છે, તેમ તેઓ કહી શકે નહીં. વસ્તુતઃ જૈન દર્શન સર્વ નયોની દૃષ્ટિથી પદાર્થને જોનાર છે, તેથી અન્ય અન્યદર્શનમાં રહેલા તે તે સત્યાંશોને ગ્રહણ કરીને કહે છે કે જૈનદર્શન સર્વ દર્શનોમાં વ્યાપક છે, તે સંગત થાય, પરંતુ તીર્થિકો તેમ કહી શકે નહીં. **॥૧૦૪૪॥**

**શ્લોક :-**

**तेभ्यः स्वमतदृप्तेभ्यः, को भेदस्तादृशां तु नः ।**
**मन्मनो मेरुवत् कर्तुमिदं निर्णेतुमर्हथ ।।१०४५।।**

**શ્લોકાર્થ :-**

**સ્વમતથી ગર્વિત થયેલ એવા તેઓથી=તે તે દર્શનવાળાઓથી, તેવા પ્રકારના અમારો=સ્વમતથી ગર્વિત એવા અમારો, શું ભેદ છે ? મારું મન મેરુની જેમ કરવા માટે આ નિર્ણય કરાવવો તમને યોગ્ય છે.**

પૂર્વશ્લોકમાં કહ્યું કે તે તે દર્શનવાળા દેવાદિમાં અભિનિવેશવાળા છે, માટે પરદર્શનને સ્વપ્નમાં પણ જાણતા નથી. ત્યાં પૌંડરીક મુનિ કહે છે કે તે તે દર્શનવાળા તે તે મતોમાં આગ્રહવાળા છે તેમ જૈન દર્શનવાળા પણ અમારો મત યથાર્થ છે તેવા આગ્રહવાળા છે તેથી તેઓના અને સ્યાદ્વાદીઓના આગ્રહમાં શું ભેદ છે ? તેનો નિર્ણય કરાવીને મારું મન મેરુની જેમ સ્વદર્શનમાં સ્થિર થાય તેવો બોધ કરાવવો તમને ઉચિત છે. **॥૧૦૪૫॥**

**શ્લોક :-**

लसद्दन्तद्युतिश्रेणिच्छुरिताधरपल्लवः ।
गुरुस्तदुत्तरं दातुमित्थमाह महाशयः ।।१०४६।।

**શ્લોકાર્થ :-**

**વિલાસ પામતી દાંતની કાંતિની શ્રેણીથી વિભાગ કરાયેલા અધર-પલ્લવવાળા, મહાશય એવા ગુરુ તેના ઉત્તરને આપવા માટે આ પ્રમાણે બોલ્યા. ।।૧૦૪૬।।**

**શ્લોક :-**

तदेतद् व्यापकं प्रोक्तं, मया ते जैनदर्शनम् ।
यद् वेद्यसंवेद्यपदस्थितैर्भावेन दृश्यते ।।१०४७।।

**શ્લોકાર્થ :-**

**તે આ જૈનદર્શન મારા વડે તને વ્યાપક કહેવાયું. જે=વ્યાપક એવું જૈનદર્શન, વેદ્યસંવેદ્યપદમાં રહેલા જીવો વડે ભાવથી દેખાય છે. ।।૧૦૪૭।।**

**શ્લોક :-**

उपलब्धे हि तत्तत्वे, जीवानां मलसंभवाः ।
स्वयमेव निवर्तन्ते, मोहिन्यो भेदबुद्धयः ।।१०४८।।

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, તે તત્ત્વ ઉપલબ્ધ થયે છતે=વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ દ્વારા ભાવથી જૈનદર્શનનું વ્યાપકપણું પ્રાપ્ત થયે છતે, જીવોની મલથી ઉત્પન્ન થયેલી મોહને કરનારી ભેદબુદ્ધિઓ સ્વયં જ નિવર્તનને પામે છે.**

જેઓને વેદ્યસંવેદ્યપદ પ્રાપ્ત થાય છે, તેઓને તત્ત્વાતત્ત્વનું સમ્યક્ સ્વરૂપ વેદન થાય છે. તેથી અન્ય દર્શનવાળા જે જીવો પૂર્ણ પુરુષની ઉપાસના કરીને મોક્ષમાં જવાના અર્થી છે અને જેઓ કદાગ્રહ વગર સ્વદર્શનમાં રહેલા બુદ્ધાદિને પૂર્ણ પુરુષ માનીને ઉપાસના કરે છે તેઓ જિનના જ ઉપાસક છે તેમ વેદ્યસંવદ્યપદમાં રહેવા સમ્યગ્દૃષ્ટિને જણાય છે તે બુદ્ધ શબ્દથી વાચ્ય પૂર્ણ ગુણવાળા પુરુષનું

ગ્રહણ છે અને મહાદેવ શબ્દથી પણ રાગ-દ્વેષ-મોહથી રહિત પૂર્ણ પુરુષનું ગ્રહણ છે અને તેવા પુરુષની ઉપાસના કરીને ગુણના અર્થી જીવો પૂર્ણ પુરુષ તુલ્ય થાય છે. તેથી સમ્યક્ બોધને કારણે મોહજન્ય સમ્યગ્દૃષ્ટિ જીવોની નામના ભેદમાં ભેદબુદ્ધિ નિવર્તન પામે છે. **॥૧૦૪૮॥**

**શ્લોક :-**

**नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**समशीलं मनो यस्य, स हि सम्यक्त्वभूषितः ।।१०४९।।**

**શ્લોકાર્થ :-**

**સ્વઅર્થમાં સત્ય અને પરની વિચારણામાં નિષ્ફળ એવા નયોમાં જેનું મન સમાન સ્વભાવવાળું છે, તે સમ્યક્ત્વથી ભૂષિત છે.**

મધ્યસ્થતાથી પદાર્થને જોવાની જેની દૃષ્ટિ પ્રગટી છે, તેવા જીવોને નયોની દૃષ્ટિનો યથાર્થ બોધ થાય છે અને દરેક નયો પોતાના અર્થને કહેવામાં સત્ય છે અને પર નયની વિચારણા કરવામાં નિષ્ફળ છે. તેથી મધ્યસ્થ એવા સમ્યગ્દૃષ્ટિ જીવો નયોમાં પક્ષપાતવાળા થતા નથી, પરંતુ દરેક નયોને સ્વસ્વસ્થાનમાં યોજીને યથાર્થ જોનારા હોય છે. **॥૧૦૪૯॥**

**શ્લોક :-**

**एको हि भासते रागद्वेषमोहविवर्जितः ।**
**सर्वत्र तत्त्वतो देवः, सर्वज्ञः सर्वदर्शनः ।।१०५०।।**

**શ્લોકાર્થ :-**

**તત્ત્વથી સર્વત્ર રાગ, દ્વેષ અને મોહવિવર્જિત સર્વજ્ઞ, સર્વદર્શી, એક દેવ ભાસે છે.**

જેઓ મધ્યસ્થ છે, તેઓને સર્વદર્શનવાદીઓને અભિમત દેવ પૂર્ણ પુરુષ ભાસે છે. જે રાગ, દ્વેષ, મોહવર્જિત છે, અન્ય કોઈ નથી. **॥૧૦૫૦॥**

**શ્લોક :-**

**सकलोऽसौ जगद्भर्ता, सशरीरो निगद्यते ।**
**स एव योगिनां ध्येयो, मुक्तावस्थस्तु निष्कलः ।।१०५१।।**

**શ્લોકાર્થ :-**

**કલાવાળા આ=પૂર્ણ પુરુષ એવા દેવ, સશરીરવાળા જગતના ભર્તા કહેવાય છે. વળી, મુક્ત અવસ્થાવાળા નિષ્કલ કહેવાય છે. તે જ યોગીઓને ધ્યેય છે.**

સર્વ જગતને પૂજ્ય એવા દેવની બે અવસ્થા છે. કલાવાળી અને નિષ્કલ અવસ્થા અને સંસારી જીવો પણ કલાવાળા છે, છતાં સંસારી જીવોને આઠ કર્મોની આઠ કળાઓ છે અને વીતરાગ સર્વજ્ઞ એવા દેવ સશરીરવાળા છે, ત્યારે સાડા ત્રણ કળાવાળા છે અને જગતને સન્માર્ગ બતાવનારા હોવાથી જગત્ભર્તા છે અને મુક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે કર્મની સર્વ કળાઓથી મુક્ત હોવાને કારણે નિષ્કલ કહેવાય છે. **II૧૦૫૧II**

**શ્લોક :-**

**इत्थमेकस्वरूपे हि, देवतत्त्वे विनिश्चिते ।**
**न स्युर्नानाविधाः शब्दा, बुधानां भेदबुद्धये ।।१०५२।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે એક સ્વરૂપવાળા દેવતત્ત્વનો વિનિશ્ચિત થયે છતે જુદા જુદા પ્રકારના શબ્દો બુધ પુરુષોને ભેદબુદ્ધિ માટે થતા નથી.**

મધ્યસ્થતાપૂર્વક ઉપાસ્ય દેવનું સ્વરૂપ શ્લોક-૧૦૫૧માં બતાવ્યું, તેવું જેને જણાયું છે, તેઓને સર્વ દર્શનવાદીઓને અભિમત દેવતત્ત્વ એક સ્વરૂપવાળું છે, તેવો નિશ્ચય થાય છે. તેથી દેવોના વાચક જુદા જુદા શબ્દોમાં તેઓને ભેદબુદ્ધિ થતી નથી. **II૧૦૫૨II**

**શ્લોક :-**

**बुद्धो ब्रह्माऽथवा विष्णुर्महेशो वा स उच्यताम् ।**
**जिनेश्वरो वा सर्वत्र, भावतोऽर्थो न भिद्यते ।।१०५३।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અથવા જિનેશ્વર તે કહેવાય=શ્લોક-૧૦૫૧માં કહ્યું તેવા સ્વરૂપવાળા દેવ કહેવાય. ભાવથી અર્થનો ભેદ નથી.**

બુદ્ધ, બ્રહ્મા ઇત્યાદિ નામથી ભેદ છે. પરંતુ તે શબ્દથી વાચ્ય પુરુષનું સ્વરૂપ ભાવથી શ્લોક-૧૦૫૧માં બતાવ્યું તેવું છે માટે ભેદ નથી. **॥૧૦૫૩॥**

**શ્લોક :-**

**भजेद् य एव तं ज्ञात्वा, भावात् तस्यैव स प्रभुः ।**
**ममास्ति तव नास्तीति, सर्वोऽयं मत्सरभ्रमः ।।१०५४।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં કહ્યું કે સર્વદર્શનને અભિમત દેવનું સ્વરૂપ એક છે એ રીતે, તેને=પૂર્ણ પુરુષને જાણીને જે પુરુષ ભાવથી ભજે, તેના જ તે પ્રભુ છે. મારા છે=મારા દેવ દેવ છે, તારા નથી=તારા દેવ દેવ નથી, એ પ્રમાણે સર્વ આ મત્સરનો ભ્રમ છે.**

જેઓ મધ્યસ્થતાપૂર્વક શ્લોક-૧૦૫૧માં બતાવ્યું, તેવા સ્વરૂપવાળા દેવને જાણીને તેની ઉપાસના કરતા હોય અને તેઓ તેવા પુરુષને બુદ્ધ છે, બ્રહ્મા છે ઇત્યાદિ કહેતા હોય તેઓ ભાવથી પૂર્ણ પુરુષને ભજનારા છે અને તેઓના જ=કદાગ્રહ વગરના જીવોના જ, તે પ્રભુ છે; કેમ કે મધ્યસ્થતાની તત્ત્વને જોવા દ્વારા જ પૂર્ણ પુરુષની ઉપાસના થાય છે અને જેનાથી પૂર્ણ પુરુષની તુલ્ય થવાય છે. વળી, જેઓમાં મધ્યસ્થતા નથી, પરંતુ તે તે દર્શનનો સ્વીકાર કરીને મારા દર્શનને અનુમત બુદ્ધ જ દેવ છે, અન્ય નથી ઇત્યાદિ કદાગ્રહો વર્તે છે તેથી તેઓ કહે છે કે અમારા દેવ દેવ છે, તમારા દેવ દેવ નથી. તે સર્વ પરદર્શનના દેવના નામ પ્રત્યે મત્સરનો ભ્રમ છે=મત્સર ભાવ છે. **॥૧૦૫૪॥**

**શ્લોક :-**

**सर्वेषां हि समानोऽसौ, निःशेषक्लेशवर्जितः ।**
**दत्ते मोक्षं सुविज्ञातः, पैतृकी कस्य जाह्नवी ।।१०५५।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, સર્વેના=સર્વ દર્શનવાદીઓના, નિઃશેષ ક્લેશવર્જિત એવા આ સમાન છે. સુવિજ્ઞાત એવા દેવ મોક્ષને આપે છે, ગંગા નદી કોના પિતાના સંબંધી છે=કોના બાપની છે.**

સંપૂર્ણ ક્લેશવર્જિત એવા દેવ બધા યોગીઓને સમાન રૂપે ઉપાસ્ય છે અને જેઓને નિષ્કલ દેવ સુવિજ્ઞાત છે, તેઓને તે દેવ મોક્ષ આપે છે; કેમ કે તે સ્વરૂપના ભાવનથી પૂર્ણ પુરુષમાં લીનતા આવે છે. જેથી પૂર્ણ પુરુષતુલ્ય તે જીવ બને છે. જેમ ગંગા નદી કોઈના બાપની નથી, બધા જીવો માટે સમાન છે, તેમ પૂર્ણ પુરુષ બધા જીવો માટે સમાન ઉપાસ્ય છે. **॥૧૦૫૫॥**

**શ્લોક :-**

**विभिन्ना अपि पन्थानो, यान्ति नद्य इवाम्बुधौ ।**
**कर्मप्रपञ्चनिर्मुक्ते, तत्रैकत्रैव योगिनाम् ।।१०५६।।**

**શ્લોકાર્થ :-**

**જેમ નદીઓ સમુદ્રમાં જાય છે, તેમ યોગીઓના વિભિન્ન પણ માર્ગો કર્મના વિસ્તારથી નિર્મુક્ત એવા તે એક સ્થાનમાં જ જાય છે.**

જેમ બધી નદીઓ એક સમુદ્રમાં જઈને ભળે છે, તેમ મોક્ષના અર્થી યોગીઓ મધ્યસ્થતાપૂર્વક સ્વ-સ્વભૂમિકાનુસાર ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ કરે છે. તે સર્વ પ્રવૃત્તિઓ કર્મપ્રપંચથી મુક્ત એવા તે નિષ્કલ અવસ્થારૂપ એક સ્થાનમાં જાય છે. **॥૧૦૫૬॥**

**શ્લોક :-**

**यैर्ज्ञातोऽसौ महाभागैः, श्रितश्चाशयशुद्धितः ।**
**तेषां निश्चयभाजां स्याद्, विवादः केन हेतुना ? ।।१०५७।।**

**શ્લોકાર્થ :-**

**જે મહાભાગ્યશાળી વડે આ=નિષ્કલ એવા દેવ, જ્ઞાત છે અને આશયશુદ્ધિ આશ્રય કરાયેલા છે=તેઓના સ્વરૂપના ભાવનથી તદ્ તુલ્ય થવું છે એ પ્રકારના આશયની શુદ્ધિથી ઉપાસ્ય રૂપે આશ્રય કરાયેલા છે, નિશ્ચયને ભજનારા એવા તેઓને=દેવના પારમાર્થિક સ્વરૂપમાં નિશ્ચયને ધારણ કરનારા એવા તેઓને, કયા હેતુથી વિવાદ થાય ?**

બુદ્ધ ઉપાસ્ય નથી અને જિનેશ્વર ઉપાસ્ય છે અથવા જિનેશ્વર ઉપાસ્ય નથી, બુદ્ધ ઉપાસ્ય છે. તે કયા હેતુથી વિવાદ થાય ? **॥૧૦૫૭॥**

**શ્લોક :-**

**रक्तं द्विष्टं तथा मूढं, मूढास्तं कल्पयन्ति ये ।**
**भावनाज्ञानभाजस्तांस्तारयन्ति कृपापराः ।।१०५८।।**

**શ્લોકાર્થ :-**

**જે મૂઢજીવો તેને=ઉપાસ્ય દેવને, રાગવાળા, દ્વેષવાળા કે મોહવાળા કલ્પના કરે છે, કૃપાપર એવા ભાવના જ્ઞાનવાળા યોગીઓ તેઓને=મૂઢજીવોને તારે છે.**

સંસારી જીવો અજ્ઞાનને વશ રાગવાળા દેવની ઉપાસના કરે છે. આથી, પાર્વતીથી યુક્ત શંકરની મૂર્તિ પાસે બેસીને ઉપાસના કરે છે, કેટલાક જીવો દ્વેષવાળા દેવની ઉપાસના કરે છે. આથી શસ્ત્રયુક્ત દેવની મૂર્તિનું સ્મરણ કરીને ઉપાસના કરે છે. કેટલાક જીવો મૂઢ એવા દેવની ઉપાસના કરે છે, તેથી પોતે મૂઢ હોવાને કારણે ઉપાસ્ય દેવને પણ રક્ત, દ્વિષ્ટ અને મૂઢ રૂપે કલ્પના કરે છે અને તત્ત્વનો જેમને યથાર્થ નિર્ણય થયો છે અને તેનાથી ભાવનાજ્ઞાનને પામ્યા છે, તેવા યોગીઓ મૂઢ જીવોની તે પ્રકારની કલ્પના જોઈને તેમના હિત અર્થે તેમની યોગ્યતાનુસાર માર્ગને બતાવીને તેઓની મૂઢતા દૂર કરે છે અને કહે છે કે પૂર્ણ પુરુષની ઉપાસનાથી જ પૂર્ણ પુરુષતુલ્ય કર્મરહિત અવસ્થાની પ્રાપ્તિ થાય છે. **૧૦૫૮**

**શ્લોક :-**

**श्रुतज्ञानाद् विवादः स्यान्मतावेशश्च चिन्तया ।**
**माध्यस्थं भावनाज्ञानात्, सर्वत्र च हितार्थिता ।।१०५९।।**

**શ્લોકાર્થ :-**

**શ્રુતજ્ઞાનથી વિવાદ થાય અને મતાવેશ થાય, ચિંતાજ્ઞાનથી માધ્યસ્થ થાય અને ભાવના જ્ઞાનથી સર્વત્ર=સર્વ જીવોમાં હિતાર્થિતા થાય=સર્વ જીવોના હિતને અનુકૂળ અર્થિતા થાય.**

મોક્ષના કારણીભૂત પ્રથમ ભૂમિકામાં શ્રુતજ્ઞાન થાય છે, પછી ચિંતાજ્ઞાન થાય છે, ત્યારપછી ભાવનાજ્ઞાન થાય છે, શ્રુતજ્ઞાનવાળા જીવોને દેવનું સ્વરૂપ

કેવું છે, જે ઉપાસ્ય છે, તેનો બોધ થાય છે અને પરદર્શનવાળા જીવો તેવા દેવને માનતા નથી. સ્વકલ્પિત દેવને બુદ્ધાદિ દેવ સ્વરૂપે માને છે, તેથી તેઓની સાથે દેવના સ્વરૂપમાં તેઓને વિવાદ થાય છે. વળી, શ્રુતજ્ઞાનવાળાને પોતાના દેવ શ્રેષ્ઠ છે, અન્યના નથી, એ પ્રકારનો મતાવેશ થાય છે. આથી જ બુદ્ધાદિ દેવો દેવ નથી, વીર ભગવાન દેવ છે ઇત્યાદિ મતનો કંઈક આગ્રહ થાય છે.

વળી, ચિંતાજ્ઞાન નય સાપેક્ષ બોધ સ્વરૂપ હોવાથી મધ્યસ્થતા થાય છે. તેથી તે તે દર્શનના ઉપાસક પણ જેઓ પૂર્ણ પુરુષને બુદ્ધાદિ રૂપે માનીને ઉપાસના કરે છે, તેઓ પરમાર્થથી પૂર્ણ પુરુષ એવા વીર ભગવાનની ઉપાસના કરે છે અને જેઓ દેવના સ્વરૂપને જાણ્યા વગર કે વિકૃત સ્વરૂપે દેવના સ્વરૂપને જાણીને દેવની ઉપાસના કરે છે, તેઓ બુદ્ધની ઉપાસના કરતા હોય કે વીર ભગવાનની ઉપાસના કરતા હોય તોપણ પરમાર્થથી પૂર્ણ પુરુષ એવા દેવના ઉપાસક નથી, તેમ ચિંતાજ્ઞાનવાળાને જણાય છે. વળી મધ્યસ્થતાપૂર્વક ઉપાસકોના દેવના સ્વરૂપનું જ્ઞાન થાય તો રાગાદિ રહિત પુરુષ ઉપાસ્ય જણાય છે તેથી બુદ્ધાદિ શબ્દ વાચ્ય પણ સુદેવ જ છે અને પારમાર્થિક દેવના સ્વરૂપના અજ્ઞાનને કારણે કુદેવની ઉપાસના થાય છે; કેમ કે વીર ભગવાનની ઉપાસના કરનાર પણ પરમ ગુરુના સ્વરૂપમાં અજ્ઞ હોય તો નામથી વીર ભગવાનની ઉપાસના કરે છે, પરમાર્થથી ગુણથી પૂર્ણ પુરુષની ઉપાસના કરતા નથી, તેમ ચિંતાજ્ઞાનવાળાને જણાય છે.

વળી, ભાવનાજ્ઞાનવાળા મુનિઓને અવિવેકથી ઉપાસના કરનાર પ્રત્યે પણ હિતાર્થિતા વર્તે છે. તેથી વિવેકપૂર્વક તેઓને સુદેવના સ્વરૂપનો બોધ કરાવવા યત્ન કરે છે અને અયોગ્ય જીવો જણાય તો ઉપેક્ષા કરે છે. **॥૧૦૫૯॥**

**શ્લોક :-**

**तदेकस्तात्त्विको देवः, प्रोक्तस्ते ये भजन्त्यमी ।**

**सामान्यतो विशेषाद् वा, योगिनोऽसद्ग्रहोज्झिताः ।।१०६०।।**

**શ્લોકાર્થ :-**

**અસદ્ગ્રહથી રહિત જે આ યોગીઓ સામાન્યથી અથવા વિશેષથી ભજે છે=દેવને સેવે છે, તે એક તાત્ત્વિક દેવ તને=પૌંડરીકને, કહેવાયો.**

સમંતભદ્રસૂરિ કહે છે કે કદાગ્રહ વગરના યોગીઓ જે આ પૂર્ણ પુરુષને ભજે છે, તેમાંથી કેટલાક તે પૂર્ણ પુરુષને સામાન્યથી સર્વ દોષરહિત છે તેમ જાણે છે, કેટલાક વિશેષથી સર્વ દોષરહિત દેવ છે તે પ્રકારે જાણે છે, તે સર્વના ઉપાસ્ય એક તાત્ત્વિક પૂર્ણ પુરુષરૂપ દેવ છે, એમ પૌંડરીકને સમંતભદ્રસૂરિ કહે છે. **॥૧૦૬૦॥**

**શ્લોક :-**

**धर्मोऽपि तात्त्विको ह्येकः, शुद्धः शुद्धगुणात्मकः ।**
**हेतुः कल्याणमालानां, विज्ञेयो मोक्षकाङ्क्षिभिः ।।१०६१।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મ પણ તાત્ત્વિક એક શુદ્ધ, શુદ્ધ ગુણાત્મક, કલ્યાણમાળાનો હેતુ મોક્ષના ઈચ્છુક જીવોએ જાણવો જોઈએ.**

જેમ દેવ બધાને ઉપાસ્ય એક છે તેમ બધાને માટે પ્રાપ્તવ્ય એવો ધર્મ પણ એક છે જે શુદ્ધ ધર્મ છે અને આત્માના શુદ્ધ ગુણ સ્વરૂપ છે અને કલ્યાણનો હેતુ છે. **॥૧૦૬૧॥**

**શ્લોક :-**

**क्षमामार्दवसच्छौचतपःसंयममुक्तयः ।**
**सत्यब्रह्मार्जवत्यागा, अमी धर्मगुणा दश ।।१०६२।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષમા, માર્દવ, સત્શૌચ, તપ, સંયમ, મુક્તિ, સત્ય, બ્રહ્મ, આર્જવ, ત્યાગ આ દશ ધર્મના ગુણો છે.**

ક્રોધાદિ કષાયોના શમને અનુકૂળ આત્માના વ્યાપારરૂપ ક્ષમાનો પરિણામ, માર્દવનો પરિણામ, ભાવશૌચનો પરિણામ, તપનો પરિણામ, સંયમનો પરિણામ, નિર્લોભતાનો પરિણામ, સત્ય, બ્રહ્મચર્ય, આર્જવ અને બાહ્ય પદાર્થોનો ત્યાગ એ દશ પ્રકારના પરિણામો સ્વરૂપ ધર્મ એક હોવા છતાં દશ ગુણોવાળો છે. **॥૧૦૬૨॥**

**શ્લોક :-**

**विवदन्ते न सद्धर्मं, ज्ञात्वैतं दशलक्षणम् ।**
**वारयन्ति बुधाः किन्तु, तद्विपर्ययकल्पकम् ।।१०६३।।**

**શ્લોકાર્થ :-**

**આ દશ લક્ષણવાળા સદ્ધર્મને જાણીને બુધ પુરુષો વિવાદ કરતા નથી. પરંતુ તેના વિપર્યયની કલ્પના કરનાર પુરુષને વારે છે. ।।૧૦૬૩।।**

**શ્લોક :-**

**प्रोक्तस्तदेक एवायं, सद्धर्मः सार्वतान्त्रिकः ।**
**एक एव च विज्ञेयो, मोक्षमार्गोऽपि तात्त्विकः ।।१०६४।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં કહ્યું કે દશ પ્રકારનો ધર્મ છે અને બુધ પુરુષો તેને જાણીને વિવાદ કરતા નથી તે કારણથી, સાર્વતાંત્રિક=સર્વ દર્શનવાળાઓને માન્ય, એવો સદ્ધર્મ એક આ જ કહેવાયો છે અને તાત્ત્વિક મોક્ષમાર્ગ પણ એક જ જાણવો. ।।૧૦૬૪।।**

**શ્લોક :-**

**सत्त्वं लेश्याविशुद्धिर्वा, शक्तिर्वीर्यं तथाऽऽत्मनः ।**
**इत्यादिशब्दभेदेऽपि, नार्थतः स विभिद्यते ।।१०६५।।**

**શ્લોકાર્થ :-**

**સત્ત્વ અથવા લેશ્યાની વિશુદ્ધિ અને આત્માની શક્તિરૂપ વીર્ય ઈત્યાદિ શબ્દભેદમાં પણ તે=દશ પ્રકારનો ધર્મ, અર્થથી ભેદને પામતો નથી.**

કેટલાક દર્શનકારો સત્ત્વ શબ્દથી ધર્મને વાચ્ય કરે છે તે પણ અર્થથી ક્ષમાદિ ભાવોમાં પ્રવર્તાવાયેલું સત્ત્વ જ ધર્મ છે, તેમ પ્રાપ્ત થાય છે. કેટલાક કહે છે લેશ્યાની વિશુદ્ધિ ધર્મ છે, તે પણ અર્થથી સમાન છે; કેમ કે ક્ષમાદિ ભાવોમાં પ્રવર્તતો જીવના જ્ઞાનનો ઉપયોગ લેશ્યા વિશુદ્ધિ સ્વરૂપ છે. કેટલાક કહે છે કે આત્માની શક્તિરૂપ વીર્ય ધર્મ છે તે પણ ક્ષમાદિ ભાવોમાં વર્તતા આત્માના

વીર્ય સ્વરૂપ છે. તેથી જે અંશથી ક્ષમાદિ ભાવો જીવમાં પ્રગટ થાય તે જ ધર્મ છે. ॥૧૦૬૫॥

**શ્લોક :-**

**अदृष्टं कर्म संस्कारः, पुण्यापुण्ये शुभाशुभे ।**
**धर्माधर्मौ तथा पाशः, पर्यायाः सुकृताश्रयाः ।।१०६६।।**
**भवन्ति हीयमानेऽस्मिन्, सर्वा भवविपत्तयः ।**
**भूतयो वर्द्धमानेऽस्मिन्, सर्वाः प्रादुर्भवन्ति च ।।१०६७।।**

**શ્લોકાર્થ :-**

**અદૃષ્ટ કર્મ, સંસ્કાર, પુણ્ય-પાપ, શુભ-અશુભ, ધર્માધર્મ અને પાશ સુકૃત આશ્રયવાળા પર્યાયો છે. આ હીયમાન થયે છતે=સત્ત્વાદિ હીયમાન હોતે છતે, સર્વ ભવની આપત્તિઓ થાય છે. વર્ધમાન આ હોતે છતે=સત્ત્વાદિ વર્ધમાન હોતે છતે, સર્વ વૈભવો પ્રગટ થાય છે.**

પૂર્વમાં ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ બતાવ્યો અને તે ક્ષમાદિ ધર્મ જ સત્ત્વાદિ સ્વરૂપ છે તેમ બતાવ્યું. હવે જે સત્ત્વાદિ ધર્મો ક્ષમાદિ ભાવોમાં પ્રવર્તે છે, તે સુકૃત સ્વરૂપ છે અને તે જ ભિન્ન ભિન્ન દર્શનવાળા વડે અદૃષ્ટ આદિ શબ્દોથી વાચ્ય છે. તેથી કેટલાંક સુકૃતને અદૃષ્ટ રૂપ કહે છે. જેમ ક્ષયોપશમ ભાવનું દર્શનમોહનીય, ચારિત્રમોહનીય આદિ જે કર્મ છે તે સુકૃતરૂપ છે, તેથી તેને અદૃષ્ટ કહેવાય છે અને ઔદયિક ભાવનું જે કર્મ છે, દુષ્કૃતરૂપ છે. વળી, બૌદ્ધ દર્શનવાદી સત્ત્વને સંસ્કાર કહે છે; કેમ કે જીવ ક્ષમાદિ ભાવોમાં સત્ત્વને પ્રવર્તાવે ત્યારે ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે, જે સુકૃત સ્વરૂપ છે. કેટલાક પુણ્ય-પાપરૂપ કહે છે= ક્ષયોપશમભાવનાં કર્મો પુણ્ય સ્વરૂપ છે અને ઔદયિક ભાવનાં કર્મો અપુણ્ય સ્વરૂપ છે, તેથી સુકૃતના અને દુષ્કૃતના જ તે પર્યાયો છે. કોઈક તેને શુભ-અશુભ કહે છે=શુભ કૃત્યો સુકૃત છે, અશુભ કૃત્યો દુષ્કૃત છે અને શુભ કૃત્યો ક્ષમાદિ ભાવ સ્વરૂપ જ છે. કેટલાક તેને ધર્માધર્મ કહે છે=આત્મામાં ક્ષમાદિ ભાવો પ્રગટે છે, તે ધર્મરૂપ છે અને કષાયોના ભાવો થાય છે તે અધર્મરૂપ છે. તેથી તે સુકૃત અને દુષ્કૃતના પર્યાયરૂપ જ છે. કેટલાક તેને પાશ કહે છે=કર્મના બંધનરૂપ

પાશ છે તેમાંથી ક્ષયોપશમ ભાવનાં કર્મો સુકૃતરૂપ છે ઔદયિક ભાવના પાશો દુષ્કૃતરૂપ છે અને ક્ષમાદિ ભાવોમાં હીયમાન સત્ત્વ હોય ત્યારે સંસારના સર્વ ઉપદ્રવો પ્રાપ્ત થાય છે અને ક્ષમાદિ ભાવો રૂપ સુકૃતમાં વધતું સત્ત્વ હોય ત્યારે સંસારની સર્વ વિભૂતિઓ પ્રાપ્ત થાય છે. આથી જ તે જીવો ઉત્તમ દેવલોકના અને ઉત્તમ મનુષ્યલોકના ભોગો પ્રાપ્ત કરે છે. **||૧૦૬૬-૧૦૬૭||**

**શ્લોક :-**

**इदमेव परे प्राहुश्चतुष्कोटिविशुद्धिमत् ।**
**ऐश्वर्यज्ञानवैराग्यधर्मरूपास्तु कोटयः ।।१०६८।।**

**શ્લોકાર્થ :-**

**આને જ=ક્ષમાદિ ભાવવિષયક જે યત્નરૂપ સુકૃત છે એને જ, બીજા ચતુષ્કોટિ વિશુદ્ધિવાળું કહે છે. તે ચતુષ્કોટિ બતાવે છે. ઐશ્વર્ય, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મરૂપ કોટિઓ છે.**

જેઓ શક્તિના પ્રકર્ષથી ક્ષમાદિમાં યત્ન કરે છે, તેઓમાં સ્વપ્રયત્નને અનુરૂપ ઐશ્વર્ય પ્રગટ થાય છે, નિર્મળ જ્ઞાન પ્રગટ થાય છે, સંસારના ભાવો પ્રત્યે વૈરાગ્યરૂપ વિરક્ત ભાવ પ્રગટે છે અને આત્માના નિરાકુળ સ્વભાવરૂપ ધર્મ પ્રગટે છે. **||૧૦૬૮||**

**શ્લોક :-**

**रजस्तमोभ्यां संछन्नं, सत्त्वं यत्र प्रकाशते ।**
**ऐश्वर्यादिगुणास्तेन, जन्तोर्यान्ति विपर्ययम् ।।१०६९।।**

**શ્લોકાર્થ :-**

**રજ અને તમો દ્વારા ઢંકાયેલું સત્ત્વ જે પ્રકાશમાં આવતું નથી, તેનાથી=ઢંકાયેલા સત્ત્વથી, જીવના ઐશ્વર્યાદિ ગુણો વિપર્યયને પામે છે.**

સંસારી જીવો બાહ્ય પદાર્થોમાં રાગ અને પ્રતિકૂળ ભાવોમાં દ્વેષ કરે છે. તેનાથી ક્ષમાદિ ભાવોને અનુકૂળ સત્ત્વ આવૃત્ત થાય છે. તેથી પ્રગટ રૂપે દેખાતું નથી અને તેના કારણે જીવમાં રહેલા ઐશ્વર્યાદિ ગુણો વિપર્યયને પામે છે.

આથી જ રાગ-દ્વેષ દ્વારા હણાયેલા સત્ત્વવાળા જીવો સંસારની સર્વ વિડંબનાઓ પામે છે. **॥૧૦૬૯॥**

**શ્લોક :-**

**रजोवशादवैराग्यमनैश्वर्यं तमोवशात् ।**
**तमसश्चैव माहात्म्यादज्ञानाधर्मसंभवः ।।१०७०।।**

**શ્લોકાર્થ :-**

**રાગને વશ અવૈરાગ્ય, તમને વશ=દ્વેષને વશ, અનૈશ્વર્ય અને તમના જ માહાત્મ્યથી અજ્ઞાન અને અધર્મનો સંભવ છે.**

જીવમાં ઐશ્વર્ય જ્ઞાનાદિ ચાર કોટિ વિશુદ્ધ એવું સત્ત્વ છે. તે કોનાથી નાશ પામે છે, તે બતાવતાં કહે છે. રાગને વશ જીવોનું વૈરાગ્ય નાશ પામે છે. વળી, અંધકારને વશ=દ્વેષરૂપી અંધકારને વશ, જીવમાં ક્ષમાદિ ભાવોનું ઐશ્વર્ય નાશ પામે છે. વળી, અંધકારના જ માહાત્મ્યથી જીવમાં મૂઢતા પ્રગટે છે અને આત્માના નિરાકુળ સ્વભાવરૂપ ધર્મ કરતાં વિપરીત અધર્મ પ્રગટે છે. **॥૧૦૭૦॥**

**શ્લોક :-**

**तत् सत्त्वं मलिनीभूतं, हेतुः संसारदुःखयोः ।**
**तदेव निर्मलं वीर्यं, कारणं सुखमोक्षयोः ।।१०७१।।**

**શ્લોકાર્થ :-**

**મલિનીભૂત એવું તે સત્ત્વ=રાગ-દ્વેષથી મલિનીભૂત એવું તે સત્ત્વ, સંસારનો અને દુઃખનો હેતુ છે. નિર્મલ એવું તે જ વીર્ય સુખનું અને મોક્ષનું કારણ છે.**

સંસારી જીવોનું રાગ-દ્વેષથી મલિન થયેલું સત્ત્વ કષાયોમાં પ્રવર્તીને દુઃખનું કારણ થાય છે અને કર્મબંધ કરાવીને સંસારનો હેતુ થાય છે અને ક્ષમાદિ ભાવોમાં યત્ન કરવાથી નિર્મલ થયેલું તે જ વીર્ય કષાયોના શમનથી સુખનું કારણ થાય છે. પુણ્યબંધના કારણે શાતાનું અને અન્ય પ્રકારની અનુકૂળતાનું કારણ બને છે. સત્ત્વના પ્રકર્ષથી કર્મનો નાશ થાય ત્યારે તે જ વીર્ય મોક્ષનું કારણ બને છે. **॥૧૦૭૧॥**

શ્લોક :-

ध्यानव्रततपोमुख्यास्तल्लाभार्थमिमेऽखिलाः ।
गीयन्ते हेतवश्चित्रास्तत् तत्त्वं पारमेश्वरम् ।।१०७२।।

શ્લોકાર્થ :-

**તેના લાભ માટે=નિર્મલ વીર્યના લાભ માટે, અખિલ એવાં આ ધ્યાન, વ્રત, તપ વગેરે અનેક પ્રકારના હેતુઓ ગવાય છે. તે=નિર્મલ સત્ત્વના હેતુ એવા ધ્યાનાદિ, પારમેશ્વર તત્ત્વ છે=પરમેશ્વર સંબંધી તત્ત્વ છે.**

જીવના સુખનું અને મોક્ષનું કારણ ક્ષમાદિ ભાવોમાં પ્રવર્તતું વીર્ય છે અને તેને પ્રગટ કરવાનાં ધ્યાન, વ્રત વગેરે કારણો છે. એ જ પરમેશ્વર સંબંધી તત્ત્વ છે. **॥૧૦૭૨॥**

શ્લોક :-

ज्ञानं तद्गोचरं श्रेष्ठं, श्रद्धानं च तदाश्रयम् ।
क्रिया च वृद्धिकृत् तस्य, मोक्षमार्गः स कीर्तितः ।।१०७३।।

શ્લોકાર્થ :-

**તદ્વિષયક=નિર્મલ વીર્યના કારણીભૂત ધ્યાન તપ આદિ વિષયક, જ્ઞાન શ્રેષ્ઠ છે અને તેના આશ્રયવાળું શ્રદ્ધાન=નિર્મલ વીર્યના ઉપાયભૂત ધ્યાનાદિના આશ્રયવાળું શ્રદ્ધાન અને તેની વૃદ્ધિને કરનાર ક્રિયા=નિર્મલ વીર્યની વૃદ્ધિને કરનારી ક્રિયા, તે=જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ તે, મોક્ષમાર્ગ કહેવાયો છે. ॥૧૦૭૩॥**

શ્લોક :-

एतच्च तत्त्वं यैर्ज्ञातं, ध्रुवं तेषां भ्रमः कुतः ।
केवलं वारयन्तीमे, तत्त्वभ्रष्टं कृपापराः ।।१०७४।।

શ્લોકાર્થ :-

**આ તત્ત્વ જેઓ વડે નિશ્ચિત જ્ઞાત છે=શ્લોક-૧૦૭૩માં બતાવેલ રત્નત્રયી મોક્ષમાર્ગ છે એ તત્ત્વ જેઓ વડે જ્ઞાત છે, તેઓને ભ્રમ ક્યાંથી**

**હોય ? કેવલ કૃપાપર એવા આ=રત્નત્રયીના તત્ત્વને જાણનારા મહાત્માઓ, તત્ત્વભ્રષ્ટને વારણ કરે છે. ।।૧૦૭૪।।**

**શ્લોક :-**

**तदेको मोक्षमार्गस्ते, तात्त्विकः कीर्तितो मया ।**

**पूर्णानन्दमयो ज्ञेयो, मोक्षोऽप्येकोऽनया दिशा ।।१०७५।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી=પૂર્વમાં વર્ણન કર્યું એવો મોક્ષમાર્ગ છે તે કારણથી, તને=પૌંડરીકને, મારા વડે=સમંતભદ્રસૂરિ વડે, તાત્ત્વિક એક મોક્ષમાર્ગ કહેવાયો. પૂર્ણાનંદમય મોક્ષ પણ એક આ દિશાથી જાણવો. ।।૧૦૭૫।।**

**શ્લોક :-**

**संसिद्धिर्निर्वृतिः शान्तिः, शिवमक्षरमव्ययम् ।**

**अमृतं ब्रह्म निर्वाणं, ध्वनयस्तस्य वाचकाः ।।१०७६।।**

**શ્લોકાર્થ :-**

**સંસિદ્ધિ, નિર્વૃતિ, શાંતિ, શિવ, અક્ષર, અવ્યય, અમૃત, બ્રહ્મ, નિર્વાણ તેના=મોક્ષના વાચક ધ્વનિઓ છે.**

મોક્ષના સ્વરૂપને કહેનારા સંસિદ્ધિ આદિ શબ્દો છે; કેમ કે સમ્યક્ સિદ્ધિ સંપૂર્ણ ઉપદ્રવ વગરની અવસ્થા છે. એથી સંસિદ્ધિરૂપ મોક્ષ છે. સંસારના સર્વ ઉપદ્રવોની નિર્વૃતિરૂપ મોક્ષ છે. કર્મના ઉપદ્રવોની શાંતિ મોક્ષ છે. શિવ=ઉપદ્રવો રૂપ અશિવનો અભાવ છે તે સ્વરૂપ મોક્ષ શિવ છે. મોક્ષ અક્ષર છે; કેમ કે મોક્ષમાંથી જીવ ક્યારેય ચ્યવતો નથી. અવ્યયરૂપ મોક્ષ છે=મુક્ત થયેલા જીવો ક્યારેય પણ મુક્ત અવસ્થાથી વ્યય પામતા નથી. અમૃતરૂપ મોક્ષ છે; કેમ કે ક્યારેય મૃત્યુ નથી શાશ્વત સ્થાન છે. બ્રહ્મરૂપ મોક્ષ છે=આત્માના મૂળ સ્વરૂપ રૂપ મોક્ષ છે. નિર્વાણરૂપ મોક્ષ છે=સંસાર અવસ્થારૂપ દીપકની બુઝાયેલી અવસ્થા જેવું મોક્ષ છે. **।।૧૦૭૬।।**

શ્લોક :-

सर्वकर्मक्षयादेष, सर्वतन्त्रे व्यवस्थितः ।
ज्ञानदर्शनसद्वीर्यसुखसाम्राज्यलक्षणः ।।१०७७।।

શ્લોકાર્થ :-

સર્વ કર્મના ક્ષયથી સર્વ દર્શનોમાં જ્ઞાન, દર્શન, સદ્વીર્ય અને સુખના સામ્રાજ્યરૂપ આ=મોક્ષ વ્યવસ્થિત છે. ।।૧૦૭૭।।

શ્લોક :-

गुणातीतदशारूपो, यैरेष परिकीर्तितः ।
तैरप्यत्र न पर्यस्ता, चिद्रूपात्मव्यवस्थितिः ।।१०७८।।

શ્લોકાર્થ :-

જેઓ વડે=જે દર્શનકારો વડે, આ=મોક્ષ, ગુણાતીત દશારૂપ કહેવાયો છે, તેઓ વડે પણ=તે દર્શનકારો વડે પણ, અહીં=મોક્ષમાં, ચૈતન્યરૂપ આત્માની વ્યવસ્થિતિ નિરાકરણ કરાઈ નથી. ।।૧૦૭૮।।

શ્લોક :-

यैरशेषगुणोच्छेदरूपोऽसौ परिगीयते ।
स्वभावसुखसंवित्तिः, शक्या क्षेप्तुं न तैरपि ।।१०७९।।

શ્લોકાર્થ :-

જેઓ વડે અશેષ ગુણના ઉચ્છેદરૂપ આ=મોક્ષ, કહેવાય છે, તેઓ વડે પણ સ્વભાવના સુખની સંવિત્તિ નિરાકરણ કરવી શક્ય નથી. ।।૧૦૭૯।।

શ્લોક :-

दुःखाभावोऽपि नावेद्यः, पुरुषार्थतयेष्यते ।
न हि मूर्च्छाद्यवस्थार्थं, प्रवृत्तो दृश्यते सुधीः ।।१०८०।।

શ્લોકાર્થ :-

અવેદ્ય એવો દુ:ખનો અભાવ પણ પુરુષાર્થપણાથી ઈચ્છાતો નથી.

**हि=જે કારણથી, મૂર્છાદિ અવસ્થા માટે સુંદર બુદ્ધિવાળો પુરુષ પ્રવૃત્ત દેખાતો નથી.**

કેટલાક દર્શનકારો અવેદ્ય એવો દુઃખનો અભાવ મોક્ષ છે તેમ માને છે. પરંતુ પ્રયત્નના વિષયરૂપે દુઃખના અભાવમાત્રરૂપ મોક્ષ ઇચ્છાતો નથી; કેમ કે બુદ્ધિમાન પુરુષો ક્યારેય પણ મૂર્ચ્છાદિ અવસ્થા માટે પ્રવૃત્તિ કરતા નથી. પરંતુ સુખ માટે જ પ્રવૃત્તિ થાય છે માટે મોક્ષ સુખરૂપ જ છે. આથી જ બુદ્ધિમાન પુરુષો પુરુષાર્થરૂપે મોક્ષને સ્વીકારે છે. **॥૧૦૮૦॥**

**શ્લોક :-**

**अशरीरं वा वसन्तं, स्पृशतो न प्रियाप्रिये ।**
**इत्यद्वन्द्वसुखात्मैको, मोक्षो मानप्रतिष्ठितः ।।१०८१।।**

**શ્લોકાર્થ :-**

**અથવા વસતા એવા અશરીરવાળા જીવને પ્રિય-અપ્રિય સ્પર્શતા નથી. એથી અદ્વંદ્વ સુખાત્મક એક મોક્ષ પ્રમાણથી પ્રતિષ્ઠિત છે.**

જેઓ મોક્ષમાં વસે છે, તેઓ શરીરવાળા નથી અને જેઓને શરીર ન હોય તેઓને પ્રિય-અપ્રિય પદાર્થો સ્પર્શતા નથી. તેથી ફલિત થાય કે શરીરવાળા જીવોને પ્રિય-અપ્રિયના દ્વંદ્વ સ્વરૂપ જ સુખ વર્તે છે. પરંતુ પ્રિય-અપ્રિયના દ્વંદ્વ વગર કેવલ સુખાત્મક મોક્ષ પ્રમાણથી પ્રતિષ્ઠિત છે. **॥૧૦૮૧॥**

**શ્લોક :-**

**सर्वथा निर्मलं रूपमात्मनो मोक्ष उच्यते ।**
**इत्थं ह्यभेदविज्ञाने, शब्दभेदेन को भ्रमः ।।१०८२।।**

**શ્લોકાર્થ :-**

**આત્માનું સર્વથા નિર્મલ રૂપ મોક્ષ કહેવાય છે. हि=જે કારણથી, આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અભેદનું વિજ્ઞાન થયે છતે=સર્વ દર્શનોને સંમત મોક્ષના અભેદનું વિજ્ઞાન થયે છતે, શબ્દભેદથી શું ભ્રમ છે ? ॥૧૦૮૨॥**

**શ્લોક :-**

**उच्यतां वैष्णवं वा तद्, ब्राह्मणं वाऽभिधीयताम् ।**
**बौद्धं वा गीयतां यद्वा, माहेश्वरमुदीर्यताम् ।।१०८३।।**
**कथ्यतां वाऽथ जैनेन्द्रं, ज्ञातार्थैर्मानवैर्मतम् ।**
**अविनष्टे हि भावार्थे, शब्दभेदो न दुष्यति ।।१०८४।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાત અર્થવાળા માનવો વડે મત એવા તેને=સંમત એવા મનુષ્યને, વૈષ્ણવ કહો અથવા બ્રાહ્મણ કહો અથવા બૌદ્ધ કહો અથવા માહેશ્વર કહો અથવા જૈનેન્દ્ર કહો=જિનના ઉપાસક કહો. ભાવાર્થ અવિનષ્ટ હોતે છતે=વૈષ્ણવ આદિ સર્વ શબ્દોનો ભાવાર્થ ઉચિત પ્રવૃત્તિ કરનારા મનુષ્યરૂપે અવિનષ્ટ હોતે છતે, શબ્દભેદ દૂષિત નથી.**

તે તે દર્શનવાળા પોતાને કોઈક વૈષ્ણવ માને છે, કોઈક બ્રાહ્મણ માને છે, કોઈક બૌદ્ધ માને છે, તે સર્વનો ભાવાર્થ વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે જેઓ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય તેને જ વૈષ્ણવ આદિ શબ્દોથી સ્વીકારે છે. આથી જ તેઓ કહે છે કે જે પરની પીડાને જાણે તે વૈષ્ણવ છે. તેથી અર્થથી ફલિત થાય કે કોઈને પીડા ન કરાય, કોઈના પ્રાણ નાશ ન કરાય અને કોઈના કષાયનો ઉદ્રેક ન કરાય અને તેવું જે કરે તે વૈષ્ણવ છે અને તેવા વૈષ્ણવ જિનના ઉપાસક મુનિઓ જ છે. તેથી વૈષ્ણવ શબ્દથી કે જૈનેન્દ્ર શબ્દથી ભેદ હોવા છતાં અર્થથી કોઈ ભેદ નથી. તેમ બ્રાહ્મણ આદિ શબ્દમાં શબ્દથી ભેદ છે, અર્થથી કોઈ ભેદ નથી. તેમ મોક્ષમાર્ગમાં શબ્દથી ભેદ છે અર્થથી કોઈ ભેદ નથી. આથી જ ભાવના જ્ઞાનસંપન્ન મહાત્માઓ મૂઢ જીવો જે મોક્ષ માટે વિવાદો કરે છે, તેનું નિવારણ કરીને સર્વને અભિમત મુક્ત અવસ્થા એક છે, નામભેદ દોષરૂપ નથી, તેમ સ્થાપન કરે છે. **॥૧૦૮૩-૧૦૮૪॥**

**શ્લોક :-**

**प्रसीदन्त्यर्थवैशद्यात्र बुधाः शब्दमात्रतः ।**
**विनाऽर्थं देव इत्युक्तो, मूर्ख एव हि तुष्यति ।।१०८५।।**

**શ્લોકાર્થ :-**

**અર્થના વૈશદ્યથી બુદ્ધો પ્રસાદ પામે છે. શબ્દ માત્રથી નહિ. અર્થ વગર દેવ એ પ્રમાણે કહેવાયો=તું દેવ છે, એ પ્રમાણે કહેવાયો. મૂર્ખ જ તોષ પામે છે.**

વૈષ્ણવાદિ શબ્દોનો ભાવાર્થ વિચારીએ તો એક છે, શબ્દથી ભેદ છે, એ કથનને જ સ્પષ્ટ કરવાર્થે કહે છે. બુધ પુરુષો તે તે શબ્દોના વિશદ અર્થને સાંભળીને તે પદથી વાચ્ય અર્થને સાંભળીને પ્રસાદ પામે છે; કેમ કે તેવા વિશિષ્ટ ગુણોવાળા તે છે. આથી જ પરમ ગુરુનાં તે તે નામો તે તે વિશદ અર્થને કહેનાર છે. તેથી બુધ પુરુષોને તે નામ સાંભળવાથી પણ ચિત્ત પ્રસન્ન થાય છે. શબ્દ માત્ર સુંદર હોય અને તેવો અર્થ હોય નહિ, તેને જોઈને બુધ પુરુષો પ્રસાદ પામતા નથી. આથી જ કોઈ પુરુષમાં દેવ જેવા ગુણો ન હોય છતાં તેને કોઈ દેવ કહે તો મૂર્ખ જ તોષ પામે છે. **॥૧૦૮૫॥**

**શ્લોક :-**

**इत्थं च दर्शनैकत्वे, भावतो ये स्वदर्शनम् ।**
**तीर्थिका व्यापकं ब्रूयुर्वादस्तैः सह कीदृशः ।।१०८६।।**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે ભાવથી દર્શનનું એકત્વ હોતે છતે જે તીર્થિકો સ્વદર્શનને વ્યાપક કહે તેઓની સાથે વાદ કેવી રીતે થાય ?**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે બધાના ઉપાસ્ય દેવો નિરંજન છે. બધાના ઉપાસ્ય ગુરુ નિર્ગ્રંથ છે અને અહિંસાદિ ધર્મ એક સ્વરૂપ છે અને તે સ્વરૂપે જ પોતાના દર્શનને સ્વીકારીને જેઓ સ્વદર્શનને વ્યાપક કહેતા હોય=અમારા દેવ-ગુરુ-ધર્મનું જેવું સ્વરૂપ છે, તેવું જ સર્વ દર્શનકારોને અભિમત દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ છે, તે પ્રકારે નિર્મળ દૃષ્ટિથી જોઈને જેમ જૈનદર્શન પોતાના દર્શનને વ્યાપક કહે છે, તેમ અન્યદર્શનવાળા કહે તો તેઓની સાથે વાદ કેવી રીતે થાય ?= તેઓનું વચન યથાર્થભૂત જ છે. **॥૧૦૮૬॥**

**શ્લોક :-**

**मोहेनाच्छादितानां हि, पुण्डरीक महामुने ! ।**
**बहूनि दर्शनानीति, मोहोऽयं संप्रवर्तते ।।१०८७।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, હે પૌંડરીક મહામુનિ ! મોહથી આચ્છાદિત જીવોને દર્શનો ઘણાં છે, એ પ્રકારે આ મોહ પ્રવર્તે છે.**

આચાર્ય પૌંડરીક મુનિને કહે છે, જે લોકો મધ્યસ્થતાપૂર્વક તત્ત્વને જોનારા છે, તેઓને સર્વ દર્શનોમાં મધ્યસ્થતાપૂર્વક આત્મહિત સાધનારા યોગીઓ કદાગ્રહ રહિત દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપને સ્વીકારીને આત્મહિત સાધતા દેખાય છે અને કદાગ્રહવાળા જીવો જેમ અન્યદર્શનમાં આગ્રહવાળા છે, તેમ જૈનદર્શનમાં રહેલા પણ સ્વદર્શનના કદાગ્રહથી ધર્મને કરે છે. તેઓ પરમાર્થથી દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપને જાણવા યત્ન કરતા નથી. તેથી તેઓ મોક્ષસાધક દર્શનમાં નથી, તેમ અન્યદર્શનમાં પણ કદાગ્રહી મોક્ષસાધક ધર્મને સેવનારા નથી. તેથી જેઓને સર્વ દર્શનમાં રહેલા મધ્યસ્થ યોગીઓ કઈ રીતે હિત સાધે છે ? તેનો બોધ નથી, તેવા મોહ આચ્છાદિત જીવોને ઘણાં દર્શનો છે, તેવો મોહ પ્રવર્તે છે. **॥૧૦૮૭॥**

**શ્લોક :-**

**भेदबुद्धिर्निवर्तेत, तन्नाशे दर्शनाश्रया ।**
**स मुञ्चेदाग्रहं तत्र, तथा चोक्तं मनीषिभिः ।।१०८८।।**

**શ્લોકાર્થ :-**

**તેના નાશમાં=મોહના નાશમાં, દર્શનના આશ્રયવાળી ભેદબુદ્ધિ નિવર્તન પામે છે. તે=જેને દર્શન આશ્રય ભેદબુદ્ધિ નિવર્તન પામે છે તે જીવ, ત્યાં=દર્શનના વિષયમાં આગ્રહને મૂકે છે અને તે પ્રકારે મનીષી વડે કહેવાયું છે.**

જેઓનો મોહનો નાશ થયો છે=તત્ત્વને જોવામાં બાધક મોહનો નાશ થયો છે, તેવા જીવો સર્વ દર્શનમાં રહેલા મધ્યસ્થ યોગીઓને પૂર્ણ પુરુષની ઉપાસના કરતા જુએ છે અને મધ્યસ્થતાપૂર્વક તત્ત્વનો પક્ષપાત કરનાર દર્શન જ

મોક્ષસાધક છે તેમ દેખાય છે. તેથી દર્શનને આશ્રયીને=ધર્મતત્ત્વના સ્વરૂપનો વિચાર કર્યા વગર સ્વદર્શન અને પરદર્શનને આશ્રયીને, આ દર્શન આપણું છે, આ દર્શન આપણું નથી તેવી ભેદબુદ્ધિ નિવર્તન પામે છે=આ જૈનદર્શન છે, આ બૌદ્ધદર્શન છે ઇત્યાદિ ભેદબુદ્ધિ નિવર્તન પામે છે અને તેવા મધ્યસ્થપણાથી તત્ત્વને જોનારા જીવો દર્શનના વિષયમાં વસ્તુ તત્ત્વને જોનારા હોય છે=દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપને જોનારા હોય છે. તેથી આગ્રહને=સ્વ-પરના આગ્રહને, મૂકે છે. **॥૧૦૮૮॥**

**શ્લોક :-**

**रिक्तस्य जन्तोर्जातस्य, गुणदोषानपश्यतः ।**
**विलब्धा बत केनामी, सिद्धान्तविषमग्रहाः ।।१०८९।।**
**अहं चारुरचारुस्त्वं, मदीयं चारु दर्शनम् ।**
**न त्वदीयमिति स्पष्टं, मत्सरस्य विजृम्भितम् ।।१०९०।।**

**શ્લોકાર્થ :-**

**ગુણ-દોષને નહિ જોતા ઉત્પન્ન થયેલા=ધર્મના ક્ષેત્રમાં નવા આવેલા, રિક્ત જંતુને=બોધ વગરના જીવને, આ સિદ્ધાંતના વિષમ ગ્રહો કોનાથી પ્રાપ્ત કરાયા ?=સ્વમતિથી સિદ્ધાંતના વિષમ ગ્રહો પ્રાપ્ત કરાયા છે અને તે સિદ્ધાંતના વિષમ ગ્રહો જ બતાવે છે. હું ચારુ છું=હું સુંદર કરું છું, તું અસુંદર કરે છે. મારું દર્શન સુંદર છે, તારું નથી=તારું દર્શન સુંદર નથી એ પ્રકારનું મત્સરનું સ્પષ્ટ વિજૃમ્ભિત છે.**

જે જીવો ગુણ-દોષોને જોવામાં સમર્થ નથી, તેઓ ઉપાસ્ય દેવ, ઉપાસ્ય ગુરુ અને સેવ્ય ધર્મના ગુણ-દોષોને જોતા નથી, પરંતુ નવા જન્મેલા બાળક જેવા અને તત્ત્વના વિષયમાં રિક્ત બુદ્ધિવાળા છે. તેઓ મોહ આચ્છાદિત દૃષ્ટિવાળા હોવાને કારણે સિદ્ધાંતના વિષમ ગ્રહોને પ્રાપ્ત કરે છે. કયા પ્રકારના સિદ્ધાંતના વિષમ ગ્રહોને પ્રાપ્ત કરે છે, તે બતાવતાં કહે છે. હું સુંદર છું=હું જે ધર્મ સેવું છું, તે અપેક્ષાએ હું સુંદર છું. તું ધર્મ સેવે છે, તે અપેક્ષાએ તું સુંદર નથી. મારું દર્શન સુંદર છે, તારું નથી. આ પ્રકારે ગુણ-દોષોની પરીક્ષા વગર તેઓને

પોતાના સ્વીકારાયેલા દર્શન પ્રત્યે રાગ અને અન્યદર્શન પ્રત્યે મત્સરભાવ હોય છે. તેથી તેવા જીવો અન્યદર્શનમાં હોય કે જૈનદર્શનમાં હોય, પરમાર્થથી અમધ્યસ્થ બુદ્ધિવાળા હોવાથી મોક્ષમાર્ગથી બહિર્ છે. **॥૧૦૮૯-૧૦૯૦॥**

**શ્લોક :-**

**सद्दृष्टयो हि यावन्तस्तावन्तः शुद्धदर्शने ।**
**ममत्वरहिताः सन्ति, तेषामस्त्येकवाक्यता ।।१०९१।।**

**શ્લોકાર્થ :-**

**हि=જે કારણથી, શુદ્ધ દર્શનમાં જેટલા જીવો સદ્દૃષ્ટિવાળા છે, તેટલા જીવો મમત્વરહિત છે. તેઓની=સદ્દૃષ્ટિવાળા જીવોની, એકવાક્યતા છે.**

તત્ત્વને જોનારી દૃષ્ટિ તે સદ્દૃષ્ટિ છે અને તે મધ્યસ્થ બુદ્ધિ સ્વરૂપ છે અને તે મધ્યસ્થ બુદ્ધિપૂર્વક જેઓ ગુણને જોનારા છે. તેઓમાં સદ્દૃષ્ટિ છે. તેથી મોક્ષને અનુકૂળ એવું જે શુદ્ધ દર્શન છે, તેમાં જેટલી મધ્યસ્થતાપૂર્વક ગુણને જોનારી દૃષ્ટિઓ છે, તે સર્વ દૃષ્ટિઓમાં મારું દર્શન, તારું દર્શન ઇત્યાદિ રૂપ મમત્વભાવ નથી, પરંતુ દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપમાં તે સર્વને એકવાક્યતા છે અને જેમ જેમ સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થતો જાય છે, તેમ તેમ વિશેષ વિશેષતર તત્ત્વ દેખાય છે. તેથી સદ્દૃષ્ટિવાળા જીવોમાં મોક્ષને અનુકૂળ કારણતારૂપ એકવાક્યતા છે. આથી મધ્યસ્થ દૃષ્ટિવાળા અન્યદર્શનના પણ ત્યાગીઓ જે તપત્યાગાદિ કરે છે તેનાથી વિશેષ બોધ થાય છે ત્યારે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવા મુનિ ભાવને તેઓ પણ મોક્ષના કારણરૂપે જોઈ શકે છે. આથી તેવા જીવોને તે દર્શનના બાહ્ય લિંગમાં પણ સમ્યગ્દર્શનની કે સર્વવિરતિની પ્રાપ્તિ થઈ શકે છે. **॥૧૦૯૧॥**

**શ્લોક :-**

**ये त्वक्षीणमलत्वेन, स्वमताग्रहयालवः ।**
**तेषां जात्यन्धतुल्यानामपकर्णनमुत्तरम् ।।१०९२।।**
**अथवा बोधनीयास्ते, तत्त्वं यत्नशतैरपि ।**
**मोहापोहात् परः कोऽपि, नोपकारोऽस्ति भूतले ।।१०९३।।**

શ્લોકાર્થ :-

**વળી, અક્ષીણમલપણાને કારણે=તત્ત્વને જોવામાં બાધક કર્મરૂપ મલ જેઓનો ક્ષીણ થયો નથી તેવા હોવાને કારણે, સ્વમતના આગ્રહ કરવાના સ્વભાવવાળા જેઓ છે, જાત્યંધતુલ્ય એવા તેઓનું અપકર્ણ ઉત્તર છે= તેઓનો ત્યાગ કરવો એ ઉત્તર છે, એમ સમંતભદ્રસૂરિ કહે છે અથવા તેઓ સેંકડો યત્નથી પણ તત્ત્વબોધનીય છે=મધ્યસ્થભાવ પ્રગટ થાય તે પ્રકારે તત્ત્વનો બોધ કરાવવા યોગ્ય છે. ભૂતલમાં=પૃથ્વી ઉપર વર્તતા જીવોમાં મોહના અપોહથી કોઈ પણ શ્રેષ્ઠ ઉપકાર નથી.**

મધ્યસ્થતાપૂર્વક તત્ત્વને જોવામાં બાધક ક્લિષ્ટ કર્મવાળા જે જીવો છે, તેઓ પરમાર્થ શું છે, તે જોવામાં મધ્યસ્થતાપૂર્વક યત્ન કરે તેવા નથી, પરંતુ પોતાના મતના આગ્રહ સ્વભાવવાળા છે અને તેઓ તત્ત્વના વિષયમાં જાતિઅંધતુલ્ય છે અને તેઓ એમ કહેતા હોય કે અમારા દર્શનને અભિમત તે તે ધ્યાનાદિ પ્રવૃત્તિથી જ મોક્ષ છે, તેઓની ઉપેક્ષા કરવી એ જ ઉત્તર છે, એમ પૌંડરીક મુનિને સમંતભદ્રસૂરિ કહે છે.

વળી 'અથવા'થી કહે છે કે તેવા આગ્રહ સ્વભાવવાળા કેટલાક જીવો વિશેષ પ્રકારના યત્નથી આગ્રહ વગરના થાય તેમ જણાય તો તેવા જીવોને તત્ત્વોનો બોધ કરાવવો જોઈએ કે ગુણના પક્ષપાતથી ગુણ પ્રગટે છે. આથી ઉપાસનીય દેવ પૂર્ણ ગુણવાળા હોઈ શકે. જેની ઉપાસનાથી તેવા ગુણો પોતાનામાં પ્રગટે. વળી, ઉપાસનીય ગુરુ પણ નિર્ગ્રંથ ભાવવાળા હોય તેઓને પણ નિર્ગ્રંથ ભાવરૂપે સ્મરણ કરીને તેઓની ભક્તિ કરવાથી પોતાનો નિર્ગ્રંથ ભાવ પ્રત્યેનો રાગ પ્રવર્ધમાન થાય છે. તેથી ગુણની વૃદ્ધિ થાય છે અને અહિંસાદિ ધર્મ પણ ક્લિષ્ટ ભાવોનો નાશ કરીને ગુણવૃદ્ધિનું જ કારણ છે અને તે ત્રણમાં જેઓની એકવાક્યતા હોય તે સર્વ દર્શનમાં નામનો ભેદ હોવા છતાં પરમાર્થથી મોક્ષસાધકતા છે. આ પ્રકારે તેઓને બોધ કરાવવાથી તેઓનો શ્રેષ્ઠ કોટિનો ઉપકાર થાય છે. **॥૧૦૯૨-૧૦૯૩॥**

શ્લોક :-

**स्वतीर्थं व्यापि चेत् तीर्थ्या, ब्रूयुस्तत्र किमुत्तरम् ।**
**इति प्रश्ने मयाऽऽख्यातं, तदिदं ते सदुत्तरम् ।।१०९४।।**

શ્લોકાર્થ :-

તીર્થિકો સ્વતીર્થને જો વ્યાપી કહે ત્યાં શું ઉત્તર છે, એ પ્રકારના પ્રશ્નમાં=શ્લોક-૧૦૪૩માં પૌંડરીકે એ પ્રકારે કરેલા પ્રશ્નમાં, મારા વડે=સમંતભદ્રસૂરિ વડે, કહેવાયું. તે આ=અત્યાર સુધી વર્ણન કર્યું તે આ, તને સદ્ઉત્તર છે=યથાર્થ ઉત્તર છે. ।।૧૦૯૪।।

શ્લોક :-

यदा च दृष्टिवादाङ्गे, समग्रनयसागरे ।
पतन्तीर्द्रक्ष्यसि व्यक्तं, कुदृष्टिसरितोऽखिलाः ।।१०९५।।
तदा तव प्रयास्यन्ति, सन्देहाः सकलाः क्षयम् ।
ज्ञास्यसे च यथा नास्ति, परं तत्त्वं जिनागमात् ।।१०९६।।

શ્લોકાર્થ :-

અને જ્યારે સમગ્રનયના સાગર એવા દૃષ્ટિવાદ અંગમાં અખિલ કુદૃષ્ટિરૂપી નદીઓ પડતી તું વ્યક્ત જોઈશ. ત્યારે તારા સકલ સંદેહો ક્ષયને પામશે અને તું જાણીશ. જે પ્રમાણે જિનાગમથી પર તત્ત્વ નથી. ।।૧૦૯૫-૧૦૯૬।।

શ્લોક :-

प्रपद्य नष्टसन्देहस्ततस्तद्वचनं गुरोः ।
पुण्डरीकमुनिश्चक्रे, सविशेषश्रुतोद्यमम् ।।१०९७।।

શ્લોકાર્થ :-

તેથી=સમંતભદ્રસૂરિએ શ્લોક-૧૦૯૫, ૧૦૯૬માં કહ્યું તેથી, ગુરુના તે વચનને સ્વીકારીને નષ્ટ સંદેહવાળા પુંડરીક મુનિએ સવિશેષ શ્રુતમાં ઉદ્યમને કર્યું. ।।૧૦૯૭।।

શ્લોક :-

जातो गुरुप्रसादेन, द्वादशाङ्गाब्धिपारगः ।
अनन्तगमपर्यायज्ञानी सातिशयः क्रमात् ।।१०९८।।

**શ્લોકાર્થ :-**

**ગુરુપ્રસાદથી દ્વાદશાંગીસમુદ્રના પારને પામેલ, અનંતગમપર્યાયના જ્ઞાની સાતિશય=અતિશયવાળા ક્રમથી થયા=પુંડરીક મુનિ થયા. ॥૧૦૯૮॥**

**શ્લોક :-**

**ततः सगच्छोऽनुज्ञातोऽनुयोगस्तस्य सूरिभिः ।**
**दत्तं सूरिपदं स्वीयं, स्वस्यात्मा चानृणीकृतः ॥१०९९॥**

**શ્લોકાર્થ :-**

**ત્યારપછી=પુંડરીક મુનિ ચૌદ પૂર્વી થયા ત્યારપછી, સૂરિ વડે તેમને ગચ્છ સહિત અનુયોગ અપાયો, પોતાનું સૂરિપદ અપાયું અને પોતાનો આત્મા અનૃણી કરાયો.**

પૌંડરીક મુનિ સમંતભદ્રસૂરિ પાસે સર્વ શ્રુતને પામ્યા. ત્યારપછી સૂરિએ પોતાનો ગચ્છ તેમને સોંપ્યો અને તેમને સર્વ શિષ્યોને વ્યાખ્યાન કરવાની અનુજ્ઞા આપી=શાસ્ત્રો ભણાવવાની અનુજ્ઞા આપી અને પોતાનું સૂરિપદ આપ્યું અને આ રીતે કરીને સમંતભદ્રસૂરિ ઉપર ભગવાનના શાસનનું જે ઋણ હતું તે યોગ્ય જીવમાં સંક્રમણ કરીને પોતે ઋણમુક્ત થયા. **॥૧૦૯૯॥**

**શ્લોક :-**

**कृताऽमरनरैर्देवसङ्घपूजा दिनाष्टकम् ।**
**तस्य सूरिपदस्योच्चैः, स्थापनाया महोत्सवे ॥११००॥**
**ततः समन्तभद्राख्याः, सूरयो देहपञ्जरम् ।**
**हित्वा शिवपुरं प्राप्ताः, कृतार्थाः क्षीणकल्मषाः ॥११०१॥**

**શ્લોકાર્થ :-**

**તેમના સૂરિપદની=પૌંડરીકના સૂરિપદની સ્થાપનાના મહોત્સવમાં દેવો અને મનુષ્યો વડે દેવસંઘપૂજા=તીર્થંકર અને સંઘની પૂજા, આઠ દિવસ સુધી અત્યંત કરાઈ. ત્યારપછી સમંતભદ્ર નામના સૂરિ દેહપંજરને છોડીને કૃતાર્થ, ક્ષીણ કર્મવાળા શિવપુરને પામ્યા. ॥૧૧૦૦-૧૧૦૧॥**

**શ્લોક :-**

**अथ लब्धावधिमनःपर्यायज्ञानवैभवः ।**
**पुण्डरीकाभिधः सूरिर्दीपयामास शासनम् ।।११०२।।**

**શ્લોકાર્થ :-**

**હવે પ્રાપ્ત થયેલા અવધિ મનઃપર્યવજ્ઞાનના વૈભવવાળા પૌંડરીક નામના સૂરિએ શાસનને દીપાવ્યું. ||૧૧૦૨||**

**શ્લોક :-**

**शिष्यान्निष्पाद्य देशेषु, विहृत्य जिनशासनम् ।**
**प्रभाव्य च चकारासौ, शुद्धसंलेखनां सुधीः ।।११०३।।**

**શ્લોકાર્થ :-**

**દેશોમાં વિહાર કરીને, શિષ્યોને નિષ્પન્ન કરીને અને જિનશાસનની પ્રભાવના કરીને સુંદર બુદ્ધિવાળા એવા આમણે=પૌંડરીક મુનિએ, શુદ્ધ સંલેખના કરી.**

આસન્ન મૃત્યુકાળ જાણીને અનશન કરવાની પૂર્વભૂમિકારૂપે કષાય અને દેહની શુદ્ધ સંલેખનાને કરી. **||૧૧૦૩||**

**શ્લોક :-**

**स्वपदे स्थापितः प्राज्ञस्तेन साधुर्धनेश्वरः ।**
**कृतानुज्ञं स तं सर्वसमक्षं चैवमन्वशात् ।।११०४।।**

**શ્લોકાર્થ :-**

**તેના વડે=પૌંડરીક મુનિ વડે પ્રાજ્ઞ એવા ધનેશ્વર સાધુ સ્વપદમાં સ્થાપન કરાયા અને કૃતઅનુજ્ઞાવાળા એવા તેમને=ધનેશ્વર મુનિને, સર્વ સમક્ષ આ પ્રમાણે તેમણે=પૌંડરીક મુનિએ, અનુશાસન આપ્યું. ||૧૧૦૪||**

**શ્લોક :-**

**धन्यस्त्वं येन विज्ञातो, महाशयजिनागमः ।**
**यस्मै चेदं पदं दत्तं, महाधीरैर्निषेवितम् ।।११०५।।**

શ્લોકાર્થ :-

તું ધન્ય છો જેના વડે મહાશય એવો જિનાગમ વિજ્ઞાત છે અને મહાધીરોથી સેવાયેલું આ પદ જેને અપાયું છે. ।।૧૧૦૫।।

શ્લોક :-

धन्येभ्यो दीयते ह्येतद्, धन्या एवास्य पारगाः ।
गत्वाऽस्य पारं धन्याश्च, पारं यान्ति भवोदधेः ।।११०६।।

શ્લોકાર્થ :-

હિ=જે કારણથી, આ=સૂરિપદ, ધન્ય જીવોને અપાય છે. ધન્ય જ=ધન્ય જીવો જ, આના=સૂરિપદના, પારને પામનારા છે. આના પારને પામીને= સૂરિપદના પારને પામીને, ધન્ય જીવો ભવોદધિના પારને પામે છે. ।।૧૧૦૬।।

શ્લોક :-

कुर्वन्ति भवभीतानां, धन्यास्त्राणं च देहिनः ।
शरणं च प्रपन्नास्त्वां, सर्वेऽमी शरणोचितम् ।।११०७।।

શ્લોકાર્થ :-

અને ધન્ય એવા જીવો=સૂરિપદના પારને પામેલા ધન્ય જીવો, ભવથી ભય પામેલા જીવોનું ત્રાણ કરે છે અને શરણને ઉચિત એવા તને=ધનેશ્વર સાધુને, સર્વ આ શરણને પામેલા છે. ।।૧૧૦૭।।

શ્લોક :-

एते हि भावरोगार्तास्त्वं च भावभिषग्वरः ।
यत्नेन मोचनीयास्तद्, भावरोगादमी त्वया ।।११०८।।

શ્લોકાર્થ :-

હિ=જે કારણથી, આ=સર્વ સાધુઓ, ભાવરોગથી આર્ત છે અને તું=ધનેશ્વર મુનિ શ્રેષ્ઠ ભાવવૈદ્ય છો. તે કારણથી તારા વડે=ધનેશ્વર મુનિ વડે, ભાવરોગથી આ=સાધુઓ, યત્નથી મુકાવા જોઈએ. ।।૧૧૦૮।।

**શ્લોક :-**

**दत्त्वाऽनुशिष्टिमित्थं च, सूरेस्तस्य कृतानतेः ।**
**सूरयः पुण्डरीकाख्याः, प्राहुः शिष्यगणं प्रति ।।११०९।।**

**શ્લોકાર્થ :-**

**અને કરાયેલા નમસ્કારવાળા તે સૂરિને=ધનેશ્વર સૂરિને, આ પ્રકારે અનુશાસન આપીને પૌંડરીક નામના સૂરિ શિષ્યગણને કહે છે. ।।૧૧૦૯।।**

**શ્લોક :-**

**युष्माभिरपि नैवायं, विमोक्तव्यः कदाचन ।**
**संसारसागरोत्तारे, यानपात्रस्य सन्निभः ।।१११०।।**

**શ્લોકાર્થ :-**

**તમારા વડે પણ=શિષ્યો વડે પણ, સંસારસાગરના ઉત્તરમાં યાનપાત્રના જેવા આ=ધનેશ્વરસૂરિ, ક્યારેય મુકાવા જોઈએ નહિ જ. ।।૧૧૧૦।।**

**શ્લોક :-**

**अस्य त्यागे भगवतामाज्ञालोपः कृतो भवेत् ।**
**ततो विडम्बनामात्रं, गृहत्यागादिचेष्टितम् ।।११११।।**

**શ્લોકાર્થ :-**

**આમના ત્યાગમાં=ધનેશ્વરસૂરિના ત્યાગમાં, ભગવાનની આજ્ઞાનો લોપ કરાયેલો થાય. તેથી ગૃહત્યાગાદિ ચેષ્ટિત વિડંબના માત્ર છે.**

ગુણવાન ગુરુની આજ્ઞાના લોપમાં ભગવાનની આજ્ઞાનો લોપ છે; કેમ કે ગુણવાન ગુરુ સર્વજ્ઞના વચનાનુસાર જ અનુશાસન આપે છે છતાં કષાયવશ જેઓ તેની આજ્ઞાનો લોપ કરે છે, તેઓનું સાધુપણું, બાહ્ય ત્યાગ, સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ સર્વ વિડંબના માત્ર છે જેમ જમાલીની સંયમની ક્રિયા; કેમ કે નિર્જરાનું કારણ નથી. **।।૧૧૧૧।।**

શ્લોક :-

ततः कुलवधून्यायात्, कार्ये निर्भर्त्सितैरपि ।
युष्माभिरस्य न त्याज्यं, पादमूलं कदाचन ।।१११२।।

શ્લોકાર્થ :-

તેથી કુલવધૂના ન્યાયથી કાર્યમાં=કૃત્યમાં, નિર્ભર્ત્સિત એવા તમારા વડે આમના=ધનેશ્વરસૂરિના પાદમૂલને ક્યારેય ત્યાગ કરવો જોઈએ નહીં. ।।૧૧૧૨।।

શ્લોક :-

इदं गुरुवचः सर्वे, स्वीकुर्वन्ति स्म साधवः ।
प्रययौ पुण्डरीकोऽथ, विधिना गिरिकन्दराम् ।।१११३।।

શ્લોકાર્થ :-

ગુરુના આ વચનનો સર્વે સાધુએ સ્વીકાર કર્યો. હવે પુંડરીક મુનિ વિધિથી ગિરિકન્દરામાં ગયા. ।।૧૧૧૩।।

શ્લોક :-

स दत्तालोचनस्तत्र, सिद्धान् संस्थाप्य चेतसि ।
भावनां विततानेत्थं, कारणं धर्मशुक्लयोः ।।१११४।।

શ્લોકાર્થ :-

ચિત્તમાં સિદ્ધોને સંસ્થાપન કરીને ત્યાં=ગિરિકન્દરામાં, દત્ત આલોચનવાળા એવા તેમણે=પૌંડરીક મુનિએ, ધર્મનું અને શુક્લનું કારણ એવી=ધર્મધ્યાનનું અને શુક્લધ્યાનનું કારણ એવી, ભાવનાને આ પ્રમાણે વિસ્તૃત કરી=આગળમાં કહે છે એ પ્રમાણે વિસ્તૃત કરી. ।।૧૧૧૪।।

શ્લોક :-

ज्ञानदर्शनचारित्रतपोवीर्यमयोऽस्म्यहम् ।
अन्तरात्मा मयोत्सृष्टं, क्रिययाऽप्यधुनाऽपरम् ।।१११५।।

**શ્લોકાર્થ :-**

**જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યમય એવો અંતરાત્મા હું છું. અપર= આત્માથી અપર એવો દેહ, મારા વડે ક્રિયાથી પણ હમણાં ત્યાગ કરાયો છે.**

પૌંડરીક મુનિ ધર્મધ્યાન-શુક્લધ્યાનમાં જવા માટે વિચારે છે કે દેહથી ભિન્ન એવો હું અંતરાત્મા છું. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યમય છે અને સંયમ લીધું ત્યારે ભાવથી મેં દેહનો ત્યાગ કરેલો છતાં દેહની ક્રિયા કરીને હું સંયમનાં સ્થાનોની વૃદ્ધિ કરતો હતો. પરંતુ હમણાં આત્માથી ભિન્ન એવા દેહને ક્રિયાથી પણ મેં ત્યાગ કર્યો છે. આ પ્રકારે વિચારીને પૌંડરીક મુનિ દેહને નિષ્પ્રકંપ અવસ્થામાં સ્થિર કરવા યત્ન કરે છે. **॥૧૧૧૫॥**

**શ્લોક :-**

**समाधिजलधौताङ्गो, गालिताखिलकल्मषः ।**
**वर्तेऽहं स्नातकः शुद्धो, निरुपाधिस्वभावभृत् ।।१११६।।**

**શ્લોકાર્થ :-**

**સમાધિરૂપી જલથી ધોવાયેલા અંગવાળો, ગાળી નાંખ્યો છે અખિલ કર્મરૂપી કાદવ જેણે એવો, નિરુપાધિ સ્વભાવને ધારણ કરનારો શુદ્ધ સ્નાતક હું વર્તું છું.**

પૌંડરીક મુનિ પોતાના આત્મામાં સિદ્ધતુલ્ય ભાવને પ્રગટ કરવા અર્થે વિચારે છે કે આત્માની સ્વસ્થતારૂપ સમાધિ દ્વારા સ્વસ્થ થયેલા અંગવાળો હું છું. તે પ્રમાણે વિચારીને સમાધિમાં પોતાનો દઢ ઉપયોગ સ્થિર કરે છે અને આત્માને સમાધિજલથી શુદ્ધ કરેલો હોવાને કારણે સર્વ કર્મોથી રહિત શુદ્ધ મારો આત્મા છે, એમ વિચારીને કર્મના સંશ્લેષ વગરના અરૂપી આત્માના સ્વરૂપમાં લીન થવા અર્થે વિચારે છે કે કર્મની અને દેહની ઉપાધિથી રહિત એવા સિદ્ધતુલ્ય સ્વભાવને ધારણ કરનારો શુદ્ધ સ્નાતક=સ્નાન કરેલો, હું વર્તું છું. **॥૧૧૧૬॥**

**શ્લોક :-**

**क्षाम्यन्तु सर्वजीवा मे, क्षमयामि च तानहम् ।**
**निर्वैरः साम्प्रतं वर्ते, व्युत्सृष्टाखिलकल्मषः ।।१११७।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવો મને ક્ષમા કરો. તેઓને હું ક્ષમા કરું છું. હમણાં ત્યાગ કરાયેલા અખિલ કર્મરૂપી કાદવવાળો એવો હું વૈર વગરનો વર્તું છું.**

પૌંડરીક મુનિ આત્માના સિદ્ધતુલ્ય સ્વભાવને પ્રગટ કરવાને અનુકૂળ યત્ન કરતાં વિચારે છે કે મેં સંપૂર્ણ કર્મમલનો ત્યાગ કર્યો છે. તેથી કર્મરહિત શુદ્ધ આત્માના સ્વરૂપમાં હું સ્થિર છું. બધા જીવો સાથે પૂર્વમાં જે મારા દ્વારા વૈર વગેરે થયું હોય તે સર્વ જીવો મને ક્ષમા કરો. હું તેઓને ક્ષમા આપું છું. આ પ્રકારે વિશુદ્ધ અધ્યવસાય કરીને સર્વ જીવો સાથે વૈર વગરનો પોતાનો પરિણામ અતિશય કરવા અર્થે યત્ન કરે છે; કેમ કે પૂર્વ પૂર્વના ભવોમાં જીવો સાથે જે વૈરનો પરિણામ કર્યો છે, તે ઉપયોગરૂપે નહીં હોવા છતાં સૂક્ષ્મ સંસ્કારરૂપે વિદ્યમાન છે, તેનો નાશ કરીને બધા જીવો સાથે નિર્વૈર ભાવ સ્થિર કરવા અર્થે ઉપયોગ દ્વારા પૌંડરીક મુનિ યત્ન કરે છે. **॥૧૧૧૭॥**

**શ્લોક :-**

**तीर्थेश्वरास्तथा सिद्धाः, साधवो धुतकल्मषाः ।**
**धर्मो जिनोदितश्चैते, भवन्तु मम मङ्गलम् ।।१११८।।**

**શ્લોકાર્થ :-**

**તીર્થેશ્વરો=તીર્થંકરો અને સિદ્ધો, ધોઈ નાંખેલા કલ્મષવાળા=કર્મરૂપી કાદવવાળા સાધુઓ અને ભગવાને કહેલો ધર્મ આ મને મંગલ થાઓ.**

પૌંડરીક મુનિ ચિત્તને યોગમાર્ગ અને યોગમાર્ગના ફલવાળી સર્વ અવસ્થાઓ સાથે ઉપયોગરૂપે તન્મય થવા અર્થે વિચારે છે કે તીર્થંકરો, સિદ્ધ ભગવંત મને મંગલ થાઓ=હું તેઓના ગુણોમાં તન્મય થાઉં. જેથી તેઓ મારા કલ્યાણનું કારણ બને. વળી મોહની સામે સુભટની જેમ લડતા કર્મમલ ધોઈ નાંખ્યા છે એવા ઉત્તમ સાધુઓનું સ્વરૂપ સ્મરણ કરીને તેઓ મને મંગલ થાઓ, એમ કહીને તેઓના સ્વરૂપમાં લીન થવા યત્ન કરે છે અને સર્વજ્ઞથી કહેવાયેલો શ્રુતચારિત્રમય ધર્મ મને મંગલ થાઓ, એમ કહીને શ્રુતચારિત્રના પરિણામને અતિશય કરવા યત્ન કરે છે. **॥૧૧૧૮॥**

**શ્લોક :-**

**स्थितं सामायिके शुद्धे, मनोजालनिरोधकम् ।**
**पश्यन्तु त्यक्तचेष्टं मां, सिद्धास्त्रैलोक्यदर्शिनः ।।१११९।।**

**શ્લોકાર્થ :-**

**ત્રણ લોકને જોનારા સિદ્ધ ભગવંતો શુદ્ધ સામાયિકમાં રહેલા, મનોજાલના નિરોધક, ત્યક્ત ચેષ્ટાવાળા મને જુઓ.**

આ પ્રમાણે ભાવન કરીને પૌંડરીક મુનિ પોતાના સામાયિકના પરિણામને અતિશય કરે છે. મનોયોગનો નિરોધ કરે છે. કાયચેષ્ટારહિત થવા યત્ન કરે છે અને સિદ્ધ ભગવંતોના ગુણોમાં લીન થવા યત્ન કરે છે. **॥૧૧૧૯॥**

**શ્લોક :-**

**इह दुश्चरितं किंचिद्, यद् यच्चान्यत्र मे भवे ।**
**अभून्निन्दामि तदहं, सर्वं संवेगभावितः ।।११२०।।**

**શ્લોકાર્થ :-**

**આ ભવમાં જે કંઈક દુશ્ચરિત્ર થયું છે=મોક્ષમાર્ગથી વિપરીત આચરણા થઈ છે અને અન્ય ભવમાં જે મારું દુશ્ચરિત્ર થયું=પૂર્વના ભવોમાં જે મેં દુશ્ચરિત્ર કર્યું, તે સર્વની સંવેગથી ભાવિત એવો હું નિંદા કરું છું.**

આ પ્રકારે વિચારીને પૌંડરીક મુનિ સર્વ દુશ્ચરિત્રથી પર ચિત્ત નિષ્પન્ન થાય એ રીતે સંવેગના અતિશયથી યત્ન કરે છે. જેથી અનંતા ભવોમાં અર્જિત કર્મોનો સમૂહ ક્ષીણ ક્ષીણતર થાય. **॥૧૧૨૦॥**

**શ્લોક :-**

**इत्येवं भावनामग्नः स महात्मा शिलातले ।**
**पादपोपगमं कृत्वा, स्थितो जितपरीषहः ।।११२१।।**

**શ્લોકાર્થ :-**

**આ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે, ભાવનામાં મગ્ન એવા તે**

મહાત્મા શિલાતલમાં જિતપરીષહવાળા પાદપોપગમ અનશન કરીને રહ્યા. ||૧૧૨૧||

શ્લોક :-

अतिलङ्घ्य ततो धर्मध्यानं विध्वस्तकल्मषः ।
स शुक्लं पूरयामास, सर्वकर्मवनानलम् ।।११२२।।

શ્લોકાર્થ :-

ત્યારપછી ધર્મધ્યાનનું અતિલંઘન કરીને વિધ્વસ્ત કર્મમલવાળા એવા તેમણે=પૌંડરીક મુનિએ સર્વ કર્મવન માટે અગ્નિરૂપ શુક્લધ્યાનને પૂર્યું=શુક્લધ્યાનનો આરંભ કર્યો. ||૧૧૨૨||

શ્લોક :-

आरुह्य क्षपकश्रेणिं, हत्वा घातिचतुष्टयम् ।
प्राप्तोऽथ केवलज्ञानं, निर्व्याघातमनुत्तरम् ।।११२३।।

શ્લોકાર્થ :-

ક્ષપકશ્રેણીને આરોહણ કરીને, ચાર ઘાતિકર્મોને હણીને હવે અનુત્તર નિર્વ્યાઘાત એવા કેવલજ્ઞાનને પામ્યા. ||૧૧૨૩||

શ્લોક :-

देवाः समाययुस्तत्र, तत्पूजार्थं चतुर्विधाः ।
दध्वान मधुरं व्योम्नि, दुन्दुभिर्देवताडितः ।।११२४।।

શ્લોકાર્થ :-

ત્યાં=પૌંડરીક મુનિ અનશન કરીને બેઠા છે ત્યાં, તેમની પૂજા માટે દેવોથી તાડિત એવી દુંદુભિઓ વડે આકાશમાં મધુર ધ્વનિને કરતા ચાર પ્રકારના દેવો આવ્યા. ||૧૧૨૪||

શ્લોક :-

ननृतुर्मुदिता देव्यः, किन्नर्यो मधुरं जगुः ।
व्यकिरन् पुष्पवृष्टिं च, सुपर्वाणो मनोहराम् ।।११२५।।

શ્લોકાર્થ :-

આનંદિત થયેલી દેવીઓ નાચવા લાગી. કિન્નરીઓએ મધુર ગાયું અને સુપર્વાણ દેવોએ મનોહર પુષ્પવૃષ્ટિને કરી. ॥૧૧૨૫॥

શ્લોક :-

भ्रमद्भ्रमरविस्तारिझङ्कारमुखरः क्षणात् ।
प्रदेशो विविधैः सोऽभूत्, दिव्यगन्धैर्विसृत्वरैः ॥११२६॥

શ્લોકાર્થ :-

વિવિધ પ્રકારની વિસ્તાર પામતી દિવ્ય ગંધો વડે ક્ષણથી ભમતા ભ્રમરોના વિસ્તારવાળા ઝંકારથી મુખર એવો તે પ્રદેશ થયો=પૌંડરીક મુનિ જ્યાં છે તે પ્રદેશ થયો. ॥૧૧૨૬॥

શ્લોક :-

गोशीर्षचन्दनालिप्तं, दिव्यधूपेन वासितम् ।
मुनीन्द्रस्य वपुश्चक्रुर्भक्तिभाजो दिवौकसः ॥११२७॥

શ્લોકાર્થ :-

ગોશીર્ષચંદનથી આલિપ્ત; દિવ્ય ધૂપથી વાસિત મુનીન્દ્રનું શરીર ભક્તિવાળા દેવોએ કર્યું. ॥૧૧૨૭॥

શ્લોક :-

अथ योगत्रयं रुद्ध्वा, शैलेशीमधिरुह्य च ।
देहत्रयेण निर्मुक्तः, स प्राप परमं पदम् ॥११२८॥

શ્લોકાર્થ :-

હવે યોગત્રયનો નિરોધ કરીને અને શૈલેશીને આરોહણ કરીને દેહત્રયથી મુક્ત=તૈજસ, કાર્મણ અને ઔદારિક દેહથી મુક્ત, તે=પૌંડરીક મુનિ, પરમપદને પામ્યા. ॥૧૧૨૮॥

શ્લોક :-

विशेषपूजां ते कृत्वा, ततस्तस्य महात्मनः ।
निजस्थानं गता देवा, भक्त्या विध्वस्तकल्मषाः ।।११२९।।

શ્લોકાર્થ :-

ત્યારપછી=પૌંડરીક મુનિ મોક્ષને પામ્યા ત્યારપછી, તે મહાત્માની વિશેષ પૂજાને કરીને ભક્તિથી નાશ કર્યા છે કર્મરૂપી કાદવો જેમણે એવા તે દેવો નિજસ્થાનમાં ગયા. ।।૧૧૨૯।।

શ્લોક :-

महाभद्राऽथ तेनैव, क्रमेणाखिलकर्मणाम् ।
क्षयं कृत्वा गता मोक्षं, किन्तु भक्तपरिज्ञया ।।११३०।।

શ્લોકાર્થ :-

હવે તે જ ક્રમથી=જે ક્રમથી પૌંડરીક મુનિ મોક્ષમાં ગયા તે જ ક્રમથી, અખિલ કર્મોનો ક્ષય કરીને મહાભદ્રા સાધ્વી મોક્ષમાં ગયાં, પરંતુ ભક્તપરિજ્ઞાથી ગયાં. ।।૧૧૩૦।।

શ્લોક :-

तथा सुललिता साध्वी, तपःक्षपितपातका ।
अनयैव दिशा मोक्षं, गता भक्तपरिज्ञया ।।११३१।।

શ્લોકાર્થ :-

અને તપક્ષપિતપાપવાળાં સુલલિતા સાધ્વી આ જ દિશાથી ભક્તપરિજ્ઞા વડે મોક્ષમાં ગયાં. ।।૧૧૩૧।।

શ્લોક :-

ते च श्रीगर्भराजाद्या, मुनयः सुदृढव्रताः ।
सुमङ्गलाद्याः साध्व्यश्च, प्राप्ताः स्वर्लोकसम्पदम् ।।११३२।।

**શ્લોકાર્થ :-**

**અને શ્રીગર્ભરાજાદિ સુદૃઢ વ્રતવાળા તે મુનિઓ અને સુમંગલા આદિ સાધ્વીઓ સ્વર્ગલોકની સંપદાને પામ્યાં. ।।૧૧૩૨।।**

**શ્લોક :-**

**एतद् यैरनुसुन्दरस्य चरितं लीलावशेनापि हि,**
**श्रोत्रातिथ्यमनायि भावुकजनैस्तस्मिन् मनोनन्दने ।**
**कैश्चित् तैर्जगृहे समग्रविरतिः कैश्चित् पुनः श्राद्धता,**
**सम्यक्त्वं शुचि कैश्चिदीयुरपरे मार्गानुसारिस्थितिम् ।।११३३।।**

**इति श्रीवैराग्यकल्पलतायां उपाध्यायश्रीयशोविजयविरचितायां**
**नवमः स्तबकः । सम्पूर्णम् ।।**

**શ્લોકાર્થ :-**

**તે મનોનંદન ઉદ્યાનમાં જે ભાવુકજનો વડે લીલાવશથી પણ અનુસુંદરનું આ ચરિત્ર શ્રોત્રેન્દ્રિયના આતિથ્યને કરાયું, તે કેટલાક વડે સમગ્ર વિરતિ સ્વીકારાઈ. વળી, કેટલાક વડે દેશવિરતિ સ્વીકારાઈ. કેટલાક વડે પવિત્ર સમ્યક્ત્વ સ્વીકારાયું. બીજાઓ વડે માર્ગાનુસારી સ્થિતિ પ્રાપ્ત કરાઈ.**

જ્યારે અનુસુંદર ચક્રવર્તી પોતાનું ચરિત્ર કહે છે, ત્યારે તે મનોનંદન ઉદ્યાનમાં અન્ય શ્રાવકો પણ દેશના સાંભળવા આવેલા, તેઓને થોડું દૂર બેસવાનું આચાર્યે કહેલું; કેમ કે બધાની વચમાં પોતાનું ચરિત્ર કહેવામાં અનુસુંદરને લજ્જા આવતી હતી તોપણ દૂર બેસીને જિજ્ઞાસાના વશથી જેઓએ તે ચરિત્ર સાંભળ્યું એમાં જે ભાવુક જીવો હતા તેઓ સંસારની વિડંબનાનું સ્વરૂપ સાંભળીને અત્યંત વિરક્ત થયા. તેથી અનુસુંદર ચક્રવર્તી આદિ સાથે તેઓએ પણ સર્વવિરતિ ગ્રહણ કરી. વળી, કેટલાક જીવોને સંસાર પ્રત્યે અત્યંત ભય લાગ્યો છતાં સર્વવિરતિનું પાલન અત્યંત દુષ્કર જણાવાથી સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મ સ્વીકારીને સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કરવા તત્પર થયા. કેટલાક જીવો સંસારનું નિર્ગુણ સ્વરૂપ જાણીને મોક્ષના અત્યંત અર્થી થયા, તેના ઉપાયભૂત સર્વવિરતિ

પ્રત્યે દૃઢ રાગવાળા થયા અને સર્વવિરતિના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયેલ હોવાથી તેનું પાલન પોતાના માટે અશક્ય જણાયું. શ્રાવકધર્મ પણ અલ્પ સત્ત્વને કારણે દુષ્કર જણાયો તોપણ પવિત્ર એવા સમ્યક્ત્વને ધારણ કર્યું. વળી, કેટલાક જીવોનાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાનાં બાધક ક્લિષ્ટ કર્મો હોવાના કારણે તેઓને સૂક્ષ્મ બોધ થયો નહિ. તેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું નહિ તોપણ મિથ્યાત્વની મંદતારૂપ માર્ગાનુસારી સ્થિતિને પામ્યા. **॥૧૧૩૩॥**

## નવમો સ્તબક સમાપ્ત

## વૈરાગ્યકલ્પલતા સંપૂર્ણ

## ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

### પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩* |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

### પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.)ના વ્યાખ્યાનનાં તેમજ લેખિત સંપાદિત પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |

* જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |

**संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब**

| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨*** | ***૧૯૭*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩*** | ***૧૯૮*** |
| ***ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪*** | ***૧૯૯*** |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૮૨
***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૯૪***
***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૧૯૫***
***ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૧૯૬***
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન ૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૩
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન ૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન ૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન ૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન ૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૫૬
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન ૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન ૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન ૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૮૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૦૦

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |

બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૨
બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૩
બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૮૪
બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૬
બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૧
બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૩
બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૫૪
બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૭
બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૬૬
બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૧૦૬
બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન ૯૨
બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) ૧૫૨
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૫૩
ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૪
યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન ૮૦
યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન ૬૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૭૫
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૬
યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૭
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૫
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૬
યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૭
યોગવિંશિકા શબ્દશઃ વિવેચન ૧
યોગશતક શબ્દશઃ વિવેચન ૪૫
***યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૯૨***
***યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૯૩***
યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૦૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૬૬
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૭
લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૮
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ ૧૯
વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ ૧૬
વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન ૧૫૮
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૫૦
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૮૫
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૮૬

| | |
|---|---|
| *વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪* | *૨૦૦* |
| *વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫* | *૨૦૧* |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬* | *૨૦૨* |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭* | *૨૦૩* |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮* | *૨૦૪* |
| *વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯* | *૨૦૫* |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |

## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો

**આગમ પ્રકાશનસૂચી (હિન્દી)  સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી  ૧૭૫**

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

**૧. ધર્મતીર્થ ભાગ-૧  ૨. ધર્મતીર્થ ભાગ-૨  ૩. ધર્મતીર્થ ભાગ-૩**

## પ્રાપ્તિસ્થાન

**❖ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**❖ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**❖ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**❖ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**❖ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : vimalkgadiya@gmail.com

**❖ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

सुखिनो विषयातृप्ता, नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।

भिक्षुरेकः सुखी लोके, ज्ञानतृप्तो निरञ्जनः ।।

❋

વિષયથી અતૃપ્ત ઇન્દ્રોપેન્દ્રાદિ પણ સુખી નથી,

લોકમાં જ્ઞાનતૃપ્ત, નિરંજન ભિક્ષુ એક સુખી છે.

'અહો' એ આશ્ચર્યમાં છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૪૦૦૫૪૯૧૧

E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com